॥ શ્રીહરિઃ ॥
॥ શ્રીવાક્પતયે નમઃ ॥

વૈષ્ણવ પરિવાર

હરિથી હું હરિયાળો

વાર્ષિક વિશેષાંક - ભેટપુસ્તક

લેખક : **પ્રા. શ્રી રમેશભાઈ વિ. પરીખ**

સંસ્થાપક અને આદ્યતંત્રી : **શ્રી રમેશભાઈ વિ. પરીખ**
તંત્રી : **વસંતબહેન ર. પરીખ**
પરામર્શક : **વિજયભાઈ દેસાઈ**
મુકેશભાઈ દલાલ
વ્યવસ્થાપક : **અમિત ર. પરીખ**

વર્ષ : ૨૪ ■ અંક : ૧૦ ■ સળંગ અંક : ૨૯૨
જાન્યુઆરી-૨૦૦૮ : પોષ-મહા - ૨૦૬૪ : શ્રીવલ્લભાબ્દ - ૫૩૦

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

(ટ્રસ્ટ ર. નં. ઈ/૨૯૭૦ (મહેસાણા) તા. ૩૧-૧-૧૯૮૭)

[ઈન્કમટેક્ષ મુક્તિ નં. : CIT/GNR/80G(5)/MHN-48/2004-2005 : Valid up to 31-3-2008]

ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

- વૈષ્ણવ પરિવાર (માસિક)
- બાલપુષ્ટિ (બાલમાસિક)
- પુસ્તક-ઓડિયો કેસેટ પ્રકાશન અને વિતરણ.
- શ્રીબેઠકજી નવનિર્માણ સેવા.
- ગૌસેવા.
- અશક્ત - આર્થિક તકલીફવાળાઓને વૈદકીય સહાય.
- સામાન્ય સ્થિતિવાળા તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય.
- સારસ્વત સન્માન એવોર્ડ.
- પુષ્ટિમાર્ગ માટે વિશિષ્ટ સેવા આપનાર મહાનુભાવોનું શ્રીહરસાનીજી એવોર્ડથી સન્માન.
- રેનબસેરા
- સત્સંગ સત્રોનું આયોજન.
- બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન.
- કુદરતી આપત્તિના પ્રસંગે આપદ્-ગ્રસ્તોને સહાય.

વૈષ્ણવ પરિવાર - ખાસ સૂચના

■ વાર્ષિક લવાજમ દર વર્ષે ફક્ત ડીસેંબરથી ૨૮મી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. વર્ષની અધવચ્ચે સ્વીકારાતું નથી. ■ લવાજમનો પાવતી નંબર જ જે તે વર્ષનો ગ્રાહક નંબર છે. તે અંક પરના સરનામા સાથે છપાય છે. ■ અંક દર મહિનાની ૧લી તારીખે પોસ્ટ થાય છે. ■ દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં અંક ન મળે તો, મહેસાણા કાર્યાલયને જ જાણ કરવાથી બીજી નકલ મોકલાશે. ■ અંક ન મળવા અંગે પ્રતિનિધિને ફરિયાદ ન કરવી. ■ સરનામું બદલાય તો ગ્રાહક નંબર સાથે જૂનું અને નવું સરનામું તાત્કાલિક મહેસાણા કાર્યાલયને જણાવવું. ■ બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે જ કરવો. ■ પત્રમાં ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું.

મહેસાણા કાર્યાલય

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન :(૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૨૬૩૫૩
ફેક્સ :૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
ફોન:(ઓ) ૨૨૦૧૦૦૮૪, ૨૨૦૬૦૮૫૮
(ઘર) ૨૩૬૯૩૮૨૧ ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮
(સમય : સવારે ૧૧ થી સાંજે ૫ સુધી)
Email : chemi@vsnl.com

અંધેરી (મુંબઈ) કાર્યાલય

શ્રી વિનયભાઈ મહેતા
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી
સદન રાધિકા નિવાસ પાછળ,
સર એમ. વી. રોડ, અંધેરી(ઈ), મુંબઈ.
ફોન : ૨૬૮૩૭૦૪૭, ૨૬૮૩૦૪૮૩
Email : delight@vsnl.com

ઘાટકોપર (મુંબઈ) સંપર્ક કેન્દ્ર

શ્રી દિલીપભાઈ એ. પારેખ
૨, લાઠીવીલા, જેઠાભાઈ લેન, પટેલ ચોક,
રેલવે સ્ટેશન પાસે, જશવંતરાય મહેતા પાર્ક સામે,
ઘાટકોપર(ઈ) મુંબઈ[ફોન : ૨૫૧૬૧૩૦૬]

અમેરિકા સંપર્ક કેન્દ્ર

Shri Navnitbhai C. Shah
3, Christy Lane, Ocean, NJ-07712-2604
Phone : 732-493-9096
Email : ncshahllc@yahoo.com

Shri Rajendra K. Patel
1707, Edington, Portage,
MI - 49024 (U.S.A.), Phone : 616-323-1880

લાલ ગિરિધર બિન સબ ફીકો

'સાહિત્ય' શબ્દની ઘણી સંકલ્પનાઓ છે. એમાં સંતોને વિશેષ સ્વીકાર્ય છે : 'સ-હિતમ્-સાહિત્યમ્.' જેના દ્વારા એના વાચકનું હિત-શ્રેય થાય, તે સાહિત્ય. સાહિત્યના પ્રત્યેક શબ્દમાં અક્ષર અને અર્થ બંને અર્ધ નારીશ્વરની જેમ એકમેકનાં પૂરક બનીને પ્રયોજાય છે; ત્યારે સાહિત્ય 'નાદબ્રહ્મ'નું સાકાર સ્વરૂપ બને છે. બ્રહ્મ સ્વયં રસાત્મક અને સ્વરૂપાત્મક છે, તો 'નાદબ્રહ્મ' પણ સ્વરૂપાત્મક અને રસાત્મક છે. એનો અનુભવ વેદ, ગીતા, ભાગવત કરાવે છે.

એ રસાનુભવ ભગવદ્કૃપાથી આપણા ચિત્તને આપ્લાવિત કરે, ત્યારે ટેરવાંમાંથી સાહિત્ય સર્જાય છે - કલકલ કરતા નિર્ઝરની જેમ શબ્દ ઝરે છે. લેખકને અને વાચકને એનાં પુણ્યસલિલ ભીંજવે છે.

આવા સાહિત્ય માટે બે વાદ જગપ્રસિદ્ધ છે : (૧) કલા ખાતર કલા (૨) જીવન ખાતર કલા. આ બે વાદથી ભિન્ન પુષ્ટિભક્તિના માર્ગમાં ત્રીજો વાદ છે - ભગવદ્-પ્રસન્નતા માટે કલા. પ્રભુ સ્વયં કલાનિધિ, રસરાસેશ્વર છે. કલા આપની શક્તિ છે. આપ કૃપા કરે તેને આપની કલા એટલા માટે પ્રાપ્ત થાય છે કે તેનો વિનિયોગ ભગવદ્-સુખમાં થાય. આ ભાવથી જ પુષ્ટિમાર્ગમાં સાહિત્ય-રચના થતી રહી છે.

એ જ ભાવ શ્રીવલ્લભકૃપાથી મારા હૃદયમાં અંકુરિત થયો. એના ફળસ્વરૂપ આ અગાઉ લલિત સાહિત્યની થોડીક રચનાઓ થઈ, જેમાં ઐતિહાસિક ચરિત્રો નવલકથાના સ્વરૂપમાં અને વૈષ્ણવી વાર્તાઓ નવલિકાના સ્વરૂપમાં શબ્દસ્થ થયાં. વૈષ્ણવો દ્વારા શ્રીમહાપ્રભુ અને શ્રીપ્રભુએ અંગીકાર કર્યાની પ્રસન્નતા વ્યક્ત થઈ.

સાથે સાથે એવી પ્રેરણા પણ થઈ કે સિદ્ધાંતોની રજૂઆત નિબંધસ્વરૂપના સ્થાને વાર્તાના માધ્યમથી થાય, તો તેની સમજ વધુ સુદૃઢ થાય છે. શ્રીવાક્પતિની કૃપાથી મારી પ્રથમ મૌલિક નવલકથા 'શ્યામ રંગ સમીપે જાઉં' પ્રકટ થઈ. તેને મળેલ આવકારે બીજી નવલકથાના સર્જનની પ્રેરણા આપી, તે 'ગોવિંદ ગોતી દ્યો ને'. તે પછીની આ ત્રીજી નવલકથા છે - 'હરિથી હું હરિયાળો.'

આપણો વૈષ્ણવ-વાચકવર્ગ નવલકથાના સ્વરૂપથી ઓછો ટેવાયેલો છે. તેથી ક્યાંક તેમને નવલકથાનો એકાદ નાનો અંશ ખટકે છે. આપણે યાદ રાખવું ઘટે કે જીવનની વાસ્તવિકતા જ નવલકથામાં પ્રતિબિંબિત થાય છે. ધર્મના ક્ષેત્રેય જીવનમાં આસુરી વૃત્તિ અને વ્યક્તિ આપણી સામે આવી જાય છે, તેમ નવલકથામાંય આવે. નવલકથા કદી કેવળ આદર્શવાદી ન સંભવે. નવલકથાના વાચક પાસે હંસ જેવો નીર-ક્ષીર વિવેક જોઈએ.

શ્રીભાગવતજીમાંય લોકભાષા, પરમતભાષા અને સમાધિભાષા છે; તેમ આ લલિત સાહિત્યમાં પણ આ ત્રણે ભાષાઓ હોય જ.

નવલકથા વાસ્તવવાદી ખરી, પણ એની ઘટનાઓ લેખકના વિચાર વિશ્વનું સત્ય. આ બધા પ્રસંગો કદાચ ગઈકાલથી આજ સુધી પૃથ્વી પર ન બન્યા હોય, પણ આવતીકાલેય ન જ બને એવું નહિ કહેવાય. તેમાં પાત્રો-સ્થળોનાં નામ-સામ્ય એટલા પૂરતાં હોય કે જેથી વાસ્તવિકતાનો વાચકને અહેસાસ બંધાય. બાકી તો સર્વ કંઈ લેખકના મનની જ નીપજ. વધુ સચોટ રીતે કહું, તો ભગવદ્પ્રેરણાની જ નીપજ.

આ સમજને સાથે લઈને આ નવલકથાની દુનિયામાં આંખ માંડવા નમ્ર વિનંતી છે.

આના પ્રકાશન માટે મનોરથી બન્યાં છે, અમદાવાદનાં પરમ વૈષ્ણવ શ્રીદિનબાળાબેન શાહ. તેઓ આજીવન શિક્ષક. અંગ્રેજી માધ્યમની 'વંદના' સ્કૂલનાં પ્રાણ. સાથે સાથે આ પ્રકાશન માટે પ્રોત્સાહન મળ્યું છે, અમેરિકાસ્થિત સ્નેહી વૈષ્ણવ શ્રી નવનીતભાઈ શાહનું. એમના પ્રત્યે પ્રસન્નતા વ્યક્ત કરવા શબ્દો સૂઝતા નથી.

શ્રીમહાપ્રભુજીનો
૫૧૫ મો પ્રાકટ્યોત્સવ
તા. ૧૭-૪-૯૩
મહેસાણા

રમેશનાં
સદૈન્ય જયશ્રીકૃષ્ણ

■

દ્વિતીય આવૃત્તિ ટાણે

જીવનનો લય લાલનના લય સાથે મેળવીએ

'વસંતબહેન, આ વર્ષે કયું ભેટપુસ્તક આપશો?'

ભેટપુસ્તકના મનોરથી વૈષ્ણવો તરફથી વર્ષની શરૂઆતથી જ આ પ્રશ્ન પૂછાતો થઈ જાય!

વસંતબહેન વિચારે : વૈષ્ણવોને એવું રસમય પુસ્તક આપવું જે તેમને આનંદ સાથે પુષ્ટિમાર્ગીય જ્ઞાન પણ આપે. વળી કયા વિષય ઉપરનું પુસ્તક આ ૨૩ વર્ષો દરમ્યાન ભેટપુસ્તક તરીકે નથી અપાયું તે પણ વિચારે.

'વૈષ્ણવ પરિવાર' આ વર્ષે ૨૪ વર્ષ પૂર્ણ કરી ૨૫મા વર્ષમાં પ્રવેશે છે ત્યારે તેના બધા ગ્રાહકોને સાંપ્રદાયિક રીતે બહુ મૂલ્ય ધરાવતું કયું પુસ્તક ભેટપુસ્તક તરીકે આપવું તેવું વિચારતી હતી, ત્યાં જ એક દિવસ સવારમાં મુંબઈથી એક બહેનનો ફોન આવ્યો.

'વસંતબહેન જયશ્રીકૃષ્ણ.'

'જયશ્રીકૃષ્ણ બહેન.'

'વસંતબહેન, રમેશભાઈએ પાંચ પુષ્ટિમાર્ગીય નવલકથાઓ લખી છે, તેવું મેં તેમના દ્વારા લખાયેલા પુસ્તકોના લીસ્ટમાં વાંચેલું. ગઈકાલે મારાં એક સ્નેહી બહેને મને રમેશભાઈની એક નવલકથા 'શ્યામ રંગ સમીપે જાવું' વાંચવા આપી. એક જ બેઠકે વાંચી ગઈ. રાતના ત્રણ ક્યારે વાગી ગયા તેની ખબર પણ ન પડી. બહુ જ સુંદર નવલકથા છે. તેનાં પાત્રો નીરા-નીરવની વાતો, તેમના સંવાદો, તેમની ધર્મ પાલન અંગેની સમજ, કીર્તનો વગેરે મનને ડોલાવી ગયાં. બેન, આવી બીજી નવલકથાઓ વાંચવા મળે ખરી?'

'મીનાબહેન, આ નવલકથાઓ છપાયે ઘણાં વર્ષો થયાં. હાલ તે બધી જ અપ્રાપ્ય છે. તેનું પુનઃપ્રકાશન 'શ્રી રમેશભાઈ પરીખ સ્મૃતિ ગ્રંથાવલિ' સ્વરૂપે થઈ રહ્યું છે. પ્રકાશિત થયે જરૂર મળશે.' એ બહેનને મેં વિશ્વાસ આપ્યો.

ફોન મૂક્યા પછી વિચાર ઝબક્યો. આ વર્ષે શ્રી રમેશભાઈની લખેલી એક નવલકથા જ ભેટપુસ્તક સ્વરૂપે વૈષ્ણવોના ઘર-ઘરમાં પહોંચે તો કેવું? અને હાથમાં આવી આ નવલકથા - હરિથી હું હરિયાળો.

'જીવનમાં હરિયાળી લાવવી હોય તો હરિને લાવો. હરિ આવશે એટલે હરિયાળી આવશે, આનંદ અને સુખ સર્વ આવશે.' આવો વિચાર જેમાં ગૂંથાયેલો છે તેવી આ નવલકથા પણ એક જ બેઠકે વાંચી જવી ગમે તેવી રસપ્રદ છે.

વાર્તાના નાયક લયની જેમ આપણા જીવનનો લય લાલનની સાથે મેળવવાનો અને સંસારની મરુભૂમિમાં રહેવા છતાં હરિની હરિયાળીને માણવાનો ઉપાય બતાવતી આ નવલકથા વાંચીએ અને એ રસ્તે ચાલી જીવનને હરિયાળું બનાવીએ. પ્રભુકૃપાથી આવો સુંદર વિચાર ધરાવતું અને જીવનને સંઘર્ષને બદલે લયબદ્ધ બનાવવાની પ્રેરણા આપતું આ પુસ્તક આ વર્ષે 'વૈષ્ણવ પરિવાર'ના સર્વ ગ્રાહકોને ભેટપુસ્તક તરીકે અપાઈ રહ્યું છે તેનો આનંદ છે.

ભેટપુસ્તકના સર્વ મનોરથી મહાનુભાવોનો, આ પુસ્તકને વૈષ્ણવોના ઘર-ઘર સુધી પહોંચાડવામાં નિમિત્ત બનવા માટે આભાર માની, તેમને ધન્યવાદ પાઠવું છું.

૨૦૦૮-૦૯નું વર્ષ 'વૈષ્ણવ પરિવાર'નું રજતજયંતી વર્ષ છે. 'વૈષ્ણવ પરિવાર' તેના પ્રકાશનના યશસ્વી ૨૪ વર્ષ પૂર્ણ કરી ૨૫માં વર્ષમાં પ્રવેશે છે. તે નિમિત્તે આવતા વર્ષે કેટલાક વિશેષાંકો દ્વારા વિશેષ વાચન આપવાનું અને એક સુંદર સ્મરણિકાનું પ્રકાશન કરવાનું આયોજન થઈ રહ્યું છે. સ્મરણિકામાં પ્રકાશિત કરવા માટે વૈષ્ણવોને આ માસિક પ્રત્યેના પોતાના પ્રતિભાવ અને સંસ્મરણો લખી મોકલવા માટે આમંત્રણ છે.

રજતજયંતી વર્ષની ઉજવણીની શરૂઆત ૧૦ ફેબ્રુઆરી ૨૦૦૮ને રવિવારના રોજ અમદાવાદમાં ટાઉનહોલમાં પૂ. પા. ગો. આચાર્યવર્યોની પાવન ઉપસ્થિતિમાં યોજાયેલા એક સુંદર ભવ્ય કાર્યક્રમથી થશે. વર્ષભર રજતજયંતી નિમિત્તે નવાં પ્રકાશનો - કાર્યક્રમો થતાં રહેશે. બધાંનો લાભ લેવા વૈષ્ણવોને આમંત્રણ છે.

રજતજયંતી નિમિત્તે અમદાવાદમાં શરૂ થયેલ. 'શ્રીપૂનમચંદ સાંકળચંદ દોશી વ્રજભૂમિ રૈનબસેરા' અને 'પુષ્ટિભક્તિ પ્રચારયાત્રા'નો લાભ લેવા માટે પણ વૈષ્ણવોને વિનંતી છે.

આપ સૌની શુભેચ્છાઓની આશા સાથે વિરમું છું.

- વસંતબેન પરીખનાં સદૈન્ય જયશ્રીકૃષ્ણ

ગો. વા. હિતુલ સુરેશભાઈ કોટેચાના

સ્મરણાર્થે

શ્રી સુરેશભાઈ કોટેચા, શ્રીમતી પ્રફુલ્લાબેન કોટેચા

અને શ્રી વિપુલભાઈ કોટેચાના

સૌ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

નિ. લી. પૂ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ
(કાંકરોલી)



પૂ. પા. શ્રી ગુરૂદેવના શ્રી ચરણોમાં સદૈન્ય દંડવત્ પ્રણામ

શ્રીમતી કુસુમબેન અરુજીસ

અને

શ્રી બકુલાબેન પટેલ

અનુક્રમણિકા

- ● લાલ ગિરિધર બિન સબ ફીકો (પ્રસ્તાવના) ૩-૪
- ● દ્વિતીય આવૃતિ ટાણે (પ્રસ્તાવના) ૫-૬
- ૧. અંજનમાં નીરખ્યાં ખંજન ૯
- ૨. બિન દેખે નંદલાલ ૧૮
- ૩. ઢાઈ અક્ષર પ્રેમકો ૨૬
- ૪. હું વારી લાલ તમારા લટકાને ૩૩
- ૫. મિલૌંગી નિસાન બજાય રી ૪૦
- ૬. કૌન રસ ગોપિન પિયો લૂંટ? ૪૬
- ૭. હમારે કરમ કઠોર ૫૩
- ૮. દગનસોં હો જુ મત ન્યારે ૬૦
- ૯. પીર ન કહીયો કોઈ (૧) ૬૮
- ૧૦. પીર ન કહીયો કોઈ (૨) ૭૫
- ૧૧. કૈસે સુખ ઉપજાય રી! ૮૪
- ૧૨. જા પર કમલાકંથ ઢરૈ ૯૧
- ૧૩. મેરા દરદ ન જાને કોય ૯૯
- ૧૪. અઢળક ઢળિયો રે શામળિયો ૧૦૬
- ૧૫. ગણ્યું જે પ્યારું પ્યારાએ ૧૧૧
- ૧૬. બરસાનેકી ડગર બતા દે, રસિયા! ૧૧૯
- ૧૭. ઐસી દુલહનિ ભાવે ૧૨૬
- ૧૮. બંસી બાજી બનઘનમેં ૧૩૪
- ૧૯. લગન લગી નંદલાલસોં ૧૩૯
- ૨૦. શ્રીવલ્લભ-યમુના પરમ દયાળ ૧૪૭
- ૨૧. બોલે માઈ, ગોવર્ધન પે મુરવા ૧૫૦

૧

અંજનમાં નીરખ્યાં ખંજન

હું મૂળ મરુભૂમિનો માણસ. આવળ-બાવળ-આકડા અને થોરની લીલોતરી સિવાય બીજો લીલો રંગ જોવા જ નહિ મળેલો! રેતીના રંગ અને રેતીની આંધીનો કાયમનો સથવારો! કલકલ કરતા વહેતા ઝરણાની, પૂરથી ધસમસતી નદીની, પહાડની ટોચેથી ફંગોળાતા ધોધની વાતો જ સાંભળેલી. થોડાં ચિત્રો જોયેલાં. મોર, પોપટ, કાકાકૌઆ ને હંસ તો હજી જોવાનાય બાકી છે. જમીન પર પોચી પોચી લીલી મખમલનો ગાલીચો આંખ પહોંચે ત્યાં સુધી પથરાયેલો હોય, એવું તો સ્વપ્નમાંય નહિ જોયેલું!

જે જોયું કે જાણ્યું ન હોય એને પામવાનો અને માણવાનો હૈયે ધખારોય ક્યાંથી હોય! ઝાઝા કામના અભાવે ઘડીઓ ટૂંકી કરવી અઘરી પડતી. એવા સૂકા દિવસોમાં એક મિત્રે હાથમાં મૂકી દીધું કવિ શ્રી પ્રિયકાન્ત મણિયારની કવિતાઓનું પુસ્તક. નવરાને નિરાંત મળી. પુસ્તકનાં પાન પર આંખો ભમરાની જેમ ફરતી થઈ -

> 'આ નભ ઝૂક્યું તે કાનજી ને ચાંદની તે રાધા રે!
> આ સરવર-જલ તે કાનજી ને પોયણી તે રાધા રે.'

પુસ્તક પરથી આંખ ઊઠી અને આકાશ ભણી મંડાઈ. એના મેઘશ્યામ વર્ણમાં કાનજી તો ન દેખાયા, પણ જીવનમાં પહેલી વાર સુંદરતાનો અણસાર જરૂર અનુભવ્યો. સૂરજના તાપમાં ચમકતી રેતીની સોનેરી સુંવાળપમાં રાધાજીને આંખ શોધતી રહી. જગતમાં સુંદરતા હોવાનો પહેલીવાર અહેસાસ થયો. પછી તો સુંદરતાનું ઘેલું લાગ્યું! પ્રકૃતિચિત્રોમાં નિખરતી સુંદરતા જોઈ રાજી થતો ગયો. સુંદરતાનું ગાંડપણ વળગ્યું. રૂમની ચારે દીવાલોની તસુએ તસુ જગ્યા પ્રકૃતિચિત્રોથી છવાઈ ગઈ! એ જોતાં મોંમાં પાણી આવી જાય,

ગો.વા. વિમળાબેન નંદલાલ મેતા, હ. મેતા પરિવાર (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

પણ હૈયાને ધરવ ન થાય. દિમાગ પોકારે-પાગલ! આ તો ચિત્રો છે! આ કંઈ સાચું સૌંદર્ય નથી! ભાનમાં આવું. વાત સાચી લાગે. મોંમાંથી નિસાસો નીકળી જાય!

એક દિવસ બેંગ્લોરથી વૈભવની ટપાલ આવી. સાવ બાળપણની દોસ્તી. એક થાળીમાં ખાનારા અને ખાતાં ખાતાં લડનારા. સાત ચોપડી સાથે ભણ્યા. પછી એના બાપુજીએ એને અંગ્રેજી ભણવા શહેરમાં મોકલ્યો. મારી વિધવા માએ વીઘો જમીન **વેચી, મને** ગામની નિશાળમાં માસ્તર બનાવી દીધો. વર્ષો પછી 'વિભુડો' **ગામમાં બાપનું ખોરડું વેચવા** આવ્યો, ત્યારે તો તે મોટો 'વૈભવભાઈ' બની ગયો હતો! એની સાથે એની પત્નીયે હતી - રાજશ્રી!

વૈભવ મોટો ઍન્જિનિયર અને રાજશ્રી ડૉક્ટર. બેઉ કહીને ગયેલાં, 'લય, તારે મે મહિનામાં વેકેશન પડે, ત્યારે બેંગ્લોર આવવાનું છે - અમારા ત્યાં! ના પાડીશ તો એક લાફો મારી દઈશ! અમદાવાદથી બેંગ્લોર પ્લેનમાં આવવાનું. ટિકિટ હું મોકલીશ.'

'લયભાઈ, તમને પ્રકૃતિ-સૌંદર્ય પ્રિય છે ને! દક્ષિણમાં તે ભરપૂર છે. તમે ગમે તેટલું જોશો, તોય નહિ ધરાઓ.'

'અને અમે બંને જણ મહિનાની રજા પાડી, તને કંપની આપીશું. બૅંગ્લોર તો ભારતનું 'ગાર્ડન-સિટી' છે, સમજ્યો!'

મા તો મને લલ્લુ કહેતી. શાળાના ચોપડેય લલ્લુ નામ જ લખાયેલું; પણ હું મારી જાતે લલ્લુમાંથી લય બની ગયેલો. ભૂખ્યાને લૂખા રોટલાના સાંસા, ત્યાં પૂરણપોળી મળે એવો મારો ઘાટ થયો. બસમાં બેસવાની શેઠાઈ પણ સ્વપ્નમાં ભોગવનારને પ્લેનમાં જવાની વાત થાય, ત્યારે મન મૂંઝારો જ અનુભવે ને!

વેકેશન પડવાના અઠવાડિયા પહેલાં, વૈભવનું લાંબું કવર મળ્યું. એમાં હતાં, પ્લેનની ટિકિટ અને સૂચનાનો ટૂંકો પત્ર. હું અલગારી જીવ. સાવ એકલો. ઘરને તાળું માર્યું. થેલીમાં બે જોડ કપડાં. થેલી બગલમાં દબાવી નીકળી પડ્યો!

●

સંજય આર. શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ

બેંગ્લોરના ઍરપોર્ટ પર લેવા આવેલા વૈભવની સાથે કારમાં ગોઠવાયો. કારની બે બાજુ ગુલમહોરનાં વૃક્ષો જાણે મને 'ગાર્ડ ઑફ ઑનર' આપવા ગોઠવાઈ ગયાં હતાં. પીળા-લાલચટક રંગોની તેમની શોભા હું જોતો જ રહી ગયો! ક્યાંક ક્યાંક એ ઝૂમતાં ફૂલો ખરતાં, ત્યારે દેવોની પુષ્પવૃષ્ટિની યાદ આવતી. વૃક્ષો, બગીચા, ફુવારા..... વિચાર આવ્યો - સ્વર્ગ આવું હશે?

ઘેર પહોંચ્યાં. વિશાળ ખુલ્લા પ્લૉટ વચ્ચે બંગલો. પરિક્રમા કરતાં આસોપાલવ અને ગુલમહોરનાં વૃક્ષોની વારાફરતી ગોઠવાયેલી હારમાળા. હરિયાળા ઘાસનો ગાલીચો. વચમાં વચમાં ફૂલછોડના ક્યારા. બંદાએ તો આંગણામાં જ ખુરસી પર જમાવી દીધું!

રાજશ્રી ચા-નાસ્તો લઈને આવ્યાં. આવતાંની સાથે કહે : 'લયભાઈ, તમે મારાથી મોટા છો. મને 'ભાભી' ન કહેશો. માત્ર 'શ્રી' કહેશો તો ઘણું ગમશે.' તે મલકાયાં. ચા-નાસ્તો ગોઠવતાં બોલ્યાં : 'લયભાઈ, જરા તમારી પાછળ આકાશ તરફ નજર કરો.'

પાછળ સુરંગી મેઘધનુષ્ય છવાયું હતું. જિંદગીમાં પહેલી વખત જ જોયું - જોઈ જ રહ્યો!

'લયભાઈ, રાધારાણી સપ્તરંગી લહેરિયું ઓઢી શ્યામના અભિસારે નીકળ્યાં'તાં, ત્યારે કાનજીએ પાછળથી આવી એમનું લહેરિયું ખેંચી લીધું! કાનજીએ હવામાં હલાવેલું એ સપ્તરંગી લહેરિયું મેઘધનુષ્ય બની ગયું!'

'વાહ, ભાભી! મેઘધનુષ્યની જેમ તમારી કલ્પના પણ અદ્ભુત છે!'

'લય! એક મહિનો તારે આ અદ્ભુતતા જ માણવાની છે. પ્રકૃતિને નીરખવાની અને શ્રીને સાંભળવાની! એ બેયને તારા જેવો રસિયો મળી ગયો, એટલે જુગલબંદી ઑર જામશે!'

●

રવિવારની રાત. જમીને ફરવા નીકળ્યાં. બેંગ્લોરની વિધાનસભાનું સ્થાપત્ય મશહૂર. રાતની રોશનીમાં એનું રૂપ અલ્લડતા ધારણ કરે. પુરુષ અને પ્રકૃતિની સર્જન કલાની અહીં અનોખી જુગલબંદી રચાઈ હતી.

શ્રીમતી શોભનાબેન સુરેશભાઈ રાજાણી (લંડન)ના જયશ્રીકૃષ્ણ

એના પ્રાંગણના ફુવારા રોશનીમાં સુવર્ણરસની ધારાઓ બની ઊછળતા હતા.

'લયભાઈ! શ્યામમુખ પર વીખરાયેલી અલકાવલિઓને સમારવા રાધિકાજીની કરાંગુલિ, શ્યામમુખ સુધી પહોંચવા ઊંચી થઈ રહી છે!'

'શ્યામ સરવર, શ્યામ ગગન;
પીત પદ્મથી અધિક મગન.
શ્યામ-પીત-શ્યામનું નર્તન,
હરિત વર્ણની એને અધિક લગન.'

'વાહ, લય! તુંય કવિ છે ને!'

'ના રે, આ તો ઉછીનો માલ છે! આજ જિંદગીમાં પહેલી વખત પેટ ભરાયું.'

'ભાઈ! આ તો પાશેરામાં પહેલી પૂણી છે!'

●

રાતે બાર વાગે પલંગમાં લાંબી થયેલી મારી નજર ખુલ્લી બારીમાંથી શ્યામલ ગગન તરફ પડી. હમણાં જ વરસી ગયેલા સરવરિયાથી ધોવાયેલા ગગનમાં ચંદ્રની બીજરેખા ચમકતી હતી. એ જોતાં જ મને કવિ રાજેન્દ્ર શાહ યાદ આવી ગયા.

'તને જોઈ જોઈ તોય તું અજાણી,
બીજને ઝરુખે ઝૂકી'તી પૂર્ણિમા ઝાઝેરો ઘૂમટો તાણી.'

પણ એની સાથે જ બીજા ખૂણામાંથી નંદદાસજીનાં દર્શન થયાં. એ ગાઈ રહ્યા હતા :

'બનઠન કહાઁ ચલે, ઐસી કો મન ભાઈ, સાઁવરે કુંવર કન્હાઈ;
મુખ તો સોહે દૂજકો ચંદા, છિપ છિપ દેત દિખાઈ.'

ફરી નજરોએ શ્યામના સૌંદર્યની યાત્રા આરંભી. એ નજરોને ભાસ થયો : કાજળઘેરી રાતે, તારામઢેલી શ્યામ સાડીમાં મુખ છુપાવી પધારતાં રાધિકાજીનાં નેત્રોની શ્વેત ચમક બીજચંદ્રિકા બની ચમકી રહી છે. બીજી ક્ષણે એમ લાગ્યું : કાનજી પણ શ્યામ કામળો ઓઢી પધાર્યા છે. રાધિકાજીનાં નેત્રોની બીજચંદ્રિકાનાં દર્શને, એમની નયનચંદ્રિકા હસી રહી છે. ઉભયનાં પરસ્પર દર્શનથી, ઉભયની દંતાવલિઓ બીજચંદ્રિકા બની દર્શન આપી રહી છે. પણ એ સાક્ષાત્કાર ક્યારે થશે? ભાવની એ તલ્લીનતામાં કોણ જાણે ક્યારે આંખો પર નિદ્રાનો શ્યામ રંગ છંટાઈ ગયો! પણ ઊંઘમાંય કણસવાનો તાલબદ્ધ અવાજ ચાલુ હતો; એમ સવારે ડૉક્ટર રાજશ્રીએ કહ્યું : નખમાંય રોગ નહિ ને છતાં કણસવાનું!

ગો.વા. શ્રી મધુસૂદનભાઈ ચુનીલાલ (વડોદરા-છોટાઉદેપુરવાળા)ના જયશ્રીકૃષ્ણ

●

વૈભવ અને રાજશ્રી મને તિરુપતિ લઈ ગયાં. શ્રીમહાપ્રભુજીની બેઠકે ગાડીની ગતિ થંભી. બહાર નીકળી શ્રીબેઠકભવન તરફ દૃષ્ટિ જાય, તે પહેલાં દૃષ્ટિની અડફેટમાં એક તરુણી આવી ગઈ! મરુભૂમિના માનવીને માટે આ રૂપ પણ સાધારણ નહિ જ. નજર નફ્ફટ બને તે પહેલાં વૈભવે ખભે હાથ મૂક્યો. ચમકી ગયો! લજ્જિત થયો! વૈભવની પાછળ શ્રીબેઠકભવનનાં પગથિયાં ચડ્યો!

તન તિરુપતિમાં હતું, પણ મન મથુરા-વૃંદાવનની વાટે દોડ્યું. બેઠકભવનના કમરાની બારીમાંથી વૃક્ષાચ્છાદિત ગિરિમાળા, હરિયાળાં મેદાનો અને શિખરના કળશો જોતા મને શ્રીગિરિરાજબાવાની તળેટીમાં ગોવિંદકુંડ પર વિસામો શોધ્યો. સામી દિશાના ઘાટના સૌથી ઊંચા પગથિયે ઝાડને માથું ટેકવી, કોઈક શરીર લંબાવીને બેઠું હતું. દાઢી-મૂછ અને પહેરવેશ પરથી મુસલમાન યુવાન જેવા લાગતા હતા. સાવ લઘરવઘર અને મ્લાન. આંખમાં આંસુ તગતગે. ગિરિશિખર પર નજરો સ્થિર. થોડી થોડી વારે હોઠ ફફડે!

મનને એ અજનબીમાં રસ પડ્યો! એમની વાત સાંભળી : 'આ શરીરને સૌ રસખાન કહે છે! હિંદુઓને કાફર માનનાર પઠાણનો હું દીકરો. યૌવન, ધન, સંપત્તિ અને સત્તાના નશામાં ચકચૂર. ઘેલી જુવાનીમાં રૂપનો દીવાનો. કોઈ સ્ત્રીરૂપનું કામણ નહિ. એક ભોળા, માસુમ બચ્ચાની પાછળ પાગલ. એના સિવાય જીવવું હરામ બન્યું. ત્યાં એક દિવસ એક વૈષ્ણવે સાઁવરાની

એક વૈષ્ણવ (મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ

રૂપછટાનાં ચિત્ર બતાવ્યાં. રૂપના પાગલને બચ્ચાના રૂપ કરતા સાઁવરિયાનું રૂપ વધારે પજવી ગયું. સીધો ઊપડ્યો વ્રજની વાટે. અહીં આવીને બેઠો.'

'મ્લેચ્છ અને પાછો પાગલ. મને મંદિરમાં કોણ આવવા દે? પણ ગિરિશિખર પર સાઁવરિયો સામે આવ્યો. ગુરુજીની કૃપા થઈ - ગુસાંઈજી મહારાજે એનો હાથ પકડાવ્યો. બસ, ત્યારથી એની સાથે ખેલતો રહું છું. ન મળે ત્યારે શોધતો રહું છું. મળે ત્યારે નીરખતો રહું છું. ક્યારેક વાડકીભર છાશ માટે ગોપીના આંગણામાં એને નાચતો જોઉં છું. ક્યારેક ગિરિનિકુંજમાં પોઢેલાં રાધાનાં પાયનને પલોટતો જોઉં છું. ક્યારેક પીતાંબર અને વનમાળા, મોરપિચ્છ અને મુરલી ધરી ધેનુમાં ઘૂમતો જોઉં છું. ક્યારેક હાથમાં દધિ-રોટી લઈ, કાગડાને ખવડાવતો જોઉં છું ને કાગડો ખાઈ જાય ત્યારે રડતો જોઉં છું.'

'પણ બાવા, પેલો માસૂમ બચ્ચો?'

'ભલા માણસ, માખણ મળ્યા પછી છાશ કોણ પીએ? એ તો ચામડાનું રૂપ. આ તો આનંદનું રૂપ. પણ તને નહિ સમજાય. તું એક વાર એ આનંદને નીરખે, તો જ તને મારું પાગલપણું સમજાશે. આ પાગલપણું સમજાશે તે પહેલાં તો તુંય પાગલ બની ગયો હોઈશ'

મન વિચારે ચઢ્યું. એક દેડકો હતો. અંધારા, ઊંડા, સાંકડા કૂવામાં રહેનારો. એક માછલીએ એક દિવસ તેને કહ્યું, 'કૂવામાં શું પડી રહ્યો છે તળાવ જોયું છે?' દેડકાએ છાતી ફુલાવી, 'આટલું મોટું?' માછલી કહેતી રહી. દેડકો છાતી ફુલાવતો રહ્યો. આખરે એની છાતી ફાટી ગઈ. કલ્પનામાં સમુદ્ર જોતો રહ્યો, પણ કૂવો છોડી સમુદ્ર સુધી પહોંચી ન શક્યો. રસખાનજીની વાત તો સાચી. દુનિયાના માણસો દેડકા જેવા. હાડ-ચામના રૂપને જ જાણે. તેમાં પાગલ બને. પતંગિયાની જેમ જ્યોતમાં જલી મરે. થોડાક મારા જેવા પ્રકૃતિના ઈશ્કી, પ્રકૃતિ પાછળ પાગલ. હાથમાં શું આવે? મીઠાઈની દુકાન સામે ઊભા રહી મોં મમળાવવાનું! બીજું શું? એનાથી પેટ ઓછું ભરાય?

વૈભવે ફરી ખભે હાથ મૂક્યો : 'કવિરાજ, ફરી ખોવાઈ ગયા?'

'લયભાઈ, નીચે શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવા જઈશું?'

'જરૂર, ચાલો.'

●

વિશાળ નિજમંદિરમાં ઊંચા ચોતરા પર, સફેદ ગાદીતકિયા પર શ્રીમહાપ્રભુજી બિરાજ્યા હતા. ચંદનની કિનારવાળા સફેદ ધોતી-ઉપરણા અને મોગરાનાં મહેકતાં પુષ્પોની બે માળાઓથી આપ શોભી રહ્યા હતા. આગળની તિબારીમાં એક કીર્તનકાર હાર્મોનિયમ પર સારંગ રાગમાં કીર્તન ગાઈ રહ્યા હતા. તેઓ વિવિધ તાનપલટાથી દ્રુતવિલંબિત લયમાં શ્રીમહાપ્રભુજીને રીઝવી રહ્યા હતા. મારાં નેત્રોની પાંપણો અનાયાસ ઢળી ગઈ. પાંપણોના શ્યામ પટલ પર અગ્નિશિખાઓનો સોનેરી રંગ પથરાઈ ગયો. શ્રીવલ્લભ-સ્વરૂપને ધ્યાનમાં પધરાવવાનો પ્રયત્ન કરતો રહ્યો. રાજશ્રીની વાણી સંભળાઈ :

શ્રીભાગવત-પ્રતિપદ મણિવર ભાવાંશુ ભૂષિતામૂર્તિઃ ।
શ્રીવલ્લભાભિધાનસ્તનોતુ નિજદાસ્ય સૌભાગ્યમ્ ॥

પાછળ-પાછળ વૈભવના શબ્દો સંભળાયા :

'સૌંદર્ય નિજહૃદ્‌ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં...'

કીર્તન પણ એ જ ભાવનું ગવાતું હતું : 'શ્રીમદ્ વલ્લભ રૂપ સુરંગે ..'

દર્શન કરી સૌ બહાર આવ્યાં. રાજશ્રી અને વૈભવે કીર્તનકારને જય શ્રીકૃષ્ણ કર્યાં. પછી વૈભવે પૂછ્યું, 'લય, આ વૈષ્ણવને ઓળખે છે?'

'ના.'

'એ કૃષ્ણદાસભાઈ છે. મુંબઈ રહે છે. કીર્તનમાં અજોડ છે. નેત્રોનું સુખ નથી મળ્યું, પણ...'

'એવું ન કહેશો, ભાઈસા'બ. ઠાકોરજીએ સુખ જ સુખ આપ્યું છે. તમને સૌને નેત્રોનું સુખ આપ્યું છે. તમે કહો, એ નેત્રોથી આજે તમને શ્રીમહાપ્રભુજીની સાક્ષાત્ ઝાંખી થઈ? વેણુગીતમાં ગોપીજનોએ કહ્યું કે આંખોનું ફળ એક જ : શ્રીઠાકોરજીનાં દર્શન થાય! ભાઈસા'બ, મને માફ

કરજો, પણ આંખોવાળા એમની આંખોથી શ્રીઠાકોરજીના રૂપને ક્યાં શોધે છે? એ રૂપનું પાન ક્યાં કરે છે? એમની દૃષ્ટિ તો હાડચામના રૂપને કોરવા સારડીની જેમ ચકરવકર ફરે છે ને? મારા પર તો ઠાકોરજીની કૃપા છે. હાડચામના રૂપને જોવાનું થાય, તો એમાં મન અટવાઈ જાયને? ભલે ઠાકોરજીનાં દર્શન નથી થતાં, પણ મન તો એમાં લાગેલું રહે છે ને! કોક'દી સૂરદાસજી દ્વારા શ્રીમહાપ્રભુજી કૃપા નહિ કરે?'

કૃષ્ણદાસભાઈની વાતે મને વિચારતો કરી મૂક્યો. સામેથી જાણે બે વ્યક્તિઓ આવી રહી છે. નજીક આવતાં ઓળખાઈ. અરે! આ તો સૂરદાસ અને આ રામભક્ત તુલસીદાસ. બંનેની આંખો કહી રહી હતી : કૃષ્ણદાસભાઈની વાત સોળેસોળ આના સાચી છે. બિલ્વમંગલ-સૂરદાસજી બતાવી રહ્યા, 'હું ચિંતામણીના મોહમાં-રૂપમાં કામાંધ થયો. એના ઘેર વરસતા વરસાદમાં અડધી રાતે દોડ્યો. બારીએ લટકતા સાપને દોરડું સમજી, ઉપર ચડી ગયો. કામાતુરાણાં ન ભયં ન લજ્જા. ચિંતામણિએ મને શાબાશી ન આપી. શબ્દોના ચાબખા માર્યા, 'સાવ, પાગલ છો! આ રૂપમાં શું બળ્યું છે? તમારા આરાધ્ય કૃષ્ણ પાછળ આવા પાગલ થયા હોત, તો ભવસાગર તરી જાત!' એની વાત તો સાચી હતી. ચાબખાની વેદનાએ આંખો ખોલી, વિકારવાળી આંખો મેં સગા હાથે ફોડી નાખી! કૃષ્ણભક્તિના રાહે ચાલ્યો ગયો. અંતઃકરણમાં એ દિવ્ય રૂપનાં અજવાળાં પથરાઈ ગયાં!

તુલસીદાસજીએ પૂર્તિ કરીઃ આંખમાં સુરમો આંજવાથી આંખનું સાચું તેજ વધતું નથી. એ તો વિકારી આંખને વધારે બહેકાવે છે. મહાકવિ કાલિદાસના યક્ષની વાત તો જાણે છે ને? એ તો દેવકોટિનો હતો. માણસ કરતાં વધુ જ્ઞાની, વધુ દિવ્ય. પણ પત્નીનો માત્ર બાર મહિનાનો જ વિયોગ ન જીરવી શકે એવો પાગલ બની ગયો. છતી આંખે અંધ! નિર્જીવ વાદળ સાથે પત્નીને સંદેશો મોકલ્યો! મૂર્ખ નહિ તો! કાલિદાસને ટકોર કરવી પડી, **'કામાર્તા હિ પ્રકૃતિકૃપણાઃ ચેતનાચેતનેષુ.'** આંખમાં અંજન તો આપણા ઈષ્ટના નામ અને રૂપનું અંજાય. તો વિકારી આંખોનો વિકાર જાય. દૃષ્ટિ દિવ્ય બને તો દર્શન થાય.

મધુસૂદન નટવરલાલ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

વાત જરાય ખોટી ન હતી. મારી જીવન-ડાયરીનાં આજ સુધીનાં પાનાંમાં આ જ વાત હતી. વિચારના વંટોળમાં ફરફરતાં એ પાનાંની લિપિ કહી રહી હતી : સૌંદર્યશોધ કદાચ મારી કુદરતી લાલસા હતી. મરુભૂમિના ધૂળિયા રૂપમાં મનને મજા ન આવતી; તેથી તો ચિત્રોની નિર્જીવ રૂપસૃષ્ટિનાં શમણામાં ખોવાતો રહ્યો. ગાંડું મન ગાંડપણ કરતુંઃ આ ચિત્રો 'થ્રી ડાયમેન્શન' (ત્રિ-પરિમાણાત્મક) બની જાય તો? સોળે સાન આવી. રૂપનો મોહ ફંટાયો. પ્રકૃતિ-ચિત્ર-સ્થાપત્યની કલાસૃષ્ટિની સાત્ત્વિકતા ઊભરી આવી. એકનાં એક સ્વજન એવાં બાની 'વહુ' લાવવાની ઈચ્છા રૂપઘેલછાએ પૂરી ન થવા દીધી. અઠ્ઠાવીસ વર્ષેય હું એકલપંડ છું, પણ હવે આંખમાં એ વિકાર ઝાઝા નથી. ઠાકોરજીની એટલી કૃપા! તુલસીદાસજીની વાત માનવા જેવી છે. આંખોનાં અંજનની 'બ્રાન્ડ' બદલવી પડશે!

■

હિતેષ લક્ષ્મીદાસ આશર (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

૨

બિન દેખે નંદલાલ

ચા-પાણીથી પરવારી, પાછલા પહોરે તિરુપતિજીનાં દર્શન કરવા ગયાં. રૂપિયા પચીસની ટિકિટ લઈ લાઈનમાં જોડાઈ ગયાં. ઝાઝી ભીડ નહિ. નંબર જલદી લાગ્યો. જગમોહનના ઉંબરેથી મુખ-છબિ દૃષ્ટિગોચર થઈ! દૂરનું દૃશ્ય ઝૂમ લૅન્સથી લગોલગ આવી જાય, તેમ એક એક ડગલે એ વદન-ઈન્દુ નજીક આવતાં મોટો થતો રહ્યો. કપોલ પર ખંજન થતાં હતાં. અધરોષ્ઠ પર સ્મિતની સુધા વિલસતી હતી.

સાવ સામે ગયો. ૧૮૦ અંશનો ખૂણો રચાયો. માંડ પાંચ ક્ષણનો એ સમય રહ્યો. સ્મિત શું કહેવાય એની સાચી સમજ પહેલી વાર મળી! જગમોહનના એકાદ ખૂણામાંથી દયારામભાઈ કહી રહ્યા હતા :

‘હું શું જાણું જે વ્હાલે મુજમાં શું રે દીઠું?
વારે વારે સામું ભાળે, મુખ લાગે મીઠું!’

મીરાંને આવા જ મુખડાની માયા લાગી હતી ને! સૂરનેય આવું મુખ મળ્યા પછી કહેવું પડેલું: ***‘નાહિન રહ્યો મનમેં ઠૌર.’*** - હવે આ મનમાં બીજાને સાચવવાની જગ્યા જ ક્યાં રહી છે?

બહાર આવતાં દિલ દિમાગને પૂછતું હતું : ચર્મ-ચક્ષુથી નિહાળાતા આ સ્વરૂપની આવી મધુરતા છે, તો એ ‘મધુરાધિપતિ’ના સાક્ષાત્ સ્વરૂપની મધુરતા કેવી હશે? દિમાગે જવાબ આપ્યો : શ્રીમહાપ્રભુજીએ જ એ મધુરતા તો મધ્યરાત્રિએ માણી હતી. એ તો વાક્પતિ છે. છતાંય શબ્દોમાં એ મધુરતા પૂરી વર્ણવી શક્યા નહિ. ‘મધુરાધિપતેરખિલં મધુરમ્’ કહી થોભી ગયા.

મંદિરના ભવ્ય પ્રાકારની માનવકૃતિ, આ સ્વરૂપાકૃતિ પાસે સાવ ફિક્કી લાગી! રાતભર મધુરાકૃતિએ કેડો ન મૂક્યો : **‘જબતેં કૃષ્ણનામ સ્રવન સુન્યો રિ આલિ, ભૂલી રી ભવત હોં તો બાવરી ભઈરી’** માંડ પાછલી રાતે આંખ મીંચાઈ, ત્યાં તો બારણે ટકોરા પડ્યાં. રાજશ્રી ભાભીની હલક સંભળાઈ, ‘લયભાઈ, ઊઠો, ચા તૈયાર છે. અભિષેકનાં દર્શન કરવા જવાનું છે!’

‘કેટલા વાગ્યા?’

‘બે-ત્રણ વાગે તો નીકળવાનું છે.’

‘આવ્યો.’

●

દર શુક્રવારે સવારે ચારના અરસામાં તિરુપતિજીને અભિષેક થાય. પાંચસો રૂપિયાની કુપન લેનારને તેનો લાભ મળે! જગમોહનમાં બેસી શકે એટલાં જ દર્શનાર્થીઓ હોય. અભિષેક બે કલાક ચાલે. શાંતિથી દર્શન થાય. બે કલાકનાં દર્શનની વાતે હું આનંદવિભોર થયો. સાવ ભૂખ્યાને સીધો છપ્પનભોગ!

રેશમી ધોતી-ઉપરણામાં હું અને વૈભવ સજ્જ હતા. કૃપાયોગ એવો થયો કે નિજમંદિરની બહાર બીજી લાઈનમાં જ બેસવાનો અમારો નંબર લાગી ગયો. તે પણ ૧૭૦ અંશના ખૂણે. શ્રીતિરુપતિજી કેવળ તનિયો ધરીને અભિષેક સ્વીકારવા તૈયાર હતા. કટિ સિવાયનું આખું શ્રીઅંગ નિરાવરણ હતું. વસ્ત્રાભૂષણમાં હૃદયપુષ્ટ લાગતા પ્રભુ, તનિયામાં ષોડશ વર્ષના સુકોમળ લાગતા હતા. અંગેઅંગમાં અપ્રતિમ સૌંદર્ય લહેરાતું હતું. રાજશ્રી ભાભી મારા કાનમાં કહેવા લાગ્યાં : ‘લયભાઈ, જોયું? આનું નામ રૂપ-સૌંદર્ય! સાક્ષાત્ મૂર્તિમંત અલૌકિક યુવાની! આનો એક અંશ પણ દુનિયાના યુવાનોમાં ખરો? લગ્ન પહેલાં જો આ યુવાનીનાં દર્શન થયાં હોત તો...’

‘એ મીરાં બની ગઈ હોત અને આપણે તારી નાતમાં ભરતી થઈ ગયા હોત!’ વૈભવે મજાક કરી.

‘પુરુષસૂક્ત’ અને ‘વિષ્ણુસહસ્ત્રનામ’ના મંત્રોચ્ચાર સાથે પહેલાં દુગ્ધાભિષેક થયો. ત્યાર પછી ચંદનલેપ થયો. પછી ૧૦૮ ઘડા જળથી અભિષેક થયો. સ્મિત વિકસતું જતું હતું. શ્રીઅંગનું લાલિત્ય નિખરતું જતું હતું. અનંગ-વિમોહિત એ સૌંદર્યરાશિ સૌની આંખોમાં વસી ગઈ. બહાર આવતાં મારાથી કહેવાઈ ગયું : ‘વૈભવ, તિરુપતિજીએ તો જબરું કામણ કર્યું છે! હવે બીજું કોઈ રૂપ આ નજરમાં વસવું મુશ્કેલ થશે!’

એક વૈષ્ણવ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

ક્રિશ્રા પ્રિન્ટસ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

'લયભાઈ, તમેં શ્રીજીબાવાનાં સ્નાનયાત્રાનાં દર્શન કર્યાં છે?'

'ના, ભાભી.'

'એટલે આવું બોલો છો! એ છેલછબીલાના નિરાવરણ સ્વરૂપનાં દર્શન કર્યાં પછી, મને ખાતરી છે કે તમે આવું નહિ જ કહો!'

'એમ?'

'હા, એમ! અમારો તો છેલ્લાં પાંચ વર્ષથી નિયમ થઈ ગયો છે કે સ્નાનયાત્રાનાં દર્શન કરવા નાથદ્વારા જવાનું જ!'

'હું પણ કોશિશ કરીશ. ખાંડ પડી હોય, ત્યાં કીડી-મંકોડા પહોંચી જ જાય ને?'

બેઠકજી તરફ જતાં જતાં રાજશ્રી ભાભી કહેવા લાગ્યાં : 'રાજા માનસિંહને જાણો છો?'

'નામ સાંભળ્યું છે.'

'ગ્વાલિયરના એ રાજા અકબર બાદશાહના જમણા હાથ. લડાઈમાં જીત મેળવી દર્શનાર્થે વ્રજમાં આવ્યા. મથુરા-વૃંદાવનના મંદિરે મંદિરે ફર્યા. છેવટે ગોવર્ધન આવ્યા. શ્રીનાથજીનાં સંધ્યા-આરતીનાં દર્શન કર્યાં. આવી જ ઉનાળાની ઋતુ. શ્રીકુંભનદાસજી કીર્તન કરતા હતા : 'રૂપ દેખે નયન પલક લગે નહિ.' માનસિંહની પણ એ જ સ્થિતિ થઈ ગઈ. શ્રીજીબાવાના સ્વરૂપ પાસે બીજાં બધાં રૂપ ફીકાં લાગ્યાં! અલબેલાં અજબકુંવરી એના કાજે તો આજીવન અપરિણીત રહ્યાં!'

'શ્રી, એમ કહે, એ તો સાંવરિયા શેઠનાં શેઠાણી બની ગયાં!'

●

બેંગ્લોર પાછા જતાં 'વાયુદૂત'માં બાજુમાં બેઠેલા વૈભવને મેં કહ્યું - 'વૈભવ, રજા આપે તો બેંગ્લોર પહોંચ્યા પછી હું ય દેશમાં જઉં.'

'કેમ? હજી તો દક્ષિણ ભારત જોવાનું બાકી છે! રામેશ્વર અને કન્યાકુમારી જવાનું છે! તેં કન્યાકુમારીના દરિયાકિનારે ઊભા રહી ત્રણ સમુદ્રોનો સંગમ ક્યાં જોયો છે? સૂર્યોદય અને સૂર્યાસ્ત ક્યાં નિહાળ્યા છે? મહાબલિપુરમ્નાં રથમંદિરો ક્યાં જોયાં છે? કાંચી જવાનું છે. વિષ્ણુ-કાંચીમાં વરદરાજ સ્વામીનાં દર્શન છે. એ સ્વરૂપ પણ અદ્ભુત છે.'

'હશે, પણ તને છીતસ્વામીજીની વાત ખબર છે ને? શ્રીગુસાંઈજીની પાસે ગયા અને ટોણો લાગી ગયો! તિરુપતિજીએ પણ આવો ટોણો મને લગાડી દીધો છે! 'રીઝે રાબડી થકી ગરીબ લોક રે, ભોગીને ન ભાવે રે.' જ્યાં સુધી મીઠાઈ નહોતી ચાખી, ત્યાં સુધી રાબડી ભાવી. દુનિયાનું રૂપ માણવા મન લલચાયું; પણ મોહનથાર ખાધા પછી, રાબડી ન ભાવે. તિરુપતિજીનાં દર્શન પછી દુનિયાનું દર્શન, રાબડી જેવું છે. મોહનથારથીય ઉત્તમ મીઠાઈ મળે, તો મોહનથાર પણ ન ભાવે. તિરુપતિજીથી શ્રીજીબાવા અધિક સુંદર હોય, તો એ રૂપમાધુરીને નીરખવા કેમ ન ઊપડી જવું? હવે પ્રકૃતિ અને માનવકૃતિમાં રસ રહ્યો નથી.'

'આમેય તું અલગારી છે, ધૂની છે. ધૂન ઊપડે પછી કોઈની વાત ન સાંભળે! જેવી તારી ઈચ્છા.'

બેંગ્લોરથી અમદાવાદ જવા ઊપડેલા મને વિદાય આપવા આવેલાં વૈભવ અને રાજશ્રીને મેં કહ્યું: 'તમારા બંનેના સહવાસે મારી દૃષ્ટિ અને વૃત્તિ બદલી છે. દેશમાં જઈ, થોડી સગવડ કરી, પહેલાં વ્રજમાં જઈશ. કદી ગયો નથી. ત્યાંથી સ્નાનયાત્રા પર નાથદ્વારા પહોંચીશ. આપણે નાથદ્વારામાં મળીશું.'

'ચોક્કસ, જેઠ સુદ ચૌદસે સાંજે મંદિરમાં જ આવેલી અપરસ કૉટેજમાં આવી જજો - રૂમ મંબર બે માં. રૂમ નંબર ત્રણ તમારા માટે 'બુક' કરાવી લઈશું.'

'ભલે, આવજો. જયશ્રીકૃષ્ણ'

હું સિક્યોરિટી ચેક માટેના દરવાજેથી અંદર દાખલ થયો.

●

મથુરાથી બસમાં ગોવર્ધન આવ્યો. બસ અડ્ડા પર માહિતી મળી કે જતિપુરા ઝાઝું દૂર નથી. થયું, ચાલી નાખું. વ્રજરજમાં ચાલવાનો આનંદ આવશે. ખભે થેલો લટકાવી, રસ્તો પૂછી ચાલવા લાગ્યો. સવારનો તડકો

તીખો હતો. ડાબા હાથે શ્રીગિરિરાજજીનાં દર્શન થતાં હતાં. આમતેમ નજર ઘૂમતી હતી. ગોપાલ-ગિરિધારી આ વૃક્ષાવલિઓમાં ખેલ્યા હશે! આજેય ખેલતા જ હશે ને? શરદની રમ્ય રાતે ગુમ થયેલા ગોવિંદને શોધવા આ જ તળેટીમાં, આ જ રસ્તે ગોપિકાઓ **‘હા નાથ! રમણ! પ્રેષ્ઠ! ક્વાસિ ક્વાસિ મહાભુજ!’** બોલતાં નીકળ્યાં હશે!

સામેથી ગાયો આવતી દેખાઈ - નાની, રૂપકડી, ગળાની ઘંટડી રણકાવતી. પણ સાથે ગોપાલ ન દેખાયા. માથે મટકી લઈને જતી આહિરાણીઓ મળી, પણ દાનવિહારીનાં દર્શન ન થયાં.

જતિપુરા આવી ગયું. એક જુવાને કેસરીયા મંડળીની ધર્મશાળાનો રસ્તો ચીંધ્યો. ત્યાં પહોંચ્યા. એક નાની રૂમમાં એક ખૂણો મળ્યો. ખીંટીએ થેલો લટકાવ્યો. રાતનો ઉજાગરો. ચાલવાનો થાક. ચટાઈ પર લંબાવી દીધું.

સાંજે ઊઠ્યો. સામે એક વૃદ્ધ વૈષ્ણવ દીવાલને અઢેલીને બેઠા હતા. હાથમાં જપમાળા હતી.

મેં હાથ જોડી, જયશ્રીકૃષ્ણ કહ્યાં.

‘એકલા છો?’

‘હા, ગિરધર ન મળે ત્યાં સુધી.’

‘કોણ ગિરધર?’

‘ગિરિરાજમાં વસનારા.’

તેઓ ખડખડાટ હસ્યા. પછી કહે, ‘બેટા, એ મળશે જ એવી ખાતરી લઈને આવ્યો છે?’

‘દાદા, કંઈ ખબર નથી; પણ શ્રદ્ધા છે. આમ તો પહેલી વખત આવું છું, પણ લાગે છે કે આ બધું ચિરપરિચિત છે.’

‘હોય જ ને! લીલાના જીવને લીલાનું સ્મરણ થાય! ભઈલા, બપોરે આવીને સૂઈ ગયો છે ને? જા, સ્નાન કરી આવ. મહાપ્રસાદ રાહ જુએ છે.’

‘પણ....’

વિનોદિનીબેન પટેલ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ

‘તેં મને દાદા કહ્યો ને? દીકરાને મૂકી દાદાને ગળે કોળિયો ઊતરે શી રીતે? પ્રસાદ લેવા તારી રાહ જોતો બેઠો છું.’

‘પણ....’

‘પાછું પણ? સંકોચાયા વિના બોલી નાખ.’

‘દાદા, શ્રીગિરિરાજ બાવાના દ્વારે આવ્યો છું. એમનાં દર્શન-સેવા કર્યા વિના પેટપૂજા?’

‘સમજી ગયો. જા સ્નાન કરી આવ. આજે બાવાને બીજી વખત મારો ભોગ આરોગવાની ઈચ્છા થઈ છે.’

સ્નાન કરીને દાદાની સાથે નીકળ્યો. મુખારવિંદ જવાના માર્ગની સાંકડી ગલીમાંની એક પરિચિત દુકાનેથી દાદાએ દૂધની બે લોટીઓ લીધી. બે મોટા દોણામાં દૂધઘર લીધું. દુકાનદારનો દીકરો સાથે થયો. તળેટીમાં મુખારવિંદની સામે આવ્યા. શ્રીમહાપ્રભુજીની બેઠકે દંડવત્ કર્યા.

મુખારવિંદ પાસે ખાસ કોઈ ન હતું. વ્રજની ગરમીમાં બપોરે ચાર વાગે કોણ બહાર નીકળે? શ્રીગિરિરાજબાવાને દાદાની સાથે પહેલાં જળથી ને પછી દૂધથી સ્નાન કરાવ્યું. દર્શન કરતાં વિચાર જાગ્યો : ગિરિરાજબાવા આંખને આટલા કોમળ લાગે છે, તો ટેરવાંને કોમળતાનો કેવો અનુભવ થશે? દિલ કહેતું-એમનું મુખ તો શ્યામ માખણનો પિંડ છે. દિમાગને લાગ્યું. ના, ના, શ્યામ ગુલાબનો ગુચ્છ છે. આંખો બોલી, આ તો શ્યામરસનું સ્વરૂપ છે!

દાદએ કહ્યું : ‘બેટા, બાવાને સ્નાન કરાવો.’

બે હાથના પંજા પર મારી આંગળીનાં ટેરવાં ફેરવવા લાગ્યો.

‘શું વિચારે છે, દીકરા?’

‘દાદા, આ ટેરવાં વાસણ માંજીને અને સાબુ ઘસીને ખરબચડાં થયાં છે. ગિરિરાજબાવાના મુખ પર ક્યાંક ઉઝરડો થઈ જાય તો?’

‘ઠાકોરજી સેવા માગે, ત્યારે ના ન પડાય.’

દૂધ અને જળથી સ્નાન કરાવતાં મુખકમળના સ્પર્શે ટેરવાં રોમાંચિત થયાં. આખા શરીરમાં આનંદનો રોમાંચ થયો. શરીરને સુખદ ધ્રુજારી થઈ.

ભાનુબેન આર. પટેલ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ

ક્ષણભર એમના કંઠે વળગી પડવાનું મન થઈ આવ્યું. હાથે આંખોને કહ્યું: 'જે સ્પર્શસુખનો મને અનુભવ થયો, તેવો તમને કદી થયો હતો?'

'દર્શનની મજા આવી હતી.'

'મજા? જામ શબ્દને અવળો કરો એટલે મજા. જામનો નશો રહે ત્યાં સુધી સુખનો આભાસ રહે તે મજા! એ સાચું સુખ નથી! આ આંગળાંએ અનુભવ્યો તે સાચો આનંદ! સાચું સુખ ભૂંસાય નહિ, ભુલાય નહિ.'

ગિરિરાજબાવાનાં ચરણસ્પર્શ કરતાં, તેમનાં ચરણો સહલાવતો રહ્યો. આવાં કોમળ ચરણોએ આ વ્રજરજનેય કોમળ બનાવી દીધી છે. આવાં ચરણ-કમળ હૃદય પર બિરાજે, તો હૃદય કોમળ બને. હૃદય કોમળ ન બને, ત્યાં સુધી આ કોમળતા કેવી રીતે મણાય? વ્રજરજ માખણ જેવી મુલાયમ બની, ત્યારે ચરણકમળ ધારણ કરી શકી!

ગિરિરાજબાવાની સામે બેસી દાદા ગાતા હતા : 'લલિત વ્રજદેશ ગિરિરાજ રાજે.'

તિરુપતિજીની યાદ આવી. સુભગ આકારનો ત્યાં અનુભવ હતો. અહીં નિરાકાર તો નથી, પણ અનાકાર છે. એ અનાકાર નરાકાર બની સહસ્ત્ર ભુજા ધરી આરોગ્યા હતા. આજેય મને એ અનાકારના મધુર આકારનાં દર્શન થતાં હતાં.

રાતે શ્રીગિરિરાજ બાવાનાં શૃંગારનાં દર્શન કર્યાં. બદામી પિછોડો અને બદામી પાઘ. મોતીની માળાઓ અને મોરચંદ્રિકા. દર્શન કરતાં રોમાંચ થયો. આંખો સ્થિર થતાં ધીમે ધીમે સંકોચાતીં ગઈ. ક્ષણભર એવો ભાસ થયો કે એ સ્વરૂપ વધતું ગયું. વધતું વધતું ગિરિશિખર સુધી વધ્યું. બે હસ્તમાંથી સહસ્ત્ર હસ્ત પ્રકટ્યા. ગોવર્ધનથી પૂછ'રી સુધી ફેલાયા. વિરાટ સ્વરૂપનો વૈભવ વિલક્ષણ હતો.

રૂમ પર મોડી રાતે આવી સૂઈ ગયો. આંખ મીચું ત્યાં અંધકાર છવાય. શ્યામ અંધકારમાંય એ શ્યામ ઊપસી આવે. મને ઊંઘવા ન દે. મને પૂછે : 'દુનિયામાં મારાથી વધારે સુંદર કંઈ છે?' એમ પણ પૂછે - 'સાચું કહે, વધારે સુંદર કોણ લાગ્યું? તિરુપતિ કે હું?'

રીટા પારેખ, જીનલ પારેખ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

રાતના બે વાગ્યા સુધી આમ ચાલતું રહ્યું. ગમે તે દિશામાં પડખું ફેરવું-પ્રશ્નબાણ છૂટ્યા જ કરે! બેચેન થઈ પથારીમાંથી ઊભો થયો. બારીએ જઈ ઊભો રહ્યો. અંધકારના આછા અજવાસમાં શ્રીગિરિરાજબાવાને જોતો રહ્યો. ચિત્ત સ્વસ્થ થયું.

વિચાર આવ્યો - આ સાઁવરિયાએ કેટલાને મારી જેમ ખેંચ્યા હશે? એમની હાલત મારા જેવી હશે કે જુદી હશે?

ત્યાં ખભા પર એક હાથનું વજન મુકાયું. પાછળ ફર્યો. બોખા મોંએ દાદ હસતા હતા, 'ઊંઘ ન આવી ને? **યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી.** રાત ત્રણ જણને જગાડે-ભોગીને, રોગીને અને જોગીને!'

'પણ દાદા, હું તો આ ત્રણમાંથી એકેય નથી!'

'ખોટું. તું જોગી છે - પુષ્ટિમાર્ગનો જોગી. આ જોગીને ભગવાં નથી હોતાં. આંખ મીંચવાની સમાધિ પણ નહિ. વિરહનો અનુભવ એ જ પુષ્ટિમાર્ગનું તપ. દીકરા!એ તપ પણ દોહ્યલું છે. વંધ્યા પ્રસૂતિની પીડા ન જાણે, એમ સંયોગસુખ પામ્યા વિના વિરહનો અનુભવ નો'થાય, હોં! ઘણાં કહે છે કે અમે વિરહ કરીએ છીએ! પણ આંખમાં આંસુ પાડવાથી ને વીલું મોં કરવાથી વિરહ નો'થાય! જેટલો સંયોગ વધુ, એટલો વિરહ સાચો ને પાકો! સંયોગ ને વિયોગ બેય એની કૃપાથી જ મળે! માગ્યાં ન મળે! ચાલ, સૂઈ જા. હજી તો તારે સંયોગનાં સુખ પામવાનાં છે. પછી વિરહની વાત.'

'દાદા, એક વાત પૂછું? સંયોગનાં સુખ આપોઆપ મળી જાય?'

'ના રે દીકરા, એય કાંઈ એમ રસ્તામાં રેઢાં ઓછાં પડ્યાં છે? એને માટેય દીનતા જોઈએ, ગુણગાન જોઈએ. એનો તાપ જોઈએ. સ્નેહનું પહેલું લક્ષણ છે દગ્રુચિ - દર્શન કરવાની રુચિ. દર્શનમાં આંખો દ્વારા પ્રભુમાં સ્નેહ જાગે એ તો પહેલું પગથિયું છે. દીકરા, પહેલા પગથિયે બેસી ન જવાય. એને નિશ્ચયના મહેલમાંથી આપણા ઘરમાં લઈ આવવો પડે. ત્યારે જ સંયોગનું સુખ મળે. વાંઝણી પડોશીના રૂપાળા છોકરાને જુએ, એટલે એની માતૃત્વની ભૂખ ઓછી સંતોષાય?'

'ખરી વાત, દાદા! એ સાઁવરિયાના સંયોગનો રસ્તો બતાવો ને!'

'અત્યારે સૂઈ જા. એ સાંવરિયો જ રસ્તો બતાવશે.' ■

સુશીલાબેન ગોવિંદભાઈ પટેલ (આણંદ)ના જયશ્રીકૃષ્ણ

3

ઢાઈ અક્ષર પ્રેમકો

બીજા દિવસે વહેલી સવારે શ્રીગિરિરાજ-બાવાને સ્નાન કરાવતાં રહી રહીને મારી નજર શિખર પરના શ્વેત મંદિર તરફ જતી હતી, તે દાદા જોઈ ગયા.

'દીકરા, ઉપર જવાનું મન થાય છે?'

'પણ દાદા....'

'સમજી ગયો. ગિરિરાજબાવા પર પગ કેમ મુકાય, એમ જ ને?'

'હા.'

એક વાર દર્શન કરવા જવાય, પણ તેય શ્રીવલ્લભકુળની કે વ્રજવાસીની આજ્ઞા લઈને! હળવા અને લાંબા ડગલે!'

'જાઓ ભૈયા, હો આઓ.' એક બુઝુર્ગ વ્રજવાસીએ વિના માગ્યે જ રજા આપી. દાદાએ આંખોથી સંમતિ આપી. શ્રીગિરિરાજબાવાને દંડવત્ કરી, આજ્ઞા લઈ હું ઉપર ગયો.

હજી તો પરોઢનો આછો અજવાશ હતો. સૂર્યોદય પહેલાંની સૌમ્યતા હતી. દ્વાર ખુલ્લાં હતાં. દરવાજામાં બે બાજુ પડાળી હતી. ડાબી પડાળી બાજુના ઓટલે ગુલાબી લહેરિયાનાં ચણિયા-ચોળીમાં દસ-બાર વર્ષની એક કિશોરી બેઠી હતી. ખૂબ જ મુગ્ધ અને માસૂમ. બાજુમાં પિત્તળની નાની વટલોઈ, દૂધ ભરેલી. મુખ પર ઉઘડતા ગુલાબની સુરખી. આંખો રડી-રડીને સૂઝેલી હતી. ગાલ પર તાજાં આંસુઓના ઓઘરાળા હતા. છાતી હજી હિબકતી હતી. તે મને જોઈને રડતી રહી ગઈ હોય એમ લાગ્યું.

'કેમ રડે છે, દીકરી?'

કુ. દિશા વિનયભાઈ મહેતા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

'ભૈયા, આપ નાથદ્વારાસે આયે હૈં?'

'ના, કેમ?'

'દેવદમન મિલે? કબ લોટ આયેંગે? કુછ પતા હૈ?'

'દીકરી, તું છે કોણ?'

'દેખો ભૈયા, દેવદમન કે લિયે સુબહ-શામ દૂધ લાતી રહતી હૂઁ. લેકિન ક્યા કરૂં?'

એ રડવું ખાળવા હોઠ દબાવવા ગઈ, પણ રડી જ પડી. હિબકાં ભરી ભરી રડી. મેં તેના વાંસે હાથ ફરવ્યો. તેની આંખો લૂછી, શાંત પાડી.

'બેટી, દેવદમન આને હી વાલે હૈં. મત રો.'

પણ એ તો માથું હલાવતી ચાલી ગઈ. આન્યોરની દિશામાં નીચે ઊતરતાં જાણે એ હવામાં ઓગળી ગઈ. હું અચંબાથી જોઈ રહ્યો.

હું પણ નીચે ઊતરવા માંડ્યો. નીચે ઊતરતાં રસ્તામાં એક વૃદ્ધ વ્રજવાસી ઉપર ચડતા સામે મળ્યા. તેમણે કહ્યું, 'વૈષ્ણવ, જયશ્રીકૃષ્ણ.'

'જયશ્રીકૃષ્ણ, બાવા.'

'બંદ કિવાડ દેખકર વાપસ આ રહે હો ક્યા?'

'નહીં તો! કિવાડ તો ખુલે હી થે!'

'હો હી નહીં સકતા, ચાબિયાઁ તો હમરે પાસ હૈં. હૌં હી યહાઁકા મુખિયા હૂઁ. હમરે સાથ ઉપર ચલો ઔર ખુદ હી દેખ લો.'

મને અચંબો થયો. મુખિયાજી સાથે ઉપર ગયો. દ્વાર બંધ. તાળું ઝૂલે.

'બાવા, બાત સમઝમેં નહીં આઈ.'

'હમ બતાવત હૈં ભૈયા. યે બ્રજ હૈ. યહાઁ અલૌકિકતાકા પાર નાહીં. તૈંને જો દેખા વહ સચ થા, ઔર અભી જો દેખત હો વહ ભી સચ હૈ. તૈંને રોતી હુઈ લડકીકો દેખા થા ન?'

'હાઁ, બાવા.'

ભૈયા , તુમ્હારે ભાગ્યકા કા કહેં. વો તો સદુ પાંડેજી કી બેટી નરો થી.'

શ્રીમતી કીકીબેન (રસિકાબેન) પ્રફુલભાઈ પટેલ (લંડન)ના જયશ્રીકૃષ્ણ

'કૌન સદુ પાંડે?'

'જિનકે ઘરમેં આજ આન્યોરમેં શ્રીમહાપ્રભુજીકી બૈઠક હૈ.'

'અરે બાવા, યહ તો પાઁચસો સાલ પુરાની બાત હૈ.'

'તો ક્યા હુઆ? કૃષ્ણચંદ્ર ભી હજારોં સાલ પહલે કી પ્રકટ હુએ થે યા બ્રજમેં! ફિર આજ ભી ક્યોં દર્શન હોત હૈં? યહાઁ જો લૌકિક દિખાઈ દેત હૈ વો ભી અલૌકિક હૈ. યહાઁકી સબ લીલા નિત્ય હૈ. યે પગલી નરો દેવદમન ન પાકર રોતી હૈ. ભૈયા, તેરે જૈસે કિસી ભાગ્યવાન ભગવદીયકો ઉસકે દર્શન હો જાવત હૈં.'

હું ભારે વિસ્મયમાં પડી ગયો. સ્નેહની આટલી ઉત્કટતા! પાંચસોથીયે વધુ વર્ષોથી આવી શ્રદ્ધા! એક દિવસ દેવદમન પાછા આવશે, એ આશાએ રોજ સવાર-સાંજ દૂધ લઈ આવતી આ કિશોરી! દાદા ઠીક કહેતા હતા કે સંયોગના અનુભવે સ્વરૂપાસક્તિ વધે. જેટલી એની તીવ્રતા, એટલી વિરહની તીવ્રતા!

નીચે આવ્યો. દાદા મળ્યા. તેઓ મારી વાત સાંભળીને કહે : 'થયો ને અલૌકિક અનુભવ?'

'હા, એવું લાગે છે ખરું.'

'આ તો હજી પહેલો અનુભવ છે. અહીં તો અપરંપાર અનુભવો છે.'

દાદાએ કહ્યું : 'બીજું કંઈ કામ ન હોય, તો ચાલ ગોવિંદકુંડે જઈએ. ત્યાં શ્રીગિરિરાજબાવાને છાક આરોગાવીશું. બહુ અલૌકિક જગ્યા છે.'

દાદાની સાથે ચાલવા લાગ્યો. દાદના બે થેલા મેં ખભે લીધા. દાદાના હાથમાં નાનાં ઝાંપીજી. તેમાં શ્રીગિરિરાજબાવા બિરાજે. શ્રીગોવર્ધનથી દાનઘાટીના રસ્તે આન્યોર થઈ, ગોવિંદકુંડ પહોંચ્યા. દાદાની સાથોસાથ ગોવિંદકુંડમાં ડૂબકી મારી. દાદાના કહેવાથી સૂકાં લાકડાં વીણી લાવ્યો. એક વૃક્ષ નીચે ત્રણ પથ્થર ગોઠવી ચૂલો બનાવ્યો. દાદા રસોઈની તૈયારી કરતાં, મારી સાથે વાતો કરતા રહ્યા.

'દાદા, અહીં જ રસખાનજી આવેલા?'

શ્રીમતી પ્રતિમાબેન અરૂણકુમાર પટેલ (લંડન)ના જયશ્રીકૃષ્ણ

'હા, સામે મંદિરની ધજાનાં દર્શન કરતાં રાતદિવસ વિલાપ કરતા, ત્રણ ત્રણ દિવસ બેસી રહેલા. ચતુર્ભુજદાસજીએ પણ શ્રીનાથજી મથુરા પધાર્યા, ત્યારે ત્રણ મહિના અહીં જ રહી વિરહ કરતાં ગાયેલું,

'ગોવર્ધનવાસી સાઁવરે લાલ તુમ બિન રહ્યો ન જાય હો.
બ્રજરાજ લડેતે લાડીલે.'

રસોઈ કરતાં કરતાં દાદા એ પદ ગાવા લાગ્યા. એમના અવાજમાં વિયોગની વેદના હતી. ક્યાંક ક્યાંક શબ્દ ડૂસકામાં ડૂબી જતા, ક્યાંક કંઠ રુંધાઈ જતો. આંખો આંસુથી ઊભરાઈ જતી. હુંય વિહ્વળ બની ગયો. પદ પૂરું થતાં 'તુમ બિન રહ્યો ન જાય' એમ દાદા ગાતા રહ્યા અને હું રડતો રહ્યો. જિંદગીમાં પહેલાં કદી આટલું રડ્યાનું યાદ નથી.

'પગલા, રડે છે?'

'બીજું શું કરું?'

'આ આંસુમાંય સુખનો સાગર છે.'

'થોડું એવું લાગ્યું ખરું, લૌકિક દુઃખનાં આસું પડે, ત્યારે હૃદયમાં કલેશ થાય, બેચેની થાય, ખૂબ દુઃખ લાગે. પણ આ આંસુ વરસતાં એવું ન થયું. રડવુંય ગમ્યું.'

'એટલે તો વિપ્રયોગને સુખાનુભવ કહ્યો છે.'

'દાદા, બધા ભગવદીયોએ અહીં વિપ્રયોગનો જ અનુભવ કરેલો?'

'હોય કંઈ! અહીં તો સંયોગના અનુભવનીય છોળો ઉછળી છે સામે પે...લાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી દેખાય, ત્યાં એક ગુફા હતી. એમાં અચ્યુતદાસ રહે. શ્રીમહાપ્રભુજીના પૂરા કૃપાપાત્ર. શ્રીગુસાંઈજી મહારાજ તેમનાં દર્શન કરવા રોજ સામે પધારતા! તેઓ શ્રીમહાપ્રભુજીના સેવક થયા. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'શ્રીજીની સેવા કરો.'

આપણને આવી આજ્ઞા થાય તો ઝાલ્યા રહીએ? પણ અચ્યુતદાસ નોખી માટીના. ધરાર ના પાડી દીધી!'

'શું? શ્રીનાથજીની સેવાની ના પાડી? છતાં આટલા કૃપાપાત્ર?'

કુમુદચંદ્ર એન. પંડ્યા, હસ્તે ડાહીબેન નરોત્તમદાસ જોષી (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ

'હા. એમણે કહ્યું, મને મંદિરમાં સેવા નહિ ફાવે. એમને મારા મનમંદિરમાં પધરાવી દો તો સેવા કરું.'

'એવું કેમ?'

'તું પરણ્યો છે?'

'ના.'

'તો તને નહિ સમજાય. પ્રેમમાં ત્રીજાની હાજરી નો હાલે. ભરબજારે બૈરીને જોવાય, પણ હાથ નો પકડાય. એમાંય આ તો મંદિર! કેટલાંયની નજરું તમારા પર મંડાણી હોય? ત્યાં તો મલાજો રાખવો પડે. જ્યાં મલાજો હોય, ત્યાં સંયોગનું સુખ મળે ખરું? એ તો ઘરના ખૂણે મળે કે મનમંદિરમાં મળે! એટલે અચ્યુતદાસ અને અચ્યુતરાય - બે જ જાણે. પાસે બેઠેલાનેય ખબર નો પડે! શ્રીમહાપ્રભુજીની પરીક્ષામાં અચ્યુતદાસ પાસ થયા. અચ્યુતદાસના સંયોગસુખની છોળો અહીં ઉછળેલી!'

'પણ દાદા , માનસી કરવાય એક વાર એ મળવો તો જોઈએ ને?'

'હાસ્તો. પણ ગુરુકૃપા વિના એ નૉ મળે. ગુરુના શબ્દોમાં દઢ વિશ્વાસ હોય તો મળે. એવા એક વીરલાને 'પરે' અહીં મળેલા.'

'કોણ પરે? કોણ વીરલા?'

'હતો તારા જેવો એકલપંડ મનમોજી જીવડો. બાજુના આન્યોર ગામના વ્રજવાસીનો જુવાન દીકરો. નામ તો કોણ જાણે! પણ શ્રીગુસાંઈજી નવા વૈષ્ણવ થનારને સેવા પધરાવી આપે, તે આ છોકરો રોજ જુઓ. એનેય સેવાના કોડ જાગ્યા. પણ સ્વરૂપ લાવવું ક્યાંથી? ઠાકોરજી ન મળે તો ભલે, પણ એમનું નામ મળે તોય ચાલે.'

'જબરો છોકરો! પછી?'

'એણે શ્રીગુસાંઈજીને પૂછ્યું, 'મેરે ઠાકુરકો કહા નામ?' આ અલ્લડ છોકરાની વાતને ગંભીરતાથી ન લેતાં શ્રીગુસાંઈજીએ જવાબમાં કહ્યું, 'પરે-આઘો ખસ.' ભોળો જીવ માની બેઠો, 'મેરે ઠાકુરકો નામ પરે.' પછી એ તો રાજી થતો, મંદિરમાંથી રોજ મળતું દાળ-બાટીનું સીધું લઈ અહીં આવ્યો. રસોઈ બનાવી. બે પાતળ પીરસી, પછી 'પરે'ને બોલાવવા બૂમો પાડી. ઘણી વાર થઈ તોય 'પરે' ન આવ્યા. નિરાશ થઈ બેય પાતળ કુંડમાં ફેંકવા ગયો. 'પરે' વિના પ્રસાદ નહિ! એના ભોળા ભાવે શ્રીજીબાવા 'પરે'બની પધાર્યા. ત્યારથી એ બેય અહીં સાથે આરોગે અને સાથે ખેલે.'

'દાદા, નરોને દેવદમન છોડી ગયા. ચતુર્ભુજદાસજીના ગોવર્ધનવાસી-એ મથુરા પધારી, વિરહ કરાવ્યો; પણ 'પરે' આ વ્રજવાસીની સાથે જ રહ્યા, એમ કેમ?'

'સીધી વાત છે. શ્રીકૃષ્ણ નંદાલય છોડી મથુરા પધાર્યા, પણ ગોપીજનની નિકુંજ છોડી ક્યાંય ન પધાર્યા! જગતના નિયમ એ તોડે, પણ પ્રેમના નિયમ તોડવાની એનામાં શક્તિ નથી! સદુ પાંડેના ત્યાં એમનાં અંધ માતા રોજ બાળકોને માખણ-રોટીનું કલેઉ આપે, તે લેવા દેવદમન પણ લાઈનમાં ઊભા રહેતા. નરોએ એમનો હસ્ત પકડી, ઘરમાં બેસાડી દીધા હોત અને કહ્યું હોત, 'અનત ન જૈયેં પિય, રહિયે હમારે હી મહલ.' તો એને આજે રડવાનો વારો ન આવ્યો હોત! 'પરે' વ્રજવાસીના બનીને રહ્યા, કારણ કે વ્રજવાસી એમના વિના ભોજન નહોતો કરતો. આ ઘનશ્યામને ઘરમાં ગોઠે છે, તેવું બીજે ક્યાંય નથી ગોઠતું, હં!'

'સાચી વાત દાદા, મનેય થાય છે કે જો એકવાર ક્યાંક એ મનમોજી મળી જાય, તો એના હાથ પકડી, એને મારા ઘેર લઈ જઉં. આમેય રૂપનો દીવાનો તો છું જ. એ રૂપકડાને જીવ ભરીને જોયા કરીશ!'

'હં, હં. એમ કર્યે એનું પેટ ભરાશે? પહેલાં ભોજન, પછી ભજન. પહેલાં સેવા, પછી દર્શન. આપણી હાજરી એને ગમતી હોય, તો એનાં દર્શન કરવાનાં. આપણી હાજરી એને ન ગમતી હોય, તો એનાં દર્શનેય નથી કરવાં. એના સુખે સુખી થતાં આવડે, તો એને ઘરમાં રાખ્યાનું પ્રમાણ. મજાની વાત તો એ છે કે તે આપણી સાથે સંતાકૂકડી રમે છે. રમતમાં આપણી પીઠ પાછળ જ સંતાઈ રહે છે, એટલે પકડાતો નથી. પણ એને દાવ આપવાની ઈચ્છા થાય, ત્યારે સામે આવી જાય છે. માટે થાક્યા વિના એની સાથે સંતાકૂકડી રમ્યા કર, એને શોધ્યા કર. હારીશ-થાકીશ નહિ. મળશે,

રીટા પારેખ, જીનલ પારેખ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

દલાલ લક્ષ્મીદાસ કરશનદાસ પાબારી (રાજકોટ)ના જયશ્રીકૃષ્ણ

જરૂર મળશે. ક્યાં મળશે તે કોને ખબર? પણ મળશે જરૂર. ભૂખ લાગી છે? ચાલ, પ્રસાદ લઈએ.

•

'કાં બેટા, ક્યાં ગયો'તો આ ત્રણ દિ'થી? કહ્યા વિના જતો રહેલો, તે ક્યાં ફરી આવ્યો?'

'દાદા, ગોકુળની ગલીઓમાં ભટકી આવ્યો. વૃંદાવનના ઘાટે ઘાટ ફરી આવ્યો. બરસાના-નંદગાઁવ જઈ આવ્યો. ચંદ્રસરોવર ને ગુલાલકુંડે આંટો દઈ આવ્યો. પૂછ'રીના લોકોને પૂછી આવ્યો'

'માધવ મળ્યા?'

'ના, માધવ ક્યાંય નથી. મધુવનમાં. નસીબનો નકામો છું.'

'હવે?'

'એક છેલ્લો પ્રયાસ કરવો છે. નાથદ્વારા જઈશ.'

'ત્યાંય નહિ મળેતો?'

'પાછો આવીશ વ્રજમાં. ગોવિંદકુંડ પર ખાન-પાન છોડી બેસી જઈશ. એના વિના જીવવાની હવે મજા નહિ આવે!'

'ભલે, જઈ આવ નાથદ્વારા. શ્રીમહાપ્રભુજી તારો મનોરથ પૂરો કરે.'

'દાદા, સાંભળ્યું છે કે માગીને લીધેલા આશીર્વાદ ફળે કે ન ફળે; પણ વગર માગ્યે મળેલા આશીર્વાદ તો જરૂર ફળે. તમારા આશીર્વાદ માથે ચડાવું છું. આવજો, જયશ્રીકૃષ્ણ.'

... અને હું ખભે બગલથેલો લટકાવી, નીકળી પડ્યો નાથદ્વારાના માર્ગે.

■

ગીતાબેન અરૂણભાઈ મર્ચન્ટ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

૪

હું વારી લાલ તમારા લટકાને

પરસેવે રેબઝેબ થયેલા મેં અપરસ કૉટેજમાં પ્રવેશવાના પગથિયે પગ મૂક્યો, ત્યાં જ રૂમના બારણા વચ્ચે ઊભેલા વૈભવે નજર કર્યા વિના જ કહ્યું: 'શ્રી, આપણો લય આવી ગયો.' ચાર લાંબી ફલાંગે વૈભવ સામે આવ્યો. ખભેથી થેલો સેરવી લીધો.

'આવો લયભાઈ, જયશ્રીકૃષ્ણ. ગરમીમાં પરેશાન થઈ ગયા લાગો છો! આ પંખા નીચે બેસો.' રાજશ્રીએ ફોલ્ડીંગ ખુરસી પંખા નીચે ગોઠવી.

'શ્રી. જો તો ખરી, આણે શી હાલત બનાવી દીધી છે! દાઢી વધારી છે! કપડાં લઘરવઘર, મેલાંઘેલાં છે! દસ દિવસથી નહાયો હોય તેમ લાગતું નથી.' વૈભવે અવાજમાં ચિંતા વ્યક્ત કરી.

'વ્રજમાંથી બારોબાર આવ્યા, એટલે એમ જ હોય! તમારી જેમ એમની સેવા કરનાર પણ પાછું કોઈ જ નહિ ને!'

'તે એનેય એક સેવિકા લાવી દે ને!'

'જો વિભુ, હળવી વાત કરવાનું આ સ્થળ અને સમય નથી. લયભાઈ, પહેલાં ચા કે સ્નાન?'

'બેય સાથે થઈ શકે, તો વધારે રાહત થાય! પણ એ તો શક્ય નથી. એમ કરો, પહેલાં બે કપ ચા પાઈ દો.'

'ભલે.'

•

સ્નાન કરી બાથરૂમમાંથી બહાર આવ્યો, ત્યારે દાઢી વિનાનો સાફ ચહેરો, હળવું ફૂલ શરીર અને સ્વસ્થ મન હતું!

નટુભાઈ એમ. ઠક્કર (આણંદ)ના જયશ્રીકૃષ્ણ

રાજશ્રીએ મારા હાથમા ધોતી-બંડીની જોડ પકડાવી દીધી, 'અહીં આ જ પોશાક પહેરવાનો. તમારા માટે કપડાં તૈયાર કરાવી લીધાં છે. રોમમાં રોમન બનો.' એમનો વિચાર મને ગમ્યો. ધોતી પહેરવાની ખાસ ટેવ નહિ, પણ પહેરી. સારી રીતે પહેરાઈ તો ખરી.

'હવે તું નખશિખ વૈષ્ણવ લાગે છે.'

'ખાલી દેખાવનો.'

'આજે દેખાવ છે, કાલે સ્વભાવ બની જશે. આ તો પ્રભુનું ધામ છે. તે કલ્પવૃક્ષ કહેવાય. માગો તે મળી જાય.'

'ખરેખર? હું તો વ્રજમાં માગીને આવ્યો છું. એ મળશે?'

'શું માગ્યું છે?'

હું મૌન રહ્યો.

'વિભુ, કોઈની અંગત વાતમાં...'

'આ લય 'કોઈ' છે?'

'જો દર્શન ખૂલ્યાનો હેલો પડ્યો!'

'ચાલ લય, ઉત્થાપનનાં દર્શન કરી આવીએ.'

અમે કૉટેજમાંથી બહાર નીકળ્યાં. આઠદસ ડગલાં ચાલ્યાં ને કમળચોકમાં! ઉપર બાંધેલા ચંદરવાના ખૂણા પરની જગ્યામાંથી ધજાજી અને સુદર્શન ચક્રનાં દર્શન થયાં. હાથ જોડી, માથું નમાવ્યું. મન બોલ્યું, 'પુષ્ટિમાર્ગમાં ધજાજી એટલે ગોપી-પ્રેમનું સ્વરૂપ. આ સ્વરૂપે છપ્પર પર બિરાજી, અમ જેવા પતિતોને બોલાવનારાં હે ગોપિકાઓ! આપને શત-શત વંદન. શ્રીગોપીજન-વલ્લભને મારી એક વિનંતી પહોંચાડશો? હું એમને શોધું છું. હે ચક્રરાજ! આપનું નામ, એવું જ આપનું સ્વરૂપ-સુદર્શન! આપ તો ભક્તરાજ-વૈષ્ણવરાજ છો! શ્રીનાથજીના હસ્તમાં સદા બિરાજનારા છો! એકવાર શ્રીનાથજીનો મેળાપ કરાવી દો ને!'

વૈભવે આગળ વધવા હાથ ખેંચ્યા. ભીડમાં આપોઆપ આગળ વધાતું રહ્યું. જગમોહનમાં પ્લેટફૉર્મના ઠેઠ છેલ્લા પગથિયે ગોઠવાઈ ગયો. ચંદની રંગની ટૂંકી પરદની અને લટપટી ગોળ પાઘ. શ્રીકંઠમાં અતિ ઝીણાં મોતીની કટિ સુધી ઝૂલતી ત્રણ માળા. સર્વાંગે મોતીનાં આભરણ. '**હડપચીએ હીરલો ઝગમગે, એના તેજ તણો નહિ પાર.**' જોતાંવેંત જ ચિત્ત ચોરાઈ ગયું! 'બસ આ જ, આ જ સર્વોત્તમ રૂપરાશિ. પહેલો નંબર અહીં; પછી તિરુપતિજી પણ! હવે રસખાનજી સમજાય છે. નંદદાસજીની વાત પણ હવે સમજાય છે! નરોની વ્યથાની કથા હવે બરાબર સમજાય છે! હે નાથ! એ બધાં તમારા વિના વ્રજમાં વિરહી છે. રાધિકાજી તમારાં મોરપિચ્છ અને મુરલીને શોધે છે. વ્રજવનિતાઓ તમારા પીતાંબરના ફરફરાટનો મર્મર રવ સાંભળવા કાન માંડી, રોજ દાનઘાટીમાં આંટા મારે છે! હે ગોવિંદ! તેમની સામે મારી તો શી વિસાત? પણ નાથ! અજબબા એક જ નથી કે એમની મઢુલીમાં લપાઈ રહો! અમનેય અજબબા બનવાના કોડ છે. પૂરા કરવા એ તમારા હાથમાં છે.'

વિશાખા એમ. કણકીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

વૈભવે ખભો હલાવ્યો, 'દર્શન થઈ ગયાં. દ્વાર બંધ થયાં. ચાલ.' દંડવત્ કરી બહાર આવ્યાં. કમળચોકમાં રાજશ્રીભાભી ઊભાં હતાં. કોઈક વૈષ્ણવ સાથે વાત કરતાં હતાં. પાતળી અને ઊંચી કાઠીના વૈષ્ણવના માથે કેસરી વ્રજવાસી ટોપો હતો. ટોપાની ચોમેર સફેદ ઝીણા વાળ હતા. દાઢીમૂછ પણ વધેલાં, સાવ સફેદ! આંખોમાં ગજબની ચમક! મુખ પર સ્મિત, પણ એની પાછળ વેદના લપાઈને, ટૂંટિયું વાળીને બેઠેલી!

વૈભવે હાથ જોડ્યા : 'બાવા, જય શ્રીકૃષ્ણ.'

'બાવા, આ નવો વૈષ્ણવ છે, લય.'

'જયશ્રીકૃષ્ણ. એવા આશીર્વાદ આપો કે વૈષ્ણવ બનું.'

'જોયું દીકરી? અહીં સુખ માગનારા ઘણા આવ્યા. દુઃખ દૂર કરવા કરગરનારા પણ રોજ આવે છે! લાભ માટે લોટનારનો તો અહીં તોટો નથી! પણ વૈષ્ણવ બનવા આવનાર આ છોરો હજારમાં એક હશે!'

'લય, આ શાકઘરિયા બાવા છે.'

'આરતીનાં દર્શન કરી, શાકઘરમાં આવજો. અપરસમાં આવજો. હાથ પવિત્ર થશે અને સત્સંગ પણ થશે.'

'પણ બાવા, આણે હજી બ્રહ્મસંબંધ લીધું નથી.'

ગં.સ્વ. પદમાબેન હરકીશનદાસ રેશમીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

'તો ભગવદ્-વાર્તા સાંભળશે!'

◆

'બાવા, પ્રશ્ન પૂછું?'

'જરૂર પૂછ. કાન માંડનારા ઘણા આવે છે, પૂછનારા ક્યાં છે?'

'બાવા, તમે શ્રીનાથજીને સાક્ષાત્ જોયા છે?'

'તેં આજે તેમને ન નીરખ્યા? તેમની સાથે વાતો ન કરી? હું થોડાં વધારે વર્ષોથી નીરખું છું.'

'એમ નહિ, બાવા.'

'લાલા, લગન થયાં છે?'

'ના.'

'તો તને સમજાવવું કઠણ છે!'

'કોઈ સ્ત્રીને એમ પુછાય કે તમે તમારા પતિને જોયા છે? પત્ની બને એટલે પતિને જુએ તો ખરી જ ને? પતિનેય પત્નીને જોવાનું મન ન થાય? બેઉને સામસામે આવ્યા વિના છૂટકો જ નહિ. લૌકિક લગ્નમાં આવી સ્થિતિ હોય, તો અલૌકિક લગ્નમાં કેમ ન હોય? એને પતિ બનાવો. તમે એની પત્ની બનો, સાચી પત્ની. બસ, એણે આવવું જ પડશે.'

'બાવા, પતિ - પત્ની બને એટલે આમને-સામને તો આવ્યે જ છૂટકો! પણ એક પત્ની પ્રેમાળ હોય, અને બીજી પ્રેમ તો દેખાડે, પણ ઊંડાણમાં થોડો સ્વાર્થ હોય. તો એ બેઉને એમના પતિ સમાન ભાવે સ્વીકારે ખરા?'

'દેખ, લાલા. એની ઝાઝી ખબર તો મનેય નથી; પણ અહીં તારા પ્રશ્નનો જવાબ આપે એવી બે સ્ત્રીઓ છે. એક છે આ મંદિરની છપ્પર તરીમાં અજબબાઈ અને બાજુમાં શ્રીવનમાળીજીના મંદિરમાં, અંદરની ગલીમાં મીરાંબાઈ-એના મોહનનાગરના નાનકડા મંદિરમાં. એ બેઉ દેરાણી-જેઠાણી છે, મળી જાય તો એમને પૂછ જે ને.!'

'હા, એ વાત સાચી. સારા કામમાં વાર નહીં. પહેલાં મીરાંબાઈને મળી આવું.' કહી, હું ઊભો થઈ ગયો.

બકુલાબેન એમ. પટેલ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ

વૈભવ બબડ્યો : 'સાવ પાગલ છે. ચારસો વર્ષ પહેલાનાં મીરાં એને આજે ક્યાંથી મળવાનાં છે?'

મનમોજી એવા મને વૈભવના શબ્દોએ વિચલિત ન કર્યો. હું તો ઊપડ્યો શ્રીવનમાળીજીના મંદિર તરફ. મંદિરના દ્વાર પાસેની શૃંગારની દુકાનોમાં જુવાન-પ્રૌઢ જોડાંની ભીડ હતી. કેટલાંક પોતાના ઠાકોરજી માટે શૃંગાર ખરીદતાં હતાં, તો કેટલાંક પોતાને માટે. હું સહેજ થોભી ગયો.

જમણા હાથની દુકાને એક પ્રૌઢ યુગલ ઊભું હતું. પુરુષના પ્રમાણમાં સ્ત્રી વધારે ઠસ્સાદાર દેખાતી હતી. જડતરના સેટ જોતી હતી, ગળા પર ગોઠવી, અરીસામાં જોઈ ક્યારેક મલકાતી, ક્યારેક મોં મચકોડતી. મારી પાસે ઊભેલો એનો પતિ મનમાં ધૂંધવાતો, બબડતો : 'ઘરમાં બબ્બે વહુઓ આવી ને હવે તો ત્રીજો જમાઈ આવશે! જેમ જેમ વરસ જાય છે, તેમ તેમ આ તો જુવાન થતી જાય છે. આની ઘડિયાળ પાછી ચાલે છે!'

હું હસ્યો. સ્હેજ આગળ વધ્યો. એક યુવાન ખરીદી કરતું હતું. આગળ ભીડથી રસ્તો રોકાઈ ગયો હતો. હું અટકી પડ્યો! યુવાન યુવતીને કહી રહ્યો હતો : 'હની ડીયર, ઠાકોરજીને તો ગુંજા-માળા બસ છે. સામે પેલો સેટ જોયો! એમાં તું એકદમ 'એક્સલન્ટ' લાગીશ. એ લઈ લે!'

મને ફરી હસવું આવ્યું. ભીડમાંથી સંકોરાઈ, આગળ વધવા મથતાં મન ચકડોળે ચડ્યું : એક બાજુ અંદર મીરાં બેઠાં છે. હાથમાં કરતાલ લઈ ગાય છે:

'ચુંદડી ઓઢું તો રંગ ચૂવે રે, રંગબેરંગી હોય,
ઓઢું હું કાળો કામળો, દૂજો રંગ ન લાગે કોય.'

ભરજુવાનીમાં ડગ માંડતી, સંપત્તિની સેજમાં આળોટી શકે તેવી મીરાં, કાળો કામળો ઓઢી અહીં બેસે અને આ યાત્રિકો આવ્યા છે બેચાર દિવસ માટે દુનિયાદારીનાં વળગણો અળગાં કરી, શ્રીનાથમય થવા; પણ એમના દેહસુખની લાલસા અહીં પણ અકબંધ રહી છે!

પેલી મીરાં એના દિયરને નિર્ભયતાથી કહે છે :

'મુજ અબળાને મોટી મિરાત, બાઈ! શામળો ઘરેણું મારે સાચું.'

પ.ભ. કુસુમબેન ભાઈલાલભાઈ પટેલ (આણંદ)ના જયશ્રીકૃષ્ણ

અને આ સાઁવરિયાના સેવકોને નકલી, ખોટા, ચમકતા દાગીના સિવાય કશું સૂઝતું નથી! વાહ, પ્રભુ! તમારાં લટકાં સમજાતાં નથી! સારું છે લય, તને હજી લલનાનું લટકણ વળગ્યું નથી. નહીં તો દોસ્ત, તારીયે આવી જ હાલત હોત! હું મંદિરની અંધારી ગલી પાર કરી, અંદરના ચોકમાં ગયો. ત્યાં નાનુંસરખું 'મીરાં કે પ્રભુ ગિરિધર ગોપાલ'નું મંદિર હતું. ગર્ભગૃહની જાળી બંધ હતી. સળિયા વચ્ચેથી દર્શન થતાં હતાં. જાળીએ તાળું હતું. મેં હાથ જોડી ગિરિધર ગોપાલને વંદન કર્યાં.

'ભગવાન, આપ અહીં કારાવાસનો અનુભવ લઈ રહ્યા છો? દેવકી માતાની કારાવાસની વ્યથાને સમજવાની કોશિશ કરો છો કે શું? હરદમ મીરાનાં હૃદય-મંદિરમાં રહેનાર, આપને મીરાંના જ ઘરમાં કારાવાસ! તોબા તોબા!'

મીરાં! તમે ક્યાં છો? 'મેરે તો ગિરિધર ગોપાલ' ગાનાર મીરાં! જેને કાજે તમે 'ઊભો મેલ્યો મેવાડ'-એને આમ નિરાધાર છોડી, કારાવાસમાં ધકેલી, તમે દ્વારકામાં જઈ, દ્વારકાનાથમાં વિલિન થઈ ગયાં! પોતાના પ્રિતમને છોડી, મુક્તિનો મહોત્સવ માણવા હાલી નીકળ્યાં કે? વાહ મીરાં, વાહ!

દુનિયા ભલે તમારી વાહવાહ કરે, પણ મીરાં રાણી, મને તમારી આ વાત નથી સમજાતી. એ સમજવા માટે જ આવ્યો છું. જવાબ આપવા માટે પધારવાનું કષ્ટ કરશો?

હું મંદિરનાં પગથિયાં પર બેસી ગયો. ચોમેર નજર ફેરવી તો સાવ સૂનકાર. મને હતું, કદાચ મીરાંને તેનો અપરાધ હવે સમજાયો હશે. તે પસ્તાતી હશે. પસ્તાવો આંસુ બની વહેતો હશે. ડૂસકાં સંભળાતાં હશે, પણ અહીં તો કંઈ નથી! છતાં હું પૂછી બેઠો : આ મોહનનાગરને તમે તમારું સર્વસ્વ માનો છે, તો કઈ હિંમતે ઝેરનો પ્યાલો તેના તરફ લંબાવેલો? શું બહારથી શામળાની સતી હોવાનો દેખાડો કરી, તમે તમારા જીવતરના સ્વાર્થ માટે એને ઝેરનો ભોગ ધર્યો? જવાબ આપો, મીરાં? આ તમારી ભક્તિ! ભક્તિ તમારા હાથે ભ્રષ્ટ નથી થઈ?

હવે સમજાય છે, તમારા પુરોહિત રામદાસજીને શ્રીગુંસાઈજીએ ઠપકો આપતાં, કેમ એવું કહ્યું કે હાથી પર સવારી કર્યા પછી, ગધેડાની સવારી

કરવા કેમ દોડ્યો? મીરાં, હરિથી તો હરિયાળાં બનાય! તમે તો જીવનભર પાનખર જ જીવ્યાં! ઘરનાં સાથે ક્લેશ, વૃંદાવનના વૈષ્ણવો સાથે ક્લેશ! કહો, મીરાં! તમને હરિનું સુખ શું મળ્યું? એમનામાં લીન થવાનું તે કંઈ સુખ છે? મને લાગે છે, તમને તો સાઁવરાએ એટલા માટે લીન કરી દીધાં કે ફરી તમે તેને વિષનો પ્યાલો ન ધરો! ફરી તેને પજવવા અહીં ન આવો, માટે જ તેણે મંદિરને કારાવાસ બનાવી, તેમાં તે તમારા ડરથી પુરાઈ રહ્યો છે. ખરું ને મીરાં? મારા આરોપો ખોટા હોય તો સામે આવો અને જવાબ આપો!

ત્યાં રંગમંડપનો ઘંટ રણક્યો.

મારી વિચારસમાધિ તૂટી. મને લાગ્યું : ઘંટે મારા પ્રશ્નનો સ્વીકાર કર્યો છે! તે દિશામાં નજર ફેરવી. સફેદ વસ્ત્રોમાં સજ્જ એક પ્રૌઢા ઘંટ વગાડતી હતી. તેની પીઠ દેખાતી હતી.

કદાચ તે મીરાં હશે!

મીરાનાં મૌને જ મને જવાબ આપી દીધો! ભક્તિમાં હું હારી! પ્રેમલક્ષણા ભક્તિ મને ન પચી, ન ફાવી!

ચાલો લય, શરમાયેલાને વધુ શરમાવવાથી શો ફાયદો?

■

૫

મિલૌંગી નિસાન બજાય રી

હું વનમાળીજીના મંદિરમાંથી બહાર આવ્યો, ત્યારે નાથદ્વારા ઉપર જેઠ માસની ઠંડી રાત ઉતરી આવી હતી. ગામ દુકાનોની રોશનીથી ઝાકઝમાળ હતું અને યાત્રાળુઓથી ગાજતું હતું. વગર વિચાર્યે જ પગ શ્રીનાથજીના મંદિર તરફ વળ્યા. બે દ્વાર પૈકી એક દ્વાર બંધ હતું. બીજા દ્વારનું એક બારણું ખુલ્લું હતું. ખાસ્સો સમય વીતી ગયાનો અહેસાસ થયો. સમય જાણવાની જિજ્ઞાસા થઈ, પણ કાંડા પર ઘડિયાળ ન હતી.

અધખુલ્લા દરવાજામાંથી અંદર પ્રવેશ્યો. ત્યાં આઠ ડંકા પડ્યા. ગોવર્ધનચોક સૂમસામ હતો. ધોળીપટિયાં પણ નીરવ હતી. તેનાં પગથિયાં ચડ્યો. પર્વત ચડ્યાનો જાણે થાક લાગ્યો. ઉપલા પગથિયા પાસેના ઓટલે હા...શ કરીને બેસી ગયો. સૂરજદ્વારના બંધ કમાડ પાછળ જવા નજર ફાંફાં મારતી હતી. મનના ગાંડપણ પર અજબકુંવરીને મળવાનું ભૂત સવાર થઈ ગયું હતું.

મારી નજીક-સાવ નજીક-રેશમી વસ્ત્રોની ફરફરાટનો મર્મર ધ્વનિ સંભળાયો. પદરવની એની સાથે સંગત હતી. આંખો એ દિશામાં ફરી. લીલો ઘેરદાર રેશમી ચણિયો ને મારવાડી ઢબની રેશમી લીલી ચોળી પર, પીળી રેશમી ઓઢણી મારવાડી ઢબે પહેરાઈ હતી. ચાલીસ આસપાસનો એ સ્ત્રીદેહ ઢગલા સોનાથી લદાયેલો હતો. મુખ પર પ્રસન્નતાની ચમક હતી. કજરારી આંખોમાં સામાના મનને વાંચવાની ચપળતા હતી.

વગર પિછાણ્યે તેઓ મારી પાસે આવી બેસી ગયાં. બોલ્યા, 'ભૈયા, જયશ્રીકૃષ્ણ.'

'જયશ્રીકૃષ્ણ, માઈ.'

ચિરાગ મહેન્દ્રભાઈ મહેતા, હ. હેતલબેન (રાજકોટ)ના જયશ્રીકૃષ્ણ

'કિતની સુહાવની શાંતિ હૈ! સારા દિન યહાઁ કોલાહલ મચા રહતા હૈ! યહાઁ રાત કો હી શાંતિ મિલતી હૈ! હૈ ન?'

'હાઁ જી.'

'યહાઁ સબ અજીબ-સા લગતા હૈ! દિલ હોતા હૈ, પાઁવોમેં ઘુંઘરું બાઁધકે યહાં નાચૂં!'

'માઈ, આપ કા પરિચય!'

'બૈસ્નવ હૂઁ, જોધપુરકી. બરસમેં તીન-ચાર બાર આતી હૂઁ! પહલે પતિકે સાથ આતી થી; અબ પતિ નહીં રહે! અકેલી આતી હૂઁ! રાતકો એક-દો ઘંટા યહાઁ બિતાતી હૂઁ!'

'આપ વિધવા હોને પર ભી યહ સિંગાર...'

'ભૈયા, દેહકા પતિ ચલા ગયા તો ક્યા હુઆ? આત્માકે પતિ તો યહાઁ બિરાજતે હૈં! ઉનકે પાસ તો સુહાગન બનકે હી આના ચાહિયે ન?'

'સો તો ઠીક! ક્યા કભી ઈનકી મુલાકાત હુઈ?'

'મિલન, ન મિલના તો વાકી મરજીકી બાત હૈ! મૈં મેરે લિયે કભી નહીં આતી. વાકો મિલનો હોવે, તો આ જાવે. નહીં તો વાકે ઘર બેઠ્યો રહે! મૈં તો યહાઁ આતી રહૂઁગી. યે તો મેરો સસુરાલ હૈ. ભૈયા, વાકો રાજી દેખનેકે લિયે તો આતી હૂઁ! યા લિયે તો યે સિંગાર સજતી હૂઁ! વાકી પ્રસન્નતામેં મેરી પ્રસન્નતા! અપનકો ઔર ક્યા ચાહિયે?'

'સહી બાત કહી આપને. અજબકુંવરી ભી શાયદ આપ જૈસી હી...'

'કૌન? ભીતરવાલી અજબ? ભૈયા, ઈનકી બાત મત કરો.'

'ક્યોં?'

'બિના દેખે વો તો વાકે પીછે પાગલ હો ગઈ થી! વાને તો શાદી ભી નહીં કી! રાજઘરાના કી લડકી, ઢેર સારી સુખ-સંપત્તિ છોડકર યહાઁ ચલી આઈ. કુટિયા બાંધકર યહાઁ જોગિન-સી રહ પડી! વાકો ભરોસા થા; મેરો બાલમ એક દિન જરૂર આયેગો! બસ ભાતભાત કે શિંગાર સજ-ધજ કર રાહ દેખતી રહતી. ગુનગુનાતી, હઁસતી રહતી. રાત કો આઁસૂ પીકર રોતી રહતી! ઉનકી નનદી મીરાંસે ભી વાકી નહીં પટતી થી! મીરાંકો નિઠુર

પ.ભ. હર્ષાબેન અનિલભાઈ તેમજ હીરાબેન શાહ (કેનેડા)ના જયશ્રીકૃષ્ણ

કહતી! શ્વેત વસ્ત્રોંસે સજી મીરાંસે ઝઘરતી. મીરાં પૂછતી : કબ તક સાઁવરાકી રાહ દેખતી રહોગી? અજબ જવાબ દેતી : જબ તક નહીં આવેગો-અનેક જન્મોં તક. મુઝે ઔર કરના ભી ક્યા હૈ?'

'માઈ, આપ તો ઈસ તરહ બતા રહી હૈં, જૈસે આપ ખુદ હી અજબ-કુંવરી હોં.'

'ના ભૈયા, ના. મૈં તો ઉસકી જૂતી કે બરાબર ભી નહીં. અચ્છા, આપ બૈઠો. મૈં તો ચલી.'

પાછો હું એકલો પડ્યો.

ત્યાં તો વૈભવનો અવાજ આવ્યો; પાછળ રાજશ્રીભાભી પણ-અમારા પેટમાં તો બિલાડાં બોલે છે. તમને શોધીશોધીને તો મારા આ પગની કઢી થઈ ગઈ.'

'મેં નહોતું કહ્યું - ભૂતનું ઠેકાણું આંબલી!'

'ચાલ, ઊભો થા. પ્રસાદ નથી લેવો?'

'લયભાઈ, મીરાં-અજબ મળ્યાં?'

'ભાભી, ગુનેગાર મોં સંતાડે. મીરાંએ મોં સંતાડ્યું; પણ અજબની એક કાર્બન કૉપી હમણાં જ ગઈ! વાત સમજાઈ ગઈ, પેટ ભરાઈ ગયું. પણ ચાલો, તમને ભૂખ્યાં રાખવાનો ગુનો નથી કરવો.'

હું ઉઠ્યો.

●

પ્રસાદ લઈ, વૈભવે પથારીમાં લંબાવ્યું. રાજશ્રી પાછળનું આટોપવા લાગી. લય મોંમાં પ્રસાદી-પાનની બીડી મમળાવતો અપરસ કૉટેજના બારણે આવ્યો. બાજુના વડના ઝાડ નીચે બે જણને બેઠેલાં જોયાં. ત્રીસ આસપાસનાં લાગ્યાં. વાતોમાં તલ્લીન હતાં. લય પણ બારણા વચ્ચે બેસી ગયો. તેના કાનમાં અનાયાસ શબ્દો ખેંચાઈ આવ્યા.

'નીકી, શ્રીજીબાવાના ધામમાં ઉદાસ નહિ થવાનું!'

'પણ રુચુ, મને તો હજી ગળે વાત જ ઉતરતી નથી. મને એ સમજાતું નથી કે આપણે બંનેએ આ જિંદગીનાં જાણ્યે-અજાણ્યે કોઈ ગુનો કર્યો

નથી, ત્યારે દુઃખનો આ દંડ કેમ? મેં તો આજે શ્રીજીબાવાનેય આ જ પ્રશ્ન કર્યો! પણ એ તો હસતા રહ્યા. જવાબ જ ન આપ્યો. એમના પર શ્રદ્ધા કેમ ટકે?'

'છી : નીકી, આવું ન કહીએ! પુષ્ટિમાર્ગ તો નિરાળો છે. પુષ્ટિમાર્ગનું તો ફળ જ દુઃખ છે.'

'તારી વાત મને કદી સમજાઈ નથી. આજે પણ નથી સમજાતી.'

'કારણ કે તું બધું તારા સ્વાર્થથી વિચારે છે. આપણે પુષ્ટિજીવ છીએ. નિત્યલીલાના નિત્યનિવાસી છીએ. ત્યાંય પ્રભુનો કોઈક અક્ષમ્ય અપરાધ કરી બેઠાં. એના દંડરૂપે પૃથ્વી પર આવ્યાં. સંયોગનું સુખ ગુમાવ્યું. શું હવે કાયમ અહીં જ રહી પડવું છે? પૃથ્વી પરથી છુટકારો થાય, ફરી પ્રભુની નિત્યલીલામાં પ્રવેશ મળે, એ તો પુષ્ટિજીવની મોટામાં મોટી ઈચ્છા હોય. પૃથ્વી છોડવા પ્રભુ કોઈક રોગને નિમિત્ત બનાવે! પ્રભુ રોગરૂપી દૂતીને મોકલીને બોલાવે, ત્યારે રાજી થવાય કે રડાય? કોઈ વૈષ્ણવ પહોંચી જાય, ત્યારે તેમનાં સ્વજનોએ ગાવું જોઈએ :

'આવ્યાં મારે જમુનાજીનાં નોતરાં,
મારે જાવું વ્રજદેશ, રાજ, કોઈ રોકો નહિ.'

'જો રુચુ, તારી આ બધી વાત મારા ગળે નથી ઊતરતી. અહીં પણ ઘરમાં ગોલોક જ છે. ઠાકોરજીની સેવા જ કરવાની છે. પછી ત્યાં જવાની ઉતાવળ કેમ?'

'ગાંડા, મને તો કોઈ ઉતાવળ નથી; પણ અંદર બિરાજેલાને ઉતાવળ થઈ હોય, તો ત્યાં આપણું શું ચાલે? દસમું શિક્ષાપત્ર યાદ કર. શ્રીહરિરાયજી શી આજ્ઞા કરે છે?'

'આપણને જુદા જુદા પ્રકારની દુન્યવી આસક્તિઓ જકડી રાખે છે. તેને લઈને આપણું ચિત્ત એ બધામાં લપટાય છે. પરિણામે પ્રાણપ્યારા પ્રભુથી વિમુખ બને છે. પ્રભુનાં થઈને પ્રભુથી વિમુખ બનીએ, એ પ્રભુને રુચતું નથી. માટે પ્રભુ પોતાના કૃપાપાત્ર જીવોને પોતાના ચરણમાં જકડી રાખવા એવી લીલા કરે છે કે દુનિયાની જે વસ્તુ કે વ્યક્તિમાં આપણું મન ખેંચાય તે વસ્તુ કે વ્યક્તિથી

આપણને દૂર કરે છે. આવી ઘણી આર્તિ પ્રભુ ભક્તને આપે છે; જે સ્વદેશાર્તિ, સ્વજનાર્તિ, સંપત્તિની આર્તિ વગેરે પ્રકારની હોય છે.'

'માટે તે આર્તિનો ક્લેશ કરવો નહિ. ઇતિ સિદ્ધમ્.'

ઋચા ખડખડાટ હસી. નિકુંજ થોડો ઝંખવાઈ ગયો. રાજશ્રી કામ પરવારી, બહાર આવીને લયની પાસે બેસતાં બોલી: 'એકલા એકલા શું વિચારો છો, લયભાઈ?'

લયે નાક પર આંગળી મૂકી, રાજશ્રીને ચૂપ રહેવા ઈશારો કરી, નીકી-રુચુની દિશા તરફ આંગળી ચીંધી.

'અહીં જીવ જાય છે, ને મેડમને હસવું આવે છે!'

'ભલા'દમી, જીવ તો મારો જવાનો છે. બ્લડ-કૅન્સર તો મને છે; છતાં હું નથી રડતી કે નથી ડરતી. તું બહુ વહુ-ઘેલો બની ગયો હતો ને; એટલે જ ઠાકોરજીએ આ લીલા રચી! તારી બૈરી વાજતે-ગાજતે નિત્યલીલામાં જશે. તારે તો આ મંગલ અવસરની કંકોત્રી છપાવવી જોઈએ, ઉત્સવ મનાવવો જોઈએ, સમજ્યો? શ્રીવલ્લભનાં સેવક તો સિંહના બચ્ચાં હોય, શિયાળવાં નહિ. આફતોથી આફતાબ ન ડરે!'

'રુચુ, બહુ બોલીશ તો થાકી જઈશ. કાલે સ્નાનયાત્રા છે. મંગળાનાં દર્શન વહેલાં થશે. ચાલ ઊઠીએ, થોડો આરામ કર.'

'નીકી, ગોવર્ધનકી તરેટી પદ ગા. પછી ઊઠીએ.'

નિકુંજે પદ ગાયું. પછી ઋચાનો હાથ પકડી, તેને ઉઠાડી. નિકુંજના ખભે ટેકો દઈ, બંને પગથિયાં ઊતરી નીચે આવ્યાં. અપરસ કૉટેજ તરફ વળ્યાં. દરવાજામાં બેઠેલાં અમને 'જયશ્રીકૃષ્ણ' કરી,તેમની રૂમમાં ગયાં.

'ભાભી, જુઓ. પડ્યાં છે ને આ માર્ગમાં શૂરા બાવીસ હજારા!'

'ગજબની તાકાતવાળી છોકરી લાગે છે, આ ઋચા! બ્લડ કૅન્સરનું નામ સાંભળતાં જ અમારાં અર્ધાં દરદીઓ તો મરી જાય છે. બાકીનાં મરણના ભયથી મરણતોલ હાલતમાં જીવે છે. એની યાતના નરકવત્ હોય છે. એમાં પણ ઋચાં જેવી જુવાનજોધ, કોડભરી યુવતી આટલું ધૈર્ય અને સ્વસ્થતા રાખે, પ્રફુલ્લિત રહે તે નવાઈ કહેવાય!'

ગો.વા. શારદાબેન પટેલ, હ. નીતાબેન શૈલેષભાઈ પટેલ પરિવાર (કેનેડા)ના જયશ્રીકૃષ્ણ

'ભાભી, ભગવદાશ્રયનું એ બળ છે. ગીતાજીમાં કહ્યું છે કે જે પોતાના માટે રાંધે છે, તે પાપ રાંધે છે અને ખાય છે. તેમ જે પોતાના માટે જીવે છે, તે જિંદગીમાં ક્લેશ વાવે છે અને લણે છે. પારસમણિના સ્પર્શે લોઢું પણ સોનું બને, તો પ્રભુના સંત્રી પ્રફુલ્લિત અને પ્રસન્નચિત્ત ન રહે? સાંજે દરિયાકિનારે બેસનારને શીતળતા શોધવા જવી પડતી નથી, આપોઆપ અનુભવાય છે. એવું જ ભક્તનું છે. પ્રભુના ભરોસે રહેલો ભક્ત અનેક ઝંઝાવાતોમાંય તૂટતો નથી-અકબંધ, અડીખમ રહે છે. પછી તે નાનકડો પ્રહ્લાદ કે ધ્રુવ હોય, શ્વેત કેશવાળાં ઋષિમુનિઓ હોય કે શબરી, અહલ્યા જેવી નારીઓ હોય. જેના જીવનમાં હરિ, તેના જીવનમાં હરિયાળી.'

'તદ્દન સાચી વાત કહી, દેવરજી. ગોકુળમાં સાસરવાસે આવેલી કૃષ્ણઘેલી વનિતાને એનાં સાસરિયાં ઘરબહાર પગ નહોતાં મૂકવા દેતાં, ખૂબ કનડતાં. પણ કૃષ્ણમિલન માટે એ તો અડગ હતી. એક જ વાત રટતી, તમે લાખ ના પાડો; હું તો એને મળવાની. તે પણ ચોરીછૂપીથી નહિ, વાજતે-ગાજતે, ડંકાની ચોટ પર : 'મિલૌંગી નિસાન બજાય રી.'

■

જમનાદાસ હંસરાજ એન્ડ સન્સ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

કૌન રસ ગોપિન પિયો લૂંટ?

'લય, તૈયાર? ચાલો, દર્શન ખૂલવાની તૈયારી છે. આજ તો જબરી ભીડ હશે; પણ વાંધો નહિ. હું વી.આઈ.પી.ના ત્રણ પાસ લાવ્યો છું. વહેલો પ્રવેશ મળશે.'

'વૈભવ, આ પાસની પ્રથા મારા ગળે ઉતરતી નથી. ભક્તિમાં ભેદભાવ ન હોય એમ શાસ્ત્રો કહે, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી કહે. ખુદ શ્રીનાથજી કહે. એની સાક્ષીરૂપે રત્નચોકમાં લટકતા તાળાને સૌ આંખે લગાડે અને છતાં આપણા જેવા પાછા ચસમપોસી શરૂ કરી દે! ઈટ્સ ટેરિફિક! તમે જાઓ દીવાને-ખાસમાં. મારે તો દીવાને-આમ ભલો.'

'ઓ.કે. ચાલ શ્રી, તારો દેવર ઊંધી ખોપરીનો છે.'

હું કમળચોકમાં પહોંચ્યો, ત્યારે ચોક હકડેઠઠ હતો. ધીમે ધીમે રસ્તો કરતો આગળ વધ્યો. જવાય ત્યાં સુધી ગયો. પછી ઊભો રહી ગયો. શ્રીનાથજીના છપ્પર પરનાં ધજાજી તરફ દૃષ્ટિ ગઈ. ભાવથી મસ્તક નમ્યું. શીત લહેરોમાં લહેરાતી લાલ, પીળી, લીલી, કેસરી ધજાઓ જાણે વ્રજલલનાઓએ ધારણ કરેલી સાડીઓ ન હોય! એક પંક્તિ યાદ આવી: 'ગોપી પ્રેમકી ધ્વજા.' જેની 'ગો'= ઈન્દ્રિયો લૌકિક રસોથી વિચલિત થયા વિના, વિમુખ રહી, ભગવદ્‌રસનું સતત પાન કરતી રહે, તે ગોપી! એની આંખમાં કૃષ્ણ, એના કાનમાં કૃષ્ણ, એના નાકમાં કૃષ્ણ, એની જીભ પર કૃષ્ણ, એના હોઠ પર કૃષ્ણ, એના હૈયામાં કૃષ્ણ, એના મસ્તકમાં કૃષ્ણ, એના રોમરોમમાં કૃષ્ણ જ કૃષ્ણ!

આવી એકાદ ગોપી નહિ, વ્રજની બધી વનિતાઓ આવી! કૃષ્ણપ્રેમમાં એક-એકથી આગળ. કૃષ્ણરસમાં પૂરી ગળાબૂડ. સવારે ઊઠે કૃષ્ણ માટે, શણગાર સજે કૃષ્ણ માટે, દહીં વલોવે કૃષ્ણ માટે, દહીં વેચવા જાય તેય કૃષ્ણ માટે! રસોઈ કૃષ્ણ માટે, આરોગે કૃષ્ણ માટે ને વાતોયે કૃષ્ણની! મહી વેચવા જાય, ત્યારે ભાન ભૂલી વ્રજનારી 'માધવ લ્યો'ની બૂમો પાડે! મહી ન વેચાય તો પરવા નહીં, પણ મહીના મિષે માધવને મળવા, નંદ-ભવનની ગલીમાં સવારથી બપોર સુધી આંટા મારે! દીપક પ્રકટાવવાના મિષે સાંજે નંદભવન દોડી જાય અને દીવા સાથે હાથ દઝાડી દે!

રેખાબેન કાપડીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

કૃષ્ણ મળે તો હરખાય, ન મળે તો કરમાય. કૃષ્ણ સાથે રાસ અને કૃષ્ણ સાથે માન! અક્રૂરની શરમ રાખ્યા વિના તેમને ક્રૂર કહે. ઉધ્ધવની શેહમાં તણાયા વિના તેમને 'મધુકર' કહી ઉપાલંભ દે! કૃષ્ણનું ઉપરાણું લઈ, નંદરાણી સાથેય લડી પડે! કોઈને ન ગાંઠે, પણ કૃષ્ણ વિના એને ન ગોઠે! માનુનીય ભારે. કૃષ્ણ પાછળ મથુરા-દ્વારકા ન જાય! કૃષ્ણને એની પાછળ-પાછળ ફરવું પડે, એના પગ દબાવવા પડે - 'વે દેખો પલોટત પાયન રાધાકે.'

'તુમ જીતે,હૌં હારી' એમ કહે. પણ એમાંય જીત તો એની જ હોય! આમ તો કૃષ્ણ જગદ્‌ગુરુ. એ નાતે કૃષ્ણ તેનાય ગુરુ; પણ ગુરુની આ શિષ્યા એવી જબરી કે તે ગુરુ થઈ ગઈ. પુષ્ટિમાર્ગનું ગુરુપદ મેળવી લીધું!

મારું આ ગોપીગીત મનમાં ચાલ્યા જ કરત, પણ કમળચોકનાં દ્વાર ખૂલ્યાં અને ભીડના ધસમસતા પ્રવાહે મને પણ હડસેલ્યો. હાડકાંનો કચ્ચરઘાણ નીકળી જાય, એવી ભીડમાં કેટલાક જુવાનિયા અકળાઈ ગયા. ગુસ્સો કરવા લાગ્યા.

સૌરાષ્ટ્રના એક વૃદ્ધ બાપા તેમને ટાઢા પાડતા હતા: 'દીકરા, ભાયગમાં હોય એને આ ભીંસ મળે. જાણે-અજાણે આ શરીરે અપરાધો કરવામાં-પાપ કરવામાં બાકી રાખ્યું નથી. ફરક એટલો છે કે એક પાપ માટે પેલી ગૌતમીને શલ્યા બની જવું પડેલું, આપણે લાખ પાપેય એ દિ'જોવાનો નથી આવ્યો! રામજીના ચરણના સ્પર્શે શલ્યા અહલ્યા થઈ, પવિત્ર બની. એમ આ ભગવદીયોના સ્પર્શે અહીં આપણે પવિત્ર થઈએ છીએ, પ્રભુને લાયક બનીએ છીએ; ભગવદીયોના ધક્કે પ્રભુ સામે પહોંચીએ છીએ, એ ઓછી વાત છે!'

બીજા પ્રૌઢ જુવાને 'કૉમેન્ટ' કરી, 'આ લોકોએ દર્શનની વ્યવસ્થા તિરુપતિમાંથી શીખી આવવા જેવી છે!'

સમીર મેહનાન નાયર (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

મને તિરુપતિનો અનુભવ યાદ આવ્યો. દર્શનાર્થીઓની લાંબી લાઈનો બેસવા - રાહ જોવા માટેના વેઈટિંગ રૂમ-જલપાન આદિની વ્યવસ્થા સી.સી.ટી.વી. દ્વારા સમય પસાર કરવાની સગવડ! ત્યાં તેમ જ હોય-હોવું જોઈએ. ત્યાં મર્યાદામાર્ગ છે. તે સાધન દ્વારા પ્રભુ તરફ જવાનો માર્ગ છે. તપમાં કષ્ટ, ધીરજ જોઈએ. તપ વેઈટિંગ પિરિયડ છે. એમાં ઉતાવળ ન ચાલે. ત્યાં રાહ જોવાનું તપ કરવું પડે!

અહીં પુષ્ટિમાર્ગ છે, પ્રેમનો માર્ગ છે. પ્રેમને અને ધીરજને ઊભાં રહે ન બને. પ્રેમમાં વેઈટિંગ પિરિયડ ભારે અળખામણો! અહીં તો વિરહની તીવ્રતા! એ તીવ્રતા સુધબુધ ભુલાવે. આ શીતળતાનો માર્ગ નથી. પ્રેમી અને પ્રેમાસ્પદ બંનેને પરસ્પરના મિલનની, દર્શનની એવી વ્યાકુળતા કે ક્ષણનોય વિલંબ અસહ્ય થાય! અહીં તો ભીડનો જ આનંદ!

મને વિચાર આવ્યો : પુષ્ટિમાર્ગ કેટલો બધો પૉઝિટિવ છે! અહીં દરેક બાબત હકારાત્મક છે. કશું નિંદિત નથી, કશું નકારાત્મક નથી!

જગમોહનના વચલા દ્વાર પાસે પહોંચ્યો. પગથિયું ચડવા મથ્યો. કોઈકે હાથ ખેંચ્યો. પગથિયું ચડી ગયો. પગ ટેકવું ત્યાં બીજો જોરદાર ધક્કો! એક જ ધક્કે, ઠેઠ આગલી હરોળમાં કઠેડા પાસે. બરોબર શ્રીનાથજીની સામે. પૂરી તાકાતથી કઠેડો પકડી લીધો.

જયેષ્ઠાભિષેકનાં દર્શન થતાં હતાં. શ્યામ અંગ પર શ્વેત મલમલનાં મહીન ધોતી-ઉપરણો! સુવર્ણનાં નૂપુર, કડાં, બાજુ-બંદ, પાઘ વિનાનું ખુલ્લું મસ્તક. મસ્તક પર જાપાની શૈલીના કેશ-ગૂંફનની શોભા! નિરાવરણની લગભગ સમીપનું દર્શનીય સ્વરૂપ. સોને મઢ્યા મોટા શંખથી જળનો અભિષેક થાય! મુખારવિંદ પર મધુર મુસ્કાન! જળની છાલકથી જાણે અરુણ-રંગી બનેલાં લોચનો! જગમોહનની દીવાલો પર ચમકતા જલબિંદુ શ્રીયમુનાજીના પધારવાની ખાતરી કરાવતાં હતાં.

જલક્રીડા કરતાં ધોતી સરકી ન જાય, તે માટે જાણે જમણા હસ્તથી પકડી રાખી હોય અને ડાબા હસ્તને ઊંચો કરી, જળનાં છંટકાવથી પોતાના મુખકમળને રક્ષવા મથતા હોય, એવા રસનાથના રૂપ પાસે તો તિરુપતિય ઊણા ઊતરે. ત્યાં મહાભિષેકની ઝાંખી કરેલી. અહીં જયેષ્ઠાભિષેકની! 'સુંદરતા પર વારૌં કોટિ કામ.' તિરુપતિજી દિવ્ય યૌવનનું સ્વરૂપ. શ્રીજી બાવા દિવ્ય કુમાર-સ્વરૂપ. બાળકની કુમાશ, કિશોરની અલ્લડતા અને યુવાનની સંપૂર્ણતાનો ત્રિવેણી સંગમ! 'જમુનાજલ ક્રીડત ઘનસ્યામ.'

ગોવિંદભાઈ એમ. શાહ (ગાંધીનગર)ના જયશ્રીકૃષ્ણ

અપલક નેત્રે દર્શન કરતો જ રહ્યો, કરતો જ રહ્યો. દૃષ્ટિની સ્થિરતાએ સોનેરી તેજવલયો રચ્યાં. તેમાં સામે બિરાજતું સ્વરૂપ ઝાંખું થતું ગયું. તેમના સ્થાને બે કાંઠે હિલોળા લેતાં શ્યામ જમુનાજળ પર ઉષાના સોનેરી નારંગી તેજ-કિરણોની આભા ઝિલમિલ થવા લાગી. ઘનશ્યામ-મોહનની ચોગમ વ્રજલલનાઓનાં વલયો ઊભરાયાં. ચોમેરથી જળના ફુવારા ઊડતા હોય ને સૌ ભીંજાતાં હોય એમ દર્શન થયાં! આંખો રાજીરાજી થઈ ગઈ! રોમરોમ એ સ્મરશ્રમજલમાં ભીંજાવા તડપી રહ્યું.

ટેરો આવ્યો. હોશ આવ્યો. બહાર આવ્યો. અનાર ચોકમાં રાજશ્રી-વૈભવ રાહ જોતાં હતાં. રૂમ પર ગયાં.

મેં ઈઝીચેરમાં લંબાવ્યું. સહેજ આંખ મીંચાઈ, ત્યાં શબ્દ સંભળાયા: 'ભાઈ, જયશ્રીકૃષ્ણ.'

આંખ ખોલી. ગઈકાલવાળાં નીકી અને રુચુ સામે ઊભાં હતાં. 'જય શ્રીકૃષ્ણ. આવો, બેસો નિકીભાઈ, રુચુબેન!'

'અરે, તમે અમને ઓળખો છો? અમારાં નામ પણ જાણો છો?' નિકુંજે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'ઓળખાણ કંઠી અને તિલકનું. નામ તો કાલ રાતે તમારી વાતોમાંથી જાણ્યાં.'

'ઓહ! તમે અમારી વાતો સાંભળેલી?' રુચાએ પૂછ્યું.

'સાંભળવાનો ઈરાદો નહોતો, પણ કાનને કમાડ નથી એટલે સંભળાઈ ગઈ. સૉરી!'

'રુચાબેન, નિકુંજભાઈ, જયશ્રીકૃષ્ણ. તમારી કાલ રાતની સ્વસ્થતા દાદ માગી લે તેવી છે.' રાજશ્રીભાભી સ્નાન કરીને આવતાં બોલ્યાં.'

'જયશ્રીકૃષ્ણ. આપ પણ દરવાજે બેઠાં હતાં, ખરું ને?'

ગો.વા. ગંભીરભાઈ સંઘવીની પાવન સ્મૃતિમાં હ. રક્ષા (કોલકતા)ના જયશ્રીકૃષ્ણ

'હા, એ મારા મિત્રનાં પત્ની છે - રાજશ્રી ભાભી... ડૉકટર છે. બૅંગ્લોરથી આવ્યાં છે. મારો મિત્ર વૈભવ ઍન્જિનિયર છે. ઊંઘણશી છે. અંદર ઘોરે છે. હું લય; લય વિનાનો લય. પ્રાથમિક શાળાનો માસ્તર.'

'મારું નામ નિકુંજ. આ ઋચા. ભાવનગરનાં. એક ગામનાં, એક મહોલ્લાનાં; પણ નાત અલગ. જાત એક-વૈષ્ણવ. સાથે ભણ્યાં, રમ્યાં, લડ્યાં. પ્રેમ થઈ ગયો. બેયનાં મા-બાપને લગ્ન મંજૂર નહીં. સંમતિ માટે પાંચ વર્ષ તપ કર્યું, પણ ન મળી. ગામ છોડ્યું. પરણી ગયાં. વડોદરામાં એક મિત્રે મદદ કરી. સ્થિર થયાં.' વાર્તાનો અંત નજીક આવ્યો. 'ખાધું, પીધુંને રાજ કર્યું'- એ વાક્ય જ બોલવાનું બાકી હતું, ત્યાં.... નિકુંજનો અવાજ રૂંધાયો.

'નહીં નિકી. ઢીલા નહિ થવાનું. ઠાકોરજીને એ ન ગમે. એમાંય આજ તો ઉત્સવ!' રુચાએ કહ્યું.

'ભાઈ, આજનો દિવસ મહારાણીમાનો!'

'હા.'

'મને એક પ્રશ્નનો જવાબ હજી નથી મળતો. શ્રીઠાકોરજીનાં ચાર સ્વામિનીજી. તેમાં મુખ્ય શ્રીરાધિકાજી, બરાબર?'

'બરાબર.'

'તો મહારાણી રાધિકાજી હોય ને? શ્રીયમુનાજી મહારાણી કેમ?'

સંસ્કૃતમાં એક સુભાષિત છે - 'ગુણાઃ પૂજાસ્થાનં ગુણીષુ, ન ચ વયં, ન ચ લિંગઃ।'

'એટલે?'

'માણસના ગુણોથી માણસને મોટાઈ મળે છે. એની ઉંમર કે જાતિથી નહિ. શ્રીરાધિકાજી મુખ્ય સ્વામિની ખરાં. પ્રભુ પ્રત્યે સર્વોત્તમ પ્રીતિ; પણ રાજકુંવરી છે, પિતાનાં એકના એક દીકરી છે, અતિ લાડમાં ઊછર્યાં છે. દુઃખ જોયું નથી. કોઈના દુઃખની ખબર નથી; એટલે મન ચાહ્યું કરવાની અલ્લડતા ભારોભાર છે. અતિ પ્રીતિથી શ્રીઠાકોરજીને પોતાની મૂઠીમાં પૂરી રાખવા સદા તત્પર છે! આ સ્થિતિમાં સ્વાભાવિક છે કે શ્રીઠાકોરજી અન્ય કોઈ ભક્ત તરફ ઢળે, તે તેમનાથી સહન ન થાય! વાણી-વર્તનમાં રોષ આવે, તીખાશ આવે, માન આવે! એટલે ઠાકોરજીયે એમનાથી ડરે. જો કોઈ ભક્ત એમને 'ઓવરરૂલ' કરવા જાય, તો એમનાં તેજરૂપી બાણ વરસી પડે!'

સ્વ. દમયંતીબેન દામોદર રામૈયા (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ

'હા, શ્રીગુસાંઈજીએ પણ શ્રીરાધિકાજીને વિનંતી કરતાં કહ્યું : 'કૃપયતિ યદિ રાધા બાધિના શેષ-બાધા'. જો રાધિકાજીની કૃપા થાય, તો જ બધા પ્રતિબંધો નિવૃત્ત થઈ, પ્રભુપ્રાપ્તિ થાય. પરંતુ એ માનુનીની કૃપા મળવી જ દોહ્યલી.' રુચા બોલી.

'જે દોહ્યલું-દુર્લભ હોય, એ મેળવી આપે, તેના જીવનભર દાસ બની રહીએ. એ મહાગુણ શ્રીયમુનાજીનો. જળ જેવાં સરળ, નિર્મળ, શીતળ. શ્રીઠાકોરજીના પ્રેમમાં તેઓ પણ શ્રીરાધિકાજી જેટલાં જ ગળાડૂબ; પણ બે સ્વામિનીઓના સ્વભાવ બે છેડાના. કૃપા કરવી અને તેય અકારણ, એ શ્રીયમુનાજીનો સ્વભાવ. બીજાને મનવાંછિત સુખ અપાવવા, સ્વસુખ જતું કરવું એ શ્રીયમુનાજીનો સ્વભાવ. પોતાના પ્રિયતમની પ્રેમિકા બનીને કોઈ લલના આવે, તોય હસતાં હસતાં પ્રિયતમનો હાથ એના હાથમાં પકડાવી દઈ, રાજી થવાનો શ્રીયમુનાજીનો સ્વભાવ. પ્રિયતમ માટે સર્વસ્વનું સમર્પણ કરવાનો એમનો સ્વભાવ. પ્રિયતમની બડાઈ ગાવી અને પોતાને વિષે મૌન રહેવું એ પણ એમનો સ્વભાવ.'

'હા, હોં. શ્રીરાધિકાજીના પરિવાર - ગામની વિગતો મળે; શ્રીચંદ્રાવલીજીની વિગતોય મળે. પણ શ્રીયમુનાજીના નામ સિવાય બીજું કંઈ જાણવા મળે છે?' રાજશ્રીભાભી બોલ્યાં.

'આવાં શ્રીયમુનાજી પ્રભુના સુખ માટે, પ્રભુની ઈચ્છા સ્વીકારે. તેઓ મુકુટ-કાછની ધારણ કરી, અન્ય ભક્તોને રાસનું સુખ મળે, તે માટે રાસના રસાનંદની વેગળાં રહે. તેઓ જળ બની, રાસશ્રમિત પ્રભુ અને ભક્તોને જળ-લીલાનું સુખ આપે. જળ જેવું તેમનું જીવન, પ્રભુ કાજે કલકલ કરતું વહેતું. એથી તે 'મહારાણી' કહેવાયાં. એમની પાસે જનાર કોઈ નિરાશ થઈને ખાલી હાથે પાછો ફર્યો નથી. શ્રીમહાપ્રભુજીએ પણ આજ્ઞા કરીઃ 'મમાસ્તુ તવ સંનિધૌ તનુનવત્વમેતાવતા.' એમના તટ પર શ્રદ્ધાથી રહીને,

નિવેદિતા દોશી (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ

એમનાં સેવા-સ્મરણ કરનાર, એમનાં પયપાન કરનારને તનુ-નવત્વ અવશ્ય પ્રાપ્ત થાય. શ્રીયમુનાજી 'મહારાણી' છે. શ્રીરાધિકાજી 'પટરાણી' છે. શ્રીચંદ્રાવલીજી 'રાજરાણી' છે.' હું અટક્યો.

'રુચા, લયની ભગવદ્‌વાર્તા સાંભળીને હૃદયમાં એક ભાવ જાગ્યો છે. એક ડૉક્ટર તરીકે કોઈ મને પૂછે કે બ્લડકૅન્સરનો કોઈ ઈલાજ ખરો? તો હું ના પાડું. અમારું મેડિકલ સાયન્સ હજી એ દરદીને જીવનદાન આપવા લાચાર છે; પણ જ્યાં વિજ્ઞાન અટકે, ત્યાંથી પ્રજ્ઞાન આરંભાય. એ છે શ્રદ્ધાનું શાસ્ત્ર. દવા કામિયાબ ન નીવડે, ત્યાં દુવા કામિયાબ નીવડે. પ્રભુકૃપાથી એવા ઘણા અનુભવોની સાક્ષી છું. પ્રભુમાં તારો દૃઢ આશ્રય છે, તો શેષજીવન શ્રીયમુનાજીના સેવન-સ્મરણમાં કેમ ન વિતાવે? પ્રસાદી જમુનાજળ લઈને કેમ ન રહે?'

'તદ્દન સાચી વાત કહી, દીકરી. લો આ શ્રીજીબાવાના સ્નાનનું ચરણામૃત-જળ. બાહ્ય-અંતર એનાથી વિશુદ્ધ થશે - પ્રભુલાયક થશે. ઝારીજીનું પ્રસાદીજળ પણ મોકલું છું. દીકરી, આજથી લેવા લાગ. નિકુંજને હજી તારા સથવારાની ઘણી જરૂર છે.' શાકઘરિયા બાવાએ કૉટેજના દ્વારે પ્રવેશતાં કહ્યું.

'બાવા, આનું નામ જ દુવા. 'સુમરત હોત નિહાલ.' સ્મરણ કર્યું ને શ્રીજમુનામા પધાર્યાં.' રાજશ્રીભાભી જળની લોટી લેતાં રાજી થયાં.

નિકુંજ, રુચાના આખા શરીર આ જળ લગાવી, તેને પાન કરાવો. તમે સૌ પણ પાન કરજો. અરે લયભૈયા, પછી કાલ મીરાં કે અજબ મળી? ... બપોરે શાકઘરમાં આવજે. ખાસ કામ છે.'

'ભલે, બાવા, જયશ્રીકૃષ્ણ'

■

રેખાબેન આર. પટેલ (ભાવનગર)ના જયશ્રીકૃષ્ણ

૭

હમારે કરમ કઠોર

બપોરે પ્રસાદ લઈ, રાજશ્રી-વૈભવને આરામ કરવા રૂમ પર છોડી, શાકઘરિયા બાવા પાસે જવા હું કૉટેજની બહાર આવ્યો. ત્યાં બારણે જ વિષ્ણુભાઈ મળ્યા. કહે, 'બાવા ઘેર છે. તમારી રાહ જુએ છે.'

હું પ્રીતમપોળના દરવાજાને અડીને આવેલા મકાન તરફ વળ્યો. રાજસ્થાની શૈલીની પથ્થરની સીડીનાં સાંકડાં, ઊંચાં પગથિયાં ચડી, ત્રીજે મજલે પહોંચ્યા, ત્યારે મારો શ્વાસ ધમણની જેમ ચાલતો હતો. સીડી સામેની દીવાલને અઢેલી ગોપાલદાસજી બેઠા હતા. એકવડિયા બાંધાના, ઊંચા, આછા સફેદ વાળ, લંબગોળ ચહેરો, વિશાળ લલાટ, લલાટ પર તિલક, વિરહી આંખો, શુક્નાસિકા, કધોયાં ધોતી-બંડી.

તેમની સામે દસ-બાર વૈષ્ણવ ભાઈબહેનો બેઠેલાં. આખો રૂમ ભરચક. પીઠ અને વસ્ત્રો પરથી એ વૈષ્ણવો સ્થિતિસંપન્ન જણાતાં હતાં.

હું સીડીના સૌથી ઉપરના પગથિયે અટકી ગયો. બે-ત્રણ ક્ષણ બાદ બાવાની નજર મારા પર પડી.

'અરે લાલા, આ જા. રૂક ક્યોં ગયો?'

સૌની ડોક પણ પાછળ - મારા તરફ વળી. બાવાએ પાસે આવવા હાથથી ઈશારો કર્યો. બેઠેલાં વૈષ્ણવોએ સંકોચાઈ આગળ જવા જગ્યા કરી આપી. હું સંકોચાતો આગળ ગયો. સૌને જયશ્રીકૃષ્ણ કરી બેસી ગયો.

'આ છોકરાનું નામ લય છે. પુષ્ટિમાર્ગનો વીઝા એને હવે મળવાનો છે. પણ છોકરો હોનહાર છે.' મારો પરિચય આપી, પછી મને કહે, 'લાલા, આ બધાં વૈષ્ણવો લંડન અને સિંગાપુરનાં છે. એક બેન આફ્રિકાનાં છે... હાં

પ.ભ. રૂક્ષ્મણીબેન કેશવજીભાઈ ભાટિયા પરિવાર (ભૂજ)ના જયશ્રીકૃષ્ણ

શું નામ કહ્યું તમે? તમારાં નવા જમાનાનાં નામોય અમને તો જીભે ચડતાં નથી. અમે તો બરસાનાનાં રાધા-રાણીની સહેલીઓનાં નામો જાણીએ. શું નામ કહ્યું તમારું?'

'શેફાલી.'

'નામ તો સુંદર છે. અમારાં રાધારાણીજીની એક સખી હતી. ચંદ્રાવલીજીના રિઠોરા ગામની. પરણીને આવી ત્યારે સાવ દુબળી-પતલી. એકએક હાડકું દેખાય. પછી તો એને રાધા-રાણી સાથે થઈ ગયાં સખીપણાં. રોજ ચંદ્રની એક એક કળા વધે, તેમ એ સખીના અંગની કળા પણ વધવા લાગી. સોળે કળાએ ખીલી. નામ એવું રૂપ પ્રકટ્યું. ચંદ્રિકા નામ સાર્થક થયું. એક દિવસ તે પ્રિયાજી સાથે, ગોરસ વેચવા નીકળેલી. જોબન-મદમાતી ચંદ્રિકાની ગજગતિ અને લટકમટક ચાલ જોઈને કિશોરીજીય છક્ક થઈ ગયાં. મજાકમાં એના વાંસે ધબ્બો મારતાં રાધાજીએ પૂછ્યું : 'અરી, અમે સૌ તો શ્યામના વિરહમાં સુકાતાં જઈએ છીએ, અને તું આમ શેં ફાલી?' બસ, ત્યારથી બધી સખીઓ એને 'શેંફાલી' કહેવા લાગી! એ તો તું નહોતી ને?'

'વાહ, બાવા, શો અર્થ કર્યો તમે?' એક બેન બોલ્યાં.

'રેખાબહેન, આનું નામ પુષ્ટિમાર્ગ. પુષ્ટિમાર્ગ એટલે લૌકિકમાંથી અલૌકિક તરફ જવાનો માર્ગ. સર્વ લૌકિક પદાર્થોમાંય અલૌકિક ભાવના વિચારીને જીવવાનો માર્ગ. અહીંના પર્વતમાં શ્રીગિરિરાજજીની ભાવના, બનાસ નદીમાં શ્રીયમુનાજીની ભાવના, રજમાં વ્રજરજની ભાવના. જેવી ભાવના કરીશું, એવો અલૌકિક વ્યવહાર થશે.'

'એકદમ સાચી વાત. ફૂલના છોડ પાસે ઊભાં રહીએ. ફૂલ સુંદર હોય, પણ એને અંબોડે નાખવાની ભાવના કરીને પણ ચૂંટાય અને શ્રીઠાકોરજીને ધરવાની ભાવના કરીને પણ ચૂંટાય.'

'પણ તને ખબર છે, ફૂલ ગોપીજનનું ભાવાત્મક સ્વરૂપ છે એની? ફૂલમાં અને ગોપીજનમાં ઘણું સામ્ય.'

'એ કેવી રીતે?'

(ઠક્કર) રક્ષા લલિત પંચમતિયા, લલીત પી. પંચમતિયા (પુના)ના જયશ્રીકૃષ્ણ

'ફૂલનો છોડ સામાન્ય ધરતીમાં ઊગે. ગોપીજનો અસામાન્ય, પણ જન્મ્યાં સામાન્ય આહીર જાતિમાં-ગોબરની વચ્ચે રહેનારના ઘેર. છોડ પર ક્યારે કળી બેસે અને ક્યારે ખીલે તે કોઈએ જોયું છે? કળી બેસતી અને ખીલતી ન દેખાય. એમ આ ગોપીજનોનો અનુરાગ કેમ પ્રગટ્યો તેની ખબર ખુદ તેમનેય નથી. ખીલેલું ફૂલ એની સુવાસ દ્વારા ભમરાને સંદેશો મોકલે. એમ ગોપીજનો પાસે શ્યામજી દોડી આવે. ફૂલની રંગીનતા, કોમળતા અને સુગંધ પ્રભુને લાયક. ગોપીજનોય એવાં. માળા બનવા ફૂલ સોયમાં વીંધાય, દોરામાં પરોવાય, તેમ ગોપીજનો વિરહમાં વીંધાય, શ્યામની લગનમાં બંધાય. પ્રભુના કંઠે ઝૂલવામાં ફૂલ અને ગોપીજન બંનેની સાર્થકતા!'

'વાહ! કેટલો સુંદર ભાવ બતાવ્યો! આ ભાવથી તો ફૂલ ચૂંટતાં, માળા કરતાં, માળા ધરાવતાં અલૌકિક આનંદ આવે!'

'બગીચામાં ફૂલછોડ આ ભાવથી વાવીએ, ઉછેરીએ અને ખીલતાં પુષ્પો સાથે આવા ભાવથી વાતો કરીએ તો લૌકિકમાંય અલૌકિકતા અનુભવાય.'

હું સાંભળી જ રહ્યો.

'બાવા, આ જ ભાવભાવના એક બીજી સામગ્રીમાં આમ વિચારી શકાય? આપણા માર્ગમાં સખડીનો મહિમા અપરંપાર છે પ્રભુને સખડી અતિપ્રિય છે. સૌ પહેલાં સખડીનો કોર આરોગે છે. સુખ આપે તે સખડી. પ્રભુને સુખ આપે પ્રભુના ભક્ત. વ્યુત્પત્તિના નિયમ મુજબ 'ભક્ત' પરથી 'ભાત' બને; જેમ 'રક્ત' પરથી 'રાતું' બને. પ્રભુને પ્રિય ભાત અને પ્રભુને સુખ આપનાર ભક્ત વચ્ચેય આવી અલૌકિક સમાનતા છે.'

'એ કેવી રીતે?' રેખાબહેને પૂછ્યું.

'ભાત ચોખામાંથી બને. ચોખાનું વાવેતર બે વખત થાય. પહેલાં બીજ ઊગે. પછી તે અંકુરોને ત્યાંથી મૂળ સાથે ઉખેડી, બીજા ક્યારામાં રોપાય. ત્યારે ધાન ઊગે; ચોખા પાકે. તેને પાણી ભરેલા ક્યારા જોઈએ.'

'ભક્તનું પણ આવું. માતા-પિતાના ત્યાં પહેલો જન્મ, વૈષ્ણવ થાય તે બીજો જન્મ. પહેલાં સંસારના જળમાં ગળા-ડૂબ, પછી સેવારસમાં ગળા-

---

પ.ભ. અ.સૌ. પ્રેમીલાબેન અને ધનસુખભાઈ શાહ, તેમજ સમગ્ર પરિવાર(કેનેડા)ના જયશ્રીકૃષ્ણ

ડૂબ. ચોખા સફેદ રંગના. ભક્તિનો રંગ પણ દૂધ જેવો ઉજળો. ચોખા રાંધતાં પહેલાં ઉકળતા પાણીમાં ધોઈ સ્વચ્છ કરાય. ભક્ત પણ ત્યાગના ઊકળતા જળથી વિશુદ્ધ થાય, પછી અગ્નિ પર બફાય. વિરહતાપની આગમાં ભક્ત પણ બફાય. ભાત તૈયાર થાય ત્યારે સુવાસિત, સોડમદાર બને. ભક્ત પણ ભક્તિથી સુવાસિત થાય. ચોખો જાતે રંધાઈ, ભોજન કરનારને સુખ આપે. ભક્ત પણ જાતે સમર્પિત થઈ, પ્રભુને સુખ આપે.'

'ખૂબ સુંદર ભાવના કહી. મેં હમણાં જ કહ્યું ને, આ છોરો હોનહાર થશે.' બાવાએ મારી પીઠ થાબડી.

બાવાએ વૈષ્ણવો તરફ નજર નોંધી પૂછ્યું : 'બીજું કંઈ કોઈને કહેવું-પૂછવું છે?'

એક ભાઈએ કહ્યું.'આપની કૃપાથી સુખશાંતિ છે. ધંધો ઘણો વધ્યો છે. હમણાં લીલાલહેર છે. શ્રીજીબાવા રાજી છે. એમને પીસ્તાંની સામગ્રી આરોગાવજો.'

તેમણે નોટોનું કોકડું બાવાના હાથમાં મૂક્યું.

'બાવા, ગયા વર્ષે આવી ત્યારે રાજભોગ કરાવેલો. એના સારા પ્રતાપે દસ વરસ પછી વહુનો ખોળો ભરાયો છે. દીકરો આવશે એટલે લાલનનાં પલનાં કરાવવાં છે.' એક પ્રૌઢ બેન બોલ્યાં.

'અમે તો સંસારી જીવ છીએ, પ્રભુ રાજી એટલે અમે રાજી. કુટુંબમાં ભારે વિખવાદ હતો. રોજ કલેશ થતો. ત્રણ મહિના પહેલાં એક ડબો બદામ મોકલીને બીજા દિવસથી સુલેહશાંતિ થઈ ગઈ.'

'બાવા, શ્રીજીબાવાની ભરપૂર કૃપા છે. રાતોરાત શેરના ભાવો વધતા ગયા. લખપતિમાંથી કરોડપતિ થઈ ગયો. કંઈ સેવા બતાવો.'

સૌ પોતપોતાની વ્યથા-કથા બબડી રહ્યાં હતાં; સુખની ગાથા ગાઈ રહ્યાં હતાં. શાકઘરિયા બાવા નિશ્ચલ ભાવે આંખો મીંચી ઊભડક બેઠા હતા. હું મનોમન પામરતાની આ વાતો સાંભળી મલકાતો હતો.

સૌ ઈડરિયો ગઢ જીત્યાં હોય, એમ હરખાતાં હરખાતાં ઊઠ્યાં. રૂમ ખાલી થયો. નીરવતા છવાઈ.

વિપીનચંદ્ર મૂળજીભાઈ ગાંધી (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ

બાવાએ આંખો ખોલી. મારી સામે જોઈ મલકાયા.

'છોરા, તારે શ્રીજીને કંઈ લાંચ આપવાની નથી? આ બધાં રઈસ લોકો માને છે કે દુનિયામાં એમના જેવાં ડાહ્યાં, શાણાં, હોશિયાર કોઈ નથી. આ બધાં છીતુ ચોબાના વંશજો છે. ઠાકોરજીને ઠગવા આવે છે. ચૉકલેટ આપી, કલ્લી સેરવી લેવા આવે છે! કરોડપતિ ભિખારી! શ્રીજી બાવાય ભારે નટખટ અને અલબેલા છે! દેવ તેવી પૂજા કરતાં એમનેય સરસ આવડે છે! આ લોકો માને છે, અમે થોડા રૂપિયામાં શ્રીજીબાવાને ખરીદી લીધા. શ્રીજી બાવા હસે છે કે આમને સંસારના સુખનો એકાદ ટુકડો આપી, રવાના કરી દીધાં! કૂતરું થોડો સમય અસ્થિ ચૂસે, તેમ ભલે સંસારનું સુખ ચૂસતાં!'

'બાવા, આપણા પુષ્ટિજીનોની આ કેવી દુર્દશા! 'હવેલી લેતાં ગુજરાત ખોવા' જેવી સ્થિતિ છે. પુષ્ટિમાર્ગમાં મેળવવા જેવા શ્રીઠાકોરજી છે. એ મળે તો બધું મળે; પછી કશું બાકી ન રહે. ત્યારે આપણે સંસારને જ વળગી રહીએ. સંસારથી છૂટવા પુષ્ટિમાર્ગ છે, ત્યારે આપણે પુષ્ટિમાર્ગથી સંસારને પામવા મથીએ છીએ.' મેં નિસાસો નાખ્યો.

'દીકરા, એનો અનુભવ તો અહીં તને ડગલે ને પગલે થશે. અહીં આવનાર એમના પૈસાના જોરે બધું ખરીદવા ચાહે છે. એમનું ચાલે તો શ્રીજીબાવાનેય ખરીદી લે. અહીં પૈસાથી દર્શન ખરીદાય, પ્રસાદ ખરીદાય, કૃપા ખરીદાય. આપણે બધાં જૂની વાત ભૂલી ગયાં કે ગોકુળનાં મંદિરની છતમાં લાડબાઈ - ધારબાઈના છુપાવેલા દ્રવ્યને લઈને મુસલમાન બાદશાહે આખા વ્રજમંડળનાં મંદિરોની છતો તોડી નંખાવી. આ સૌને કોણ સમજાવે કે જિંદગી પૈસાથી બનતી નથી, જિંદગી પ્રભુથી બને છે. પૈસાથી કદી કોઈ સુખી થયું નથી.'

'બાવા, તમારી વેદના સમજવા જેટલી સંવેદનશીલતા જ અમે ગુમાવી બેઠાં છીએ.We are all paralized. અમે બધાં લકવાગ્રસ્ત છીએ. અમને સત્તાનો, સંપત્તિનો, શાણપણનો લકવો લાગ્યો છે.'

'જવા દે એ બધી વાત. હમારો કરમ કઠોર.'

'બાવા, એય પ્રભુ ક્ષમા કરે, પણ અમારું ધાર્યું ન મળે તો બેધડક એનો દોષ પ્રભુને આપીએ છીએ. મારા મિત્ર વૈભવનો એક મિત્ર છે.

મધુબેન મનુભાઈ માંડવીયા(મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ

બેંગ્લોરની બૅન્કમાં મોટો ઑફિસર, પાંચ આંકડામાં એનો માસિક પગાર. સાહેબ કરતાં સાહેબ-પત્નીનો રૉફ વધારે. બેંકમાં કંઈક ગરબડ થઈ. પેલા ભાઈને નોકરીમાંથી તાત્કાલિક પાણીચું મળ્યું. એનાં પત્ની વૈભવને ત્યાં રડતાં રડતાં આવ્યાં. કહેવા લાગ્યાં : જુઓ, અમે ઠાકોરજીની આટલી બધી સેવા કરી! પણ ઠાકોરજીએ એનો શો બદલો આપ્યો! વૈભવ તો ઊકળી ગયો, ખબરદાર, જો ઠાકોરજીને બદનામ કર્યા છે તો! તમે શી મોટી સેવા કરી નાખી છે! ઠાકોરજી પર ઉપકાર કરનાર તમે કોણ? શી હેસિયતથી આમ બોલો છો? બાવા, જરા વાકું થયું, એટલે દોષનો ટોપલો ઠાકોરજીના માથે!'

'છોરા, એ તો આગેસે ચલી આઈ હૈ. ઈન્દ્રે શ્રીકૃષ્ણને ગાળો દીધી. અસુરોએ તો પેટ ભરીને દીધી. વ્રજલલનાઓએય બાકી ન રાખ્યું. જીવ બીજું શું કરે? પણ ઠાકોરજીની ઉદારતા તો જો! એક શબ્દ સામે બોલ્યા છે? હા, ક્યારેક અકળાઈને જશોદાજીએ ગોપીઓને કહ્યું કે 'ગારી મતિ દીજૌ, મો ગરીબનિકો જાયો હૈ.' ચાલ, જવા દે એ વાત. મેં તને કેમ બોલાવ્યો છે તે જાણે છે?'

'બાવા તમેય ખરા છો. તમે કેમ બોલાવ્યો તે હું ક્યાંથી જાણું! જો એ શક્તિ મારામાં હોત, તો તમારી જેમ મનેય સૌ દંડવત્ કરત.'

બાવા હસ્યા, 'પછી મીરાં અને અજબ મળ્યાં?'

'ના, બાવા. માણસ એટલો સસ્તામાં નથી મળતો, તો એ તો મહાભક્તો છે. એમ કંઈ મળી જાય?'

'ત્યારે હવે શો વિચાર છે?'

'કોઈ વિચાર નથી. કશી સૂઝ પડતી નથી. વ્રજમાંથી નીકળ્યો, ત્યારે વિશ્વાસ લઈને નીકળ્યો હતો કે નાથદ્વારામાં શ્રીજી મળશે. નહિ મળે તો ગોવિંદકુંડ પર પાછો જઈશ. વિરહમાં દેહ છોડી દઈશ. જીવીશ તો એની સાથે. મને એનામાં અટલ શ્રદ્ધા છે.'

'ક્યાં સુધી અહીં રોકાવું છે?'

ચારૂબેન રેશમવાળા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

'ખબર નથી. વૈભવ સાથે વાત થઈ નથી. અહીંથી જતાં પહેલાં કાંકરોલી જવાનોય વિચાર છે, પણ 'દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે.' આપણે તો મનોરથના હક્કદાર. ખરુંને, બાવા?'

'હે શ્રીનાથજી!' બાવા બબડ્યા.

હું ઊભો થયો.

'છોરા, આજના મહાપ્રસાદની આ કેરીઓ છે. લેતો જા.' બાવાએ ઊભા થઈ, મારા હાથમાં ચાર કેરીઓ મૂકી દીધી.

'બાવા, આ મહાપ્રસાદનો રસ ભગવદ્રસ પ્રાપ્ત કરાવશે?'

'વિશ્વાસ રાખ, દીકરા. વિરહ અને મિલન બેય એટલાં સુલભ નથી. જતાં પહેલાં મળતો જજે. હે શ્રીનાથજી!'

■

રોહિણીબેન પરીખ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

૮

દૃગનસોં હો જુ મત ન્યારે

હું રૂમ પર પહોંચ્યો, ત્યારે વૈભવ અને રાજશ્રી ભાભી કપડાં સંકેલી તેમની બેગો ભરતાં હતાં. તેમના મોં પર ઉદાસી હતી.

'સારું થયું, તું આવી ગયો તે! અમે આજ રાતના નીકળીએ છીએ.'

'કેમ એકાએક? શું થયું?

વૈભવે વગર બોલ્યે તારનો કાગળ મારા હાથમાં મૂકી દીધો. તાર વડોદરાથી હતો : "Madhav very serious. Come Soon.' - Preeti.

'આ માધવ કોણ છે? પ્રીતિ કોણ છે?'

'પ્રીતિ શ્રીની ખાસ બહેનપણી, બેન જેવી. માધવ એનો પતિ - માધવ મહેતા, એમ.એ., પીએચડી., બરોડા યુનિવર્સિટીમાં સંસ્કૃતનો પ્રોફેસર. દેશવિદેશમાં બહુ મોટું નામ. વિશ્વના ધર્મોનો અઠંગ અભ્યાસી - એક ઓથોરિટી. જ્ઞાનનો તપસ્વી, ઋષિ. ભાષાઓની એને ભારે પકડ. શાસ્ત્રો ગુજરાતીમાં લખે, પણ તે સાવ હળવીફૂલ રમતિયાળ શૈલીમાં. એના ગદ્યમાંય કવિતાની કમનીયતા. બાળક જેવો સાવ નિર્દોષ અને સરળ. માંડ ચાલીસી વટાવી છે. એનાં પુસ્તકોનો એક સેટ મેં તને બેંગ્લોરમાં નહિ આપેલો?'

'હા, એ તો મેં રોજના એક લેખે વાંચી કાઢ્યો! આ બધું ડહાપણ ડહોળું છું, તે એના પ્રતાપે જ! પણ એને થયું શું?'

'બેંગ્લોરથી અહીં આવવા નીકળ્યાં, તેના આગલા દિવસે તો તેનો ફોન હતો. અમે તે બંનેને નાથદ્વારા આવવા આગ્રહ કર્યો. તે કહે : મારું નાથદ્વારા ને ગોકુળ તો મારા ઘરના સ્ટડી રૂમમાં છે. મારે ઘણું લખવાનું છે. રાત થોડીને વેશ ઝાઝા છે. 'તત્ત્વર્થદીપ નિબંધ' અને 'અણુભાષ્ય' સાવ

સ્વ. વસુમતીબેન વૈકુંઠલાલ ટ્રેઝરર, હ. કુંજલતા રમેશચંદ્ર કાપડિયા (વાપી)ના જયશ્રીકૃષ્ણ

સરળ ભાષામાં રજૂ કરવાં છે. 'સુબોધિનીજી' પણ રાહ જુએ છે. અત્યારે આ સિવાય બીજી કોઈ વાત પોસાય તેમ નથી. પુસ્તકનો એક એક અક્ષર શ્રીવલ્લભનું એકએક રોમ છે. પ્રત્યેક રોમમાં શ્રીજી બિરાજે છે. 'રોમરોમ ઝલકત કોટિ ગોવર્ધનરાઈ' નાથદ્વારામાં તો એક જ શ્રીજી છે; પણ અહીં તો કોટિ કોટિ શ્રીજી છે. એમણે મને બાંધી રાખ્યો છે.'

'અને આજે તો આ તાર આવ્યો!' રાજશ્રીને ડૂસકું ભરાઈ આવ્યું.'

'ભાભી, પ્લીઝ રીલેક્સ.'

'જો લય, અમે બરોડા જવા નીકળીએ છીએ. તારો શો પ્લાન છે?'

'હજી મારે વેકેશન છે. જો ત્યાં હું કાંઇ મદદરૂપ થઈ શકતો હોઉં તો સાથે આવું. જેમનાં પુસ્તકોએ મને સમજ આપી છે, એ ભગવદીય લેખકની સેવા કરું, એમનાં દર્શન કરું.'

'લયભાઈ, તો તો ખૂબ સરસ. પ્રીતિ એકલી છે. વૈભવ બહારથી વાઘ જેવો, પણ હૈયાનો પોચો. અમને સૌને સાંત્વન તમે આપી શકશો.'

'ભલે, શ્રીજીબાવાની જેવી મરજી. હે શ્રીજી! તું કરે તે ખરું. જ્યાં દોડાવવો હોય, ત્યાં દોડાવજે; પણ તું મારા દિલમાંથી દોડી ન જતો.'

વાતાવરણ બોઝિલ બન્યું હતું. વિચાર આવ્યો : ફિલસૂફી કહેવી સહેલી છે. એનો સામનો કરવો અઘરો છે. શ્યામને સમજવો સહેલો નથી. માધવ ભટ્ટ કાશ્મીરી શ્રીવલ્લભને મળ્યા. એમના જમાનાના મહાન શીઘ્રલિપિલેખક. પીટ્સમેનનાં શોર્ટહેન્ડની સ્પીડનેય પાછી પાડે તેવા. રસ્તે ચાલતાં ચાલતાંય લખે! શ્રીસુબોધિનીજીનું લેખન શરૂ થયું. ગતિમાં વેગ આવ્યો. ત્યાં પાછલી રાતે જંગલમાં લૂંટારાનું તીર વાગ્યું. દેહ છૂટી ગયો! વતનમાં શેઠના દીકરાને જીવતદાન આપનાર, શ્રીવલ્લભની સેવા અધૂરી છોડી, ગોલોકની યાત્રાએ ચાલી નીકળ્યા! શ્રીસુબોધિનીજી અધૂરાં રહ્યાં. આજે પણ એ સુબોધિનીજી અધૂરાં રહેવાનાં છે કે શું?

સંધ્યા-આરતીનાં દર્શન કર્યાં. શ્રીજીએ ફૂલના શણગાર ધર્યા હતા, મલ્લકાછ ટિપારાનો શૃંગાર હતો. ત્યાં વિદાયભેટ કરી, આગળથી દર્શન-દંડવત્ કર્યાં. બે મિનિટ મનોમન શ્રીજી સાથે વાત કરી : 'શ્રીજી પ્યારે! તાર

મોહનભાઈ લાલજીભાઈ લાખાણી તથા લાખાણી પરિવાર (પોરબંદર)ના જયશ્રીકૃષ્ણ

મોકલીને વિદાય કરો છો, તો ભલે! ખાલી હાથે પાછો કાઢો છો, એનોય વાંધો નથી. ગોવિંદકુંડ પર નથી જવા દેતા, જેવી તમારી મરજી. તમે આ જન્મમાં નહિ મળો તોય ફરિયાદ નહીં કરું. જન્મોજન્મ રાહ જોઈશ. જો રાહ જોતાં રોકી શકાય તો રોકજો. આવજો, પ્રસન્નતામાં બિરાજજો. મારું ચાલશે ત્યાં સુધી હવે હું નહિ આવું. તમારી ઈચ્છા થાય, તો તમે આવજો- અજબબાઈ આવવા દે તો! મને ચોપાટ કે શતરંજ નથી આવડતી. આવડે છે કેવળ વાતો કરતાં, આવજો.'

●

લક્ઝરી બસ વડોદરી તરફ દોડી રહી હતી. મોટા ભાગનાં પ્રવાસીઓ ઊંઘમાં હતાં. હુંય ઝોકાં ખાતો હતો. પણ વૈભવ-રાજશ્રીને નિદ્રા વેરણ થઈ હતી. બંને માધવના ઉચાટમાં હતાં. તેમની આંખો ભીતરને ભીતર રડતી હતી.

સવારે નવ વાગ્યે બસ વડોદરા પહોંચી. રીક્ષા કરી અલકાપુરી પહોંચ્યાં. 'ગિરિકંદરા' સૂમસામ હતો. એનો લોખંડનો દરવાજો ખોલતાં, ખખડ્યો. કામવાળી બાઈ દોડતી બહાર આવી.

'ગોમતી, ભાઈ ક્યાં છે?'

'ભાઈ દવાખાને છે, બુન પણ ત્યાં જ છે. આ ચિઠ્ઠીમાં સરનામું લખતાં ગ્યાં છે. કહેતાં ગ્યાં છે કે તમે આવો તો નહાઈ-ધોઈ, ચા પી, દવાખાને જવાનું છે. આવો, અંદર આવો.'

ગોમતીએ બે હાથમાં ઊંચકાય તેટલો સામાન લીધો. બાકીનો અમે લીધો. અંદર ગયાં. ઘર નાનું, સાદું ને સાધારણ હતું. ઓસરીમાં બે માણસ બેસે તેવો નાનો, જૂનો હીંચકો. આગળના રૂમમાં ભારતીય પદ્ધતિની બેઠક. કોર્નર ટિપોઈ પર શ્રીમહાપ્રભુજીનાં ચિત્રજી, ચંદનની ફ્રેમમાં. સામે એક દીવાલ પર શ્રીનાથજીનાં ચિત્રજી - ફૂલ સાઈઝમાં. બારીઓની ઉપર અષ્ટખાનાં ચિત્રોની પેનલ.

એમના બેડ-કમ-સ્ટડી રૂમમાં બધી દીવાલો પુસ્તકોનાં કબાટોથી ખીચોખીચ ભરેલી.. વચમાં બે પલંગ. પલંગની ચારે બાજુ કબાટ ખૂલે તેટલી જગ્યા. ઓશીકાની સામે જ શ્રીમહાપ્રભુજી અને માધવ ભટ્ટ કાશ્મીરીનાં ચિત્ર. નાનો સ્ટોરરૂમ, કીચન અપરસની સેવામાં. આટલા વિદ્વાન લેખકની આવી સાદાઈ! મને નવાઈ લાગી. સૌ ચૂપચાપ તૈયાર થયાં. ચા પીધી. રીક્ષા કરી હોસ્પિટલે દોડ્યાં. શ્રી નરહરિ હોસ્પિટલના ત્રીજા મજલે સ્પેશિયલ રૂમ નં. ૫ માં પહોંચ્યાં. વૈભવે બારણે હળવેથી ટકોરા માર્યા. અંદરથી અવાજ આવ્યો : 'પ્લીઝ, કમ ઈન.'

હળવેથી બારણું ખોલ્યું. સામે બારી પાસેના પલંગમાં માધવભાઈ સૂતા હતા. આખા શરીરે સફેદ ચાદર હતી. માથું-મોં ખુલ્લાં હતાં. પ્રીતિબેન ચમચીથી કંઈક પાતાં હતાં. અમે સૌ પલંગ પાસે ધસી ગયાં.

'માધવભાઈ, પ્રીતિ; જય શ્રીકૃષ્ણ.' રાજશ્રી-વૈભવ બોલ્યાં.

'જય શ્રીકૃષ્ણ'

પ્રીતિ રાજશ્રીની સોડમાં લપાતાં ચોધાર આંસુએ રડી પડી. આજ સુધી જાળવેલા સંયમના બધા બંધ તૂટી ગયા. રાજશ્રી પણ હીબકાં ભરતી હતી. માધવભાઈના માથે હાથ ફેરવતાં વૈભવનાં ગરમ આંસુ માધવભાઈના વિશાળ લલાટ પરના તિલક પર પડ્યાં.

માધવભાઈ એકલા સ્વસ્થ હતા. તેમણે કહ્યું : 'પ્રીતિ, આ અવસર રડવાનો છે? વૈષ્ણવ આપણા આંગણે પધાર્યા છે. આ નવા વૈષ્ણવ તો અનાયાસ પધાર્યા છે. ભગવદીય કદી એકલા પધારતા નથી. શ્રીવલ્લભ અને શ્રીનાથજીને સાથે - હૃદયમાં લઈને પધારે છે. શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવ પધારે ત્યારે, ગાંડી, રડાય? અરે, પેલું પલ ગા તો -

'આયે મેરે નંદનંદકે પ્યારે,
માલાતિલક મનોહર બાનો, ત્રિભુવન કે ઉજિયારે.'

પ્રીતિબહેન શાંત થયાં. સૌ સ્વસ્થ થયાં. માધવભાઈએ કહ્યું, 'વૈભવ, આ વૈષ્ણવનો પરિચય તો કરાવો.

'એ મારો બાળપણનો ભેરુ છે. એનું નામ લય. વતનમાં શિક્ષક છે, એકલો છે. મસ્તરામ છે. સૌંદર્યનો આશક છે. તારાં પુસ્તકો વાંચી, વિદ્વાન થઈ ગયો છે! નાથદ્વારા સાથે હતો. તારાં દર્શને આવ્યો છે.'

પ. ભ. પ્રકાશબેન પ્રિયકાન્તભાઈ શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ

સૂર્યાબેન રમેશચંદ્ર શાહ (હાથીખાનાવાળા) (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ

'લયભાઈ, જય શ્રીકૃષ્ણ. ભગવદીય પધારે, ત્યાં કોટિ તીર્થ પધારે. ભગવદીયનાં દર્શન અને ચરણરજ કોટિ તીર્થનાં સ્નાન કરતાંય વધુ પાવનકારી છે. આવો, અહીં બેસો. શ્રીનાથજીનાં દર્શન કરીને, એમને નેત્રોમાં પધરાવીને આવ્યા છો, ભાઈ! તમારાં 'નયનનમેં ઝલકત ગિરધારી.'

લય માધવભાઈની પાસે, તેમનાં પલંગ પર બેસી ગયો. ચાર આંખો વચ્ચે જાણે ત્રાટક રચાયું.

'વૈભવ, તને યાદ છે? મારાં બા રોજ કહેતાં કે એક વાર ચંપારણ્ય જા. નાથદ્વારા જા. ગોકુલ જા. હું કહેતો : બા, કથરોટમાં ગંગાજી હોય તો કાશી, હરદ્વાર જવાથી શો ફાયદો? મારા વલ્લભીયોનાં નેત્રોમાં શ્રીયમુનાજી બિરાજે છે. એમની ગોદમાં શ્રીનાથજી બિરાજે છે. ઘરમાં તમે સૌ ભગવદીય છો. મને કૃપા કરી, તમારાં નેત્રોમાં એ ઝાંખી કરાવો છો. મારા પ્રાણવલ્લભ શ્રીવલ્લભ તો આ ગ્રંથના પ્રત્યેક અક્ષરમાં બિરાજે છે, ક્યાંક શ્રીવિષ્ણુ સ્વામી સંપ્રદાયાનુવર્તી સ્વરૂપે, તો ક્યાંક કૃષ્ણદાસ સ્વરૂપે, ક્યાંક શ્રીઠાકોરજીનો પક્ષ લઈ, શ્રીયમુનાજી અને શ્રીગોપીજનોને ટકોર કરતા સ્વરૂપે; તો ક્યાંક નિત્યલીલા-સાગરમાં વિહાર કરતા, ક્યારેક સહસ્રમુખ ધારણ કરી દિગ્ગજ વિદ્વાનોને હંફાવતા, હરાવતા આચાર્ય-પ્રવરની જે અનુભૂતિ આપના ગ્રંથો વાંચતાં થાય છે તે બીજે ક્યાં શોધવા રખડું? બધી શ્રીવલ્લભ અને વલ્લભીયોની કૃપા છે.' માધવભાઈએ કહ્યું.

'પ્રીતિ, માધવભાઈને તકલીફ શી થઈ છે? બોલવામાં તો બેરોક-ટોક છે, એટલે હાર્ટટ્રબલ તો નથી જ.' રાજશ્રીએ ડોક્ટરની હેસિયતથી પૂછ્યું અને કેસ-પેપર્સનું બોર્ડ ઉઠાવ્યું.

'શ્રી, તમને ફોન કર્યો, ત્યારે થોડી થકાવટ લાગતી હતી. ડાયાબિટીક રહ્યો ને! અમે બેઉ સૂઈ ગયાં. ઘણાં વર્ષે પડતાંની સાથે ઊંઘ આવી ગઈ. શ્રીસર્વોત્તમ-સ્તોત્રનો પાઠ પણ પૂરો ન થયો. રાતમાં તરસ લાગી. ઊઠવા ગયો, પણ હાથ-પગ હાલે-ચાલે નહિ! ઘડીભર ગભરાયો. જાણે હાથપગ ગાયબ ન થઈ ગયા હોય! પ્રીતિને ઉઠાડવા બૂમ પાડવા સિવાય કોઈ ઉપાય ન હતો. પ્રીતિ જાગી. તેને લાગ્યું કે હાથપગ અચેતન થઈ ગયા છે. મને પાણી પાયું. પછી ડોક્ટરને ફોન જોડ્યો. ડો. રમેશભાઈને તો તું જાણે. પા કલાકમાં આવી લાગ્યા. મને તપાસી ગંભીર થઈ ગયા. પ્રીતિને કહે : પ્રીતિબહેન, બહાર આવજો. મેં કહ્યું: ડૉક્ટર, પ્રીતિ કરતાં હું વધારે સ્વસ્થ છું. જે હોય તે સ્પષ્ટ કહો. ડૉક્ટરે કહ્યું: પેરાલિટિક એટેક છે, પણ પ્રભુનો પાડ માનો કે મોં અને મગજ પર બિલકુલ અસર નથી. તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ થવું પડશે. હું ફોન કરી, એમ્બ્યુલન્સ મંગાવી લઉં. પ્રીતિ તો શિયાંવિયાં થઈ ગઈ.'

એક વૈષ્ણવ (વાશી)ના જયશ્રીકૃષ્ણ

'પછી?'

'પછી શું? પાછળ પછવાડું ને આગળ ભીંત.' માધવભાઈ હસ્યા., 'આવી ગયા હોસ્પિટલમાં, હવાફેર માટે. સુદામાના ઘેર એ.સી. નહોતું. અહીં એ.સી.નો લાભ મળ્યો. વર્ષો પછી ચોવીસ કલાકની બાદશાહી પથારી મળી. પ્રીતિની પૂરી હાજરી અને સેવાનો લાભ મળ્યો! બચુભાઈની કીર્તનોની કેસેટો લાવી રાખી હતી, પણ તે સાંભળવાનો સમય નહોતો મળતો. અહીં ભરપૂર સમય મળ્યો!'

'Oh my goodness! સીધું બોલે તો માધવભાઈ શાના? પણ તમને તો.... ચાર્ટ ઉપર નજર ફેરવતાં બોલવા જતાં, રાજશ્રીભાભી રોકાઈ ગયાં. એમનું મેડિકલ એથિક્સ સળવળ્યું.

'કેમ રોકાઈ ગઈ? હું જાણું છું. મને મારા રોગની ખબર છે. પ્રીતિ વિશ્વાસમાં છે, હું નથી! આજીવન આ સ્થિતિ સ્વીકારવાની છે. હજી મેડિકલ સાયન્સમાં આ પ્રકારના લકવાનો કોઈ ઈલાજ શોધાયો નથી. શ્રીવલ્લભની જેવી ઈચ્છા. જીભ અને મગજ સ્વસ્થ છે, તે ઓછું છે?'

'ડૉક્ટર શું કહે છે?'

'ડૉક્ટર કહે છે, વધુ કોમ્પ્લીકેશન્સ ન થાય તેનું ધ્યાન રાખવાનું. હજી એકાદ મહિનો અહીં રહેવું પડશે.' પ્રીતિ બોલી.

'જો તમારાં બંનેની આજ્ઞા હોય, તો એટલે સમય અહીં રહી હું માધવભાઈની સેવા કરું. મને એમના સત્સંગનોય લાભ મળશે અને પ્રીતિબેન, તમને થોડી રાહત મળશે.'

'એનાથી રૂડું શું? હરિતા પણ મહિનાથી ટૂર પર છે.' પ્રીતિએ કહ્યું.

'કોણ હરિતા?'

કુમુદ ઈન્દ્રદમન શાહ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ

'મારી નાની બેન છે.' પ્રીતિ બોલી.

'આજીવન કુમારી રહેવા સર્જાઈ હોવાનું માને છે. એના પિતાનો ટ્રાવેલીંગ એજન્સીનો વ્યવસાય એકલા હાથે સંભાળે છે. પ્રીતિને સાચવે છે.' માધવભાઈ બોલ્યા.

'સાચી વાત, એ આવશે એટલે મારો બોજો ઘણો ઓછો થશે.' પ્રીતિ બહેને કહ્યું.

'અમારી પ્રીતિ પણ ફિલોસીફીમાં એમ.એ. છે, લયભાઈ! પણ સાવ સરળ, સાવ ભોળી, ખૂબ ભાવુક. એનો શોખ સેવા કરવાનો, મારું ઘર સાચવવાનો. રાતદિવસ એમાં જ રચીપચી.' માધવભાઈએ કહ્યું.

'તો તમારા લેખનમાં, પુસ્તકોની ચર્ચામાં એમને રસ ન પડે? એ રસ ન લે?'

'લે ને! મને આગ્રહ કરી, પાસે બેસીને મને પ્રસાદ લેવડાવે, મારી તબિયતનું ધ્યાન રાખે, મારી બધી જરૂરિયાતો વગર માગ્યે પૂરી પાડે. ઘરગૃહસ્થીની, ખરીદીની, હિસાબ-કિતાબની કોઈ જ ફિકર મને ન કરવા દે. વાંચવા - લખવા ભરપૂર મોકળાશ આપે. પુસ્તકની ચર્ચા કે વાચનને બદલે મારું માથું અને પગ દબાવવાની સેવામાં એને વિશેષ આનંદ આવે છે, એવું કહે.'

'લયભાઈ, મેં એમનું એકેય પુસ્તક વાંચ્યું નથી.'

'કારણ?'

'એ પોતે જ મારા માટે મહાપુસ્તક છે.'

'અમારી પ્રીતિ ભક્તકવિ જયદેવના પત્ની પદ્માવતીનો અવતાર છે.' રાજશ્રી ભાભી બોલ્યાં.

'બસ હવે, શ્રી. મને બહુ ચડાવી ન માર.'

'આજે કેટલા દિવસે હળવાશ થઈ, નહીં પ્રીતિ? પણ આ બધાંને આજે ભીમ એકાદશી કરાવવાનો મનોરથ છે કે શું?'

'અરે, એ તો ભૂલી જ ગઈ. ચાલ શ્રી, આપણે ઘેર જઈ તૈયારી કરીએ. તમે કલાક પછી આવો, વૈભવ.'

'ભલે, અમે માધવ પાસે બેઠા છીએ. તમે બપોરે ઘેર થોડો આરામ કરજો.'

'શ્રી, એક વાત કહું? માધવને મૂકીને અહીંથી ખસવું ગમતું નથી.' પ્રીતિબેન ગળગળાં થયાં.

'તો અત્યાર સુધી?'

'ગોમતી બધું સાચવતી.'

'શ્રી, લગ્ન પછી ચાલીસ વર્ષે પ્રીતિનો ૨૪ કલાકને સંગ માણવા મળ્યો છે. બાકી એ રસોડામાં ને હું હીંચકે. તમારા આવવાથી એને વિયોગ સાલશે.' માધવભાઈ હસ્યા.

'તો નહોતાં બોલાવવાં અમને! મારી પ્રીતિ એવી નથી! એની મશ્કરી કરવામાં તમને મજા આવે છે. બિચારી પારેવડી છે, એટલે એની ઉડાવો છો. પણ યાદ રાખજો, હવે એના પડખે હું છું.' રાજશ્રી ભાભીએ ખોટો છણકો કર્યો.

'ભલે, ભલે. મારે તો શ્રીજીને અને શ્રીવલ્લભને એક જ વિનંતી છે અને એ જ વિનંતી પ્રીતિને પણ - **'દગનસોં હો જુ મત ન્યારે.'**

માધવભાઈએ બે હાથ જોડ્યા, આંખો મીંચી.

■

પીર ન કહિયો કોઈ (૧)

માધવભાઈની ઈચ્છા હતી કે હું ત્યાં રહું; એટલા દિવસ તેમને ગ્રંથશ્રવણ કરાવું. એમની ઈચ્છા 'વિવેકધૈર્યાશ્રય' શ્રવણ કરવાની હતી. એમનું અંગત પુસ્તકાલય સમૃદ્ધ અને સુસજ્જ હતું. પ્રીતિબહેન કહેતાં, તેઓ ક્યાંય જાય, ત્યારે ખિસ્સામાં જેટલા પૈસા બચે, તેનાં પુસ્તકો લઈ આવે, રસથી વાંચે, જીવની જેમ જાળવે ને થાક લાગે ત્યારે ખોળામાં પુસ્તકો રાખી, તેમના પર હાથ ફેરવે.

'વિવેકધૈર્યાશ્રય' પુસ્તક લઈને હું હૉસ્પિટલ ગયો. તેઓ સ્પંજ કરાવી, તૈયાર હતા. અમે સાથે મંગલાચરણ અને શ્રીસર્વોત્તમ-સ્તોત્રનો પાઠ કર્યો. પછી 'વિવેકધૈર્યાશ્રય'નો પાઠ કરવા મેં પુસ્તક ખોલ્યું. તે પાઠ પૂરો થતાં મેં પૂછ્યું, 'માધવભાઈ, મને તો સંસ્કૃત સમજાશે નહિ. આપ સાથે સાથે મને સમજાવશો ને?'

'હા, પ્રારંભ કરો.'

શ્રીવ્રજરાયજીની ટીકા વાંચવી શરૂ કરી. તેઓ એકચિત્તથી શ્રવણ કરી રહ્યા હતા. પ્રથમ શ્લોક પૂરો થયો.

તેમણે કહ્યું : 'લય, તમે કેટલું ભણેલા છે?'

'ખાસ કંઈ નહીં. ગ્રેજ્યુએટ પણ નથી.'

'ખરેખર? છતાં આટલું સુંદર સંસ્કૃત વાંચો છે? ભાઈ તમારા પર શ્રીવાક્પતિની કૃપા છે. શ્રીવલ્લભની વાણી સ્વરૂપાત્મક છે. સેવામાં જે સ્વરૂપ આપણા માથે બિરાજે છે, તે સાક્ષાત્ હોય છે. છતાં કૃપા વિના એમનો અનુભવ થતો નથી. એવું જ શ્રીવલ્લભની વાણીનું છે. સંસ્કૃત વ્યાકરણ અને શાસ્ત્રોમાં પારંગત થનારનેય આ વાણી સમજાતી નથી. તેની સમજ પણ કૃપાસાધ્ય છે. કૃપા થાય તો આપણા જેવાનેય સ્ફુરે અને પંડિતોય ગોથાં ખાય.'

ભાવનાબેન સી. કાનાબાર (વિસાવદર)ના જયશ્રીકૃષ્ણ

'આપ આશીર્વાદ આપો કે શ્રીવલ્લભની કૃપા મારા પર વરસે.'

'જરૂર વરસશે. એ માટે તો આ લીલા થઈ છે. નહિ તો તમે મારી પાસે આવત જ નહિ ને!'

'માધવભાઈ, વિવેકનું સ્વરૂપ સમજાવશો?'

'જરૂર. પૃથ્વીની બે ધરીઓ સામસામે છે. ત્યાં ઉત્તર અને દક્ષિણ ધ્રુવો પણ સામસામે છે. બે ધ્રુવોની જેમ જગતમાં બે મુખ્ય વિચારધારાઓ છે. એક શ્રેયની અને બીજી પ્રેયની. શ્રેય એટલે આત્મકલ્યાણ, પ્રેય એટલે દેહકલ્યાણ. દેહકલ્યાણ માટે ઝઝૂમનારા અને જીવનારાઓને ગીતાએ 'આસુરી સૃષ્ટિ' કહી. આત્મકલ્યાણકારીઓને 'દૈવી સૃષ્ટિ' કહી. આત્મકલ્યાણકારીઓનાય બે વર્ગ. શાસ્ત્ર-અનુસારનાં સાધનોથી દુન્યવી, સ્વર્ગીય અનો મોક્ષ પર્યંતનાં સુખો શોધનારા મર્યાદા જીવો. ભગવદ્-કૃપાભિલાષી, પ્રેમલક્ષણા ભક્તિવાળા પુષ્ટિ જીવો. આ બધા જ જીવો મનુષ્યો-યોનિમાં જન્મેલા છે. તેમના મસ્તકમાં સુવિકસિત મગજ છે. મગજમાં મન, ચિત્ત, બુદ્ધિ અને અહંકારનાં સંવેદનો જગાવવાની ગુંજાશ છે. તેને લઈને માણસના મનમાં અવનવી ઈચ્છાઓ જાગે છે. તેના વિષે ચિત્તમાં સ્વીકાર અને અસ્વીકારના સંકલ્પ-વિકલ્પ થાય છે. બુદ્ધિ શું સ્વીકારવું તેનો નિર્ણય કરે છે અને અહંકાર તે મેળવવા, શરીરની બધી ઈન્દ્રિયોને કામે લગાડે છે. સામાન્ય સંજોગોમાં આ બધાની વચ્ચે માણસ વિવેકી રહે છે.'

માધવભાઈ શ્વાસ લેવા એક ક્ષણ થંભ્યા.

'દુનિયાદારી લોકોના મતે વિવેક એટલે વિચાર, વાણી અને વર્તનના સંસ્કારી (Polished) વ્યવહારો. મોટાને નમસ્કાર કરવા, આવનારને આવકારવા, કોઈ વાત કરે ત્યારે ધ્યાનથી સાંભળવી; આ બધા દુન્યવી વિવેકો છે. ઘણી વાર આ વિવેક માત્ર દેખાવના, ઉપરછલ્લા હોય છે. હૃદયની લાગણી એના કરતાં કંઈક જુદી જ હોય. જેમ કે કોઈના ત્યાં જમવા ગયા. કારેલાંનું શાક નથી ભાવતું, છતાં મોં બગાડ્યા વિના ખાઈએ. ખાતાં ખાતાં

ગો.વા. હસમુખબેન તથા ગો.વા. ગોરધનદાસ નગીનદાસ ભણશાળી (સુરત)ના જયશ્રીકૃષ્ણ

તેનાં વખાણ પણ કરીએ. આમ, દુન્યવી વિવેક માયાવી જાળ છે. તે માણસના સાચા મનને કળાવા દેતો નથી. આ વિવેક મનજન્ય નહિ, બુદ્ધિજન્ય છે. મન એક દિશામાં ને બુદ્ધિ બીજી દિશામાં. બે વચ્ચે રસ્સીખેંચ ચાલે. પરિણામે, મગજમાં તાણ (ટેન્શન) વધે. માણસ પોતાની જાત સાથે છેતરપીંડી કરે, એટલે આખરે એની અસર શરીર પર થાય. બી.પી. વધે, ઍટેક આવે. વૈફલ્ય (ફ્રસ્ટ્રેશન)થી પીડાય. આજની દુનિયામાં મોટા ભાગનાં દુઃખોનું મૂળ આ વિવેકના દેખાડાની મથામણમાં છે, કૃત્રિમ જિવાતા જીવનમાં છે.'

'ખૂબ સાચી વાત કહી આપે.'

મેં માધવભાઈના ચહેરા પર બોલવાના શ્રમથી વળેલો પરસેવો લૂછ્યો. જગમાંથી જળ પાયું. તેમણે વાત આગળ ચલાવી.

'હિંદુ ધર્મમાં જ નહિ, જગતના બધા ધર્માચાર્યોમાં શ્રીમહાપ્રભુજીનું તત્ત્વદર્શન સંપૂર્ણ વાસ્તવવાદી અને મધ્યમમાર્ગી છે. તેમાં આદર્શોની ઊંચાઈની સાથે તેને પહોંચવાના ઉપાયો સરળ-સહજ છે. કેવળ વિચારોની ભવ્યતા નથી, એ જીવવાની સહજતા પણ છે. નવાઈની વાત એ છે કે શ્રી વલ્લભ-વિચાર તરફ વિશ્વનું જેટલું ધ્યાન જવું જોઈએ તેટલું ગયું નથી.'

તેઓ એક ક્ષણ અટક્યા.

'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથનો જ વિચાર કરીએ. દુનિયાનો વિવેક પરત્વેનો દષ્ટિકોણ જોયો. તેની સામે શ્રીમહાપ્રભુજી મનમાં હસી રહ્યા છે અને કહી રહ્યા છે : હે બુદ્ધિશાળી લોકો! તમે બે મોઢે વાતો કરો છો. એક બાજુ કહો છો જગત મિથ્યા છે, સ્વપ્ન છે, બધું અસાર છે. તો તેને પોતાને કબજે લેવા આ બધા ધમપછાડા શીદને કરો છો? જરા થોભીને વિચાર તો કરો, તેમને આખરે શું મળ્યું? વિરાસતમાં મળી વેદના - વ્યથા! ખરું ને? એનું કારણ તમારો અભિગમ (ઍપ્રોચ) જ ખોટો છે. વાસ્તવમાં આ જગત મિથ્યા નથી, સત્ય છે. પરમાત્માનું જ આધિભૌતિક સ્વરૂપ છે. પરમાત્મા સત્ય, શિવ (કલ્યાણકારી), સુંદર છે; તો જગત પણ સત્યમ્ શિવમ્ સુન્દરમ્ છે. તે અસાર, ત્યાજ્ય નથી. તે જીવવા અને માણવા જેવું છે. પણ એને માણવાની તમારી રીત સાચી નથી. જગત પરમાત્માનું છે, પરંતુ પરમાત્મા પૂતળા-સરકાર કે કઠપૂતળી નથી. એ જગતના નિયંતા છે. એની ઇચ્છા સર્વોપરી છે. એની ઇચ્છા પાસે માણસના ધમપછાડા સફળ થતા નથી. ધાર્યું ધણીનું થાય છે. આ સત્ય છે, સનાતન સત્ય છે. એનો સ્વીકાર તે વિવેક. આ વિવેક માત્ર વાતોનો વિષય નહીં; તે વર્તનનો વિષય બને; તો જીવન સંતોષી, સુખી, હળવું ફૂલ જેવું બને.'

'એ કેવી રીતે?'

'શ્રીમહાપ્રભુજીએ એ જ બતાવ્યું છે. પહેલી વાત. જીવનના દરેક પગલે યાદ રાખો, **નિજેચ્છાતઃ કરિષ્યતિ**. શ્રીહરિ પોતાની ઇચ્છા પ્રમાણે જ બધું કરશે. આપણે જે વર્તન કરીએ છીએ, તેમાં હરિની ઇચ્છા જ કારણભૂત છે. આપણે તો ચાવીવાળાં રમકડાં જેવા છીએ. માટે શ્રીહરિને સમર્પિત થઈ જવું. બધું એને સોંપી દેવું. એ જિવાડે તેમ જીવવું, એમાં રાજી રહેવું. આ પહેલો વિવેક.' માધવભાઈ ફરી શ્વાસ લેવા થોભ્યા.

મેં કહ્યું : 'ભાઈ, તમને શ્રમ થાય છે. હવે આરામ કરો.'

'લયભાઈ, ભગવદ્વાર્તામાં શ્રમ ન હોય. ભગવદ્વાર્તા તો શ્રમને દૂર કરે. બીજો વિવેક બતાવ્યો : કર્તા-કારયિતા કેવળ શ્રીહરિ છે, માટે કોઈની પાસે દુઃખ ન રડવું અને સુખ ન માગવું. માગ્યે કંઈ મળતું નથી, ઊલટું વેદના વધે છે. ફ્રસ્ટ્રેશન આવે છે. રોતલ બનીને ન જીવવું. હિંમત અને ઉત્સાહથી જીવવું. સ્વમાનભેર જીવવું. ભિખારી બનીને ન જીવવું.

'સાવ સાચી વાત.'

'ત્રીજો વિવેક : શ્રીહરિના થઈને જીવવું. એમના શરણાગત રહેવું. એમનો દૃઢ વિશ્વાસ રાખવો. જે સમયે જે મળે તેનાથી સંતોષ માણવો. કોઈ ફરિયાદ ન કરવી. નેગેટિવ ન બનવું, પૉઝીટીવ રહેવું. અને ચોથો વિવેક છેઃ બહાદુરીથી બધાં દુઃખ સહન કરવાં, પણ ઊંહકારોય ન કરવો. ગરલ પી, હસવું, શ્રીહરિમાં ચિત્તને જોડવું.'

'ભાઈ, દુઃખ સહન કરવાં તે વાત બરાબર; પણ દયાળુ પ્રભુ દુઃખ જ કેમ આપે છે? આ દુઃખ કેમ આવે છે? જગતમાં દુઃખ જ ન હોય તો? એમાંય વધારે દુઃખ હરિભક્તોને જ કેમ?'

સુલોચનાબેન તથા ચીનુભાઈ એન. સોની (ઈસનપુર, અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ

ઉષાબેન, કાશ્મીરાબેન તથા નિશાબેન આર. જારસાણીયાના જયશ્રીકૃષ્ણ

ત્યાં તો પ્રીતિબહેન ટિફીનની મોટી બાસ્કેટ લઈને આવ્યાં. આજે એમના મોં પર સ્વસ્થતા હતી. ટેબલ પર બાસ્કેટ મૂકી, સાડીને છેડો ચહેરા પર દબાવી, પરસેવો લૂછ્યો. માધવભાઈના પલંગ પાસે જઈ એમના વાળમાં હાથ ફેરવ્યોઃ 'કેમ લાગે છે આજે?'

'ઘણું સારું. ભૂખ્યાને ભોજન મળે તો સારું જ લાગે ને! લયભાઈ ભગવદ્નામ લેવડાવે છે.'

'ડૉક્ટર આવી ગયા?'

'ના. આજે મોડા પડ્યા લાગે છે. એમને ખબર પડી ગઈ લાગે છે કે બે ધૂની માણસોને એમની વાતોમાં ખલેલ પહોંચાડવા જેવી નથી.'

ત્યાં તો બારણું ખૂલ્યું. આગળ સિસ્ટર, પાછળ ડૉક્ટર. તેમની પાછળ બે જુનિયર ડૉક્ટરો અને પાછળ વોર્ડબોય-સિસ્ટરનો કાફલો આવ્યો.

'છે ને સો વર્ષનું આયુષ્ય? યાદ કર્યા ત્યાં આવી પહોંચ્યા ને? જય શ્રીકૃષ્ણ, ડૉક્ટર.'

'માધવભાઈ, જય શ્રીકૃષ્ણ. Think of the devil and the devil is present. ખરું ને? કેમ લાગે છે, આજે?' ડૉક્ટરે તપાસતાં પૂછ્યું.

'ઘણું સારુ છે.'

પ્રીતિબહેને પૂછ્યું : 'આજે મોડા પડ્યા ને કંઈ?'

'હા, જાણી-જોઈને. તમારા આવ્યા પહેલાં આવું તો પ્રસાદ ન મળે ને? નાનપણથી બંટાગોળી ખાવાની આદત પડેલી. એના વિના કઠે છે.'

'તે ભાભીને કહો ને, ઠાકોરજી પધરાવી દે ઘરે. નહિ તો જીજીનું મંદિર તો છે જ ને?'

'પ્રીતિબહેન, ચાલીસી વીતે ને એટલે બધાં ઠેકાણે આવે. તમારાં ભાભી એમાં અપવાદ નથી. જીજી પાસેથી ઠાકોરજી પધરાવ્યા છે. બંટાગોળી થાય છે, પણ છોકરાં જ પૂરી કરી જાય! આપણા સુધી પહોંચે જ નહિ. જીજીના ત્યાંથી છાબ ભરીને આવે! પણ હવે ખાંડ ખાવામાં સંયમ રાખવો પડે, નહિ તો ખાંડ ખાતા થઈ જઈએ! આ માધવભાઈને આગ્રહ કરી લાડુ-મોહનથાળ-ઠોર ખવડાવ્યે રાખ્યાં, એનું આ પરિણામ જોયું ને?'

મંજુલાબેન જયંતિલાલ ધારીયા (મુંબઈ)ના જય જય ગોકુલેશ

ગોપાળભાઈની નિખાલસ વાતો ચાલુ રહી. ચેકિંગ પૂરું થયું. સૌને ઈશારાથી જવાનું સૂચવી, ટાઈની 'નોટ' ઢીલી કરી, ખુરશીમાં બેસી ગયા.

'લાવો, બીડી આપો. આ મહેમાન કોણ?'

'એમનું નામ લય. વૈભવના મિત્ર છે. વૈભવની સાથે આવ્યા હતા. 'કંપની' આપવા રોક્યા છે.'

'ધેટ્સ ફાઈન. આજે ખૂબ સત્સંગ કર્યો લાગે છે!'

'હા જી.'

'આજનો દિવસ કરી લો.'

'કેમ, પછી?'

'કાલે થોડા ટેસ્ટ કરવાના છે. ઈ.સી.જી. લેવાનો છે. રીઝલ્ટ આવ્યા પછી વધુ બોલવાની છૂટ મળશે.'

'એટલે તમે મારું મોં પણ બંધ કરાવશો?'

'No, I hope not. આજે પ્રોગ્રેસ' સારો છે. Carry on. ચાલો, હું જાઉં. તમને તો ઠાકોરજીએ લાંબું વેકેશન આપ્યું, પણ આ ગોપાળદાસના નસીબમાં તો રવિવારે નથી.'

'ભાભી પણ એ જ ફરિયાદ કરતાં હતાં.' પ્રીતિબહેને કહ્યું.

'કરે જ ને! પણ શું કરું? વિવશ છું. ચાલો, આવજો. જય શ્રીકૃષ્ણ.'

ડૉક્ટર ગયા. પ્રીતિબહેને બે થાળીમાં મહાપ્રસાદ સાજ્યો. તેઓ માધવભાઈને જમાડવા લાગ્યાં. મેં પણ ભોજન શરૂ કર્યું.

'લયભાઈ, વીસ વર્ષ પહેલાં ચૉરીમાં પ્રીતિએ કંસારનો કોળિયો ભરાવવાનો દેખાવ કરેલો. કોળિયો મોંમાં કેમ નહિ મૂકેલો?'

'તમે બચકું ભરો, એની બીક લાગતી હતી.'

'આજે વીસ વર્ષ પછી એ બીક તો ભાગી ગઈ, ખરું ને પ્રીતિ?'

પ્રીતિબહેન હસ્યાં, 'પ્રસાદ લેતાં બોલવાનું નહિ. લયભાઈ, સવારે તકલીફ તો નથી પડી ને? સત્સંગનો આનંદ આવ્યો હશે. આમનો લાભ

હસમુખબેન જયંતકુમાર કડકીયા (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ

લેવા કેટલા વૈષ્ણવો આવે! પણ મને જ ટાઈમ ન મળે. અહીં તો એક વાત મગજમાં બેઠી છે. લાખ સત્સંગનો સાર સેવા. સેવા કરો તો સત્સંગ ફળ્યો.'

'ખરી વાત છે, બહેન.'

'હવે પ્રસાદ લઈ, તમે બંને કલાક આરામ કરો. વામકુક્ષી બાદ ફરી ભગવદ્‌વાર્તા કરવાની. મનેય સાંજે થોડો લાભ મળશે.'

'આજે શ્રી.... ને ઘેર પધરાવ્યા?'

'હા.'

'માનભોગનો પ્રસાદ જોઈને મને લાગ્યું જ. પ્રસન્નતામાં છે ને?'

'હા, પણ તમારા વિના થોડા ખોયાખોયા જણાતા હતા.'

માધવભાઈની પાંપણ ઉપર ભીનાશ પથરાઈ, ને પ્રીતિબહેનના અવાજમાં પણ.

'આજે શો શૃંગાર ધર્યો?'

'મને શૃંગારની ટેવ નથી. રોજ શૃંગાર તમે કરો, એટલે. હવે ટેવ પાડવી પડશે.'

'આજે પ્રભુએ બદામી પિછોડા, પાઘ અને મોરચંદ્રિકા ધરી હતી. મોતીનાં લટકણિયાં અને ત્રેવડી સેરની માળા?'

'હા, પણ તમે કેવી રીતે જાણ્યું?'

'આ તો જરા પૂછ્યું. સાચું પડ્યું.'

મને ભારોભાર વિસ્મય થયું. 'દેખો રી હરિ નંગમ્‌નંગા' ગાતા સૂરદાસજી યાદ આવ્યા.

પ્રસાદ લઈ, બીડી લઈ, માધવભાઈએ આંખો મીંચી. મેં પણ બીજા પલંગ પર છાપું વાંચતાં લંબાવ્યું.

પ્રીતિબહેન ઠાકોરજીનાં વસ્ત્રો સીવતાં ખુરશીમાં બેઠાં.

■

૧૦

પીર ન કહિયો કોઈ (૨)

છાપું વાંચતાં વાંચતાં ક્યારે આંખ મિંચાઈ ગઈ તેની ખબર ન પડી.

'પ્રીતિ, જળ આપીશ?'

માધવભાઈના અવાજે આંખ ખૂલી. ઘડિયાળમાં બે વાગવા આવ્યા હતા. હું ઊઠ્યો. બાથરૂમમાં જઈ, ફ્રેશ થયો. પ્રીતિબહેને માધવભાઈને જળ પાયું. ભીના અને પછી કોરા નેપકીનથી તેમનું મોં, ગળું, ડોક લૂછ્યાં. થર્મોસમાંથી ચા કાઢી, ત્રણ મગ ભર્યા. મેં ચા પીધી. પ્રીતિબહેને માધવભાઈને ચા પાઈ, પછી પોતે પણ પીધી. થર્મોસ, મગ સાફ કરી તેમણે કહ્યું : 'હવે તમારા સત્સંગનો લાભ આપો.'

'લયભાઈ, તમારો પ્રશ્ન હતો : દુનિયામાં દુ:ખ કેમ છે? ભગવાન દુ:ખ કેમ આપે છે? બરાબરને?'

'હા.'

'પહેલી વાત એ કે ભગવાન કોઈને દુ:ખ આપતા નથી અને દુ:ખી કરતા નથી. જો ભગવાન પર એવો આરોપ મુકાય તો ભગવાનને દયાળુ, કરુણાસાગર, કૃપાનિધાન કેવી રીતે કહેવાય? ભગવાન સુખ ને દુ:ખ બંને આપે છે એમ કહીએ તો એમના પર ભેદભાવ કર્યાનો આરોપ આવશે, કારણ કે એકને દુ:ખ છે, તો બીજાને સુખ છે. અત્યારે મને સુખ-સાહ્યબી છે અને પ્રીતિને દુ:ખ છે.'

'જોયું, લયભાઈ? તમારા ભાઈ બધું મજાકમાં લે છે. બળ્યું આપણને એમનું દુ:ખ જોવાતું નથી. રાતદિવસ જાતે પડખું ન ફેરવાય, હાથ-પગ હાલેચાલે નહિ, હરાય-ફરાય નહિ, પડ્યાં-પડ્યાં વાંસામાં વેદના થાય ને કહે છે મને સુખ-સાહ્યબી છે! આવા સહનશીલ કોઈ જોયા નથી.'

'લક્ષ્મભાઈ, વાત એટલી જ કે દુ:ખ ભગવાન આપતા નથી. ભગવાન તો દુ:ખમાંથી છોડાવે છે.'

'તો દુ:ખ આપે છે કોણ? તે ક્યાંથી આવે છે?'

'કોઈ કોઈને દુ:ખ આપતું નથી, દુ:ખ આપણી પોતાની પેદાશ છે.'

'એ કેવી રીતે?'

'બધું વ્યવસ્થિત રહે ત્યારે સુખ. વ્યવસ્થામાં ગરબડ થાય ત્યારે દુ:ખ. વ્યવસ્થા તોડનાર, એમાં ગરબડ કરનાર આપણે. એટલે આપણા દુ:ખ માટે આપણે પોતે જવાબદાર. દુ:ખ ત્રણ પ્રકારનાં : (૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક (૩) આધિદૈવિક.

શરીરનાં દુ:ખો ત્રણ પ્રકારનાં : (૧) આધિ-માનસિક (૨) વ્યાધિ-રોગો (૩) ઉપાધિ-કુટુંબીજનો, ચીજવસ્તુઓ ઇત્યાદિને લઈને થતાં.'

'હા, એ બરાબર. ખાવામાં ભાન ન રાખીએ. તો રોગ થાય. એમાં ભગવાન શું કરે?' મેં કહ્યું.

'તમારા ભાઈ તો ઘણી કાળજી રાખતા. એમના આ રોગને અને ભોજનને શો સંબંધ?' પ્રીતિબહેને પૂછ્યું.

'એ હું સમજાવું. સતત વાંચવાનું અને લખવાનું જ આ પરિણામ. શરીરનો શ્રમ બિલકુલ નહિ, માનસિક શ્રમ હદ બહારનો. મહાપ્રસાદ ભાવે. મીઠાઈ-ફરસાણ જીભની નબળાઈ. ડાયાબિટીસ થયો, પણ ખબર ન પડી. લોહી જાડું થયું. કૉલેસ્ટોરલ વધ્યો. મગજ સુધી લોહી ન પહોંચે. મગજને હદ બહારનો શ્રમ પડ્યો. દરકાર ન કરી. સમયસર ડૉક્ટરને ન બતાવ્યું, ન ગણકાર્યું, એનું આ પરિણામ છે.'

'માનસિક દુ:ખો માટે પણ આપણે જ જવાબદાર હોઈએ છીએ. આપણો સ્વભાજ જ એ બધાં દુ:ખોનું કારણ હોય છે. સમજીને સ્વભાવ ન બદલીએ, તો બીજું શું થાય? કુટુંબીઓ, ચીજવસ્તુઓ વગેરેમાં અતિશય મમતાને લઈને એ બધાં પણ દુ:ખરૂપ બને છે. એ ઉપાધિઓ આપણી જ ઊભી કરેલી હોય છે. એ સાચી વાત છે કે જીવનની વ્યવસ્થા આપણે બગાડીએ છીએ અને પછી દુ:ખી થઈએ છીએ.' મેં કહ્યું.

'ચાલો, તમારી વાત મંજૂર. આધિભૌતિક દુ:ખો માટે આપણે પોતે જવાબદાર; પણ આધ્યાત્મિક-આત્માનાં દુ:ખો માટે આપણે કેવી રીતે જવાબદાર?' પ્રીતિબહેને પૂછ્યું.

'સમજાવું. જન્મ-મરણનાં દુ:ખ, પાપ કર્યાનો પસ્તાવો, સ્વર્ગ કે મોક્ષ મળશે કે નહિ - આ બધાં આત્મા સાથે સંબંધિત દુ:ખો છે. એને કર્મનો સિદ્ધાંત લાગુ પડે છે. કર્મોના ઘણા પ્રકાર છે. કર્મોનું પરિણામ માણસને ભોગવવું જ પડે. જેવાં કર્મ, તેવું ફળ. કર્મોને કારણે જન્મ-મરણ આવે. દુષ્ટ કર્મોને લઈને પાપ કર્યાનો પસ્તાવો થાય. જ્ઞાનમાર્ગ કે કર્મમાર્ગ દ્વારા સ્વર્ગ કે મોક્ષ મળે. આ બધાંનો આધાર આપણાં કર્મો છે. માટે આધ્યાત્મિક દુ:ખો માટે પણ આપણે જ જવાબદાર છીએ.'

માધવભાઈ શ્વાસ લેવા થોભ્યા.

'જળ આપું?'

'ના. ગીતામાં ભગવાને શંખ ફૂંકીને કહ્યું : કર્મના ફળમાં આશા ન રાખો. નિષ્કામ બુદ્ધિથી કર્મ કરો; પણ કોણ સાંભળે? પછી પસ્તાય. શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે કર્મ-માત્ર બંધન છે-બેડી છે. દુષ્ટકર્મ-પાપ લોખંડની બેડી છે, સત્કર્મ-પુણ્ય સોનાની બેડી છે; પણ આખરે તો બેડી જ. તે સોનાની હોય કે લોઢાની; પણ એમાં હાથપગ બંધાય, માટે પાપકર્મો તો ન જ કરવાં, પણ પુણ્ય કમાવાના હેતુથી સત્કાર્યો પણ નહિ કરવાનાં. સત્કાર્યો માત્ર ફરજ સમજીને, નિષ્કામભાવે કરવાનાં.'

'તો આધ્યાત્મિક દુ:ખમાંથી મુક્તિ મળે?' મેં પૂછ્યું.

'હા, એક શરતે?'

'કઈ શરત?'

'કર્મો સંચિત થાય છે, એટલે કે મૂડીની જેમ કર્મોનું ભંડોળ વધે છે. પાપ-પુણ્ય બંનેનું બૅલેન્સ રહે ત્યાં સુધી તો જન્મ-મરણનાં ચક્કર કાપ્યે જ છૂટકો. પાપ-પુણ્યનું બૅલેન્સ શૂન્ય થાય, ત્યારે મોક્ષ મળે. નવો જન્મ લેવો ન પડે. સુખ-દુ:ખમાંથી મુક્તિ મળે. એટલે પાપ-પુણ્યનું બૅલેન્સ ઘટાડવાનું છે, વધારવાનું નથી. માટે પાપકર્મો ન થાય તેના સાવધાની રાખવી. વ્રત, તપ, દાન, તીર્થયાત્રા, જપ, કથા-શ્રવણ આદિ પુણ્યકર્મો ભગવદ્-સુખના

હેતુ માટે કરવાં, સ્વ-સુખ માટે નહિ. જ્યારે આપણે આપણા માટે કશું જ ન કરતાં હોઈએ, ત્યારે દુ:ખનો પ્રશ્ન જ ન રહે. માટે બધું તત્સુખ-ભગવદ્સુખ-માટે કરવાનું છે.'

'અર્થાત્ જળકમળવત્ બની, સાક્ષીભાવથી સંસારમાં રહેવાનું, ખરું ને?' મેં પૂછ્યું.

'હા જી. શ્રીભાગવતના દશમ સ્કંધમાં રાસપંચાધ્યાયી છે. તેમાં અંતર્ગૃહગતા ગોપીજનોનો પ્રસંગ છે.'

'એ ક્યાં ગોપીજનો?' પ્રીતિબહેને પૂછ્યું.

'શ્રીકૃષ્ણે શરદપૂનમની રાતે વૃંદાવનમાં વેણુનાદ કર્યો. તે સાંભળી તરત બધાં ગોપીજનો વેણુનાદની દિશામાં દોડ્યાં. પણ તેમાંનાં કેટલાંકને એમનાં કુટુંબીઓએ રાતે ઘરબહાર જતાં રોક્યાં - ન જવા દીધાં. તેથી તેઓ વિરહથી આકુળ-વ્યાકુળ થઈ ગયાં. આ તેમનું આધિદૈવિક દુ:ખ હતું. એ તાપ-કલેશ એટલો વધ્યો કે તેમના પ્રાણ ચાલ્યા ગયા. જેમના પ્રાણ ઘરમાં રોકાઈ જવાથી ચાલ્યા ગયા, તે અંતર્ગૃહગતા ગોપીજનો.' માધવભાઈએ ખુલાસો કર્યો.

શ્રીમહાપ્રભુજીએ આ પ્રસંગનું રહસ્ય બહુ સુંદર રીતે 'શ્રીસુબોધિનીજી'માં સમજાવ્યું છે. આ ભક્તોને તીવ્ર વિરહ-તાપ થયો, ત્યારે અગ્નિમાં જેમ કચરો બળી જાય, તેમ વિરહાગ્નિમાં તેમનાં જન્મોજન્મનાં સંચિત બધાં પાપો નાશ પામ્યાં. પાપનું બૅલેન્સ શૂન્ય થયું. વિરહતાપથી તેઓ મૂર્છા પામ્યાં, ત્યારે અંત:કરણમાં શ્રીકૃષ્ણનો અનુભવ થયો. ભગવદ્-દર્શન થતાં તેમનાં જન્મોજન્મનાં સંચિત બધાં પુણ્યો પણ ભોગવાઈ ગયાં. પુણ્યનું બૅલેન્સ પણ શૂન્ય થયું. તે જ વખતે તેમનો દેહ છૂટ્યો, તેથી તેમનો મોક્ષ થયો.'

માટે શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'વૈષ્ણવે અજાણતાંય પાપકર્મ ન કરવાં. સેવા, કીર્તન, સત્સંગ, સ્મરણ વગેરે પણ પ્રભુના સુખ માટે કરવાં. સાથે સાથે પ્રભુના મિલન માટે ખૂબ વિરહતાપ કરવો. સર્વ દુ:ખોની આ રામબાણ દવા છે.'

'હવે આધિદૈવિક દુ:ખ સમજાવશો?' મેં પૂછ્યું.

'એક મિનિટ, પ્રોફેસર સાહેબ. તમારો એક પિરિયડ પૂરો થયો. વચ્ચે છાશ પીવાની રિસેસ પાડો. પછી બીજો પિરિયડ શરૂ કરવાનો.' પ્રીતિબહેને ઈન્ટરવલ પાડ્યો.

ફરી ચર્ચા આગળ ચાલી : 'પરમાત્માથી આ જીવાત્માને વિખૂટા પડ્યે અગણિત વર્ષો થઈ ગયાં. તેથી તે દીન, હીન, અજ્ઞાની, આનંદશૂન્ય બન્યો. પોતાની જાતને અને પરમાત્માને ભૂલી ગયો. પરમાત્મા સાથેના તેના સંબંધને ભૂલી ગયો. લક્ષ્યને ભૂલી ગયો. શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ કરાવી, આ બધું યાદ કરાવ્યું. એ યાદ આવતાં આપણને જે પસ્તાવો થાય અને પ્રભુને ફરી મળવાનો જે તાપકલેશ થાય, તે આધિદૈવિક દુ:ખ.

'પણ આવું દુ:ખ તો આપણને થતું જ નથી!'

'એનું પણ કારણ છે. શરીર અને મન સંવેદનશીલ હોય તો દુ:ખ અનુભવાય. મારા હાથમાં તમે સોયો ખોસી દો, તોય મને દુ:ખનો અનુભવ નથી થવાનો. પ્રભુમિલનની બાબતમાં મોટા ભાગના વૈષ્ણવોનાં તન-મન સંવેદનશીલ જ નથી, પૅરાલિટિક છે એમ કહેવાય. એ દુ:ખ તો પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે. જન્મોજન્મની જીવનયાત્રાનું પૂર્ણવિરામ છે.'

'મેં વ્રજમાં એક વ્રજવાસીના મુખે એક પ્રસંગ સાંભળેલો. ભગવાન શ્રીકૃષ્ણના મોકલ્યા ઉદ્ધવજી મથુરાથી ગોકુળ આવ્યા. ગામના ગોંદરે રથ રોકી, એક ગોવાલણીને નંદ-ભવનનો માર્ગ પૂછ્યો. તેણે જવાબ વાળ્યો, 'આ પાણીની નીકે નીકે હાલ્યા જાઓ. જ્યાં નીક અટકે, ત્યાં નંદભવન.'

ઉદ્ધવજીને નવાઈ લાગી. નંદભવનમાંથી આટલું બધું જળ શાનું આવે છે? ગોવાલણીએ ખુલાસો કર્યો, 'અમારો કાનુડો મથુરા ગયો, ત્યારથી નંદબાવા અને જશોદામાનાં આંસુ થંભ્યાં નથી. એ આંસુનું આ જળ છે.'

'વ્રજવાસીઓ વ્રજરાજના વિરહમાં ખૂબ તપ્યા, રડ્યા, પણ સામે કાંઠે મથુરા ન ગયા; એનું શું કારણ?' પ્રીતિબહેને પૂછ્યું.

'તને અંત:કરણમાં શ્રીજીબાવાની લીલાઓનો રોજ અનુભવ થતો હોય, તો ઘરમાં શ્રીજીબાવાની સન્મુખ જવાની જરૂર રહે?' વ્રજવાસીઓને શ્રીકૃષ્ણના મથુરાગમન સુધી જે અનુભવ આંખોથી થતો હતો, તે જ અનુભવ હવે

અંતઃકરણમાં થાય છે. જેને શાસ્ત્રોની પરિભાષામાં વિપ્રયોગાનુભવ કહે છે. તેનું જ બીજું નામ માનસી. તે જ પુષ્ટિમાર્ગનું પરમ ફળ. 'આંતરં તુ પરમ ફલમ્.' પ્રભુનું જેમ બાહ્ય રમણ છે, તેમ ભક્તોના હૃદયમાં પણ અંતર-રમણ છે. આંતર-રમણ સિદ્ધ થયું એ વ્યસન અવસ્થા-સર્વાત્મભાવની સર્વોચ્ચ સ્થિતિ. તે બીજાઓને બાહ્ય રીતે કલેશરૂપ, દુઃખરૂપ લાગે, પણ તે ભક્તને તો પરમ આનંદનો જ અનુભવ થાય. માટે 'નિરોધલક્ષણ'માં શ્રીમહાપ્રભુજીએ માગ્યું કે 'હે પ્રભુ! જે તાપક્લેશનું દુઃખ નંદયશોદાને મળ્યું, તેની થોડીક કણિકા મને પણ મળજો.' આમ, આદિદૈવિક દુઃખ તો અલૌકિક સુખરૂપ છે. તે દુઃખ છે જ નહિ.'

'માધવભાઈ, દુઃખ વિષેનો મારો અડધો ભ્રમ તો ભાંગી ગયો.'

'તો અડધો કયો બાકી રહ્યો?'

'પ્રભુના ભક્તો ખૂબ દુઃખ વેઠે છે અને દુષ્ટો મહાલે છે, તેનું શું કારણ?'

'ખરી વાત, હોં. આપણી બાજુમાં પેલો પંજાબી છે, તે દાણચોરીનો ધંધો કરે છે, ધનમાં આળોટે છે. સાઈઠ વર્ષેય લાલઘૂમ છે. નખમાંય રોગ નથી. બધી વાતે પૂરો છે. એ સુખી છે.' પ્રીતિબહેન બોલ્યાં.

'અને આપણે પ્રભુની ભક્તિ કરનાર દુઃખી છીએ, એમ જ ને?'

'હાસ્તો, દીવા જેવી વાત છે. એનો કોઈ જવાબ છે તમારી પાસે?'

'જો પ્રીતિ, દરેક પ્રશ્નનો જવાબ તો હોય જ. આપણને ખબર ન હોય તે જુદી વાત. ઘૂવડ સૂરજને ન જુએ, એટલે સૂરજ ન હોય?'

'તમને દલીલોમાં નહીં પહોંચાય. જો જવાબ હોય તો આપો ને.'

'ખુશીથી. પ્રોફેસર કદી પ્રશ્નથી ગભરાય કે ઉશ્કેરાય નહિ. પ્રશ્ન તો ચેલેન્જ છે. નવા જ્ઞાન માટેનું દ્વાર છે. તારા પ્રશ્નનો જવાબ શ્રીમહાપ્રભુજી અને શ્રીહરિરાયજી આપતા હોય, તો મારે આપવાની જરૂર ક્યાં રહી!'

'તમે વાતમાં મોણ નાખવા માંડ્યું. માણસને ન આવડે ત્યારે આમ છટકી જાય!'

'તને 'નવરત્ન' આવડે છે ને? વિનિયોગેઽપિ સા ત્યાજ્યા... ત્યાંથી બોલવા માંડ જોઈએ.'

'વિનિયોગેઽપિ સા ત્યાજ્યા, સમર્થો હિ હરિઃ સ્વતઃ
લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્....'

'બસ, બસ. જોયું? શ્રીહરિ પોતાના અંગીકૃત જીવોને લૌકિક કાર્યો અને વૈદિક કાર્યો સ્વસ્થતાથી, સુખશાંતિથી કરવા દેતા નથી.'

'પણ કેમ?'

'એનો જવાબ બાઈબલમાં છે,

'No man can serve two masters. Either you serve the world and leave the God, or you serve the God and leave the world.'

એકી સાથે બે તલવાર એક મ્યાનમાં ન રહે. તારી જ વાત કર ને. હું રાત-દિવસ વાંચવા-લખવામાં વ્યસ્ત રહેતો, ત્યારે તું શું કહેતી?'

'કહેતી કે આ પેન મારી શોક્ય છે. હું તમારી સાથે ઝઘડતી; કારણ કે તમારા વિના એકલવાયું લાગતું.'

'બસ, એ જ વાત છે. ભગવાનની ભક્ત પાસે ભક્તિની અપેક્ષા છે. ભક્ત ભક્તિ છોડી લૌકિક-વૈદિકમાં પરોવાય, ત્યારે ભગવાન અકળાય. ભગવાન વિચારે કે મારા ભક્તનાં લૌકિક-વૈદિક છોડાવું. એમાં તેને સુખશાંતિ ન મળવા દઉં. જ્યાં સુખ મળે, ત્યાં દોડીએ - દુઃખ દેખી પાછાં ભાગીએ. લૌકિકમાંથી પાછા ભગાડવાની ભગવાનની આ લીલા છે. પોતાના બનાવી રાખવાની આ કૃપા છે. એટલે ભક્તને મળેલું દુઃખ, દુઃખ નથી; પણ ભગવાનની દયાનું દાન છે.'

'શ્રીકૃષ્ણ-ચરિત્રમાં શકટભંજનનો પ્રસંગ છે. જશોદાજી શ્રીબાલકૃષ્ણલાલ તરફ ધ્યાન ન આપતાં, ગાડા નીચે તેમને સુવાડી, ઘરકામમાં વ્યસ્ત થઈ ગયાં. વ્રજવાસીઓની મૂડી-મિલકત તે દૂધ, દહીં, માખણ, ઘી. ગાડું આ બધાંથી ઠસોઠસ ભરેલું. પ્રભુએ બાળલીલા કરી, પોતાનો ચરણ-કમળ ગાડાને લગાડતાં, પ્રભુની ઇચ્છા પ્રમાણે આખું ભરેલું ગાડું ઊંધુ વળી ગયું. ધબાકો સાંભળી જશોદાજી દોડી આવ્યા. લાલને ગોદમાં લીધા. એકલા છોડવા માટે પસ્તાયાં.' મેં કહ્યું.

‘ખરી વાત. શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ પણ આજ્ઞા કરી : **લૌકિક ક્લેશસંબંધો હર્યંગીકૃતલક્ષણમ્** અર્થાત્ શ્રીહરિએ આપણો અંગીકાર કર્યો છે, એનું એક લક્ષણ એ છે કે આપણને લૌકિકમાં ક્લેશ આવે, વધે. લોક કહેવત છે : દુઃખમાં સાંભરે રામ. ભક્ત ભગવાનને વળગી રહે, તે માટે તેના જીવનમાં દુઃખો વધારે આવે છે.’ માધવભાઈ થોભ્યા.

‘ભાઈ, આગળ આપે વાત કહી કે પ્રભુ પાપ-પુણ્ય ભોગવાવી લે ત્યારે મોક્ષ મળે. દુઃખો પાપનો ભોગવટો છે. જે પાપો ભોગવવા માટે અન્ય જીવોને સેંકડો જન્મ લેવા પડે, તે પાપો ભગવાન ભક્ત પર કૃપા કરીને, તેને આ જન્મમાં ભોગવી લેવાની સગવડ કરી આપે છે; એટલું જ નહિ, શૂળીનો ઘા સોયથી કરે. કોઈ સારા પ્રસંગે બહારગામ જવું હોય. બસમાં ભીડ હોય, ત્યારે વિચારતાં નથી કે ચાલો બે કલાક તકલીફ વેઠવી પડશે ને? પછી તો જલસો જ છે! તેમ અનેક જન્મો સુધી દુઃખી થવા કરતાં એક જન્મારાનું દુઃખ, દુઃખ ન કહેવાય, આશીર્વાદ કહેવાય.’ મેં ઉમેર્યું.

‘તદ્દન સત્ય. શ્રીમહાપ્રભુજીનો પણ આવો Positive approach છે, માટે આજ્ઞા કરી : **‘ત્રિદુઃખસહનં ધૈર્યમ્.’** એ સહન કરનાર જડ-ભરતજી અને ગોવાલણીનાં ઉદાહરણો આપ્યાં. આપણા ભગવદીયોમાંય ઘણાંએ આ આજ્ઞાનું બહાદુરીથી પાલન કર્યું છે. ભક્ત સિંહ જેવો હોય. હાથીને જોઈને ડરી ન જાય, બહાદુરીથી સામનો કરે.’

માધવભાઈના મોં પર પરસેવો વળ્યો હતો. આંખોનાં ઊંડાણમાં દર્દનું કષ્ટ હતું, પણ મુખ પર પ્રસન્નતાનું સ્મિત હતું. પ્રીતિબહેને પરસેવો લૂછયો. જળ પાયું. માધવભાઈએ ગળું સાફ કર્યું.

‘આ વિષયમાં એક છેલ્લી વાત. લૌકિક પ્રેમીઓ લયલા-મજનુ અને હીર-રાંઝા વગેરેની કથાઓ જાણીતી છે. આજેય એવા ઘણા પ્રેમીઓ દુનિયામાં હશે. એ બધાંએ તેમના પ્રેમ ખાતર ઓછાં દુઃખો વેઠ્યાં છે? પણ તેમણે કદી પીછેહઠ કરી નથી, બલકે દુઃખોમાંથી તેમનો પ્રેમ શક્તિશાળી બની આગળ વધ્યો છે. પ્રેમનો છોડ પોચી જમીનમાં નથી પાંગરતો; ડુંગરાળ પથ્થરો તોડીને તે બહાર આવે છે. દુઃખ પ્રેમીઓની Asset સંપત્તિ છે. જો લૌકિક પ્રેમને દુઃખો બળવાન બનાવતાં હોય, તો અલૌકિક પ્રેમ તો દુઃખોથી વધુ શક્તિશાળી બને.

તો શું આ વાત પ્રભુપ્રેમીઓ એ જ જુસ્સાથી ન કરી શકે? પ્રેમ તો પાવકપંથની જ્વાળા છે. પ્રેમમાર્ગ મરજીવાઓનો માર્ગ છે. પ્રેમ ખુમારી માગે છે, મર્દાનગી માગે છે. જે લડે, તે જીતે. જે ભાગે તે હારે. કુંતાજીએ શું માંગ્યું? દુઃખ! માટે દુઃખથી ગભરાય તે શ્રીવલ્લભનો વૈષ્ણવ નહિ. સાથે દુઃખની વાત હૈયે પૂરી રાખીએ, હોઠ પર ન લાવીએ. એટલે તો આપણા ત્યાં બાલભાવની સેવા છે. બાળક સામે રડાય નહિ કે કંઈ મંગાય નહિ; તેમ શ્રીઠાકોરજી સામે વૈષ્ણવ રડે નહિ કે કંઈ માગે નહિ.’

‘કૃષ્ણદાસ મેઘને શ્રીમહાપ્રભુજીને પ્રશ્ન કરેલો કે પ્રભુને સૌથી વધુ અપ્રિય શું છે? આપશ્રીનો જવાબ હતો - ક્લેશ. આનંદસ્વરૂપ પ્રભુને ક્લેશ પ્રિય નથી. જ્યાં ક્લેશ ત્યાં કંસ, જ્યાં પ્રસન્નતા ત્યાં પ્રભુ. માટે વૈષ્ણવને દુઃખ પી જતાં આવડવું જોઈએ.’ મેં કહ્યું.

‘જે દુઃખ પી, હસી જાણે તે હરિને પામે. જેના હૃદયમાં હરિ, તેની ચોમેર અલૌકિક સુખની હરિયાળી અને દુઃખના થોરની વાડ.’

પ્રીતિબહેન ઊઠ્યાં. બાસ્કેટમાં ચીજવસ્તુઓ ભેગી કરતાં બોલ્યાં : ‘આવું કહેનારા તો ઘણા, પણ જીવનમાં જીવનારા તમારા ભાઈ. આજે નજરોનજર જોયું. એટલે એમની વાતમાં વિશ્વાસ બેઠો. હવે હું તો નહિ જ રડું. ચાલો, હું જઉં.’

‘બહેન, રાતનું વાળુ લઈને તમે ન આવશો. હું આવીને લઈ જઈશ. એટલો સમય માધવભાઈ પાસે સિસ્ટરને બેસાડીશ.’

‘ભલેં, જય શ્રીકૃષ્ણ.’

‘જય શ્રીકૃષ્ણ.’

■

૧૧

કૈસે સુખ ઉપજાય રી!

‘જીજાજી, જય શ્રીકૃષ્ણ. તમને આ શું થઈ ગયું?’ ધસમસતી જાણે એક મહા નદી બારણું ધકેલી, રૂમમાં ધસી આવી.

‘જય શ્રીકૃષ્ણ, ક્યારે આવી?’

‘કાલે રાતે જ. હવે કેમ છે?’

‘મજાનું, ફાઈન, કેમ રહ્યો તારો પ્રવાસ?’

‘પ્રવાસ નહીં, યાત્રા. ખૂબ મજા આવી.’

‘લયભાઈ, આ હરિતા. પ્રીતિની નાની ને લાડકી બેન, મારી સાળી.’

‘જય શ્રીકૃષ્ણ.’

‘જય શ્રીકૃષ્ણ.’

‘આ છે લયભાઈ, રાજશ્રી અને વૈભવના લંગોટિયા મિત્ર.’

હરિતાએ એની નજરમાં જાણે મેજરટેપ ગોઠવી હોય, એમ તે મને નખથી શિખ પર્યંત માપી રહી. એની પ્રથમ ઝાંખીએ મારી આંખો પણ ચંચળ બની. સૌંદર્ય-દર્શનના સ્વભાવે આળસ મરડી. નજરો રહી-રહીને મળતી, ટકરાતી; પણ વિવેકના ભાને પાછી વળતી.

હરિતા કદાચ મારી સમવયસ્ક જ હશે. ત્રીસ આસપાસની, ઊંચી સાગના સોટા જેવી. ગોરી, ગુલાબના ફૂલ જેવી. સૌંદર્યશાસ્ત્રે વર્ણવેલ નારી-રૂપના નમૂના સમી. જાણે શિલ્પોમાં કંડારાયેલી અપ્સરા-શી. કાળા સોનેરી પટાની લીલા રંગની કોટન સાડી ગુજરાતી ઢબે છટાદાર રીતે પહેરેલી. એ જ રંગનો કબજો. નાગફણા-શો ભરાવદાર, લાંબો વાળનો ચોટલો. હાથે ઘડિયાળ. બીજા હાથે સોનાનું કડું. ગળામાં સોનામાં ગાંઠેલી તુલસીની માળા. કાનમાં સોનાની મોટી કડીઓ. ભાલમાં લાલ ટીલડી-દીપશીખા-શી!

પાછળ પ્રીતિબહેન પણ આવ્યાં. બે હાથમાં બે બાસ્કેટ હતી. છાતીમાં થોડી હાંફ હતી, પણ મુખ પર કાલ કરતાં વધારે તાજગી અને પ્રસન્નતા હતી. સૌને જય શ્રીકૃષ્ણ કરી, માધવભાઈ પાસે, પલંગ પર બેસી ગયાં.

‘સોરી, મોટીબેન. જીજાજીને મળવાના રઘવાટમાં હું તો રીક્ષામાંથી બાસ્કેટ લેવાનું જ ભૂલી ગઈ. તમને તકલીફ આપી. એક્સ્ટ્રીમલી સોરી.’

‘હરિતા, મોટીબેનને તકલીફ આપવાની તારે ક્યાં નવાઈ છે! હવે લાઈફ-પાર્ટનર શોધી કાઢે, તો તારી મોટીબેનને એક ચિંતા ઓછી થાય અને તકલીફ આપવા તને નવું પાત્ર મળી રહે.’

‘ઓહ’ જીજાજી. પાછી એ જ વાત. તમને અને મોટીબેનને હવે હું વધારે ભારે પડીશ!’

હરિતા અટકી. પછી મનોમન બબડતી હોય તેમ બોલી, ‘વાત ખોટી નથી. પણ મન ઠરે અને ઠારે એવું કોઈ મળવુંયે જોઈએ ને! શોધી આપો જાઓ. આજની કાલ કરું તો મારી કટ્ટા કરજો.’

તે પ્રીતિબહેનના પડખામાં લપાઈ ગઈ. પ્રીતિબહેને તેના વાંસે અને ખભે માતાની મમતાથી હાથ ફેરવ્યો, ‘મારી હરિતા બહારથી વાઘ જેવી છે, પણ અંદરથી લજામણીનો છોડ છે, લયભાઈ! નાનપણથી મમ્મી વિનાની થઈ છે, એટલે એને ઓછું જલદી આવી જાય! પપ્પાની ટ્રાવેલ એજન્સીનો ધીકતો ધંધો પપ્પાના ગયા પછી એકલા હાથે સંભાળે છે. પપ્પા તો એને દીકરો જ કહેતા. આજ સુધી પરણવા માટે ધરાર ના પાડતી. આજે જ જરા કૂણી પડી છે.’

‘ટૂરમાં કોઈ મોરલો આજુબાજુ ટહૂકા કરતો નાચ્યો લાગે છે.’

‘જીજાજી!’

‘જોયું, રીસમાંય કેવી રાજી થાય છે!’

‘પ્રીતિબહેન, તમારાં બહેનના આવતાં વાતાવરણ હળવુંફૂલ બની ગયું. અષાઢના તાપ પછીના પહેલા ઝાપટા જેવું. માધવભાઈ, મને લાગે છે હવે હું તમારા સૌની રજા લઈ, ઘેર જઈ શકું. તમને કંપની મળી ગઈ છે અને

પ્રીતિબહેનને મદદ મળી ગઈ છે. મારેય હવે સ્કૂલ ખૂલશે. નોકરીની વહી બેઢંગી રફતાર ફરી ચાલુ થશે.'

સૌ મૌન રહ્યાં. કોઈએ કશો જ પ્રતિભાવ ન આપ્યો. માધવભાઈએ સહેજ નિસાસો નાખ્યો. પ્રીતિબહેનની આંખમાં ઉદાસી હતી. હરિતાનું મોં વિલાઈ ગયું!

'એ બધી વાતો કરવા ઘણો સમય છે. પહેલાં પ્રસાદ લો. આજે હરિતાની ઈચ્છા છે કે સૌ સાથે પ્રસાદ લઈએ - છાકલીલા.'

હરિતાએ પણ સ્વસ્થાતા મેળવી, 'જીજાજી, કદી હોસ્પિટલમાં પ્રસાદ લીધો નથી. એ પણ 'એન્જોય' કરીએ. તમને તો હવે જલસા, મોટીબેન કોળિયા ભરાવે. તમારે માત્ર ચાવવાનું.'

'એય તું કરી આપે તો સીધું ગળે ઉતારી દઉં.'

'ના હોં, એમ મારું અધરામૃત તમને ન મળે. અધરામૃતની લાલસા હોય, તો મોટીબેન હાજરાહજૂર છે.'

'તો તારું અધરામૃત....?'

'હરિતા, ઓછું બોલ. તારા જીજાજી ચીડવશે અને પછી તું રડીશ. ચાલ, પાતળો પીરસવા લાગ.'

હરિતા બાથરૂમમાં ગઈ. અનાયાસ મારી આંખો પણ એની પાછળ પાછળ ગઈ. કદાચ માધવભાઈ અને પ્રીતિબહેનની અનુભવી આંખોએ તે જોયું હશે. બાથરૂમના બારણેથી આંખો પાછી વળી, ત્યારે બંનેની ચાર આંખોનું તારામૈત્રક રચાયેલું હતું.

પાતળો પીરસાઈ. પલંગ પાસેની ટિપોઈ પરની એક પાતરમાંથી પ્રીતિબહેન માધવભાઈને પહેલાં કોળિયો ભરાવતાં અને પછી પોતે લેતાં. દીવાલ પાસેનું ટેબલ રૂમ વચ્ચે લાવીને, ત્યાં ખુરસીઓ મૂકી, અમારી બંનેની પાતળો પીરસાઈ હતી. હરિતાની સામે બેસી હું પ્રસાદ લેવા લાગ્યો.

'પ્રીતિ, આજે કોઈ ઉત્સવ છે કે શું? શ્રી.. વેઢમી અને દહીંવડાં આરોગ્યા છે ને કંઈ.'

'હરિતાનો મનોરથ હતો. તેણે એ બંને સામગ્રી સિદ્ધ કરી છે.'

'એય, શું વાત છે? અમારાથી છુપાવે છે?'

'જીજાજી, આજ સુધી કશું છુપાવી શકી છું? અને તેય તમારાથી અને મોટી બેનથી? બસ, હૃદયમાં પ્રેરણા થઈ. તમે નહોતા કહેતા કે દુઃખ આવે, ત્યારે મનોરથ કરવો! બસ, એમ માની લો.'

'લયભાઈ, સામગ્રી ઠાકોરજી કેવી આરોગ્યા છે? તમારા ભાઈ તો કહે કે વૈષ્ણવ માગી-માગીને લે, તો ઠાકોરજી પ્રસન્નતાથી આરોગ્યા છે એમ જાણવું.' પ્રીતિબહેન બોલ્યાં.

'જોયું લયભાઈ, પ્રીતિએ આમ કહીને સૂચવ્યું કે માગો, ખૂબ લો.' માધવભાઈએ મમરો મૂક્યો.

'અહીં હું એકલો જ ઓછો વૈષ્ણવ છું?' મારી તીરછી નજર હરિતા તરફ વળી.

'મને ભારે ભોજનની મનાઇ. પ્રીતિ બીજી ગાંધારી. હરિતાને શરીર વધી ન જાય, એની સતત ચિંતા. રહ્યા તમે એકલા. ખરું ને પ્રીતિ? પ્રીતિને વાસણ ખાલી કરવામી ફિકર. પ્રીતિ, મને લાગે છે કે સામગ્રી સિદ્ધ કરનારે જ આગ્રહ કરવો જોઈએ.' માધવભાઈ હસ્યા.

'હરિતા, તારા જીજાજીને કોઈ ન પહોંચે. ફેંક્યો ને બોલ તારી જ કૉર્ટમાં? આવડત હોય તો રિબાઉન્ડ કર.' પ્રીતિબહેને કહ્યું.

'મોટીબેન, ટેનિસમાં જીજાજીની શિષ્યા છું. ગુરુએ 'પુત્રાત્ શિષ્યાત્ ઈચ્છેત્ પરાજ્યમ્.' પણ એમને હરાવી, મારાથી એમનું ગૌરવ ખંડિત ન કરાય. મહેમાનને આગ્રહ કરતાં મારે તમારી પાસેથી હજી શીખવાનું છે.'

હરિતા ઊઠી. ડાબા હાથેથી વેઢમી લઈ, મને પીરસવા આવી. મેં પાતળ પર બે હાથનું કવચ કર્યું.

'પ્લીઝ, મારું માન રાખો.' હરિતાની નજરોમાં જાણે લાગણીનાં ઘોડાપૂર હતાં.

'એક શરતે. તમે કંપની આપો તો.'

તે મલકાઈ, 'ઓ.કે.'

'વેઈટ, તો લેડીઝ ફર્સ્ટ.'

હરિતા ગૂંચવાઈ. માધવભાઈ હસતાં હસતાં બોલ્યા, 'પ્રીતિ, સાંજે બ્યારુ પછી દૂસરા ભોગનું પદ યાદ છે, 'હસિ હસિ દૂધ પીવત નાથ' ગા તો!'

'તમને પ્રસાદ લેતાં એ પદ ક્યાંથી યાદ આવ્યું?'

'તમે નહિ સમજાય. અમને લેખકોને ગમે ત્યારે ગમે તે યાદ આવે. તું પદ ગા ને.'

પ્રીતિબહેને મીઠી હલકથી પદ ગાયું.

'સરસ. જોઈ લલિતાજીની ચતુરાઈ? સ્વરૂપ બે અને દૂધનો કટોરો એક. કોને પહેલાં આપવો? સામાન્ય રીતે, લૌકિકમાં પહેલાં પુરુષને અપાય; પણ ચતુરશિરોમણીની આ ચતુરા સખીએ શ્રીકિશોરીજીના હસ્તમાં એ કટોરો ધરી દીધો. શ્રીકિશોરીજીએ ઓછાં કમ છે? ધરી દીધો પ્રિયતમના મુખે. તો જ અધરામૃતનો લાભ મળે ને!'

'પણ આ પદનો કોઈ સંદર્ભ?' પ્રીતિબહેને પૂછ્યું.

'પેલું ફિલ્મી ગાયન છે - સમજનેવાલે સમજ ગયે, ના સમજે વો અનાડી હૈ.' માધવભાઈ ખડખડાટ હસી પડ્યા.

હરિતાએ વેઢમી મારા હાથ પર મૂકી દીધી. તે શરમાઈ ગઈ. હું સંકોચાયો. પ્રીતિબહેન બાઘાની જેમ જોઈ રહ્યાં.

ભોજન સંપન્ન થયું. હરિતા બીડીની ડબી લાવી. માધવભાઈ અને પ્રીતિબેનને ખવડાવી. મારા હાથમાં મૂકતાં, તેનાં ટેરવાં અનાયાસ મારી હથેળીને સ્પર્શ્યાં. ક્ષણેક હથેળીમાં ચોંટી રહ્યાં. મારા શરીરે ન સમજાય તેવી સુખદ ઝણઝણાટી અનુભવી; કદાચ હરિતાએ પણ. બીડીથી હોઠ રાતા થાય, પણ તેનું ગુલાબી મોં આખું રતૂમડું થઈ ગયું.

બહાર કમ્પાઉન્ડમાંથી કોયલનો ટહૂકો, ખુલ્લી બારી વાટે અંદર ધસી આવ્યો. કોયલના પંચમ સ્વર આવતા જ રહ્યા. એને આવકારતાં હું બારી પાસે પહોંચી ગયો. બારીમાંથી દેખાતાં વૃક્ષોની ડાળીઓમાં કોયલને શોધતો રહ્યો. સાથોસાથ મોટેથી બબડ્યો, 'નવાઈ છે. વસંતની વિદાય પછી કોયલ ટહૂકે અને તે પણ લીમડાની ડાળે.'

'લયભાઈ, કોયલ અને ટેરવાં - બેયને ટહૂકવાની ટેવ. કોકિલ તો પંચમ સ્વરમાં ટહૂકે, પણ ટેરવામાંથી તો સ્પંદન-સંવેદનના બધા સૂરો ટહૂકે. એ ટહૂકે ત્યારે વસંતને આવવું પડે. શ્રીમહાપ્રભુજીનો જગન્નાથપુરીનો પ્રસંગ તો ખબર છે ને? ભગવાન જગદીશનાં આપ દર્શન કરી રહ્યા હતા. એકાદશી હતી. એક પંડાએ જગદીશનો સખડી પ્રસાદ આપના જમણા હસ્તમાં પધરાવી દીધો. પુરીમાં પ્રસાદનો અનાદર ન થાય. એકાદશી વ્રતનો આગ્રહ નહિ, પણ આચાર્યશ્રીને વ્રતનો અતિઆગ્રહ. આપ પ્રસાદ હસ્તમાં રાખી, રંગમંડપના છેવાડાના ભાગે એક સ્તંભ પાસે ઊભા રહ્યા. વીસ કલાક ભગવદ્-ગુણ ગાતા રહ્યા. આપના ડાબા હસ્તનાં ટેરવાં શ્યામ સ્તંભ પર ટેકવાયેલાં હતાં. ભગવન્નામથી હૃદય દ્રવ્યું. ટેરવાં પણ દ્રવ્યાં. શ્યામ સ્તંભ દ્રવ્યો. માખણ-શા બનેલા સ્તંભમાં ટહૂકતાં ટેરવાંના ખાડા પડ્યા. પાંચસો વર્ષે આજે પણ ત્યાં એ ખાડા છે.'

'હા, પુરોહિતે મને એનાં દર્શન કરાવ્યાં. એ ખાડામાં મારાં ટેરવાં ધરી, મેં ત્યાં ઊભા રહી, 'મધુરાષ્ટક' ગાયું. રોમરોમ રાજી થઈ ગયું.'

'જીજાજી, તમારી વાતમાંથી મને એક નવો વિચાર આવ્યો.'

'સાંભળજો. દુનિયાભરના બધા નવા વિચારો આને જ આવે છે. માત્ર એને એનો જ વિચાર હજી સુધી નથી આવ્યો.' પ્રીતિબેને કહ્યું.

હરિતાએ સાંભળ્યું, ન સાંભળ્યું કરી કહ્યું, 'જીજાજી, તમે તમારી આત્મકથા લખી નાખો. ટાઈટલ પહેલું જડી ગયું, 'ટેરવાંને ટહૂકવાની ટેવ.' પણ સોરી, લખી નાખો નહિ, બોલી નાખો. ટૅપરેકોર્ડર લખી નાખશે. પછી તેને છપાવી દઈશું.'

'પછી તે પ્રકાશિત થાય, ત્યારે તેનું નામ પાડવાનું ફોઈબાનું દાપું માગવાની ને?'

'તમે ટૅપરેકોર્ડરને આત્મકથા લખાવશો, તો દાપું નહિ માગું, બસ!'

'ગાંડી, આત્મકથા તો મહાપુરુષની હોય. હું તો માધવદાસ છું. દાસની આત્મકથા ક્યાંય વિશ્વ-સાહિત્યમાં લખાયેલી જાણી છે? ટેરવાંને ટહૂકવાની ટેવ છે, તો ટહૂકશે. ઘણા ગ્રંથોનો મનોરથ છે. ગ્રંથોનો છપ્પન ભોગ શ્રીવલ્લભને ધરવો છે.'

'હરિતા, તું કહેતી હતી ને કે પ્રસાદ લઈને તારે તરત જ ઑફિસે જવાનું હતું.' પ્રીતિબહેને પૂછ્યું.

'એ તો ભૂલી જ ગઈ. યાદ કરાવવા માટે આભાર. હું નીકળું ત્યારે.'

'એક મિનિટ, તને વાંધો ન હોય, તો લયભાઈને પણ તારી સાથે લઈ જા ને. આવ્યા છે, ત્યારથી તારા જીજાજીનો આ રૂમ તેમણે છોડ્યો નથી. તેમને થોડો ચેઈન્જ મળશે.'

'અને તારી મોટીબેનને વેઢમીનું ઘેન ચડવાનું. એટલે નિરાંતે બે કલાક ઊંઘવા મળશે. અમારા બેની હાજરીમાં એને ઊંઘવાનું અશક્ય.'

'ઓહ, સ્યોર. ચાલો, મારી ઑફિસ વૈષ્ણવનાં પગલાંથી પાવન થશે. યૂ આર વેલકમ. પણ જીજાજી, તમે શબ્દોના માણસ છો. શબ્દના લયમાં કુશળ છો. લયભાઈ કહો છે, તે એમાં લયનો તાલ છે? સાવ બેતાલું લાગે છે મને તો!'

'તો શું કહેવાનું? તું જ કહે ને?'

'એની ખબર નથી, એ તો પંચાત છે. હા, એટલી ખબર છે કે દરેક માણસના જીવનમાં એકાદ લય હોય છે. એના કાન એ લયથી ઘણા ટેવાઈ ગયા હોય છે. એના પોતાના લય સિવાય બીજા લય, તેને અકળાવનારા, બેતાલા લાગે.'

'જેમ કે?'

'જીજાજીનો લય છે, કાગળ પર સરકતી બોલપેનના અતિ સૂક્ષ્મ મર્મર સાથે કાગળ અને પુસ્તકોનાં ફરફરતાં પાનાંની ફરફરાહટની જુગલબંદીનો. મોટીબેનને લય છે તાવેથા, ચમચાના તાલનો. મારો લય છે લક્ઝરી બસના અવાજનો. હવે એ લયમાં આમનો લય મળે, તો સંવાદી સ્વરોનું સપ્તક રચાય.' હરિતા બોલતાં બોલી ગઈ, પણ પછી છોભીલી પડી ગઈ. ક્ષોભ છુપાવવા તેણે કહ્યું, 'બહુ બડબડાટ કરી નાખ્યો, નહિ? સાલુ ભાન રહેતું નથી ને બફાટ થઈ જાય છે.'

'બાફલાને ચાસણી પાતાં શીખી જા. પછી વાંધો નહિ.' પ્રીતિબહેન કંઈક મર્મમાં બોલ્યાં.

'ચાલો, આપણે જઈશું? અમે સાંજ સુધી આવી જઈશું. આવજો, જય શ્રીકૃષ્ણ.'

હરિતાની સાથે હું નીકળ્યો.

■

૧૨

જા પર કમલાકંથ ઢરૈ

'Welcome to Vah Travels.'

હરિતાએ પૂરી વ્યાવસાયિક કુશળતાપૂર્ણ નજાકતથી મને સસ્મિત આવકાર્યો.

સયાજીગંજના મેઈન રોડ પરના એક ઍપાર્ટમેન્ટના પ્રથમ માળે, એક ફ્લેટના કાચના બારણે ઊડીને આંખે વળગે તેવી ગ્લાસની પેનલ ઉપર ગુજરાતી-અંગ્રેજીમાં 'વાહ ટ્રાવેલ' લખેલું હતું. આગળના રૂમમાં રિસેપ્શનિસ્ટનું ટેબલ અને સામે વિઝિટર્સ લૉન્જ હતી. જમણા હાથે બીજા રૂમમાં કંપનીનો સ્ટાફ બેસતો હતો. રિસેપ્શનિસ્ટની બાજુના બારણાને પુશ કરી હરિતાએ મને કહ્યું : 'કમ ઈન પ્લીઝ.'

રિસેપ્શનિસ્ટ હરિતા જેવી જ સ્માર્ટ લાગી. હરિતાને રૂમમાં પ્રવેશતાં જ ઊભી થઈ ગઈ હતી. પ્રોફેશનલ સ્માઈલ આપી, તેણે હરિતાને આવકારી: 'ગુડ આફટર નૂન મેડમ. જય શ્રીકૃષ્ણ. આવી ગયાં?'

'જય શ્રીકૃષ્ણ, નિહાર.'

અમે હરિતાની ઑફિસમાં ગયાં. ઑફિસ એરકંડિશન્ડ હતી. હરિતાએ મશીન ચાલુ કર્યું. ઑફિસ સાદગીપૂર્ણ છતાં દમામદાર હતી. મારા માટે તો ઑફિસ જોવા-જાણવાનોય આ પહેલો અનુભવ.

'પ્લીઝ, બી સીટેડ.'

હું સોફા પર ગોઠવાયો, અને હરિતા તેની ઍક્ઝિક્યુટિવ રિવોલ્વિંગ ચેરમાં. તેની રિસેપ્શનિસ્ટ અંદર આવી.

'લય, શું ચાલશે - ચાહ, કૉફી કે ઠંડુ?'

'ખાસ જરૂર નથી. નો ફૉર્માલિટિસ પ્લીઝ.'

'તમારે માત્ર સિલેક્શન કરવાનું છે.'

'તો પછી ચા.'

'નિહાર, બે કપ ચા મોકલ.'

'મારા માટે કડક-મીઠી. તમે એ ન પૂછ્યું કે આ ગરમીમાં ચા કેમ?'

'મહેમાનને એવું પૂછવાનો અમારો પ્રોફેશનલ એટિકેટ નથી.'

'પણ હું તમારો કસ્ટમર ક્યાં છું? યુ નો, ચોરાસી લાખ યોનિમાં દૂધ મળે - આખરે માતાનું દૂધ; પણ ચા તો માનવયોનિમાં જ સુલભ, એટલે ચા પીવાય એટલી પીવી. મારું ચાલે તો વૉટર-પાઈપની જેમ ટી - પાઈપ લગાવડાવું.'

'યુ આર જોકિંગ?'

'નો, આઈ એમ સિરિયસ.'

'નિહાર, ચા આવે ત્યાં સુધી દેવલેકરને ફાઈલો લઈને મોકલ. લય, ઈફ યુ ડોન્ટ માઈન્ડ, હું જરા પંદર દિવસનો સ્ટૉક લઈ લઉં.'

'જરૂર, વિથ પ્લેઝર.'

મારી નજર હરિતાની ઑફિસનો સ્ટોક લઈ રહી હતી. દીવાલો પર આછા લીલા રંગમાં ઝીણી સક્કરપારાની ડીઝાઈનનો વૉલપેપર લાગેલો હતો. તેની પછીની અર્ધી દીવાલ હિમાચ્છાદિત, ચમકતાં શૈલશિખરો વચ્ચેથી વહેતાં યમુનાજીના ચિત્રવાળા વૉલપેપરથી મઢેલી હતી. તો બાકીની કન્યાકુમારીના ત્રણ સમુદ્રોની પાર્શ્વભૂમિમાં દાક્ષિણાત્ય મંદિરના ભવ્ય ગોપુરમ્‌ના ચિત્રવાળા વૉલપેપરથી. ચપોચપ લાગેલાં એ ચિત્રોની ખૂબી એ હતી કે ક્યાંય કોઈ સાંધો ન દેખાય. જાણે શૈલસાગરનું, ઉત્તર-દક્ષિણનું મધુરું મિલન! ઑફિસના બારણા સામે બાલ્કનીમાં જવાનું બારણું હતું. એ દીવાલ પર પૉલિશ્ડ વૂડન પૅનલ પર વિઝિટ ઈન્ડિયાનાં ચિત્રો હતાં. આખું ભારત ત્યાં ચિત્રોરૂપે બેસી ગયું હતું. - એક આગવી અદાથી. તેની સામેની દીવાલ પર વિશ્વરૂપની વૂડન પેનલ શોભતી હતી. એ પર મારી આંખ ફરતી ગઈ, બોલતી ગઈ : હમીનસ્તો, હમીનસ્તો, હમીનસ્તો.... સ્વર્ગ તો બસ અહીં જ છે!

હરિતા દેવલેકર સાથે ધીમા અવાજે થયેલી કામગીરી સમજતી હતી.

નિહાર ચહાની ટ્રે લઈને આવી.

'લેટ અસ હેવ એ ટી બ્રેક (આપણે ચહા પી લઈએ), મિ. દેવલેકર.'

તે ઊઠીને સોફા પર મારી બાજુમાં આવીને બેઠી. દેવલેકર પણ મારી બાજુના સિંગલ સોફા પર ગોઠવાયા. નિહાર હરિતાની બાજુના સિંગલ સોફા પર બેસી, ચહા બનાવવા માંડી. તેણે મને પૂછ્યું : 'સુગર?'

મેં મલકાતાં મલકાતાં કહ્યું : 'તમારા ત્રણેના કપમાં નાખ્યા પછી જે વધે તે બધી. કડક, મીઠી.'

'નિહાર, એમની વાતને સિરિયસલી નહીં લેવાની. ટુ સ્પૂન્સ ઓન્લી.'

હું ચૂપચાપ ચહા 'સીપ' કરતો રહ્યો. સામેના ભીંતચિત્રને જોતો રહ્યો. સૌ ક્યારે ચહા પી, કામે લાગી ગયાં તેનુંય ધ્યાન ન રહ્યું. ચ્હા પૂરી થતાં કપ બાજુની કોર્નર-ટિપૉઈ પર મૂકીને ઊઠ્યો. હળવેથી સુસ્તી ખંખેરી, મારી પછીતની દીવાલ તરફ નજર ફેરવી. ત્યાં શ્રીનાથજીનું એક વિલક્ષણ રાજસ્થાની પેઈન્ટિંગ હતું - નૃત્યની ત્રિભંગ લલિતમુદ્રામાં. ચરણના બે પંજા એકબીજાની સામસામેની દિશામાં. ઢીંચણ, કટિ અને ડોકનો અદ્‌ભુત મરોડ. કટિ પર ગુલાબી રંગની સાવ ટૂંકી પરદની - ના, એને પરદની ન કહેવાય, આડબંદ જેવું વસ્ત્ર. શ્રીઅંગ ઉપર એક પણ શૃંગાર નહિ. મસ્તકે પાઘ પણ નહીં. કેશનો ઊભો અંબોડો, આછાં મેઘશ્યામ રંગનાં વાદળોના રંગ જેવો. શ્રીઅંગનો લાઈટ બ્લેક રંગ. તેમાં લાલ રંગની આછી ઝાંય. શ્રીઅંગ પર આનંદનાં સ્પંદનોની લહેરો દોડતી હોય એવું અદ્‌ભુત ચિત્રણ. નેત્રોમાંથી મૂશળધાર પ્રસન્નતાનો વરસાદ. હું તો જોતો જ રહી ગયો. સ્થળ-કાળ વીસરાઈ ગયાં.

'ખૂબ ગમી ગયું આ ચિત્ર?'

'ગમી ગયું? અરે એ કહેવા શબ્દ નથી મળતા! ક્યાંથી આણ્યું?'

'આણ્યું નથી, આવ્યું છે. એની પાછળ એક ખટમીઠી ઘટના છે. જરી લાંબી છે, સાંભળવી છે?'

'તમને ટાઈમ હોય અને મૂડ હોય તો જરૂર સાંભળીશ.'

'તમારી જેમ એના વિષે પૂછનારા ઘણા છે, પણ એના વિષે કોઈને એક હરફ આજ સુધી કહ્યો નથી.'

'તો પ્લીઝ, મારો પણ આગ્રહ નથી.'

'પણ તમારા વિષે ફ્રેન્ડલી કહું તો.... હું એક્સપ્રેસ નથી કરી શકતી. આવું આ બીજી વાર બને છે, જ્યારે મારી વાત કહેવા માટે કોઈ ભાષા મદદે આવતી નથી. પણ તેથી શું? નો પ્રોબ્લેમ. તમે એક કામ કરો. મારી ચૅર પર બેસો. ત્યાંથી તમને એ ચિત્ર 'ફિલ' થશે અને વાતની 'થ્રીલ' અનુભવાશે. આવો.'

તેણે સહજ રીતે મારો હાથ પકડી, મને તેની ખુરશીમાં બેસાડી દીધો. તે ટેબલની બાજુની કસ્ટમરની ખુરશીમાં બેસી ગઈ. તેણે ઈન્ટરકૉમનું બટન દબાવ્યું : 'નિહાર, નો કૉલ્સ એન્ડ વિઝિટર્સ નાઉ.'

'લય, એક દસકા પહેલાંની આ વાત છે. ત્યારે હું કૉલેજમાં હતી. મને પેઈન્ટિંગનો શોખ. સાંજે ફાઈન આર્ટ્સ કૉલેજમાં કલાસીસ ચાલે. મેં ક્લાસ જૉઈન કર્યો. ક્લાસનો પહેલો દિવસ. એક યુવાન કલાકાર-પ્રોફેસરે બારણામાં ઍન્ટ્રી કરી અને મારું હૃદય એક ધડકન ચૂકી ગયું. એ આજે હોત તો તમારા જેવો જ દેખાતો હોત. હૉસ્પિટલમાં તમને જોઈ, મારો પગ પાછો પડેલો. સારું છે કે કોઈએ માર્ક નહોતું કર્યું. કદાચ દશ વર્ષ પહેલાં તમે પણ એની જ કાર્બન કોપી હોત - જોડિયા ભાઈઓ જેવી. જસ્ટ અ મિનિટ.'

તેણે ટેબલનું નીચેનું ડ્રૉઅર ખોલ્યું. એક બ્રાઉન લેધર પોર્ટફોલિયો કાઢીને ખોલ્યો. અંદરથી બ્લેક ઍન્ડ વ્હાઈટ ત્રણ ફોટા કાઢીને મારા હાથમાં મૂકી દીધા.

'એ જ આ. બધા એના જ પોઝ છે, મેં જ પાડેલા. છે ને આબાદ તમારી કોપી?'

હુંય વિસ્મય પામ્યો. હકારમાં માથું હલાવ્યું.

'એનું નામ લલિતસેન. બંગાળી મોશાય. હું ચિત્ર દોરું ત્યારે, ચિત્રની રેખાને મઠારવા એ કલાકારની સહજતાથી મારું કાંડું પકડી, મારી પાસે જ વળાંકો મઠાવરાવે. એના સ્પર્શે રોમાંચ થાય, મીઠી ધ્રુજારી-કંપન થાય. કાંડુ થરકી જાય. રેખા મરોડ ચૂકી જાય. તે હસીને ગાલ પર ટપલી મારીને કહે: એકાગ્ર બન. કલાકારે યોગી બનવું પડે. કલામાં સ્ખલન ન ચાલે.

સપ્ટેમ્બરમાં રાજસ્થાનની ટૂર ગોઠવાઈ. રાજસ્થાની પેઈન્ટિંગ્સના અભ્યાસ માટે જોધપુર, બિકાનેર, જયપુર, અજમેર થઈ અમે નાથદ્વારા આવ્યાં. બે દિવસનો હૉલ્ટ હતો. લલિત મોશાય પણ કૃષ્ણલીલાનાં ચિત્રો પાછળ પાગલ. એના પપ્પા બ્રહ્મસમાજી - નિરાકારના ઉપાસક અને માતા શ્રીકૃષ્ણ ચૈતન્યમતની - સાકારની ઉપાસક. એનામાં માતાના સંસ્કારો પાંગર્યા. એનેય શ્રીકૃષ્ણ ગમી ગયા. કોલસો હાથમાં આવે, એટલે દીવાલ પર કૃષ્ણ ચીતરી નાખે, એવો કૃષ્ણ પાછળ પાગલ!

નાથદ્વારામાં એ દિવસે ભાદરવા સુદ પૂનમ હતી. રાજભોગ વખતે ભીડમાં માંડ અલપ-ઝલપ ઝાંખી થઈ. બંગાળી બાબુ બેચેન થઈ ગયા. મંદિરમાં કોઈકે કહ્યું, આજે રાતનું ગ્રહણ છે. ચાર કલાક દર્શન ખુલ્લાં રહેશે, રાતના અગિયારથી ત્રણ. ત્યારે ભીડ નહીં હોય.

અમે રાતે બાર વાગે પહોંચ્યાં. માંડ આઠેક વૈષ્ણવ. સારંગી પર બિહાગના દર્દીલા સૂર રેલાયા. લલિતજી પલાંઠી લગાવી બેસી ગયા. ન હાલે કે ચાલે. ત્રણ કલાક બેસી રહ્યા, જાણે શ્રીરામકૃષ્ણ પરમહંસની જેમ સમાધિ ન લાગી હોય! ટેરો આવ્યો. બહાર જવા બૂમો પડી, ત્યારે તે ઊઠ્યા. આંખો ભાવવિભોર. ચૂપચાપ કૉટેજ પર પહોંચ્યાં, હું તો મારા પલંગ પર જઈને સૂઈ ગઈ.

સવારે મોડી ઊઠી. અમે સૌ ચ્હાના મગ લઈ, પ્રોફેસર સાહેબને જગાડવા તેમના રૂમ પર ગયાં. બારણું બહારથી બંધ. આમતેમ તેમને શોધવા લાગ્યાં. પાછળના એકાંતમાં એક વૃક્ષ નીચે ઈઝલ ખડી કરી, તેઓ પેઈન્ટિંગ કરી રહ્યા હતા. મોટા કૅનવાસ પર પીંછી લસરતી હતી. રેખાઓ અસ્પષ્ટ હતી. તેમના હોઠ ધીમું ધીમું ગણગણતા હતા :

'હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે,
શ્રીનાથ કૃષ્ણ, શ્રીનાથ કૃષ્ણ, શ્રીનાથ નાથ હરે હરે.'

મેં હળવેથી કહ્યું : 'સર, જય શ્રીકૃષ્ણ.'

પીંછી સરકતી અટકી ગઈ. કૅનવાસ પરથી નજર મારા તરફ ફરી, 'જય શ્રીકૃષ્ણ.'

'સર, ચા....'

'નો, થેન્કસ.'

મને લાગ્યું કે કલાકારનો મૂડ બગાડવાનું પાપ કરવા જેવું નથી. તે બોલ્યા: 'હરિતા, પ્લીઝ ટેલ એવરીબડી નોટ ટુ ડીસ્ટર્બ મી. ગો, ગેટ લોસ્ટ ઑલ ઑફ યુ.' (હરિતા, જા, સૌને કહી દે કે મને કોઈ પજવે નહીં. મને મારું કામ કરવા દો.)

સાંજે છ વાગે તેઓ ઊછળતા-કૂદતા આવ્યા, 'કમ ઓન, લેટ અસ સૅલિબ્રેટ ધ પેઈન્ટિંગ. (આવો, આપણે સૌ આ ચિત્ર માણીએ.)' અમે તેમની પાછળ ગયાં. ત્યાં વૃક્ષો નીચે ઈઝલ પર આ ચિત્ર શોભતું હતું. તેઓ બંગાળી ભક્તોની જેમ નાચવા અને ગાવા લાગ્યા :

'હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે,
શ્રીનાથ કૃષ્ણ, શ્રીનાથ કૃષ્ણ, શ્રીનાથ નાથ હરે હરે.'

અને સૌ પણ તાનમાં આવી ગયાં. તેમની વર્તુળાકાર અમેય નાચવા-ગાવામાં જોડાઈ ગયાં. ભાન ભૂલી ગયાં. ભાનમાં આવ્યાં, ત્યારે બે સજ્જનો ત્યાં ઊભા હતા. એક યુવાન પેન્ટ-શર્ટમાં અને બીજા જૈફ બેવડા કચ્છની મેવાડી ધોતી, કુરતો અને ગુલાબી મેવાડી પાઘમાં.

યુવાને કહ્યું : 'એક્સેલન્ટ!'

જૈફ બબડ્યા : 'ખૂબ બઢિયા.'

યુવાને પરિચય આપ્યો : 'હું અનિલ શાહ, અમદાવાદનો. ચિત્રકલા અને ચિત્રસંગ્રહ એ મારા રસના વિષય. બાપુજી વારસામાં અઢળક સંપત્તિ મૂકી ગયા છે, તેનો સદુપયોગ થાય છે. નાથદ્વારા શૈલીને મારે જગવિખ્યાત કરવી છે. હજારો ચિત્રો જોયાં, સેંકડો ભેગાં કર્યાં. પાંચસો વર્ષની ટ્રેડિશન મારી પાસે એકઠી થઈ છે; પણ આની તોલે કોઈ ન આવે. સુપર્બ! કેમ હરિરામજી?'

'જરૂર'

'આ છે હરિરામજી. નાથદ્વારા શૈલીની વાત કરો, એટલે તમારે ખૂબીરામજીના ઘરાનાને પહેલું યાદ કરવું પડે. એ ઘરાનાના આ વારસદાર. એમના વડવા વ્રજમાંથી આ કલા લઈને અહીં આવેલા. હરિરામજી' શ્રીનાથજીનાં ચિત્રો કેટલી સંખ્યામાં - કેટલા 'પોઝ'માં બન્યાં હશે?'

'અનિલ સા'બ! જો આકાશના તારાઓનો હિસાબ હોય, તો એ ચિત્રોનો હોય. પણ શ્રીનાથજી ખેર કરે! આજ સુધી કોઈને આ સ્વરૂપે શ્રીજીએ દર્શન જ આપ્યાં નથી! આ તો અનુભૂતિનો વિષય છે, સા'બ!'

અનિલભાઈએ પ્રોફેસર સાહેબનો પરિચય મેળવ્યો. અમે રૂમોમાંથી ખુરશીઓ ઉપાડી લાવ્યાં. ત્યાં બેઠક જામી. ચ્હાની કુલડીઓ આવી. ચુસ્કી ભરતાં ભરતાં અનિલભાઈએ કહ્યું : 'સેન સાહેબ, બેઅદબી થાય તો માફ કરજો. આ ચિત્ર 'સેલ' માટે છે? હોય તો માગણી કરું. કલાકારની કદર રૂપિયામાં ન થાય, છતાં બીજો વિકલ્પ નથી. સાઈન કરેલી આ ચૅકબુક. રકમ તમારી ઈચ્છા મુજબ ભરવાની છૂટ.'

લલિત મોશાય ચૂપકીથી ચહા 'સીપ' કરતા રહ્યા. તેમના મૌનને અનુભવી અનિલભાઈ સમજી ગયા, તેમણે બીજી વાત મૂકી : 'એક બીજી રીક્વેસ્ટ. આનો ફોટોગ્રાફ લઈ શકું?'

'ઈફ શ્રીનાથજીઝ ફોટોગ્રાફ ઇઝ પરમિસિબલ, યુ મે.'

અનિલભાઈ ઊભા થયા, 'સેન સાહેબ, યુ આર એ રીયલ આર્ટિસ્ટ. હૅટ્સ ઑફ ટુ યુ.'

'વાહ! આનું નામ શ્રીનાથજીની કૃપા.'

ત્યાં ઇન્ટરકૉમનું બઝર રણક્યું. હરિતાએ રીસિવર ઉઠાવ્યું, 'શું કહે છે? છ વાગી ગયા? ઓ.કે. અમે પણ નીકળીયે છીએ. હરિતા ઊઠી, 'લય, લેટ અસ ગો.'

'પણ હજી વાત..'

'વાત નાસી નહિ જાય અને હું પણ.'

અમે હૉસ્પિટલ પહોંચ્યાં, ત્યારે પ્રીતિબહેન ખૂબ અકળાયેલાં હતાં, 'કેટલું મોડું કર્યું, હરિતા?'

'સૉરી, મોટીબહેન. કામમાં ટાઈમની ખબર જ ન પડી.'

'તું કામ કરતી રહી ને મહેમાનને 'બોર' કરતી રહી, ખરું ને?'

'એવું તો નથી, પણ એમને જ પૂછી જુઓ ને!'

'મને તો એક નવી હવાનો અનુભવ થયો. મજા આવી. આમ તો હું એક પછાત વિસ્તારનો ગામડિયો જીવ, કૂવાનો દેડકો. એના નસીબમાં સરોવર એ બહુ મોટી વાત કહેવાય.'

'ચાલ, હવે ઘેર આવવાનું છે?'

'તમને મૂકતી જાઉં. બાય ધ વે, રાતનો શો પ્રોગ્રામ છે?'

'આ બંનેને ટિફિન આપવા તો આવવાનું જ ને?'

'મહેમાનને વાંધો ન હોય તો રાતે વડોદરા-દર્શન કરાવું, મારી ગાડીમાં.'

'પ્રપોઝલ ગ્રાન્ટેડ.' માધવભાઈ બોલ્યા. પ્રીતિબહેનની નજરમાં નજર મેળવી મલકાયા.

'પ્રીતિબહેન, ગુજરાતી કહેવત તો તમે જાણતાં હશો - પહેલા દિવસે પરોણો, બીજા દિવસે પાઈ, ત્રીજા દિવસે રહે તેની અક્કલ ગઈ.' એટલે મહેમાન તરીકે રહેવાની ટાઈમ-લિમિટ તો પૂરી થઈ ગઈ છે. ઘરનો બનીને રહ્યો છું, માટે મને મહેમાન ન ગણશો. એ નાતે આજે રાતે ખીચડી-કઢી જમાડશો?'

'જરૂર.'

'મોટીબેન તો અન્નપૂર્ણા છે, માગશો તે મળશે.'

'ખરેખર?'

'માગી તો જુઓ.'

'વૈશ્ય છું એટલે માગવાનું તો લોહીમાં નથી. પણ માસ્તર છું, એટલે કોઈ રાજી થઈને આપે તો અયાચકવ્રત નથી.'

'વેરી સ્માર્ટ!'

'ચાલ, હરિતા! પગ ઉપાડ. પાછું આવવું છે.'

■

૧૩

મેરા દરદ ન જાને કોય

હરિતા સાથે તેની ગ્રીન 'પદ્મિની'માં આગલી સીટ પર ગોઠવાયો. તે અત્યારે પિકનિકના મૂડમાં સજાયેલી હતી. ક્રીમ રેશમી સલવાર પર કાચી કેરીના ઘેરા લીલા રંગનો ઘેરદાર મોગલાઈ ડ્રેસ પહેર્યો હતો. પીઠની ભાગમાં કળાયેલ મોરનું કચ્છી ભરતકામ હતું; આગળના ભાગમાં વેરાયેલાં મોરપિચ્છ. એક ખભે ક્રીમ કલરનો દુપટ્ટો. વાળનું અંબોડામાં કલાત્મક કેશગુંફન અને તેમાં મોગરાનું એક ફૂલ, પાંદડા સાથે.

હું તો મારા રોજિંદા લેંઘા-ઝભ્ભામાં લઘર-વઘર! મેં કહ્યું : 'આવા લઘર-વઘર વેશમાં, આવી ગાડીમાં તમારી કંપનીમાં હું શોભતો નથી.'

'એવું ન કહેશો. મને બહુ ટાપટીપ કરી, બીજાને આંજી નાખનારને ઝાંખા પાડનાર માણસો ગમતા નથી. માણસ જેવો હોય તેવો દેખાય, જેમ જીવતો હોય તેમ જ જીવે એ ગમે. માટે જીજાજી તરફ મને સૌથી વધુ માન છે. એવા બીજા તમને જોયા.'

'રિયલી.'

'રિયલી. મને મસ્કો મારતાં નથી આવડતો. બાકી આજના લોકો પચાસે પણ બુઢ્ઢા વાંદરા જેવા. વાંદરો બુઢ્ઢા થાય તોયે ગુલાંટ મારવી ન ભૂલે, તેમ પચીસના દેખાવાના મોહ પાછળ પાગલ-વિદૂષક જેવા લાગે. મને તો એમને જોઈને જ ચીતરી ચઢે.'

ગાડી પાણીના રેલાની જેમ શહેર છોડી સરકતી હતી. મેં પૂછ્યું, 'આપણે ક્યાં જઈ રહ્યાં છીએ?'

'જહન્નમમાં તો નહિ જ. તમને વડોદરાનું જન્નત બતાવવું છે.'

'ઓ.કે. બે અંગત સવાલ પૂછું? શાસ્ત્રો કહે છે, છ ડગલાં સાથે ચાલવાથી સ્વજન બનાય છે.'

'પૂછો. જવાબ આપવા જેવા હશે, તો જરૂર આપીશ.'

'તમારી ટ્રાવેલ એજન્સીનું નામ કોણે પસંદ કરેલું? અને કેમ?'

'નામ પાડવાની મને સારી ફાવટ છે. મેં જ પપ્પાને આ નામ સૂચવેલું. ગ્રાહકોને એવો સંતોષ મળે કે એમના હૈયામાંથી 'વાહ'નો ઓડકાર આવે. મારાં મમ્મી વાસંતીબેન, પપ્પા હસમુખલાલ. એમની જુગલજોડી રૂપેરંગે, સ્વભાવે 'વાહ' કહેવડાવે તેવી. એમનું નામ પણ વા.હ.!'

'ફાઈન. તમારી સૂઝ-સમજ ગમી. બીજો સવાલ. હરિતા અને લીલા રંગને કોઈ સંબંધ ખરો?'

'ઘણો, એકદમ ગાઢ. મને રંગ ગમે તો માત્ર લીલો. પસંદગીને કારણો સાથે સંબંધ હોવો જ જોઈએ, એમ હું માનતી નથી. મને ગમે છે; કારણ કે મને ગમે છે. છતાં કારણો શોધવાં જ હોય, તો બે કારણો ધ્યાનમાં આવે છે. અમે બન્ને બહેનો પપ્પા-મમ્મીની લાડકી. મમ્મી તો મને ચાર વર્ષની મૂકીને પ્રભુને પ્યારી થઈ ગઈ. પપ્પાની વેદના, મમ્મીની ખોટ, ઘરમાં ઉદાસીનો માહોલ... આ બધું અકળાવી નાખતું. મને ગુંગળામણ થતી. એમાંથી છૂટવા, બંગલા સામેના સોસાયટીના બગીચામાં લોન ઉપર દોડી જતી. લોન સાથે બહેનપણાં કરી દીધાં, ત્યારથી લીલો રંગ ગમી ગયો.

બીજું કારણ મોડેથી સમજાયું. પેઈન્ટિંગ કરતાં પીળા અને બ્લ્યુ રંગ ભેગા કરીએ તો લીલો બને. કૃષ્ણનું પીતાંબર અને રાધાનું નીલાંબર એકમેકમાં લપટાઈ જાય, તો લીલી આભા પ્રકટે. કૃષ્ણ એટલે આનંદ, સુખ. રાધા એટલે તપ-તપસ્વિની. સુખ અને તપ, સુખ અને દુઃખ - બે એકમેકનાં અવિભાજ્ય અંગ બને, તો જીવનમાં હરિયાળી નીખરે. આનંદ માટે તપ અને તપ માટે આનંદ જીવનમાં આવે તો જીવન હરિયાળું બને. મારા વૉર્ડરોબમાં તમને નેવું ટકા લીલો રંગ જ જોવા મળશે. લીલા રંગનો એક પણ શેડ ત્યાં બાકી નથી. ઑફિસ, ઘર અને ગાડી પણ લીલા રંગનાં!'

'હવે સ્વજન પણ લીલા રંગનો મળી જાય, તો મૅચિંગ પૂરું થાય.'

'એક્ઝેક્ટલી! એની શોધમાં જ છું.'

અમે મુક્ત રીતે હસી પડ્યાં.

●

આજવા લેક પર ગાડી થોભી. ગાડી પાર્ક કરી, અમે બગીચામાં ગયાં. ઊડતા રંગીન તેજ-ફુવારા તરફ લટાર મારવાનું શરૂ કર્યું.

'જો મૂડ હોય તો સાંજની અધૂરી વાત.....'

'અરે, તમને એમાં એટલો બધો રસ પડી ગયો?'

'હા, પૂરી વાત સાંભળ્યા વિના તો રાતે ચેનથી કદાચ ઊંઘ પણ ન આવે તેવો.'

હવેનો પાર્ટ સૅડ સ્ટોરી (ગમગીન ઘટના) નો છે. અહીંનું વાતાવરણ આહ્‌લાદક છે. બંને વિરોધી છે, પણ એની-વે કહીશ. લલિત સેને ચિત્ર ન વેચ્યું, ન ફોટોગ્રાફ લેવા દીધો. મને એ ગમ્યું. તેમના તરફનું માન ઘણું વધી ગયું. તેમણે રાતે અમને સૌને કહ્યું, 'માત્ર પૈસા માટે આર્ટિસ્ટ ન બનશો. ઓછા પૈસાથી જીવી શકાશે. કલા વેચીને ન જીવશો. એક વખત કલા વેચી, એટલે અધઃપતન. પછી કલા સાથ નહિ આપે. તે કલા મટી જશે, કારીગરી રહી જશે. આજે નાથદ્વારામાં બહુધા કારીગરી છે, કલા નથી. જે સ્ટીરિયો-ટાઈપ ચિત્રો બને છે; એમાં રંગની લીલા છે, પણ ભાવનું ઓજસ નથી.'

મારો કોર્સ પૂરો થયો. અમે વડોદરા પાછાં આવ્યાં. પપ્પા થાક્યા હતા. મારું ગ્રેજ્યુએશન પતી ગયું હતું. પપ્પાનો વિચાર એજન્સી વેચી, શેષ જીવન નિવૃત્તિમાં ગાળવાનો હતો. મેં ધંધો સંભાળવાની ઈચ્છા પ્રદર્શિત કરી. પપ્પા રાજી થયા. પ્રભુની મહેરબાની થઈ. બે વર્ષમાં ધંધો બેવડાયો. ઑફિસ નાની પડી. હાલની ઑફિસ નવી લીધી. એનું ઓપનીંગ હતું, ત્યારે સેન સાહેબને રૂબરૂ જઈ કાર્ડ આપી આવેલી. આવવા માટે આગ્રહ પણ કરેલો. સવારના નવનો ટાઈમ હતો. તેઓ કલાક વહેલા, આઠ વાગે આવી પહોંચ્યા. એ જ લઘર-વઘર લેંઘો-કફની. હાથમાં લીલા પૅકીંગ-પેપરમાં પૅક કરેલું મોટું પૅકેટ-મોટા પિક્ચર જેવું. મને કહે : તારા નવા સાહસ માટે મારા અને શ્રીનાથજીના આશીર્વાદરૂપે આ ભેટ. હું તેમના પગે પડી. તેમણે મારા બંને ખભે હળવેથી પકડી, મને ઊભી કરી. મમતાથી ગાલ ચૂમ્યા પછી કહે, અમે બંગાળીઓ વધુ પડતા લાગણીશીલ. લાગણી વ્યક્ત કરવામાં આજની જેમ પાગલપન થઈ જાય છે.

મેં કહ્યું, તમે મારા કલાગુરુ છે. તમારો એ અધિકાર છે, સર. તેઓ કહેઃ ઓ.કે. તારા હાથે પૅકેટ ખોલ. મેં ખોલ્યું. અંદરથી નીકળ્યું શ્રીનાથજીનું

ચિત્ર- નાથદ્વારામાં દોરાયેલું. મેં તો છાતી-સરસું ચાંપી દીધું. 'ઓહ, સર! આઈ સિન્સયર્લી થેંક્યુ. ધ મોસ્ટ પ્રિસિયસ પ્રેઝન્ટ! (સાહેબ, ખૂબ ખૂબ આભાર. અતિ મૂલ્યવાન ભેટ છે, આ તો!)'

તેમણે કહ્યું, 'ચિત્ર હું ફ્રેમ કરાવીને જ લાવ્યો છું. તારી ચૅર સામેની દીવાલ પર રાખ.' તેમણે જ તે દીવાલ પર લટકાવ્યું.

પછી કહે, 'હું જાઉં. મારે મોડું થાય છે. વતનમાં જવું છે. મારી ટ્રેઈનનો ટાઈમ થવા આવ્યો છે. બેસ્ટ લક.' એ બેગ લઈ ધડધડ દાદર ઊતરી ગયા. હું ઓપનીંગમાં બીઝી થઈ ગઈ.

બીજા દિવસે સવારે છાપામાં છેલ્લા પાને કાળી બોર્ડર વચ્ચે એક સમાચાર હતા : 'સયાજીગંજનો રસ્તો ઓળંગવા જતાં જાણીતા કલાકાર પ્રાધ્યાપક લલિત સેનનું ટ્રક અકસ્માતમાં નિધન.'

હું તો હતપ્રભ થઈ ગઈ. જડવત્ બની ગઈ. રડી પણ ના શકું એવો કારમો ઘા હૈયે લાગ્યો. ઓહ સેન સાહેબ, વતનમાં જવાને બદલે મૂળ વતનમાં પહોંચી ગયા! એમની અતિ કિંમતી અમાનત મને સોંપતા ગયા. મારે માટે એ ચિત્ર જોઈ રાજી થવાનું, સાથે સાથે દાઝવાનું અને રડવાનું. નિયતિને કોણ કહે કે તું આટલી ક્રૂર ન બન!

હરિતા રડી પડી. મેં તેનો હાથ પકડી એક બૅન્ચ પર બેસાડી દીધી. તેના વાંસે હાથ ફેરવતાં કહ્યું : 'હરિતા, પ્લીઝ રીલેક્સ. લાગણીને સંયમિત કર. કોઈ જોશે તો ઠીક નહિ લાગે.'

મેં તેને રૂમાલ આપ્યો. તેણે આંખો લૂછી. તે કંઈક સ્વસ્થ થઈ. અમે થોડી વાર ચૂપચાપ બેસી રહ્યાં.

'પાછાં જઈશું?' મેં કહ્યું.

'લય, મારા નસીબમાં શું પાછાં જવા જ આગળ જવાનું લખાયું હશે? મમ્મી જતી રહી. હું પાછળ રહી ગઈ. મોટી બેન સાસરે ગઈ. પપ્પાય એક રાતે સૂતા તે સવારે ન ઊઠ્યા. ત્યાંય હું પાછળ રહી ગઈ. સેન સાહેબ સાથેય એવું જ થયું! હજીય કદાય...'

'ડોન્ટ બી સ્ટુપીડ (ગાંડાં ન કાઢ). માણસ તો આવે ને જાય. પોતાના સુખમાં રાચે તે અસુર. બીજાના સુખ માટે ઘસાય તે માણસ. ભગવદ્સુખ માટે જીવે તે ભક્ત-વૈષ્ણવ. દેવોથીયે મૂઠી ઊંચેરો! અન્ડર-સ્ટેન્ડ?'

'પણ...'

'પણ ને બણ. દરદથી દીવાના બની જવાય? પેલી કિસા ગૌતમીને બુદ્ધે કેવી લપડાક મારી હતી : 'જેને ત્યાં કદી મૃત્યુ જ ન આવ્યું હોય, ત્યાંથી થોડી રાઈ લઈ આવ!' દર્દ તો ચૅલેન્જ છે. સંઘર્ષ એ જીવન છે. એ વિના પ્રભુમાં દૃઢતા થાય ક્યાંથી?'

'લય, સેન સાહેબને પહેલવહેલા ક્લાસમાં આવતા જોયા, ત્યારથી હૃદય એક ધડકન ચૂકી ગયેલું.'

'તમે એ વાત સાંજે કહેલી.'

'એને માટે હજી મને કોઈ નામ જડ્યું નથી, જરૂર લાગી નથી. પણ પપ્પા, મોટી બહેન, જીજાજી જ્યારે જ્યારે મૂરતિયાની વાત કરે, ત્યારે ત્યારે આંખ સામે લલિતજી પહેલાં આવે. એ અજનબીએ કદી ડિગ્નીટી છોડીને વર્તન કર્યું નથી. એના ગયા પછી 'લગ્ન' શબ્દ કાને પડે છે ને ભય લાગે છે.'

'શાનો ભય?'

'સમજાવી નથી શકતી; પણ લગ્ન પછીના ક્લેશનો, ત્રાસનો, જિંદગી વેડફાઈ જવાનો. જે લગ્ન પહેલાં પ્રેમની વાતો ને નાટક કરે છે, તે લગ્ન પછી સ્ત્રીને બર્બર ગુલામ બનાવવા મથે છે. એની સમજ, સંસ્કારિતા અને સહનશીલતા ચાલી જાય છે. અસંખ્ય દાખલા જોયા. મોટીબેન અને જીજાજી કે વૈભવ-રાજશ્રી એમાં અપવાદરૂપ; પણ તેય આજની તારીખ સુધી એમની કાલ પણ કોણ જાણે?'

મારી પાસે હરિતાનો પ્રતિવાદ કરવા માટેના શબ્દો ન હતા. હું મૌન રહ્યો. થોડીવારની ચૂપકીદી પછી તે બોલી, 'હાઉ સ્ટુપીડ! (કેટલી મૂર્ખ છું.) તમને ફરવા લઈ આવી ને વ્યથાની કથા માંડી બેઠી! બડબડાટ કર્યે રાખ્યો. તમે જરૂર 'બોર' થઈ ગયા હશો!'

'ના રે, પોતાનાં જણથી કોઈ 'બોર' થાય?'

'પણ, તમારા વિષે તો કંઈ કહો.'

'મારા જીવનમાં કોઈ ઘટના જ નથી. ખાધું, પીધું ને રાજ કર્યું. બધી વાતોનો જે અંત, તે મારા જીવનનો પ્રારંભ. પછી કોઈ ઘટના જ ઘટી નથી.

એની તો વર્ષોથી રાહ જોઉં છું. એક મામૂલી માસ્તરની એકલવાયી ધૂળિયા જિંદગીમાં કહેવા-સાંભળવા જેવું કશું જ નથી.'

●

હૉસ્પિટલમાં પ્રીતિબહેન અને માધવભાઈ એકલાં હતાં.

'માણસની ઉંમર થાય તેમ ચિંતાઓ ઓછી થાય, તેવું સૌ ઇચ્છે; પણ આપણા માટે તો....'

'ચિંતાઓ વધતી જાય છે, એમ જ ને?'

'હાસ્તો વળી. અત્યાર સુધી તો એકલી હરિતાની ફિકર હતી. પરણવાની ઉંમર વીતવા આવી, પણ હજી હા પાડતી નથી. હવે તમારી તબિયતની ચિંતા વધી.'

'હજી ઘણી વધશે.'

'એવું અશુભ ન બોલો.'

'પ્રીતિ, પ્રભુની સૃષ્ટિમાં કશું અશુભ નથી. આપણે શુભ-અશુભના ભેદ પાડ્યા છે. કદાચ હવે મારાથી કાયમ માટે નોકરી નહિ થાય. વહેલી નિવૃત્તિ લેવી પડશે.'

'એ તો નક્કી જ છે. બૅન્ક-બૅલેન્સ નથી એ પણ જાણું છું; પણ એ નિર્ધનતાની મને ફિકર નથી. એનું મને ગૌરવ છે. અનેક પ્રલોભનો સામે તમે ઝૂક્યા નહીં. અર્થોપાર્જન પાછળ પડ્યા નહીં. શબ્દને - ભગવદ્નામને તમે વેચવા ન દીધાં. ગૌરવ અને ખુમારીથી જીવ્યા. પ્રતિષ્ઠાનેય વેગળી રાખી. પ્રશંસા ન સ્વીકારી. માધવ! તમે આ જમાનાના માણસ જ નથી. તમે તો આ જમાનામાં ભૂલા પડેલા પ્રાચીન કાળના કોઈ ઋષિ છો - વાળ ને દાઢી વિનાના!

'બસ, બસ. વખાણ બંધ. તને ખબર છે, મને એનાથી સખત અકળામણ થાય છે!'

'થાય તો થોડીવાર વેઠી લેજો, પણ મને આજે તો કહી લેવા દો. જે જમાનો કોઈનો ઉત્કર્ષ નથી સાંખી શકતો, એ જમાનામાં ધર્મક્ષેત્રેય કુરુક્ષેત્રો વણથંભ્યાં લડાયા કરે છે. તમારા પગ ખેંચાયા, અપમાનો થયાં, આક્ષેપોના કાદવની ધૂળેટી ખેલાઈ! તમને ગુંગળાવવા શું શું નથી થયું? એમાં સંડોવાયેલાં માથાં પણ કંઈ સામાન્ય નહોતાં. તમારો ગુનો એક જ હતો : તમે શાસ્ત્ર કહેતા હતા, વલ્લભની વાત કહેતા હતા. તમે સિદ્ધાંતનો પક્ષ લીધો. વ્યક્તિને ન થાબડી; છતાં શ્રીવલ્લભ સ્વયં કવચ બની તમને રક્ષતા રહ્યા છે અને રહેશે એની મને પૂરી શ્રદ્ધા છે.'

'તારી છેલ્લી વાત સાથે સંમત. જ્યારે રૂપિયો જોઈએ, ત્યારે એમણે સવા રૂપિયો આપીને મૂંઝવી દીધાં કે આ વધેલા ચાર આનાનું શું કરીશું? વિવાદ વરસ્યા, ત્યારે એમણે જ સુદર્શન ચક્રથી આપણું રક્ષણ કર્યું. માટે બધી ચિંતાઓ છોડ અને આજનો લહાવો લે. રહી વાત હરિતાની. એની ઘડી-પળ પણ આવી ગઈ છે. કન્યા-વિદાય નજીકમાં જ દેખાય છે.'

'શું કહો છો? અહીં સૂતાં સૂતાં કેમ જાણ્યું?'

'એટલું કહે, હરિતા માટે લય કેવો?'

'દીવો લઈને શોધવા જઈએ તોયે ન મળે એવો. પાંચે આંગળીએ દેવ પૂજ્યા હોય એને મળે. પણ...'

'પણ શું?'

'એના કુટુંબ વિષે તો આપણે કંઈ જાણતાં નથી! એને શું હરિતા હા પાડશે?'

'કુટુંબ વિષે જાણવું તને જરૂરી લાગતું જ હોય, તો વૈભવને આજ રાતે ફોનથી પૂછી લેજે.'

'પણ હરિતાનું મન જાણ્યા વિના?'

'હરિતાની વાત તું આ વખતે મારા પર છોડી દે. તારે માત્ર લય વિષે જ વિચાર કરવાનો છે.'

'ખરેખર? પણ લયની ગામડામાં શિક્ષકની નોકરી, અને...'

'એ જરાય મહત્ત્વનો પ્રશ્ન નથી. પતિ-પત્ની સાથે મળીને ધંધો ચલાવી શકે. ઘરમાં પપ્પા-મમ્મી હોત, તો જમાઈને ઘરજમાઈ બનવું પડત! પણ અત્યારે નો પ્રોબ્લેમ.'

ત્યાં તો હરિતા-લય આવી પહોંચ્યાં.

■

૧૪

અઢળક ઢળિયો રે શામળિયો.

સવારે નવ વાગ્યે ડૉ. ગોપાલભાઈ રાઉન્ડ પર આવ્યા. માધવભાઈનું ચેકઅપ ચાલતું હતું; ત્યાં હરિતા આવી. આછા લીલા વરિયાળી રંગની બેંગ્લોરી ઢબે પહેરેલી સાડી અને કોણીથી નીચે સુધીની બાંયવાળું એ જ કલરનું બ્લાઉઝ. સાથે એક કપલ હતું, એની ઉંમરનું જ.

'જીજાજી, લય, ડૉક્ટર.... જય શ્રીકૃષ્ણ. પરિચય કરાવું. આ છે ડૉક્ટર શરદ રાજપરા અને આ મિસીસ ડૉક્ટર ખ્યાતિ રાજપરા. ખ્યાતિ રાજપરા મારી હાઈસ્કૂલ-ફ્રેન્ડ છે.'

'સૌને અમારાં જય શ્રીકૃષ્ણ. નાઈસ ટુ સી યુ, ડૉક્ટર.' ડૉ. શરદ રાજપરાએ શેકહેન્ડ માટે ગોપાલભાઈ સામે હાથ લંબાવ્યો.

'ડૉક્ટર દંપતિ વૈષ્ણવ છે. શરદભાઈ મૂળ રાજકોટના. ડૉક્ટર થઈ સ્ટેટ્સ ગયા. ત્યાં એમ. એસ. થયા. ત્યાં જ ખ્યાતિને મળ્યા. ખ્યાતિ ત્યાં ફિઝિયો-થૅરાપિસ્ટ હતી. પરણ્યાં પણ ત્યાં જ. ધૂમ પ્રેક્ટિસ ચાલી બંનેની.'

'ક્યા-સ્ટેટમાં.'

'શિકાગો-ઈલિનોઈસ.'

'શરદભાઈએ ડેડી-મમ્મીને પણ ત્યાં બોલાવી લીધેલાં. એક રાતે તેમના ડેડીનેય તમારી જેમ જ પૅરેલિસિસ ઍટેક આવ્યો. બંને ડૉક્ટર, છતાં હેલ્પલેસ. સલાહ મળી, ઍક્યુપ્રેશર થેરાપીની. ડૂબતો માણસ તરણું પકડે એમ શરદભાઈએ વિધિસર તેનો કોર્સ કર્યો. શ્રીજીની કૃપાથી એમના ડેડીને આજે નખમાંય રોગ નથી. મૂળે હાર્ટ-સ્પેશ્યાલિસ્ટ આજે એક્યુપ્રેશર-થેરપિસ્ટ તરીકે ખ્યાતનામ બન્યા છે.'

'અરે હા. ડૉ. રાજપરા, યાદ આવ્યું. આપનું નામ ઘણું જાણીતું છે.'

'થેન્ક્યુ ડૉક્ટર, જો આપને વાંધો ન હોય તો હું માધવભાઈને જોઈ શકું? કદાચ તેમનો કેસ મારા ફિલ્ડમાં આવતો હોય!'

'સ્યૉર, યુ આર મોસ્ટ વેલકમ્.'

ડૉક્ટર ગોપાલભાઈએ તેમનું સ્ટેથોસ્કોપ ડૉ. શરદભાઈને આપ્યું. પહેલાં તેમણે ચાર્ટ અને રિપોર્ટ જોયાં.

હરિતા બોલતી રહી, 'બંને કાયમ માટે અમેરિકા છોડી, દેશમાં જ સૅટલ થવા માટે આવ્યાં છે. ક્યાં સૅટલ થવું, તેની શોધમાં છે.'

'હાઉ ફની (કેવું વિચિત્ર)! અહીં લોકો સાઈઠ વર્ષે પણ ડોલર કમાવા ત્યાં દોડે છે; ત્યારે તમે.... ' મેં કહ્યું.

'અવળી ગંગાનીય એક મજા હોય છે. અમેરિકા બલિરાજાનો દેશ છે. એ શુક્રાચાર્યનો દેશ છે; જે રાજા બલિને પરમાર્થ કરતાં સ્વાર્થ મહત્વનો હોવાનો પાઠ, ઊંધા ચશ્મા પહેરાવીને ભણાવી શકે. ત્યાં ડોલર સિવાય કશું જ નથી- કશું જ નથી. બીલિવ મી. ત્યાં ફેમિલી-લાઈફ નથી, ત્યાં માણસ પોતાની રીતે જીવી શકતો નથી. ત્યાં માણસ પણ એક મશીન છે, ડોલર કમાતું મશીન. ત્યાં સ્વધર્મ નથી, સંસ્કાર જળવાતા નથી. ત્યાં સુખ નામનું મૃગજળ છે. વાસનાના ભૂતિયા ભડકા છે. અમે નહોતાં ઈચ્છતાં કે અમારાં બાળકો....'

ખ્યાતિ અટકી ગઈ. એને ભાન થયું કે આ આત્મીય પરિવાર નથી. પર્સનલ-અંગત વાતો કરવાની આ જગ્યા નથી.

'માધવભાઈ, અમે અમેરિકામાં આપનું નામ સાંભળેલું. પુસ્તકો પણ લગભગ બધાં વાંચ્યાં છે. આપના માટે ભારોભાર માન છે. અહીં આવવાનું થયું, ત્યારે આપનાં દર્શન થશે એવો ઉમળકો હતો; પણ ખબર નહીં, આપનાં દર્શન અહીં જ થશે.' શરદભાઈ તપાસતાં તપાસતાં બોલ્યા.

ચેક-અપ થઈ ગયું. ગોપાલભાઈએ કહ્યું, 'વેલ, ડૉ. રાજપરા, પ્લીઝ લેટ એસ ગો ટુ માય ઑફિસ.'

'ઓકે. ખ્યાતિ, હું આવું છું.'

'ખ્યાતિ, અહીં સૅટલ થવા અંગે કોઈ આઈડિયા?' હરિતાએ પૂછ્યું.

'એક સ્વપ્ન છે. વાસ્તવિકતાઓ તો હજી હવે શોધવાની છે. અમારા ત્યાં ચાર પેઢીથી શ્રીગિરિરાજજીના સેવા બિરાજે છે. સ્વરૂપ ખૂબ સુંદર, છ

ઈંચ ઊંચું છે. મુખારવિંદનાં બધાં ચિહ્નો સ્પષ્ટ છે. મારાં સાસુ-સસરા તેમને પધરાવીને અમેરિકા આવેલાં. અમે એ વડીલોને 'બેન' અને 'ભાઈ' કહીએ છીએ. બંને મળીને સવાર-સાંજ સેવા કરે. અમને ફુરસદ ન મળે. ભાઈને લકવાનો ઍટેક આવ્યો; પણ બચી ગયા. સેવા બેન એકલાં કરી લેતાં. પણ બાર મહિની પછી બેનનેય હાર્ટઍટેક આવ્યો. પથારીવશ થયાં. ભાઈના માથે સેવાની પૂરી જવાબદારી આવી. ભાઈ ધીરજ રાખી કરતા રહ્યા. બેન પથારીમાં સૂતાં સૂતાં શ્રીઠાકોરજીના સુખની ચિંતા કરે.

મેં શરદને કહ્યું, 'શ્રીઠાકોરજી આપણી સેવા લેવા માગે છે. વી મસ્ટ ડુ સમથિંગ (આપણે કંઈક કરવું જોઈએ). શરદને પણ શ્રીઠાકોરજી ઉપર ઘણો ભાવ.' શરદ કહે : 'ખ્યાતિ, આ ધંધા સાથે તો સેવા થવી મુશ્કેલ. સવારે સાત વાગે ભાગીએ. પાછાં આવવાનું ઠેકાણું નહીં. ચાર પેઢીથી બિરાજતા શ્રીઠાકોરજીને ગુરુઘેર પધરાવવા જવા મારા હાથ-પગ નહિ ચાલે, એ પણ નક્કી.' અમને બંનેને કોઈ સૂઝ નહોતી પડતી.'

મને પણ ખ્યાતિબહેનની વાતમાં રસ પડ્યો. મારાથી પૂછાઈ ગયું : 'પછી શું થયું? બા સાજાં થઈ ગયાં ને?'

'ના, બેન તો મહિના પછી પહોંચી ગયાં ગોલોકમાં. એ સૂતકના દિવસોમાં તો એક વૈષ્ણવે સેવા નભાવી. પછી ભાઈ એકલા ધીમે ધીમે કરતા રહ્યા. એવામાં અમેરિકામાં અહીંથી મનહરભાઈ અને વિશાખાબહેન આવેલાં; ખાસ સત્સંગ માટે જ. માધવભાઈ જેવા જ વિદ્વાન અને સૌમ્ય. સેવા અને સત્સંગ એ જ એમનું જીવન. બંને વસ્ત્રસેવા પધરાવીને આવેલાં. કોઈના હાથનું ન લે. જાતે રસોઈ કરે. તે પણ અલગ અને પૂરા આચાર સાથે. ભોગ ધરે. યજમાન કુટુંબને પ્રસાદ લેવડાવે અને લે. તેઓ એક વીક-એન્ડ અમારા ત્યાં રોકાયેલાં. શ્રીગિરિરાજજીને તેમણે બે દિવસ શૃંગાર ધર્યા હતા! અદ્ભુત! સેવા સાથે કીર્તન ચાલતાં જ રહે. મને અને શરદને તેમની પાસેથી સેવા વિષે ઘણું શીખવા મળ્યું. શ્રીગિરિરાજજીના સ્વરૂપની સમજ એવી સુંદર આપી કે ગિરિરાજબાવામાં અમારો પ્રેમ એકદમ વધી ગયો.

સોમવારે સેવા પહોંચી, તેમણે તેમના ઠાકોરજીનાં ઝાંપીજી કરતાં ભાઈને કહ્યું. અમે બંને પણ સાંભળતાં હતાં : 'મુરબ્બી ચિંતા ન કરશો. શ્રીગિરિરાજબાવા એકાદ વર્ષમાં કાયમ માટે ભારત પાછા પધારશે. શરદભાઈ અને ખ્યાતિબેનની પૂરી સેવા અંગીકાર કરશે.'

ભાઈ બોલી ઊઠેલા : 'વૈષ્ણવ, એ કેમ શક્ય બને?'

'મુરબ્બી, ઠાકોરજીની ઇચ્છા હોય, ત્યારે બધું શક્ય બને. જીવતાં હોઈશું તો એય જોઈશું.'

ત્યારે તો અમે બંને ડઘાઈ ગયેલાં. પણ પછી એ વાત ભુલાઈ ગઈ. છ-એક મહિના વીત્યા. શરદને અને મને એક જ રાતે સ્વપ્નમાં શ્રીગિરિરાજબાવાનાં દર્શન થયાં. આજ્ઞા થઈ : ચાલો ભારત. ત્રણ રાત આ જ સ્વપ્ન.

અમે નક્કી કર્યું, ચાલો ભારત. મિલકતો વેચવા માંડી. બે પેઢી બેઠાં બેઠાં ખવાય, એટલું ભેગું થયું હતું. અમે વિચાર્યું, ઇન્ડિયા જઈને કમાવા વ્યવસાય નથી કરવો. નહીં તો ઠેરના ઠેર. શરદે નક્કી કર્યું, એક્યુપંચર-પ્રેશર અને ફિઝિયોથેરાપી સેન્ટર ચલાવવું - સેવાભાવથી, બપોરે બારથી પાંચ. સવાર-સાંજ સેવા કરવી. આ દરદીઓને ક્યારેય એવી ઇમરજન્સી આવે નહિ કે બેઠાં હોઈએ ત્યાંથી અમારે દોડવું પડે.

બધું નક્કી થયું. આવી ગયાં અહીં. રાજકોટમાં ઘર હતું જ. ત્યાં હાલ તો ડેરા તાણ્યા છે. ઠાકોરજીને ત્યાં બિરાજવું હોય તો ભલે બિરાજે; બાકી જ્યાં લઈ જશે ત્યાં પડાવ નાખીશું. આનંદકેન્દ્ર શરૂ કરીશું. હજી તો આ ઝાંખું સ્વપ્ન છે.' ખ્યાતિ અટકી.

'અહીં આ જ પ્રયોજને આવવાનું થયું છે?' માધવભાઈએ પૂછ્યું.

'એક પ્રયોજન આ ખરું. બીજું પૂ. જીજીને દંડવત્ કરવાનું. કાલે દંડવત્ કરવા ગયાં હતાં. જીજીએ સ્થળ સૂચવ્યું છે. હાલોલમાં આનંદકેન્દ્ર નામનું સરસ તૈયાર સ્થાન છે. તે મળી જાય તો સારું. ત્યાં ગ્રામવાસીઓની સેવાનો ઘણો અવકાશ છે. સવારે ત્યાં જવાનું વિચારીને નીકળેલાં. રસ્તામાં હરિતા મળી ગઈ. પ્રોગ્રામ બદલાઈ ગયો.' ખ્યાતિએ ખુલાસો કર્યો.

'હરિતા, ઘેર તારી મોટીબેનને ફોન કર કે બે વૈષ્ણવો ઠાકોરજી પાછળ લેનારા છે.'

'અને એમ પણ કહી દો કે અને માધવભાઈને લઈને કલાકમાં ઘેર આવીએ છીએ. તેમની બાકીની ટ્રીટમેન્ટ ઘેર થશે. હી ઈઝ નાઉ ઓલરાઈટ (હવે તેમની તબીયત સારી છે.)' રૂમમાં આવતાં શરદભાઈએ કહ્યું.

હરિતા નીચે જઈને ફોન કરી આવી. શરદભાઈએ કહ્યું, 'માધવભાઈ, મારે ડૉક્ટર સાથે લંબાણથી ચર્ચા થઈ ગઈ છે. તમે ઍક્યુપ્રેશર અને ઍક્યુપંચર થેરાપી વિષે જાણતા હશો.'

'હા, થોડું વાંચેલું.'

'પ્રાચીન વિશ્વના બધા દેશોમાં સ્વીકારાયેલી એ રોગસાધ્ય કુદરતી પદ્ધતિ છે. નહીં દવા કે નહીં ઑપરેશન. કેવળ સોય અને આંગળાંની જ કરામત. તમારા રોગમાં એ જ એકમાત્ર સ્વીકૃત ઉપચાર છે. ત્રણ મહિના સુધી ઉપચાર ચાલશે. પહેલો મહિનો માત્ર ઍક્યુપ્રેશર સારવાર. તમને દશેરાના દિવસે ફરી લેખનનું શુભમુહૂર્ત કરવાનો યોગ મને દેખાય છે.'

'શું વાત કરો છો, શરદભાઈ?' હરિતા બોલી.

'શ્રીગિરિરાજબાવાની ઈચ્છા છેલ્લી. આ બધી એમની લીલા છે. અમે તો નિમિત્ત છીએ.' ખ્યાતિ બોલી.

'શરદભાઈ, શ્રીવલ્લભને હજી આ જીવની સેવાઓ અંગીકાર કરવાની જણાય છે. ભલે, એમની ઈચ્છા એ આપણો આનંદ. તમારાં ટેરવાં પણ સાધારણ નથી. શ્રીગિરિરાજબાવાના સ્પર્શથી દિવ્ય બનેલાં છે. ટેરવામાં નવો પ્રાણ પૂરવાની શક્તિ પ્રભુ સ્વયં પધરાવે છે. એમનાં ચરણસ્પર્શ, શ્રીઅંગનો સ્પર્શ આપણા દેહના ઈલેક્ટ્રો-મૅગ્નેટિક ફિલ્ડનો વ્યાપ વધારે છે. તમારાં ટેરવાં મારા કપાળ પર ન ફેરવો?'

શરદભાઈ માધવભાઈના કપાળ પર ટેરવાં ફેરવી રહ્યા. ત્યાં ડૉક્ટર ગોપાલભાઈ આવતાં બોલ્યા, 'ઍમ્બ્યુલન્સ આવી ગઈ છે.'

વૉર્ડબોય સ્ટ્રેચર લઈને પાછળ આવી પહોંચ્યા.

◆

૧૫

ગણ્યું જે પ્યારું પ્યારાએ

માધવભાઈની ઍક્યુપ્રેશર અને ઍક્યુપંચરની સારવાર શરૂ થઈ. ડૉ. શરદભાઈ એ વિષયના ઘણા ઊંડા અભ્યાસી જણાયા. એમણે મજાની વાત કહી. આ સારવાર-પદ્ધતિ આપણા પ્રાચીન ભારતમાં ઉપયોગમાં લેવાતી હોવાના પરોક્ષ પુરાવા આપણાં પુરાણોમાં મળે છે. ઈચ્છા-મૃત્યુને વરેલા પિતામહ ભીષ્મ કુરુક્ષેત્રના યુદ્ધમાં મરણાસન્ન થવાય એટલા ઘવાઈ, ભૂમિ ઉપર પડ્યા હતા. અકથ્ય પીડા છતાં મકરસંક્રાંતિ પહેલાં દેહ છોડવા તૈયાર નહીં. બીજા ઉપચારો પીડા ઓછી કરવામાં અસમર્થ રહ્યા. અર્જુને બાણશય્યા રચી. તે પર પિતામહને સુવાડ્યા. આ બાણશય્યા ઍક્યુપંચર સારવાર માટે જ હતી. અર્જુન તે પદ્ધતિનો જાણકાર હોવો જોઈએ.

માધવભાઈએ કહ્યું, 'પુરાણોમાં નરક-યાતનાઓનાં ભયંકર વર્ણનો છે. ચીની ગ્રંથોમાંય એ યાતનાઓનું નિરૂપણ છે. આપણી એવી માન્યતા છે કે સ્વર્ગ ઉપર તરફ છે, અને પાતાળ તરફ નરક છે. જેણે પુણ્ય કર્યાં હોય તે સ્વર્ગની મોજ કરે અને પાપ કર્યા હોય તે નરકની યાતના ભોગવે. શ્રીમહાપ્રભુજીના મતે સ્વર્ગ અને નરકનો અનુભવ આ પૃથ્વી પર જ છે. તે કર્મફળ છે. ઍક્યુપંચરમાં શરીરના મર્મ ભાગોમાં એકસામટી આટલી બધી સોયો ભોંકાય, તે નરક-યાતનાનો જ નાનકડો અનુભવ લાગે ને?'

'ભાઈ બહુ દર્દ થતું હશે, નહિ?'

'મને એવું ન લાગ્યું. એક-એક સોયના ભોંકાવા વખતે શ્રીહરિનું સ્મરણ થતું ગયું. શ્રીહરિસ્મરણ સદા સુખદ જ હોય. વળી, શ્રીહરિ-સ્મરણની એક અલૌકિક વિશિષ્ટતા છે. તે તાપ-નિવારક અને તાપદાયક ઉભય છે; અને તે પણ એક જ સમયે.'

'એ કેવી રીતે?'

'હરિસ્મરણમાં શ્રીહરિનો પ્રબળ પ્રતાપ પ્રકટ થાય છે. હરિ શબ્દમાં જ પ્રભુના સામર્થ્યનું નિરૂપણ છે. સર્વ દુ:ખોને હરનાર - દૂર કરનાર તે હરિ. દુ:ખો દૂર કરવાં તે અતિસામર્થ્યવાનનું કામ છે. દુનિયાની ભાષામાં કહીએ તો તે સિંહ જેવો હોય. માટે સિંહને પણ 'હરિ' કહે છે.

'શ્રીમહાપ્રભુજીએ બે આજ્ઞા કરી : (૧) સર્વથા શરણં હરિ: (૨) સર્વાર્થે શરણં હરિ:. પ્રથમ આજ્ઞા વધુ ઉચ્ચ કક્ષાના નિષ્કામ પુષ્ટિભક્તો માટે છે. સદૈવ, સર્વ સ્થિતિમાં શ્રીહરિ જ આપણા રક્ષક છે - શિરચ્છત્ર છે; એવો દૃઢ વિશ્વાસ રાખી, તેમના જ અનન્ય આશ્રિત બનીને રહેવું. બીજી આજ્ઞા સકામ ભાવવાળા સામાન્ય કક્ષાના પુષ્ટિભક્તો માટે છે, જેમની લૌકિક લોલુપતાઓ સર્વાંશે મટી નથી. સર્વ અર્થો - બાબતોમાં શ્રીહરિ જ આપણું રક્ષણ કરશે, આપણું પ્રેય અને શ્રેય બંને કરશે, માટે તેમને જ વળગી રહેવું. 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં આ બંને સૂક્તિઓ છે.

'શ્રી વલ્લભની વાણી મંત્રાત્મક છે અને મંત્રો સ્વરૂપાત્મક છે. જેમ પ્રભુ પોતાના સ્વરૂપથી ભક્તોની ભીડમાં કવચ બનીને તેમનું રક્ષણ કરે, તેમ પોતાના નામનું પણ કવચ બનાવી, તેનાથી ભક્તોનું રક્ષણ કરે છે. કુરુક્ષેત્રના યુદ્ધમાં સ્વરૂપથી અર્જુનનું રક્ષણ કર્યું. જ્યારે હસ્તિનાપુરની રાજસભામાં નામથી દ્રૌપદીનું રક્ષણ કર્યું. દ્રૌપદીનો 'કૃષ્ણ' નામનો પોકાર અગણિત વસ્ત્રોના રૂપમાં તેને વીંટળાઈ રહ્યો. એવી જ રીતે વિરહ-વ્યાકુળ ગોપીજનોના પ્રાણ ભગવન્નામથી ટક્યાનું ખુદ ગોપીજનોએ 'ગોપીગીત' માં સ્વીકાર્યું છે. પ્રભુના સ્વરૂપમાં જે દિવ્ય ષડ્ધર્મો છે, તે પ્રભુના નામમાં પણ છે; એ વાત કહી 'તવ કથામૃતં તપ્તજીવનં' શ્લોકમાં.

'શ્રીહરિનું નામ વિરહતાપને વધારનારું છે. વિરહતાપ ચરમ કક્ષાએ પહોંચે, ત્યારે અંતરમાં અને આંખોમાં હરિદર્શન થાય. ત્યારે તે નામ તાપનું શમન કરે. સાથે સાથે નામ-રઢણમાં મન પ્રવણ થાય, એટલે લૌકિક તાપો-દુ:ખોનું વમન થાય. જો તમે પ્રભુપ્રેમના ઉમળકાથી સંવેદનશીલ બની પ્રભુનામ રટો, તો તેના પ્રત્યેક લયની સાથે તમને પરમ શાંતિ, હળવાશ, સ્વસ્થતા અને પ્રસન્નતાનો અનુભવ થશે. તમને એવું 'ફિલ' થશે કે શ્રીહરિ તમારી પાસ ચોપાસ ફરી રહ્યા છે. પેલી ગોપીનો આ જ અનુભવ હતો - 'આગે કૃષ્ણ, પાછે કૃષ્ણ, ઈત કૃષ્ણ, ઉત કૃષ્ણ, હૌં તો ભઈ રી કૃષ્ણમયી રી.'

માધવભાઈ અટક્યા. પ્રીતિબેન, હરિતા, શરદભાઈ, ખ્યાતિબહેન અને તેમની ખબર પૂછવા આવેલા પાંચ-છ વૈષ્ણવો એકધ્યાનથી આ વાત સાંભળી રહ્યા હતા.

'ભાઈ ભગવાન્નામનો મહિમા પણ ભગવાનના મહિમાની જેમ જ અપરંપાર છે, એમાં બેમત નથી, પણ એ નામ-રટણ મિકેનીકલ થઈ જાય છે, પછી થાક લાગે છે. શરીરમાં સુસ્તી અનુભવાય છે. મન બીજે ભટકવા માંડે છે. એમ કેમ થતું હશે?' શરદભાઈએ પૂછ્યું.

મને લાગ્યું કે મારા જ મનનો આ પડઘો છે. જવાબ ધ્યાનથી સાંભળવા કાન સરવા થયા.

માધવભાઈ ગળું ખંખેરીને બોલ્યા : 'આપણા હિંદુધર્મમાં ભગવદ્-આરાધનની બે પદ્ધતિઓ છે : (૧) ઉપાસના (૨) સાધના. ઉપાસનામાં શાસ્ત્રોક્ત ક્રિયાઓ, જેને આપણે કર્મકાંડ કહીએ છીએ, તેમનું પ્રાધાન્ય છે. ક્રિયાઓ સાથે મન ન જોડાય, તો પણ તે ક્રિયાઓ કરવાની ટેવ પડી જાય, પણ મનને તેમાં જોડવાની દરકાર ન રખાય; એટલે ક્રિયા આપોઆપ મિકેનીકલ થઈ જાય. પછી તે જપ હોય, પૂજા હોય કે ધ્યાન હોય.

'આથી શ્રીમહાપ્રભુજીએ 'શ્રીસુબોધિનીજી'માં આજ્ઞા કરી, 'જપે મર્યાદા' અમુક સંખ્યામાં જપ કરવાના એટલે કરવાના. હોઠ અને જીભ ફફડે, આંગળીઓ ફરે, પણ હૈયું અને મન અલિપ્ત હોય. આ ઉપાસનાની મોટી મર્યાદા એ છે કે તે સકામ હોય કે નિષ્કામ, પણ મારવાડની મરુભૂમિ હરિયાળી ન હોય, સાવ રેતાળ હોય. થોર-બાવળની કાંટાળી વનસ્પતિ જ એ ભૂમિમાં ઊગે. ત્યાં કદંબ-આંબા ન ઊગે. હરિના હેતની યમુના આપણા હૈયામાં સતત વહેતી હોય, તો હૈયાની ભૂમિ હરિયાળી રહે. અને તો જ એમાં નામ સ્મરણના કદંબ-આંબા હિલોળા લે. પણ હૈયે હરિ માટે સાચુકલું હેત જ ન હોય, તો એ ભૂમિ રણ જેવી ગણાય. તેમાં નામ-સ્મરણના કદંબ-આંબા ક્યાંથી ઊગે? અને જો ઊગે જ નહિ, તો હિલોળા ક્યાંથી લે? ત્યાં તો લૌકિક વિચારોના થોર-બાવળ જ વિસ્તરે ને?'

'જીજાજી, પણ હરિ માટેનું હેત ક્યાંથી આણવું?' હરિતાએ પૂછ્યું.

'બેન મારી, હેત ન હાટ વેચાય. એ કંઈ રેડીમેઈડ ગારમેન્ટ ઓછું છે કે દુકાનમાં ગયાં, ત્યાં ચેન્જ રૂમમાં પહેર્યું ને છાતી ફુલાવી ફરવા નીકળી

પડ્યાં? હેત તો છે પાકી તાવણનું ઘી. દૂધ જમાવી, દહીં વલોવીએ, માખણ તાવીએ, ત્યારે ઘી મળે. હેતનુંય એવું. હૈયામાં એની તડપે ન જોઈએ. બાકી બધેથી નજર ખાટી થઈ, ખસી જવી જોઈએ. હૈયું વલોવાય, સર્વ ઈન્દ્રિયો સ્નેહના સત્ત્વથી છલકાય, ત્યારે સ્નેહ પ્રકટે. લૌકિકમાંય બધાં ઉપર આપણો સ્નેહ છલકાતો નથી. બધાં દંપતી પ્રેમભીનાં હોતાં નથી. માટે તો એમના જીવનની સરગમ બેસૂરી વાગે છે.’

‘એનો અર્થ એવો કે લગ્ન કર્યાં એટલે પ્રેમ થઈ જતો નથી, પ્રેમ ન પણ પનપે. એમ વૈષ્ણવતાની કંઠી બાંધી એટલે હરિ માટે હેત ઊભરાઈ જ જાય, એવું ન પણ બને! ખ્યાતિએ કહ્યું.

‘સ્નેહ એટલો કૉમ્પલેક્ષ-જટિલ છે કે તેના ગુણધર્મો અલગ તારવી, તેની સંપૂર્ણ પરિભાષા બાંધી ન શકાય.’ મેં કહ્યું.

‘સાચી વાત. છતાં શ્રીમહાપ્રભુજીએ એની તત્ત્વમીમાંસા વિચારી છે તે સાવ અમૂર્ત-ઍબ્સ્ટ્રેક્ટ નથી. પ્રેમ એટલે પરમાત્મા અને પરમાત્મા એટલે પ્રેમ. પરમાત્મા નિરાકાર બની શકે છે, તો સાકાર પણ થઈ શકે છે. તેમ પ્રેમ લાગણીના પરિવેશમાં નિરાકાર છે, તો સેવાના-ભક્તિના પરિવેશમાં સાકાર છે. પ્રેમનું સાકાર સ્વરૂપ એટલે ગોપીજન-ભક્ત. ગોપીભાવથી પ્રેમ-સ્વરૂપ પ્રભુ મળે. ગોપીભાવ એટલે કૃષ્ણને પોતાનો બનાવવાનો ભાવ. એ ભાવ અલ્પાંશે પ્રીતિને સમજાય, ખ્યાતિને સમજાય. હરિતા, તારે એ સમજવા કોઈકને તારો બનાવવો પડે, સ્વીકારવો પડે.’

‘જીજાજી, પ્લીઝ. મને વચ્ચે ન લાવો.’

‘ભાઈ, તમે આગળ કહ્યું કે ભગવદ્-આરાધનાની બીજી પદ્ધતિ સાધના. એના વિષે પ્રકાશ પાડો ને!’

‘દરેક સંપ્રદાયની સાધના-પદ્ધતિ અલગ અલગ છે. ‘સાધ્’ એટલે સાધવું - સિદ્ધ કરવું - પામવું. પામવા માટેની પ્રક્રિયા તે સાધના. એનું જ બીજું નામ આરાધના. ‘રાધ્’ એટલે ચાહવું. ‘આરાધના’ એટલે સંપૂર્ણતઃ ચાહવું તે પરથી ‘રાધા’ નામ આવ્યું. સંપૂર્ણ રીતે કોઈને ચાહવા લાગીએ, તો સામી વ્યક્તિ જરૂર એક ને એક દિવસ આપણી બને. એનો પ્રેમ મળે. ચાહવાનું એટલે ચાહવાનું. એનાં કોઈ કારણ નહિ, કોઈ લૉજિક નહીં, કોઈ પ્લાનિંગ કે ફિલોસોફી નહિ. ‘ઈટ શુડ બી ઍઝ નેચરલ ઍઝ એ ફલોઈંગ સ્પ્રિંગ’ (ચાહના સતત ઊછળતા ફુવારા જેવી સ્વાભાવિક હોવી જોઈએ). આ ચાહતની અભિવ્યક્તિ વિચારમાં થાય, વાણીથી થાય, ક્રિયાથીયે થાય. એ અભિવ્યક્તિ એટલે જ સાધના-આરાધના. એમાં મન અને તન બંને સાથે રહે. એકમેકમાં ઓતપ્રોત રહે. એમાં માત્ર વિચાર કે માત્ર ક્રિયા ન હોય. એમાં પ્રેમ છે; માટે ક્રિયામાં પ્રેમનો આવિષ્કાર છે. આ જ કારણે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગીય આરાધનાને ‘‘સેવા’’ કહી.

‘વાત વિચારવા જેવી છે. ઘણા વૈષ્ણવો કહે છે, સેવામાં શી વાર? ચપટી વગાડતામાં થઈ જાય. પણ મને લાગે છે કે એ ક્રિયા જ થાય, સેવા નહિ. આપણા નાના બાળકને જગાડવાનુંયે કેટલું મુશ્કેલ હોય છે?’

‘નાના બાળકને જ નહિ, રવિવારે શરદને ઉઠાડવામાંય નવનેજાં આવી જાય!’ ખ્યાતિબહેને કહ્યું.

‘ખ્યાતિબહેન, તે વખતે તમને તેમના પર ગુસ્સો આવે કે વહાલ?’ માધવભાઈએ પૂછ્યું.

‘ખોટું નહિ કહું. વહાલ જ આવે.’ ખ્યાતિબહેને કહ્યું.

‘રવિવારે અમારી સવાર જ નહિ, આખો દિવસ સુધરી જાય છે. એ મસ્તી આખું અઠવાડિયું જીવવા માટેનું બળ આપે છે.’ શરદભાઈએ કહ્યું.

‘ગૂડ. હવે જો ખ્યાતિબહેન મોં ફુલાવી, બૂમ પાડી, જાગવાનું કહે. ચહાનો પ્યાલો પલંગ પાસે મૂકી ચાલ્યાં જાય, તો?’

‘તોબા, પ્લીઝ. એને આવું શીખવશો નહિ. ચહા તો પી જવાય, પણ મજા ન આવે.’

‘ઍક્ઝૅક્ટલી! આવું જ ભાવપૂર્ણ સેવાનું અને ભાવવિહોણી સેવાનું છે. પ્રભુમાં પ્રેમ છે, તો તમારી સેવા પ્રેમમયી બનશે, પણ પ્રભુમાં પ્રેમ નથી અને સેવા કરશો તો તે મિકેનીકલ બનશે. પ્રેમપૂર્વક સેવા થશે, તો પ્રેમ વધશે. એ પ્રેમ સ્મરણનું સ્વરૂપ લેશે. ત્યારે જે હરિનામ લેવાશે, તો હેતથી લેવાશે. સેવા-સ્મરણને ઉપાસના નહીં, આરાધના બનાવો.’

‘પણ અમારું લૌકિક છૂટતું નથી ને?’

‘એ જ તો ખાટલે મોટી ખોડ છે. જીવનમાં સમજપૂર્વક અને પ્રભુપ્રેમના પરિણામરૂપે ત્યાગ ન આવે, ત્યાં સુધી નિઃસાધનતા પણ ન આવે. નિઃસાધનતા

વિના દીનતા ન આવે, ને દીનતા વિના ગુણગાન ન થાય. ગુણગાન વિના વિરહતાપ ન પ્રકટે. વિરહતાપ વિના ભગવદ્પ્રાપ્તિ નથી. પુષ્ટિમાર્ગની આ સાધના પદ્ધતિ છે. આ સાધના માટે હૃદયની કોમળતા જરૂરી છે. નિર્મળતા વિના કોમળતા ન આવે. હૃદયને સૌ પહેલાં નિર્મળ કરવું પડે. મન હરિનામમાં-સેવામાં ન લાગવાનું મોટું કારણ મનના વિકારો - અશુદ્ધિઓ છે. ખાસ કરીને પૈસાનો લોભ, વિષયવાસનાઓ, ગુસ્સો અને અભિમાન તથા ઈર્ષા એ મનનો કચરો છે. આંખમાં કાંકરી પડે, ત્યારે નજર સામે ગમે તેવું સુંદર દૃશ્ય હોય, પણ આંખ તે જોઈ શકતી જ નથી. કાંકરી ખૂંચવાથી આંખ ઉઘાડ-મીંચ કરે, બધું ધ્યાન એ કાંકરીમાં અટકી જાય. આમ, આપણું લૌકિક કાંકરી બની આપણા મનમાં ખૂંચે છે, એટલે અંતર પ્રભુ સાથે એનો તાર જોડી શકતું નથી.'

'પણ આ લૌકિક બાવા બનીએ તો છૂટે?'

'બાવા બન્યેય નહિ છૂટે. સાધુઓનાં લૌકિક ક્યાં છૂટે છે? એ છોડવા શ્રીમહાપ્રભુજીએ સરસ રસ્તો બતાવ્યો. જીવન વર્તુળ જેવું છે. વર્તુળને એની ધરી હોય. તેના પર વર્તુળ ઘૂમતું રહે. વર્તુળની ધરી બદલો એટલે વર્તુળ નવી ધરી પર ઘૂમશે. અત્યારે આપણા જીવનનું વર્તુળ લૌકિકની ધરી પર ઘૂમે છે. તેને પ્રભુની ધરી પર ગોઠવો. જીવન-વર્તુળ પ્રભુમય બની ઘૂમવા માંડશે. **'ક્રિયા સર્વાપિ સૈવાત્ર પરં કામો ન વિદ્યતે.'** જીવનની ક્રિયાઓ એની એ જ; પણ લૌકિક કામમય નહિ, અલૌકિક કૃષ્ણમય. દાતણ એના સુખ માટે, સ્નાન એના માટે, સુંદર વેશભૂષા અને કેશભૂષા એના માટે, ભોજન બનાવવાનું ને કરવાનું પણ એના માટે. પછી જુઓ મજા. લૌકિકની કોઈ ફરિયાદ નહિ રહે. લૌકિક પણ આનંદમય બની જશે.'

'ગૃહસ્થાશ્રમ-દાંપત્ય એના માટે કેવી રીતે?' ખ્યાતિએ પૂછ્યું.

'પતિ-પત્નીમાં વૈષ્ણવીભાવ આવશે. વૈષ્ણવીભાવ સાથે પરસ્પરનાં હૃદયમાં બિરાજેલા પ્રભુની અનુભૂતિ થશે. પરસ્પરને સુખરૂપ બનવાનો આગ્રહ જાગશે. સાથે મળી સેવા-સ્મરણ વધારે સારી રીતે થશે. સંતાન-પ્રાપ્તિ પણ સેવાના હેતુથી જ. સંતાન ન થયું તોયે સુખે ભજીશું શ્રીગોપાળ.' કામતૃપ્તિ જીવનની જરૂરિયાત છે. તેને વિકૃત ન બનાવાય. તેનું બળજબરીથી દમન ન કરાય. એમાંથી માનસિક ઉપદ્રવો જાગે છે. એના સહજ સંયમી ઉપભોગથી જીવન સ્વસ્થ અને ટેન્શન વિનાનું બને છે. તે સારી રીતે પ્રભુપરાયણ બની શકે છે. આપણા ત્યાં ગૃહસ્થાશ્રમનો સ્વીકાર છે, ઈન્કાર નથી. આપણા ભગવદીયો ગૃહસ્થ-જીવન જીવનારા હતા. તેમણે પોતાના સેવ્ય પ્રભુને બાળક તરીકે અથવા પ્રિયતમ તરીકે સ્વીકાર્યા હતા. લૌકિક પતિ અને અલૌકિક પ્રિયતમ બંને આ ગૃહસ્થાશ્રમમાં સચવાય છે. ગૃહસ્થાશ્રમથી ભાગવું એ તો કાયરતા છે.'

સૌ માધવભાઈની વાત એકધ્યાનથી સાંભળી રહ્યાં હતાં. તેમણે આગળ ચલાવ્યું : 'આપણો માર્ગ વિદ્વાનોને ફલિત થાય છે તેના કરતાં ભોળાં વૈષ્ણવોને જલદી ફલિત થાય છે. અમારા જેવા વિચારતા રહે, બોલતા-લખતા રહે, પણ દળીદળીને બધું કુલડીમાં. ભોળાં વૈષ્ણવ તો પકડ્યું એટલે પાર ઊતરવું-એમાં માનનારાં.'

'એવું કેમ થતું હશે?' શરદભાઈએ પૂછ્યું.'

'તમે તો ફિઝિક્સ ભણ્યા હશો. અત્યારની ફિઝિક્સની છેલ્લી થિયરી છે, Super conductivity ની. સોનું, ચાંદી, તાંબું જેવી કિંમતી ધાતુઓ ઊર્જા-ઍનર્જીની ઉત્તમ વાહકો. તેમાંથી વીજળી, ગરમી જલદી પ્રસરે. જ્યારે અબરખ મંદવાહક-બૅડ કન્ડક્ટર. પરમાણુમાં જે ઈલેક્ટ્રોન છે, તે પોતે પણ ચકરડી ફરે અને વર્તુળાકારે પણ ઘૂમે. આ ઈલેક્ટ્રોન ચકરડી ફરતો અટકે, ત્યારે તે નિષ્ક્રિય બને. તે વખતે મંદવાહકમાં રહેલા બીજા ઈલેક્ટ્રોન સાથે તેની pair બનતાં, મંદવાહક - બૅડ કન્ડક્ટર સુપર કન્ડક્ટર બને. કદી ગૂડ કન્ડક્ટર સુપર કન્ડક્ટર બનતાં નથી. આમ, વિદ્વાનો ગૂડ કન્ડક્ટર છે. ભોળા વૈષ્ણવો બૅડ કન્ડક્ટર છે. એમની ભક્તિના ન્યટ્રોન સાથે પ્રભુના ન્યુટ્રોનની 'પૅર' જલદી બને છે. માટે શ્રુતિઓએ કહ્યું, **'નાયમાત્મા પ્રવચનેન લભ્યો, ન મેધયા, ન બહુના શ્રુતેણ, યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ ।** પરમાત્મા પ્રવચનોથી, જ્ઞાનપ્રાપ્તિથી, કથાશ્રવણથી મળતા નથી. એ બધાં ગૂડ કન્ડક્ટર છે. તેઓ કૃપા કરે તેને મળે છે.'

'એ કૃપા પામવાનો ઉપાય?'

'ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.'

'મોટીબેન, હવે સૌને માટે ચ્હા બનાવીશું?' હરિતાએ પૂછ્યું.

'લયભાઈને પૂછ. ચ્હાના એ રસિયા છે.' પ્રીતિબેને કહ્યું.

'પ્રભુની ચાહના આ જન્મે મળવાની ખબર નથી. હજી તો ચાહવું એટલે શું, એના અનુભવને જ અવકાશ મળ્યો નથી. ત્યાં સુધી આ 'ચ્હા' ચાલશે.

'ચાહવાની અનુભૂતિમાં હવે ઝાઝો વિલંબ દેખાતો નથી, લયભાઈ! મામાનું ઘર કેટલે? દીવો બળે એટલે. હરિતા ચ્હા બનાવતી થાય, એટલી જ વાર છે.' માધવભાઈ બોલ્યા.

'માધવભાઈની ઘણી વાતો સમજાય જ નહીં!' ખ્યાતિએ કહ્યું.

'એ જ સારું છે, ખ્યાતિ. લેખકોને ઝાઝા સમજવાની તકલીફ જ ન લેવી.' કહીને હરિતા ઊઠી, 'ચાલ, બધાંને ચ્હા પાઈ દઈએ.'

■

૧૯

બરસાને કી ડગર બતા દે, રસિયા!

બે-ત્રણ દિવસ પછી એક રાતે માધવભાઈ, પ્રીતિબેન અને હું નિરાંતની પળોમાં બેઠાં હતાં. પ્રીતિબહેન શ્રીઠાકોરજી માટે ફૂલની માળા બનાવી રહ્યાં હતાં.

મેં કહ્યું, 'માધવભાઈ, ત્રણ દિવસ પછી વેકેશન પૂરું થશે. શાળા ખૂલશે. મહિનાથી ઘર અવાવર છે. ધૂળિયું ગામ અને નળિયાનું છાપરું. સફાઈમાંય અપના હાથ જગન્નાથ. હવે તમને પણ નવી ટ્રીટમેન્ટ અસર કરી રહી છે. આજ્ઞા આપો તો કાલ વિદાય લઉં.'

'પ્રીતિ, સાંભળ્યું? બોલ શું કરવું છે?'

'લયભાઈ, એવું ન બની શકે કે તમે એ નોકરી છોડી દો!'

'ન કેમ બને? બધું બને! શરત ભગવદિચ્છા, પણ તુચ્છ બુદ્ધિ પૂછે કે પછી ખાવાનું ક્યાંથી?'

'અહીં ગોઠવણ થઈ જાય તો?'

'બહેન, આ મોટા શહેરમાં મને મામૂલી માણસને કોઈ પટાવાળોયે ન બનાવે! હવે તો એને માટેય પાંચ-પચ્ચીસ હજાર ઢીલા કરવા પડે છે. મારી પાસે તો...'

'લયભાઈ, પ્રીતિ કહી શકી નથી. ઈડરના ધૂળા વાણિયાની જેમ કોથળામાંથી બાટ ખખડાવે છે. એના સંકોચનાંય કારણો છે. પણ મને લાગે છે કે અમારે છાશની જરૂર છે. પછી દોણી સંતાડવાનો સંકોચ રાખીએ, તો છાશ હાથમાંથી જાય. સીધી વાત કહી દઉં. હરિતાના હાથનું માગું તમારી પાસે કરવું છે. તમારાં વડીલો હોત, તો વાત વધારે સહેલી હોત!'

હું આશ્ચર્યમૂઢ બની ગયો! વિચારવાની પ્રક્રિયા જ જાણે થંભી ગઈ. રૂમમાં નીરવતા વ્યાપી ગઈ.

'લયભાઈ, છોકરીનાં મા-બાપ દરખાસ્ત કરે, એટલે તે સ્વીકારાઈ જ જાય, એવું અનુભવી મા-બાપ ન માને. રાજીખુશીનો પ્રશ્ન છે. અંજળ-પાણી હોય ત્યાં જ ગઠબંધન થાય. તમે આટલા દિવસો પછી પરાયા નથી. પેટછૂટી વાત કરશો, તો અમને ખોટું નહિ લાગે. વિચાર કરવો હોય તો વિચાર કરીને જવાબ આપજો.' માધવભાઈએ કહ્યું.

'માધવભાઈ, પુરાણી વાતોમાં પ્રસંગ આવતો : એક અનાથ નિર્ધન પરદેશી, ગામ બહાર રાત વિતાવી, સવારે કિલ્લાનો દરવાજો ખૂલવાની રાહ જોતો દરવાજા પાસે જ બેઠો હોય. દરવાજો ખૂલતાં ગામમાં પેસનારો તે પહેલો જણ હોય. હાથણી તેના ગળામાં ફૂલહાર પહેરાવે અને રાજા એ મુફલિસને પોતાની દીકરી પરણાવી, અર્ધું રાજ્ય આપી દે. આ વાત શાળાનાં બાળકોનાં મન મનાવવા કહેતો, ત્યારે મારું મન કહેતું કે આ તો ટાઢા પહોરનાં ગપ્પાં છે. કોઈ રાજા કે રાજકુમારી એવાં મૂરખ ન હોય...'

'અમે તમને એવાં મૂરખ લાગ્યાં, નહિ?' પ્રીતિબહેને પૂછ્યું.

'તમે બંને અતિ સુજ્ઞ છો, માટે જ ડઘાઈ ગયો છું. ઘણી બાબતો મારી અલ્પબુદ્ધિના ચોકઠામાં ગોઠવાતી નથી. પહેલી વાત, અનેકનો ઈનકાર કરનાર હરિતા મારો સ્વીકાર શા માટે કરે? બીજી વાત, કદાચ કરે, કોઈ મજબૂરીથી કે દબાણથી, તોયે એને સુખી કરવાની મારી હેસિયત ખરી? ત્રીજી વાત, ત્રીસીના આરે હવે ગૃહસ્થાશ્રમ શરૂ કરવાનું સાહસ અજુગતું નથી? ચોથી વાત, શ્યામની શોધમાં એ અંતરાયરૂપ નહિ બને?'

'લય, તમારી પસંદગી કરવામાં અમે જરાસરખી પણ ભૂલ નથી કરી, એની ખાતરી તમારા પ્રશ્નોએ કરાવી દીધી. અમારી કસોટીમાંથી તમે સો ટકા ગુણ સાથે પાસ થયા છો. હવે રહ્યા તમારા પ્રશ્નોના જવાબ. પ્રશ્ન નં. ૧ હરિતાએ તમારો સ્વીકાર કરવાની સંમતિ કાલે રાતે આપી દીધી છે. એક શરતે કે તમે સ્વેચ્છાએ હા પાડો તો. એ માટે એનાં કારણો પણ છે. પહેલું કારણ છે તમારી પૂર્ણવૃત્તિ. પૂર્ણવૃત્તિ એટલે જીવનમાં સંયમ અને સંતોષ સાથે ભગવદ્-શરણાગતિ. હૃદય અને બુદ્ધિની નિર્મળતા. એને આજ સુધી મળેલા યુવાનોમાં આ લક્ષણનો અભાવ હતો. એ બધા પતંગિયા જેવા હતા. બીજું કારણ તેણે એ બતાવ્યું કે આજસુધી દૈવયોગે તમે મરુભૂમિનું એકાકી જીવન જીવ્યા છો. તેમાં તે હરિયાળી આણવા ઈચ્છે છે. ભારે ભોજનથી પરિતૃપ થયેલાને મિષ્ટાન્નની કદર નથી હોતી. પણ ઉપવાસીને બાફેલા મગ પણ રુચિકર બને છે. ત્રીજું કારણ છે, તમે ભગવદીય છો. ઉત્તમ વૈષ્ણવ છો. તમારા સંગથી તે તેના જીવનના સુકાનની દિશા બદલવા ઈચ્છે છે.'

ફરી પાછી રૂમમાં ચૂપકીદી છવાઈ ગઈ. મારી મૂંઝવણ વધતી જતી હતી. એકબાજુ મન શ્રીગોવર્ધનનાથજીને મેળવવા અધીરું હતું. એને કદાચ કાયમ માટે વ્રજવાસી બની જવું છે. બીજી બાજુ, માધવભાઈ જેવા પરમ ભગવદીયની આજ્ઞાની આમન્યા તોડવા હૃદય સંકોચ અનુભવતું હતું. એ બેની વચ્ચે ચિત્ત ટાપસી પૂરતું હતું : લય, તને હરિતા ગમી છે. તે તરફ તેં મને જવા દીધું છે. કોળિયો મોંમાં આવે છે, ત્યારે નખરાં કરે છે?

મેં કહ્યું : 'માધવભાઈ, કેવળ ભાવનાઓથી જીવન જિવાતું નથી. એનો વ્યવહાર મોટા ભાગે કઠોર અને વિષમ હોય છે. અમારાં બંનેનાં ઉછેરમાં, કૌટુંબિક માહોલમાં, વિચારોમાં અને વ્યવસાયમાં બહુ મોટું અંતર છે, જે ભવિષ્યમાં અમારા બે વચ્ચે દીવાલરૂપ બની જશે તો?'

'સામાન્ય યુગલોમાં તમે કહો છે તેવું બને; પણ તમારી વાત જુદી છે. તમારી બંનેની સમજ નાની ઉંમરમાં ઘણી પાકટ છે. એટલે અનુકૂલન સાધવું મુશ્કેલ નથી. બાકી વૈવિધ્યમાં જ જીવવાની મજા છે. મારું માનો, તો તમે કોઈ પણ નિર્ણય કરો તે પહેલાં એક વાર તમે બંને મળી લો. નિરાંતે વાતો કરો. વૈભવ અને રાજશ્રીને મેં ફોન કરાવ્યો હતો. તેઓ પણ કાલ રાતે આવે છે. પછી જે નિર્ણય કરશો, તેને અમે વધાવી લઈશું. ખરુંને પ્રીતિ?' માધવભાઈએ સ્પષ્ટતા કરી.

'હા જી. આપણાથી લયભાઈને દબાણ ન થાય. પ્રભુની ઈચ્છા હશે તેમ થશે.'

'ભલે, મને હરિતાને મળવામાં શો વાંધો હોય?'

'પ્રીતિ, હરિતાને ફોન કર. તે આપણા ફોનની રાહ જોતી હશે.'

પ્રીતિબહેન ઊઠ્યાં. ફોનનું ડાયલ પાંચ વખત ઘૂમ્યું.

'હરિતા, જય શ્રીકૃષ્ણ. લયભાઈ સાથે તારા જીજાજીએ ઘણી વાતો કરી છે. તમે બંને મળી એકબીજાના વિચારો જાણો, તેવી તારા જીજાજીની ઈચ્છા છે. સોડાવૉટરની બૉટલના ઉભરા જેવી સ્થિતિમાં કોઈ નિર્ણય થાય તે

બરાબર ન કહેવાય. ભવિષ્યમાં તે દુ:ખી કરે. તમે બંને સમજદાર છો; માટે પહેલાં મળો. પૂરતો સમય લો. અમને પેંડા વહેંચવાની ઉતાવળ નથી. બોલ, લયભાઈને મળવાનું ક્યારે ગોઠવે છે?.... ઊભી રહે, પૂછી લઉં... કાલ સવારે નવ વાગે ફાવશે, લયભાઈ?'

મેં સંમતિમાં માથું હલાવ્યું.

'ઓ.કે. સવારે નવ વાગે આવી પહોંચ. હા, ભલે તારા બંગલે બેસજો. એ બહાને તેઓ તારું ઘર પણ જુએ... ભલે, ભલે. કાલ એ તારા મહેમાન. ઠાકોરજીની ઇચ્છા હશે, તો કાયમના તારા થશે. તારા જીજાજી જય શ્રીકૃષ્ણ કહે છે.... લયભાઈને તો તું જ જય શ્રીકૃષ્ણ કહે ને? હું શું કરવા પોસ્ટમેન બનું?.... જીભ તો મારાથીયે લાંબી છે! લે, લયભાઈને ફોન આપું છું. વાત કર.'

પ્રીતિબહેન રીસિવર મારી સામે ધર્યું.

'હલો, જય શ્રીકૃષ્ણ... મજામાં હતો, પણ માધવભાઈએ મૂંઝવણમાં મૂકી દીધો છો... તમને મળવામાં વાંધો શાનો? તમારી વાતો મજાની હોય છે.... પણ એક શરત... હા, આહારે ચ વ્યવહારે સ્પષ્ટવક્તા સુખી ભવેત્... આપણી વચ્ચે સંમતિ થાય કે અસંમતિ, પણ તેને લઈને પરસ્પર પ્રત્યેનો વૈષ્ણવીભાવ ખંડિત ન થવો જોઈએ... બસ બસ.... ફાઇન... ભલે, કાલે સવારે નવ વાગે... આવજો જય શ્રીકૃષ્ણ.'

મેં ફોન મૂકી દીધો. જય શ્રીકૃષ્ણ કહી, હું સૂવા ગયો.

વાતાવરણમાં ઉકળાટ હતો. રૂમની પશ્ચિમ-દક્ષિણ તરફની બારીઓ ખોલી નાખી. પંખો ફૂલસ્પીડ પર ચલાવ્યો. બારી બહારથી રાતરાણીની સુવાસ રૂમમાં ધસી આવી. રૂમ મહેંકતો થયો. નાક સુવાસથી ભરાઈ ગયું. જેઠ વદની રાત્રિનું આકાશ ચંદ્ર વિના જુદું જ લાગતું હતું. બારીના સળિયા પકડી, બારી બહાર સ્વસ્થ, શાંત રાતરાણીના છોડને જોઈ રહ્યો. ભરયુવાનીમાં લહેરાતા એ છોડને અંગેઅંગે આછાં લીલા-પીળાં રંગનાં મોતી જેવાં પુષ્પો ખોબલે ખોબલે ખીલ્યાં હતાં. એમની આગવી નજાકત હતી. સુરભિ પણ અન્ય પુષ્પોથી ભિન્ન, રાતને રઢિયાળી બનાવી દે; એટલે તો એ રજનીગંધા કહેવાય!'

પથારીમાં લંબાવ્યું. અંધારાની આરપાર આકારો ઊપસવા લાગ્યા. ઊંઘવા માટે આંખો મીંચી, પણ જાણે કોઈ નાજુક, અદૃશ્ય હાથ હળવેથી પોપચાં ખોલતા હતા. હાથના કંકણનો રણકાર કાનમાં વેરાઈ જતો હતો. કાનમાં કોઈક કહી રહ્યું હતું, 'જિંદગીનો સૌથી મહત્ત્વનો નિર્ણય લેવાની ઘડી આડે એક રાત બાકી છે, ત્યારે ઊંઘવાનું?'

ભારે દ્વિધામાં પડખાં ઘસતો રહ્યો. નિર્ણય સૂઝતો ન હતો. ત્યાં જાણે ખુલ્લા બારણામાંથી મારી જ ઉંમરના એક વ્રજવાસી અંદર પધાર્યા હોય, એવો મને ભાસ થયો! માથે વ્રજવાસી પાઘ, ચોળાયેલ ધોતી-બંડી, મુખ પર તાજા ગુલાબ-શી કુમાશ.

'આપ?'

'મને સૌ ચતુર્ભુજદાસ કહે છે.'

'આપ કુંભનદાસજીના પુત્રરત્ન ને?'

'હા. મારો એક નિજી અનુભવ બતાવું? કદાચ તે તને નિર્ણય લેવામાં ખપ લાગે.'

'આપ બિરાજો. આજ્ઞા કરો.'

'મારી પત્ની હરિશરણ થઈ. સાધારણ જીવ હતી. પત્નીયોગ જેવું કંઈ લાગ્યું નહિ, 'ભલું થયું ભાગી જંજાળ.' એના મરણને મહિનોય નહોતો થયો, ત્યાં એક દિવસ શ્રીગોવર્ધનધરે બપોરે સખામંડળી વચ્ચે મને આજ્ઞા કરી : 'ચતુર્ભુજ, તારી પત્ની ગઈ! બહુ ખોટું થયું! પણ તેથી નિરાશ ન થા! બીજું લગ્ન કર.'

મેં કહ્યું, 'મહારાજ, હવે મને સંસારમાં રુચિ નથી. આપે સંસારવેરી થઈ, મને સંસારમાંથી તાર્યો છે. ફરી એમાં શીદને ફેંકો છો?'

'ના, ચતુર્ભુજ, તારે લગ્ન તો કરવું જ પડે. મારો સખો વિધુર રહે તે મને બિલકુલ ન ગમે.'

'પણ મહારાજ, આપ જ કહો, હવે મારી ઉંમરની કઈ કન્યા મારા માટે કુંવારી રહી હોય?'

'મળશે, શોધી કાઢ. કુંવારી ન મળે તો વિધવા સાથે પણ લગ્ન કર.'

પ્રભુની આજ્ઞા પાસે આપણું શું ચાલે? પ્રભુજીને રાજી રાખવા, મેં મારાથી મોટી ઉંમરની વિધવા સાથે ફરી લગ્ન કર્યાં. ત્યારે એ છબીલાજી સખાઓને કહે, 'જોયું? ચતુર્ભુજ ના-ના કરતાં પરણી ગયો! એનાથી મોટી ઉંમરની વિધવાને લઈ આવ્યો!'

શ્રીજી મજાક કરતા રહ્યા. મેં વિચાર્યું, એમને આનંદ આવે છે ને? બસ, આપણે બીજું શું જોઈએ? લલ્લુ, એક વાત બતાવું? પુષ્ટિમાર્ગમાં જે લલ્લુ બનીને રહે, તે લાભ પામે. લલ્લુને લાલન સાથે સારું બને. કારણ લાલનનો જે લય, એ જ લલ્લુનો લય. લાલનના સૂરમાં સૂર જ મેળવવાનો ને? આપણો પોતાનો નવો ઊંચો સૂર કાઢવા જઈએ, ત્યારે આપણું જીવન-સંગીત બેસૂરું બની જાય! એના સૂરમાં સૂર મેળવવાનું સાવ સહેલું. એય ન આવડે તોય ફીકર નહીં, ચૂપ થઈ જઈ, એનો સૂર સાંભળ્યા કરવાનો.

એને વ્રજમાં રહેવું હોય તો વ્રજ એનું છે. એને વ્રજમાંથી થોડા દિવસ મથુરા જવું હોય, તો એની મરજી. પણ આપણે વ્રજ છોડવાનું નહિ. આપણો લય એક જ રાખવાનો - **'તુમ બિન રહ્યો ન જાય હો, બ્રજરાજ લડેતે લાડિલે.'**

ચતુર્ભૂજદાસજી ક્યારે અંતર્ધાન થઈ ગયા, એનો અણસારે ન આવ્યો. આંખ મીંચાઈ ગઈ. વહેલી સવારે પંખીઓના કલરવે જરા આંખ ખૂલી-ન-ખૂલી ત્યાં ફરી મીંચાઈ ગઈ. સ્વપ્નમાં નંદદાસજીનાં દર્શન થયાં. મોગરાશી ઉજ્જવળ દેહકાંતિ. મારાથી વંદન કરતાં કહેવાઈ ગયું, ભક્તપ્રવર, એવા આશીર્વાદ આપો કે કામાસક્તિ નિઃશેષ થઈ જાય.

તેમણે મારા મસ્તકે વરદ હસ્ત ફેરવતાં કહ્યું : વત્સ, કામ પણ પ્રભુની રચના છે. કામ ત્યાં સુધી જ પજવે છે, જ્યાં સુધી પ્રભુને લાયક એ લાગણીઓ આપણે પ્રભુને સમર્પિત કરતા નથી. તેનો આપણે આપણા માટે ઉપભોગ કરીએ છીએ. આ મારો સ્વયંનો અનુભવ છે. ક્ષત્રિય નારી તરફ વિષયાસક્ત બન્યો, ત્યારે કામની ભારે પજવણી વેઠી. પણ શ્રીગુસાંઈજીની કૃપા થતાં એ કામ પ્રભુ તરફ વહ્યો. પછી તો રૂપમંજરીના સાન્નિધ્યમાંય લૌકિક કામ જાગ્યો નથી. પુષ્ટિમાર્ગમાં ભગવદ્-અંગીકૃત કામનો નિષેધ નથી. પુષ્ટિમાર્ગીય કામ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યો - શ્રી ગોકુલાધીશને સર્વાત્મભાવે હૃદયમાં સદાને માટે ધારણ કરી લેવા તે. એ ધારણ થાય ત્યાં લૌકિક કામનું શું ગજું કે દઝાડવા આવે? પણ કામાસક્તિ જ નહિ હોય, તો પ્રભુને સુખ અપાશે ક્યાંથી? સમજણ પડે છે?

એક જ જૂથનાં સખીઓનો ભૂતળ ઉપર પણ કોઈક રીતે મેળાપ અને સંબંધ થાય છે. એમાંય નિત્યલીલા જ કારણભૂત હોય છે. ક્ષત્રાણી વૈષ્ણવના નિમિત્તે તો હું શ્રીગુસાંઈજી સુધી પહોંચી શક્યો ને? રૂપમંજરીનો મેળાપ નિત્યલીલા સંબંધે જ ને? નંદદાસજી પણ અંતર્ધાન થઈ ગયા. સ્વપ્ન વિલાઈ ગયું. પાછી આંખ મીંચાઈ, ત્યાં પ્રીતિબહેન ટહુક્યાં, 'વૈષ્ણવ, જય શ્રીકૃષ્ણ. લાગે છે કે હરિતાએ આજે જાગરણ કરાવ્યું છે.'

મેં આંખો ખોલી. જવાબમાં મલકાયો.

બાથરૂમમાં ઘૂસ્યો. બ્રશ કરતાં કરતાં વ્રજમાં સાંભળેલો રસિયો ચિત્તપટ પર ઝૂમતો, હોઠથી ગણગણવા લાગ્યો.

બરસાનેકી ડગર બતા દે, રસિયા!
બરસાનેકી ડગર બતા દે.
રાધારાનીકા દરસ દિખા દે, રસિયા!
રાધારાનીકા દરસ દિખા દે.
ભાનકુમારીકી કૃપા મિલા દે, રસિયા!
ભાનકુમારીકી કૃપા મિલા દે.
પુરુષોત્તમ પ્રભુકી છબિ નિહારત,
મોહે મગના બના દે, રસિયા.

■

૧૭

ઐસી દુલહનિ ભાવૈ

સવારે નવ વાગતાં વાગતાં હરિતા આવી પહોંચી. હું તૈયાર થઈને છાપું વાંચતો હતો. માધવભાઈ સાંભળતા હતા.

આજે તેની ચાલ બદલાઈ ગઈ હતી. એક એક્ઝીક્યુટીવની દમામદાર ચાલનું સ્થાન અભિસારે નીકળેલી કોઈ સુંદરીની ચાલે લીધું હતું. તેના અવાજમાં અને આંખોમાંય ભાવિની સભાનતા અને સતર્કતા છતી થતી હતી. આજની એની વેશભૂષા અને કેશભૂષાય આગવી હતી. વસંતનાં નવપલ્લવિત પર્ણના રંગના બ્લાઉઝ પર લીલું લહેરિયું ગુજરાતી ઢબે પહેર્યું હતું. લાંબો કેશરાશિ હેરપિનોની મદદથી કલાત્મક રીતે છૂટો સજાવાયો હતો, જે જમણા ખભે થઈને આગળના ભાગે ફરફરતો ઝૂલતો હતો. બે કાંડે લીલાં કંગન હતાં. ગળામાં સોનાની ચેઈન, ભાલમાં લાલ બિંદી.

'જય શ્રીકૃષ્ણ, જીજાજી. જય શ્રીકૃષ્ણ, લય.'

અમે બંનેએ પણ તેને ભગવદ્-સ્મરણ કર્યાં. અમારી ચાર આંખો મળતાંની સાથે, એની આંખો શરમથી લચી પડી.

પ્રીતિબહેન અવાજ સાંભળીને બહાર આવ્યાં -

'આજે કેવી ટાઈમસર આવી ગઈ!'

'મોટીબહેન, તમે તો...'

'પ્રીતિ, આજે એને પજવ નહિ. એનો મૂડ બગડશે, તો લયભાઈને એ મૂડ સમાલવાની ઉપાધિ થશે. તારે તો ઠીક છે!' માધવભાઈ હસ્યા.

'ચાલો, જઈશું?'

'દર્શન કરીને જાઓ. મંગળભોગ સરાવું છું.'

અમે દર્શન કરીને હરિતાની ગાડીમાં નીકળ્યાં. હરિતાનું ઘર દસેક મિનિટના અંતરે જ હતું. ગાડીમાં બંને મૌન રહ્યાં, પણ મૌન બોલતું હતું. અવારનવાર આંખો ટકરાતી હતી. ગાડી અટકી. ગાડીની બારીમાંથી બંગલાના દરવાજા પરની આરસની તકતી પર જ પહેલી નજર ગઈ. સફેદ બેકગ્રાઉન્ડ પર લીલા અક્ષરો અંકિત હતા - હરિતા.

ગાડીમાંથી ઊતર્યો. હરિતાએ ગાડી 'લૉક' કરી. દરવાજો ખોલતાં પુલકિત નજરે બોલી, 'વેલકમ હોમ.' હું બહારથી દરવાજાની આરપાર દેખાતો રૂપકડો બેઠાઘાટનો બંગલો, એક સુંદર કારીગરીના રૂપમાં જોતો ઊભો રહ્યો. તેણે કહ્યું, 'આ ગેટ પર ડાબી બાજુ તકતી લાગી છે. જમણી બાજુનો પિલર બીજી તકતીની રાહ જુએ છે. તે લાગશે ત્યારે બૅલેન્સ થશે. પ્લીઝ, કમ ઈન.'

હરિતાની પાછળ પાછળ અંદર ગયો. તેણે મુખ્ય દ્વારનું તાળું ખોલ્યું. અમે લીવિંગ રૂમમાં પ્રવેશ્યાં. એની સાજ-સજાવટ કલાત્મક હતી. સંખેડાનું ફરનિચર ને સૌરાષ્ટ્રનું ભરતકામ એકમેકના રૂપને વધારે બોલકાં બનાવતાં હતાં. આછા લીલા પ્લાસ્ટિક કલરની દીવાલો અને પીળા રંગની બારીઓ એકમેકની ક્ષિતિજોમાં ક્યાં ભળી જતી, તે નક્કી કરવું કપરું હતું.

સોફાની સામેની દીવાલ પર એક કલાકૃતિ હતી. સુંદર નકશીવાળા ઘરના બારણાની ઉપલી બારસાખ પર જમણો હાથ ટેકવી, એક ગ્રામ-સુંદરી યૌવનના ભારને વેંઢારતી ઊભી હતી. એની આંખોમાં પ્રતીક્ષાનો અજંપો હતો.મોં પર નિરાશાની આછી લહેરખી હતી. ટોડલે કાગડો ચાંચ પહોળી કરીને બેઠો હતા. ઘરની બે બાજુએ શેરીનાં મકાનો હતાં. શેરીનો સીધો રસ્તો દરિયે જતો હતો. સામે ઊછળતા દરિયાલાલ હતા.

મને કલાકૃતિમાં દિલચસ્પી પ્રકટી. હરિતા મારી બાજુમાં ઊભી હતી.

'ભૂપેન ખખ્ખરની આ કૃતિ છે, નહિ?'

'હા.'

'આ ચિત્રનો સંદર્ભ તો જાણતાં જ હશો.'

'ના. બતાવો ને.'

'હેમચંદ્રાચાર્યનું નામ તો સાંભળ્યું છે ને?'

'જરૂર'

'તેમણે 'સિદ્ધહૈમ' નામનું વ્યાકરણ રચ્યું છે. એના છેલ્લા પ્રકરણમાં તેમના સમયમાં બોલાતી-લખાતી ગુજરાતી ભાષાનું વ્યાકરણ છે. વ્યાકરણ જેવા નિરસ વિષયને રસપ્રદ બનાવવા, એ વીતરાગી મુનિએ સંસારી સાહિત્યમાંથી ઉદાહરણો ચૂંટ્યાં છે. સંસાર-રસથી સાવ અનભિજ્ઞ સાધુ, નિર્લેપભાવે સંસાર-રસ પીરસે! તેમાં એક દુહો છે - તે વખતની ગુજરાતી ભાષાનો -

વાયસુ ઉડ્ડાવન્તી, દીઠ્ઠ પિયુ સહસત્તિ,
અદ્ધ વલય મહીહી ગય, અદ્ધ ફૂટ્ટ તડત્તિ.

'આ તો ન સમજાય તેવું છે.'

'વાત એમ છે કે દરિયા-કિનારાના એક ગામના બધા જુવાનો બળેવ પછી, દરિયો ખેડવા ગયેલા. તે બધા આઠ મહિના બાદ પાછા આવી ગયા. ન આવ્યો એક નવયુવાન. એની નવોઢા પત્ની રાત-દિવસ એના આવવાની પ્રતીક્ષામાં સુકાઈને અર્ધી થઈ ગઈ છે. રોજ સવારે દરિયા તરફ મીટ માંડે છે અને નિરાશ થઈ, નિસાસો નાખે છે. રહીસહી આશા પર પણ લગભગ પાણી ફરી વળ્યું હતું. ત્યાં એક દિવસ અનહોની થઈ, રોજની ટેવ પ્રમાણે જાગતાં જ બારણે બારસાખને અઢેલીને ઊભી, ત્યાં ઘરના ટોડલે બેઠેલો કાગડો બોલ્યો. કાગડો ઘરના ટોડલે બેસીને બોલે, તો મનગમતા મહેમાન આવે; એવી લોકમાન્યતા. વિરહિણી નવોઢાને કાગડા પર ગુસ્સો આવ્યો. તેને લાગ્યું કે એ લુચ્ચો મુજ દુખિયારીના ઘામાં મીઠું ભભરાવે છે. તે કાગડાને ઉડાડવા એક કાંકરી લેવા, વાંકી વળી. ત્યાં કવિ કહે છે, એના હાથમાં કાચની બંગડીઓ (સૌભાગ્યકંકણ) હતી તે, શરીર સુકાઈ જવાથી મોટી પડતી એ બંગડીઓમાંથી અડધી, હાથ નીચેની દિશામાં જતાં, જમીન પર પડી નંદવાઈ ગઈ. તે કાંકરી લઈ, ફરી વાર ટટ્ટાર થવા ગઈ, ત્યાં સામેથી એના પતિને આવતો જોયો. એ પ્રોષિતભર્તૃકા એટલી બધી હરખાઈ ગઈ કે તેનું શરીર લગ્ન વખતે હતું, તેનાં કરતાંય વધુ ફૂલી ગયું. હાથમાં બાકી રહેલી બંગડીઓ, શરીર ફૂલતાં તડાક દઈને નંદવાઈ ગઈ! કવિએ દુહાની બે પંક્તિઓમાં વિરહ-હર્ષના કરુણ-મંગલ-અદ્ભુત રસો ઠાંસીઠાંસીને ભરી દીધા છે, નહિ?'

'અરે વાહ! મને તો આવી ખબર જ નહિ. મુંબઈ ગયેલી ત્યારે આર્ટ એક્ઝીબિશનમાં આ ચિત્ર ગમ્યું. ખરીદી લીધું. જે ગમી જાય, તે વસાવી લેવાની મારી નાનપણની આદત.'

'ગમેલું ન વસાવી શકાય તો?'

'હજુ સુધી તો એવું બન્યું નથી. એવું બનશે ત્યારે જોયું જશે.'

'રૂમની સજાવટ તમારી કલારુચિનું દર્પણ છે.'

'થેંક્યુ. મઢુલી પહેલાં જોવી છે કે છેલ્લે?'

'ઍઝ યુ વિશ (જેવી તમારી ઈચ્છા). પણ જોઈને પછી જ નિરાંતે બેસીએ, તો કેમ?'

'આ બે બેડરૂમ છે. એક પપ્પા-મમ્મીનો, બીજો મારો. આ કિચન અત્યારે તો એક અપરિણીતનું રસોડું છે - વણવપરાશી. આ ઠાકોરજીનો રૂમ છે, મમ્મી સેવા કરતાં. મમ્મીના ગયા પછી, મોટીબેન કરે છે. શ્રીગોવર્ધનનાથજીનું સ્વરૂપ છે, તે મમ્મીના ઠાકોરજી છે.'

'તમે કારોબારમાં અતિ વ્યસ્ત રહેવા છતાં, ઘરને ઘર તરીકે જાળવ્યું છે. સ્ત્રીઓ જ આ કરી શકે. અમારે એકલા રહેવાનું થાય, ત્યારે ઘર તરત ચાડી ખાય કે આ વાંઢાસદન છે, અથવા પ્રોષિતપત્નીનું ઘર છે.'

લીવિંગરૂમ તરફ પાછા ફરતાં મેં કહ્યું, 'મોટીબેનના અનુભવ પરથી એવું અનુમાન કરું કે પતિની અવ્યવસ્થા પત્નીના હૈયે સુખદ અનુભૂતિ આપતી હશે. એ બધું વ્યવસ્થિત કરતાં, પ્રત્યેક વસ્તુના સ્પર્શે પતિનાં સ્મરણોનો એને રોમાંચ થતો હશે, કદાચ!'

'આઈ હૅવ નો આઈડિયા (મને એનો ખ્યાલ નથી) બેસો ને.'

એકબીજાને સારી રીતે જોઈ શકાય અને સામીપ્ય અનુભવી શકાય, એવી સોફાચૅરમાં હરિતા બેઠી.

'સૉરી, તમારા ઘરમાં મારે તમને બેસવાનું કહેવાનો અવિવેક નહોતો કરવો જોઈતો.'

જવાબમાં તે મરકી. જાણે કહી રહી હતી કે 'એ અધિકાર આપવા હું તો તૈયાર છું. તમે હા પાડો, એટલી વાર.'

તેણે ઊભી થતાં કહ્યું, 'હું ચહા-નાસ્તો લાવું. ઘરમાં બીજું કોઈ નથી.'

'એક મિનિટ. મને એની જરૂર નથી; કારણ કે ટેવ નથી. જાતે રોટલા ટીપનારને એ ટેવ ન પોસાય. ચહા-નાસ્તો મોટી લક્ઝરી કહેવાય! પ્લીઝ,

નો ફોર્માલિટીઝ. બેસો ને! આપણે વાતો કરવા મળ્યાં છીએ. મને ડર છે, ભવભૂતિનાં રામ-સીતા જવું ન થાય.’

‘કોણ ભવભૂતિ?’

‘સંસ્કૃત સાહિત્યનો કાલિદાસ પછીનો મોટા ગજાનો નાટ્યકાર. એણે ‘ઉત્તરરામચરિત’ નાટક લખ્યું છે. એમાં એક પ્રસંગ છે. રામ સીતાને પરણે છે. બેયની ઉંમર માંડ ચૌદ-પંદરની છે. જાન અયોધ્યા પાછી ફરે છે. સુહાગરાતે આ બેલડી એમના શયનખંડના એકાંતમાં આમને-સામને બેઠાં છે. મુગ્ધ છે, નાદાન છે, ભાવવિભોર છે. શબ્દોની ભાષા વાપરવા અબુધ છે. નેત્રોની લિપિ ઉકેલવા મથી રહ્યાં છે. ભવભૂતિ કહે છે, **‘રાત્રિરેવં વ્યરંસીત્’** એમાં ને એમાં આખી રાત પસાર થઈ ગઈ!’

‘તમારી પાસે તો વિપુલ ખજાનો છે, વાતોનો! સાંભળ્યા જ કરું.’

‘પણ અત્યારે તો થોડાક પ્રશ્નો લઈને આવ્યો છું. એ વિશ્વાસે કે વ્યવહારશૂન્ય મને તમારી વ્યવહારપટુતા માર્ગદર્શન આપશે.’

‘અરે, વાહ! ખરા છો, તમે તો! સામા પક્ષના વકીલની સલાહ લેવા નીકળ્યા છો?’

‘મને વિશ્વાસ છે.’

‘ચાલો, તમે મારું કામ સહેલું કર્યું. પૂછો પ્રશ્નો.’

‘પ્રશ્ન નંબર એક. હું મહેસાણા જિલ્લાના સમી તાલુકામાં. તમે અહીં. હું માસ્તર. તમે કંપનીનાં માલિક. લગ્ન પછીની વ્યવસ્થાનો તમારો શો ખ્યાલ છે?’

‘હું સમાનતામાં માનું છું, પણ સમાનતાની મારી સમજ ભાવાત્મક સમાનતાની છે, બૌદ્ધિક સમાનતા નહિ. એકમેકની મર્યાદાઓ સ્વીકારવાની અને પૂરક બનવાની સમાનતા. તે સાથે ‘પતિ પરમેશ્વર’ તો ખરા જ. જીવનના સુખની એ તો સોનેરી ચાવી છે. રહી વાત જીવનની વ્યવસ્થાની. તમે ઇચ્છો તો સાસરે આવી ત્યાં જિંદગી ગાળવાની મારી પૂરી તૈયારી છે. કારોબાર કાઢી નાખતાં મને સહેજે હિચકિચાટ નહીં થાય. ચૂલે રોટલા ટીપતાં શીખી જઈશ. બીજો વિકલ્પ પણ છે, જો તમને ગળે ઊતરે તો. તમે નોકરી છોડી, વ્યવસાયમાં આવી જાઓ. આપણે સાથે મળી કારોબાર ચલાવીશું. ઇચ્છો તો આખો વ્યવસાય તમારા નામે. આ બંગલો ઇચ્છો, તો સહિયારા નામે અને ઇચ્છો તો તમારા એકલાના નામે. તમને જરાય તમારી અવહેલના થાય છે, એવું ન લાગવું જોઈએ.’

‘અરે, તમે બધું મારા નામે કરી દો ને કાલ ઊઠીને..’

‘મને તમારા ગળાની કંઠીમાં ભરપૂર વિશ્વાસ છે. માનો કે તમે અજુગતું કંઈ કર્યું, તો મારાય ભગવાન તો હશે જ ને! આ કહેવા ખાતર નથી કહેતી. આઈ મીન વૉટ આઈ સે.’

‘બીજો પ્રશ્ન. હું માનું છું કે આપણે બંને ત્રીસની આસપાસનાં છીએ. કરેક્ટ (ખરું)?’

‘કરેક્ટ.’

‘ગૃહસ્થાશ્રમ શરૂ કરવામાં અડધો દાયકો ઑલરેડી મોડાં થઈએ. આપણને ગૃહસ્થાશ્રમ રેડીમેઈડ વારસામાં મળનાર નથી. નવેસરથી એકડો ઘૂંટવાનો છે.’

‘એગ્રીડ (કબૂલ).’

‘એ સંજોગોમાં લૌકિક-અલૌકિકનું બૅલેન્સ (સંતુલન) બનાવવું પડે, એને સાચવવું પડે.’

‘એગ્રીડ’

‘અં સંજોગોમાં સંતાનપ્રાપ્તિ લગ્ન પછી તત્કાલ થાય, તોયે મુશ્કેલી. રાહ જોવામાં સમય જવા દઈએ, તો વૃદ્ધાવસ્થામાંય એની ફિકર રહે.’

‘યુ આર રાઈટ (તમારી વાત સાચી છે) મનેય આ વિચાર પજવી ગયેલો; પણ મારો ઉકેલ જુદો છે. સ્ત્રી માતૃત્વ માટે વધારે સંવેદનશીલ હોય છે. એ સભાનતા સાથે મારું સૂચન છે કે આપણું બધું વાત્સલ્ય કેવળ શ્રીઠાકોરજી પર જ વરસાવવું.’

‘રીયલી (ખરેખર)?’

‘રીયલી. ત્રીજો પ્રશ્ન?’

‘લગ્ન કેવી રીતે, ક્યાં કરવાં? મારી પાસે નથી પૂરતું બેન્ક-બૅલેન્સ અને નથી સ્વજનો પણ.’

'સાદાઈથી, શાસ્ત્રોક્ત વિધિથી જીજાજીના ત્યાં થઈ શકશે. પછી તમે મને તમારા આ ઘેર લઈ આવશો! રહી ખર્ચની વાત. જીજાજી વીસ વૈષ્ણવને પ્રસાદ લેવડાવવા સક્ષમ છે. પછી રહે વાત મને આપવાનાં કપડાં તથા દાગીનાની. હાલ પ્રોમિસ આપવાનું. કમાઈને પ્રોમિસ પાળવાનું.'

'ચોથો પ્રશ્ન. શ્રીઠાકોરજીની સેવા?'

'તમે સાથ આપશો, તો મોટીબેનની જેમ કરીશ. પાંચમો પ્રશ્ન?'

'ધેટ્સ ઑલ. થેંક્યુ વેરી મચ (બસ, આભાર).'

'પરીક્ષાનું રીઝલ્ટ ક્યારે ડિક્લેર થશે?'

'રીઝલ્ટ કોને જણાવવાનું? વાલીને કે વિદ્યાર્થીને?'

'ફોન પર વાલીને જણાવશો એટલે વિદ્યાર્થીનેય મળી જશે.'

'આઈડિયા ખોટો નથી. પણ વિદ્યાર્થી જ્યારે પરીક્ષા આપે, ત્યારે તેને પોતાના દેખાવના આધારે કેટલા માર્કસ મળશે, તેનો અંદાજ કાઢતો હોય છે. તમને એવો કોઈ અંદાજ?'

'પરીક્ષક નાપાસ કરવાનું નક્કી કરીને ન જ બેઠા હોય, તો પાસ થવામાં તકલીફનું કોઈ કારણ દેખાતું નથી.'

'ઓ.કે. પ્રીતિબહેનને ફોન જોડશો?'

'જરૂર'

ડાયલ કર્યું.

'મોટીબેન, એક મિનિટ.... લયને આપું. તમારી હિંમત ન હોય, તો રીસિવર જીજાજીના કાને ધરો.... ભલે.... લો.'

હરિતાએ રીસિવર લંબાવ્યું.

'જય શ્રીકૃષ્ણ. શ્રીઠાકોરજી ભક્તમનોરથપૂરક છે. તમારી ભક્તિ ફળી. મને હરિતા સ્વીકાર્ય છે. જો હું તેને સ્વીકાર્ય હોઉં તો.... ના, ના. આમાં આભાર શાનો? તમે તો હવે મારાં વડીલ કહેવાઓ. તમને બંનેને મારાં વંદન... એક મિનિટ.... હં. હરિતાના પણ પ્રણામ.... હા, હરિતાને આપું.'

'બોલો, જીજાજી, તમારા આશીર્વાદ ફળ્યા. આજે હું ખૂબ સુખી છું. હવે મારી ચિંતા તમને ઓછી રહેશે. કબૂલ. ધાર્યું ધણીનું થાય.... હા, લય વાત કરે, ચાલુ રાખો.'

'વડીલ, વંદન.... બસ એવા આશીર્વાદ સદા વરસાવજો. પણ એક વાત કરવાની રહી ગઈ. દહેજનું નક્કી કરવું પડશે ને?... ના, એમ નહીં. હું માગું તે આપવું પડે. હજી કંઈ વહી ગયું નથી. યસ, આઇ એમ સીરિયસ ઈનફ. (હું પૂરી ગંભીરતાથી જ બોલું છું.) તમને બોજો ન પડે તેનો ખ્યાલ ચોક્કસ રાખીશ. બે ઈન્સ્ટોલમેન્ટ (હપ્તા)થી લઈશ. પહેલા ઈન્સ્ટોલમેન્ટમાં અમને સેવા માટે હરિતાનાં મમ્મીના ઠાકોરજી પધરાવી આપી શકશો? બીજા હપ્તામાં તમારા વારસદાર તરીકે તમારી ગ્રંથસંપત્તિ... થેંક્યું વેરી મચ. આજથી હુંય તમને બંનેને જીજાજી અને મોટીબહેન કહું તો? ... નો, જમાઈ થયો તો શું થયું? નો, લયકુમાર ઍન્ડ લયભાઈ. માત્ર લય. મંજૂર?... ચાલો, પછી મળીએ છીએ. જય શ્રીકૃષ્ણ.

'લય, I am overjoyed. Thanks a lot.'

'No thanks. No formalities. પતિને પરમેશ્વર માનનારી આર્યનારીએ પતિના ચરણસ્પર્શ કરવા પડે. ખબર પડે છે?'

હરિતા સાડીનો છેડો માથે લઈ, નીચી નમવા વળી. મેં તેને છાતીએ સમાવી દીધી.

■

૧૮

બંસી બાજી બનઘનમેં

રાત થતાં પહેલાં તો બૅંગ્લોરથી વૈભવ-રાજશ્રીભાભી આવી ગયાં. પાછળ પાછળ શરદભાઈ અને ખ્યાતિબહેન પણ આવી પહોંચ્યાં. કુટુંબમેળો જામ્યો. સૌ ખૂબ પ્રસન્ન હતાં.

વૈભવે કહ્યું : 'માધવભાઈ, આજથી આપણે વેવાઈ થયા છીએ. લયની સાથે મારું સ્ટેટસ પણ વધી ગયું. આજ સુધી મારે બધાંને નમવું પડતું. કોઈ મારા પગે પડતું નહિ. હવે એ લાભ મને મળશે. વડીલની અદાથી માથા પર હાથ મૂકી, આશીર્વાદના પોઝમાં આપણી વિડિયો તો ઊતરશે. પ્રીતિબહેન, તમે વેવાણ થયાં. મજાની ચહા પાઈ દો, એ વાત ઉપર.'

'શ્રી, લયને ખુશી થઈ હશે, તેનાથી વધારે ખુશી વૈભવભાઈને થઈ હોય એમ લાગે છે.'

'કારણ કે લયભાઈ મારા લાડકા દિયર છે; પણ નીકળ્યા છુપા રૂસ્તમ! હંમેશા 'ના-ના' કહેતી હરિતા પાસે 'હા' પડાવવા કયો જાદુ કર્યો, એ શોધવું પડશે.' રાજશ્રી ભાભીએ કહ્યું.

'એ તો હરિતાને જ પૂછવું પડે : 'કૌન ગોર તેં પૂજી?' ખ્યાતિબહેને હસતાં હસતાં કહ્યું.

આ બધી વાતો વચ્ચે મારું અને હરિતાનું મોં સિવાયેલું હતું. અવાર-નવાર આંખો મળતી, મુસ્કરાતી, પ્રેમની લિપિ ઉકેલતી.

'માધવભાઈ, આ આનંદનો અવસર માણવા માટેનું માર્ગદર્શન તમારું. શરદભાઈની મદદથી દોડાદોડી મારી. ટેકો શ્રી, પ્રીતિબહેન અને ખ્યાતિબહેનનો. પહેલી વાત લગ્નના મૂરતની.'

'આપણે તો ઉત્સવનો શુભ દિન એ જ મુહૂર્ત. નજીકમાં જ રથયાત્રા છે. ઉત્તમ મુહૂર્ત.'

'સરસ. હવે વાત લગ્ન ક્યાં ને કેવી રીતે કરવાનાં? દિવસો ટૂંકા છે. બોલો, હૉલ મળે?'

'વૈભવ, મારો અને હરિતાનો નિર્ણય છે કે શાસ્ત્રોક્ત લગ્નવિધિ આ ઘેર જ થાય. It should be only a family celebration (આ માત્ર પારિવારિક ઉત્સવ બની રહે).

'બરાબર છે.. માધવભાઈની તબિયતનો ખ્યાલ કરતાં એ જ યોગ્ય રહેશે. શ્રીઠાકોરજીની કૃપાથી માધવભાઈ પ્રોગ્રેસ કરી રહ્યા છે. ત્યાં સુધીમાં 'વ્હીલચૅર'માં બેસતા થઈ ગયા હશે.'

'ભલે. સ્થળ આ જ રાખીએ; તો પછી કોઈ ખાસ ખટપટ જ નહિ રહે. પણ અમે લય માટે સૂટનું કાપડ ખાસ પસંદ કરીને લાવ્યાં છીએ, એનું શું?' શ્રીભાભીએ પૂછ્યું.

'ભાભી, હું ક્યાં પેન્ટ-શર્ટ પહેરું છું?'

'તે અત્યાર સુધી તું ક્યાં કશું બીજાને માટે કરતો હતો? હવે હરિતાને ગમે તે કરવાનું; પહેરવાનું સમજ્યો?'

'વૈભવભાઈ, તમારો અનુભવ બોલે છે કે શું?' ખ્યાતિબહેને પૂછ્યું.

'તદ્દન સાચી વાત. આ બંને મિત્રો 'કાર્બન કોપી' હતા. જ્યૉમેટ્રીના Congruent Triangle (ભૂમિતિના સમભુજ ત્રિકોણ) જેવા. લગ્ન પછી આમને સરખા કરતાં મને મહેનત પડી છે. હરિતાનેય એવી જ મહેનત કરવી પડશે.' રાજશ્રીભાભી બોલ્યાં.

હરિતાએ મોં ખોલ્યું, 'વૈભવભાઈ, મારે વ્યાવસાયિક સંબંધો બહુ બહોળા છે; એટલે સત્કાર-સમારંભ તો યોજવો પડશે. પોલો કલબમાં એની વ્યવસ્થા થઈ જશે. ત્યારે લયને સૂટ પહેરવો પડશે.

'સરસ! પ્રીતિ, હવે વાત લગ્નના વહેવારની. લયના પક્ષે જે ગણો તે અમે છીએ અને હરિતાના પક્ષે તમે. આપણે બેય આ બાબતમાં - ઢબુના 'ઢ'. હોંશ એ આપણો વહેવાર.'

'શ્રીભાભી, એક મિનિટ. એની ચોખવટ મારે હરિતા અને માધવભાઈ સાથે થઈ ગઈ છે. હાલ મારે હરિતાને વસ્ત્રાલંકારને બદલે પ્રોમિસરી નોટ

આપવાની છે. કમાઈશ ત્યારે તે વટાવવાની અને પહેરામણીમાં ફક્ત હરિતાનાં મમ્મીનાં ઠાકોરજી!' મેં કહ્યું.

'એ તમારા બે વચ્ચેના કરાર છે, જે અમને બંધનકર્તા નથી. અમારે જે કરવું હશે, તે અમે કરીશું. અમે અત્યારે તારા બાપુજીના સ્થાને છીએ. ખબર પડે છે?' વૈભવ બોલ્યો.

'અને પ્રીતિ, મારે બે-પાંચ દિયર નથી. દેરાણી એકની એક છે. એને ગજા પ્રણામે જે આપીએ, તે પ્રેમથી સ્વીકારવાનું છે.'

શ્રીભાભી ઊભાં થયાં. અંદરથી એક બૅગ લઈ આવ્યાં. તાળું ખોલ્યું. દાગીનાનાં ત્રણ બોક્સ કાઢ્યાં. આ એક સોનાનો સૅટ છે. આ બીજો જડતરનો ને ત્રીજો પાછીકામનો સૅટ છે. તેમણે ત્રણે સૅટ હરિતાની ગોદમાં મૂક્યા. આ કાંજીવરમ્ સિલ્કની સાડી - રિસેપ્શન માટે. આ ઘાટડી, લગ્ન માટે. બાકીના આ ડ્રેસ છે.'

સૌ તે જોવામાં ગૂંથાઈ ગયાં.

'શ્રી, આટલું બધું ન હોય?' પ્રીતિબહેને કહ્યું.

'એ નક્કી કરવાનું તને કોણે કહ્યું? વહુની તું મા હોઈશ, પણ સાસુ તો હું છું.' શ્રીભાભી બોલ્યાં.

'અરે, તમે બધાં આ લૌકિક ખટપટમાં પડ્યાં, પણ મારી વાત તો કોઈ સાંભળો.' મેં કહ્યું, 'અમે સંમતિ આપી છે, એટલે આ લગ્ન તો થવાનાં; પણ તે પહેલાં મારે અલૌકિક લગ્ન કરવાનાં છે.'

'એ વળી કયાં લગ્ન?' હરિતાના સ્વરમાં ઉચાટ હતો.

'અલૌકિક લગ્ન એટલે બ્રહ્મસંબંધ. એ વિના સેવાનો અધિકાર ન મળે.' મેં ખુલાસો કર્યો.

'હરિતાને પણ બ્રહ્મસંબંધ નથી થયાં.' પ્રીતિબહેને કહ્યું.

'તો મારે પણ બ્રહ્મસંબંધ લેવાં છે. લય, આપણે સાથે લઈએ.'

'બેનબા, બોલી તો નાખ્યું કે આપણે સાથે લઈએ; પણ એ ઢીંગલીની રમત નથી. એ મોટી લાયેબિલીટી છે. આજીવન પ્રભુને સમર્પિત થઈને જીવવાની પ્રતિજ્ઞાની ગંભીર દીક્ષાવિધિ છે. સેવા કરવાનું આપેલું વચન પાળવાની તૈયારી જોઈશે. ખાલી મિસરીભોગ ધરી, દંડવત્ કર્યાં, તેથી નહિ ચાલે. બ્રહ્મસંબંધ બાદ મુખ્ય વ્રતોનું પાલન કરવું પડશે : (૧) અસમર્પિત ત્યાગ - સર્વ પદાર્થો પ્રભુમાં વિનિયોગ કરાવીને જ ઉપયોગમાં લેવા; (૨) અન્યાશ્રય ત્યાગ - પ્રભુ શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઈ દેવદેવી, મનુષ્ય, અસુર, પ્રેતાત્મા, પદાર્થ કે વિચારનો આશ્રય ન કરવો; (૩) દુઃસંગ ત્યાગ - ભગવદ્-ભક્ત અને ભગવદ્-શાસ્ત્રો સિવાય અન્યનો સંગ ન કરવો; (૪) અસદાલાપ ત્યાગ - ભગવદ્-ગુણગાન સિવાય લૌકિક વાતોનો ત્યાગ. બોલ, આ થઈ શકશે?' માધવભાઈએ પૂછ્યું.

'જીજાજી, આપના આશીર્વાદથી અને લયના સાથથી સઘળુંય થશે.'

'તો શુભસ્ય શીઘ્રમ. બેઠક-મંદિરે ફોન કરી પૂછી લો.'

શરદભાઈએ ફોન કરી, પૂછીને કહ્યું, 'ત્યાં અત્યારે કોઈ બાળક બિરાજતા નથી. બધા જ મથુરા પધાર્યા છે. હા, શ્રીકલ્યાણરાયજીમાં શ્રીદ્વારકેશબાવા બિરાજે છે.'

'તો ત્યાં ફોન કરો.'

શરદભાઈએ ફોન જોડ્યો. વાત થઈ. આજ્ઞા મળી, 'કાલે વ્રત કરાવો. પરમ દિવસે શૃંગારમાં બ્રહ્મસંબંધ થશે.'

મને ઘણો આનંદ થયો. રાતે હરિતાને તેના બંગલે મૂકવા ગયો. અમે ચાલતાં જ નીકળ્યાં. રસ્તામાં હરિતા કહે, 'લય, આ અઠવાડિયામાં મારે ધમાલ વધી જશે. આજે રાતે ઘેર જઈ ઇન્ટિરિયર ડૅકોરેટરને ફોન કરી, આપણા બેડરૂમને નવેસરથી તૈયાર કરવા કહેવાનું છે. અત્યારે તો એ કુમારિકાનો રૂમ છે. ઑફિસમાં પણ તમારે બેસવાની વ્યવસ્થા કરવા એને કહી દઉં. રિસેપ્શન માટે પોલો-ક્લબના કેટરરને ફોન કરવાનો છે. એ ધમાલમાં તમારા સ્વપ્નમાં ખોવાવાનો મને સમય નહીં મળે. એટલો સમય તમારાથી દૂર....'

'ચિંતા નહીં. હું બેવડાં સ્વપ્નાં જોઈશ, તમારા વતી પણ...'

'એય, હવે મને બહુવચનથી નહિ બોલાવવાની. હું તમારી કંઈક થાઉં છું; એ ભૂલી ન જતા.'

'ડાહી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે. તમે - સૉરી, તું મને બહુવચનમાં સંબોધી શકે?'

'હા, એ પત્નીનો અબાધિત અધિકાર છે.'

'જેવી તારી મરજી. મારા લાયક કામ હોય તે કહેજે.'

'એક કામ કરજો. હનીમૂન કરવા ક્યાં જવું છે, તે નક્કી કરજો.'

'અહે વાહ! ટ્રાવેલ એજન્સી તું ચલાવે અને નક્કી મારે કરવાનું?'

'હા, તમને મજા આવી જાય, એવો કુદરતનો હર્યોભર્યો ખોળો, જ્યાં એના રસપાનમાં એકાદ ક્ષણ તમે મને પણ વીસરી જાઓ.'

'એ કદાચ હિમાલયમાં બને કે સાગર-કિનારે.'

'તો આપણે કૂલુ-મનાલી જઈએ. વેલી ઑફ ફલાવર્સ (ફૂલોની ઘાટી). હું ત્યાં ગઈ નથી. હિમાલયની ગોદમાં છે.'

'મજા આવશે.'

'એની વ્યવસ્થા પણ કરી દઉં.'

ત્યાં તો 'હરિતા'નો દરવાજો આવ્યો. હરિતાએ દરવાજો ખોલ્યો. હું દરવાજે અટકી ગયો.

'અંદર નથી આવવું?'

'ના, હવે લગ્ન સુધી આપણા માટે એકાંત 'સેફ' ન ગણાય. આખરે તો આપણેય માટીનાં માણસ! લગ્નની ગંભીરતા, પવિત્રતા પાળવી જોઈએ. વિયોગ પછીનો સંયોગ વધારે મધુર હોય છે. હમણાં તો પ્રણય-બંસરીના સૂર દૂર રહ્યે રહ્યે રેલાવવાના અને સાંભળવાના. ચાલ, રજા લઉં. કાલ મળીએ છીએ. જય શ્રીકૃષ્ણ. કાલ વ્રત કરવાનું છે. ભૂલતી નહિ.'

'આવજો, સાચવીને જજો. જય શ્રીકૃષ્ણ.'

■

૧૯

લગન લગી નંદલાલસોં

બ્રહ્મસંબંધ લેવા અમે સમયસર શ્રીકલ્યાણરાયજીના મંદિરે પહોંચી ગયાં. અપરસ કરી. ત્યાં શૃંગારનાં દર્શન ખૂલ્યાં. દર્શન બાદ ટેરો આવ્યો. અમને નિજતિબારીમાં બેસાડ્યાં. સામે સુખડની સાંગા-માંચી પર શ્રીકલ્યાણરાયજી બિરાજતા હતા. શ્રીઅંગ પર કેસરી કિનારીવાળી સફેદ ધોતી અને એવો જ ઉપરણો. મોતીનાં આછાં આભૂષણ. કર્ણમાં મત્સ્યાકૃતિ મોતીનાં કુંડળ. મસ્તકે મોતીનો સહેરો. મોગરાની વનમાળા. શ્રીઅંગનું તેજ ઝગારા મારતું હતું. લાવણ્યસિંધુ લહેરાતો હતો. તિરુપતિનું યૌવન અને શ્રીનાથજીનું લાવણ્ય બેય અહીં વિલસતાં હતાં.

શ્રીદ્વારકેશબાવા પણ રૂપે-રંગે આંખમાં વસી જાય તેવા. 'હેન્ડસમ' શબ્દ સાવ ફિક્કો લાગે. વય નાની, પણ સુજનતા ભારોભાર. આપે અમારા હાથમાં તુલસીદલ આપતાં પહેલાં આજ્ઞા કરી : 'વૈષ્ણવો, બડી જાતમાં લગ્નપ્રથા એવી છે કે કાજી કન્યા અને મૂરતિયાને પૂછે કે આ શાદી તમને મંજૂર છે? 'હા' માં જવાબ મળે, પછી જ નિકાહ પઢાય. બ્રહ્મસંબંધ થાય તે પહેલાં, કહો, તમને બ્રહ્મસંબંધ બાદ સેવા કરવાનું કબૂલ છે? જીવનાં પરમાત્મા સાથેનાં આ અલૌકિક લગ્ન છે. સૂફી ભક્તો પ્રભુપ્રેમને 'ઈશ્કે-હકીકી' કહે છે. તેમની ભાવના એવી છે કે પ્રભુ માશુકા-પ્રિયતમા-છે અને ભક્ત-આશક-પ્રિયતમ છે. લગ્નની શાસ્ત્રોક્ત વિધિમાં બ્રાહ્મણ, અગ્નિ અને સપ્તપદીના મંત્રો અનિવાર્ય. બ્રહ્મસંબંધની દીક્ષા શ્રીમહાપ્રભુજી આપે છે. એ અધિકાર શ્રીઠાકોરજીએ આપશ્રીને આપેલો છે. અમે તો આપશ્રીના પ્રતિનિધિ છીએ. ગુરુ આપશ્રી છે. શ્રીમહાપ્રભુજી પરોક્ષરૂપે અહીં બિરાજમાન છે. આપ અલૌકિક અગ્નિ-સ્વરૂપ છે. તુલસીજી સાક્ષી છે.

બ્રહ્મસંબંધ મંત્ર એ અલૌકિક સપ્તપદીનો મંત્ર છે. એક બીજી વાત પણ સમજી લો. આ મંત્રોચ્ચારથી તમે પ્રતિજ્ઞા લેવાનાં છો. શ્રીઠાકોરજી સામે નિવેદન કરવાનાં છે. એનું પાલન કરવું પડશે. એની ગંભીરતા ઓછી નથી. આ અલૌકિક લગ્નમાં ડિવોર્સને - છૂટાછેડાને સ્થાન નથી. હવે વિચાર કરીને કહો, આ દીક્ષા લેવી છે?'

'હા, કૃપાનાથ. કાયદાની ભાષામાં કહીએ, તો અમે પૂરેપૂરા ભાનપૂર્વક, સમજપૂર્વક, અમારી અક્કલ-હોશિયારીથી આ દીક્ષા લેવા અને તેનું આજીવન પાલન કરવા તૈયાર છીએ. અમે વચન આપીએ છીએ.'

'બહુ સરસ. આ તુલસીદળ જમણા હાથમાં રાખી, તેના પર ડાબો હાથ ઢાંકી દો. હવે હું બોલાવું, તેમ આ મંત્ર મોટેથી બોલવાનો.'

મંત્ર - પાઠ થયો. પછી આપે તુલસીદળ અમારી પાસેથી લઈ, શ્રીકલ્યાણરાયજીનાં ચરણાવિંદમાં સમર્પિત કર્યાં.

અમે હાથ જોડી વંદન કરી, દંડવત્ કર્યાં.

'હવે તમે અપરસમાં બહાર બેસો. હું આવું છું.'

બાજુની તિબારીમાં અમે બેઠાં. પા કલાક પછી આપ પધાર્યા. આસન પર બિરાજતાં પહેલાં, આપનો જમણો શ્રીહસ્ત અમારી આંખે, મસ્તકે અને હૃદયે લગાડ્યો. પછી આજ્ઞા કરી : 'શ્રીકલ્યાણરાયજીનાં તમને ચરણ સ્પર્શ કરાવ્યાં. આ જળ શ્રીકલ્યાણરાયજીના સ્નાનનું ચરણામૃત છે, લો.'

અમે બંનેએ શ્રીફળ ભેટ ધરી, આપનાં ચરણસ્પર્શ કરી, દંડવત્ કર્યાં. આપે આશીર્વાદ આપ્યા, 'તમારાં બંનેનું અલૌકિક અને લૌકિક બંને લગ્નજીવન ખૂબ સુખી અને પરસ્પરને પૂરક બનો. બેસો.'

અમે સામે બેઠાં.

'લયભાઈ, હરિતાબેન, આ સંપુટમાં મારા હસ્તાક્ષરમાં બ્રહ્મસંબંધ મંત્ર છે. એનો રોજ પાઠ અને જપ કરજો. એનું વિવરણ કરતી આ નાનકડી પુસ્તિકા છે. એનું મનન-ચિંતન કરજો. સેવા માટે શો વિચાર કર્યો છે?'

'કૃપાનાથ! મારાં મમ્મીના ઠાકોરજી છે. શ્રીગોવર્ધનનાથજીની સ્વરૂપ-સેવા છે. હાલ માધવભાઈના ત્યાં બિરાજે છે. આજ્ઞા આપો, તો તેમને ભોગ ધરીને લઈએ. મરજાદ તો મુશ્કેલ લાગે છે.' હરિતાએ કહ્યું.

'જુઓ, હરિતાબેન: મરજાદથી તમારે સહેજે ભડકવાની જરૂર નથી. સેવાની મર્યાદા એ મરજાદ. તમારી અનુકૂળતા એ તમારી મર્યાદા-મરજાદ. બે બાબત ધ્યાનમાં રાખવાની. ઠાકોરજીને આપણું અર્ધભુક્ત ન ધરાય. બને તેટલી શુદ્ધતા અને પવિત્રતા સચવાય. બાકી તો માધવભાઈ બધું બતાવશે. ખુશીથી ભોગ ધરીને લો. મારી આજ્ઞા છે. આજ સાંજે તમારા ઠાકોરજીને ઝાંપીજીમાં અહીં પધરાવી લાવજો. મને દર્શનનો લાભ મળે. શ્રીકલ્યાણરાયજી તમારા સર્વ મનોરથો પૂર્ણ કરશે. એ લઘુરાસના ઠાકોર છે. માન-મદ સહન કરતા નથી. એવી ગરબડ થઈ, તો અંતર્ધાન થતાં વાર કરતા નથી. બાકી સ્વરૂપાનંદનું દાન કરવામાંય પાછું વાળીને જોતા નથી. એમની સ્વરૂપ-ભાવના કરતાં કરતાં સેવા કરજો.'

અમે દંડવત્ કરીને ઊઠ્યાં.

'અને હા, તમારા લગ્નમાં સમયસર આવી જઈશ. હસ્તમેળાપ હું જ કરાવીશ.' ત્યાં અંદરથી એક સેવક કંતાનમાં બાંધેલ છાબ લઈને આવ્યા.

'લો, આ મહાપ્રસાદ અને બીડાં છે. માધવભાઈ અને પ્રીતિબહેનને પણ આપજો. એ બંનેને અમારા આશીર્વાદ કહેજો. શ્રીકલ્યાણરાયજીની કૃપાથી માધવભાઈને અતિ શીઘ્ર સ્વાસ્થ્ય-લાભ થશે. સંપ્રદાયને તેમની નામસેવાની ઘણી જરૂર છે. આવજો.'

અમે વસ્ત્રો બદલી, બહાર આવ્યાં. ગાડીમાં બેસતાં હરિતા કહે, 'લય, આજનો અનુભવ એકદમ 'થ્રીલીંગ' હતો. શ્રીઠાકોરજી કેટલું હસતા હતા! એમણે પણ આજે દુલ્હેરાજાનો શૃંગાર ધર્યો હતો. જાણે સહેરો ધરી આપણી સામે ચોરીમાં ન બિરાજ્યા હોય!'

'અને શ્રીદ્વારકેશબાવામાં તો મને શ્રીમહાપ્રભુજીની જ અનુભૂતિ થતી હતી. શ્રીમહાપ્રભુજીએ શ્રીદામોદરદાસ હરસાનીજીને સૌ પ્રથમ બ્રહ્મ-સંબંધ

આપેલાં, ત્યારે એ બંને સ્વરૂપોને કેવો ભાવમય રોમાંચ થયો હશે? આજની થ્રીલીંગ ને ફીલીંગ ભુલાશે નહિ. હજી સાંજે ફરી આવવાનું છે.'

'લય, આપણે લગ્ન પછી ફરવા જઈશું, ત્યારે પહેલાં વ્રજમાં થઈ, પછી કૂલુ-મનાલી જઈએ તો? હું કદી વ્રજમાં ગઈ નથી.'

'તેં મારા મનની જ વાત કહી. એમ જ ગોઠવજે.'

અને બંને જણ માધવભાઈના ઘેર પહોંચ્યાં. માધવભાઈ કહે, 'આજે તમારાં બંનેનો નવો જન્મ થયો. તમે પૂરાં વૈષ્ણવ બન્યાં. હવે સેવા કરશો, એટલે પાકાં વૈષ્ણવ બનશો.'

એટલામાં ફોનની ઘંટડી રણકી. ફોન પર શ્રીદ્વારકેશબાવા જ હતા. આપે આજ્ઞા કરી, હું સંધ્યાઆરતી પછી, માધવભાઈના ત્યાં આવું છું. ત્યાં જ શ્રી....નાં દર્શન કરીશ. માધવભાઈની તબિયત બગડ્યા પછી, મારાથી અવાયું નથી. હા, છ તો વાગશે... ના, હું મારી ગાડીમાં જ આવીશ... હા, તમને બંનેને આજથી અપરસમાં નહાવાની ને સામગ્રી પહોંચવાની આજ્ઞા છે.'

અમારા સૌનાં આનંદનો પાર ન રહ્યો. પ્રીતિબહેન અને શ્રીભાભી ખૂબ હરખાયાં. પ્રસાદ લઈ, તરત જ સાંજની તૈયારી માટે ફરી સ્નાન કરવાનુંયે તેમણે નક્કી કરી લીધું. વૈભવ અને શરદભાઈએ ફૂલમંડલી સિદ્ધ કરવા ફૂલ લેવા જવા હડી કાઢી.

હરિતા કહે, 'મોટીબેન, અને બંને ઓફિસ જઈ આવીએ? ઇન્ટિરિયર ડેકોરેટર આવ્યો હશે. કલાકમાં પાછાં આવીએ.'

'ભલે, પણ મોડું ન કરશો. આજ બહારનું જળ પણ ન લેશો. જોઈએ તો અહીંથી જગ લઈ જાઓ.'

'ના, હમણાં જરૂર નથી.'

હરિતા અંદર ગઈ. સરખી રીતે તૈયાર થઈને આવી. અને ઓફિસે જવા નીકળ્યાં.

ઓફિસમાં વિઝિટર્સ રાહ જોતા હતા.

'લય, આજથી આ ચૅર તમારી. Please, be seated. અશ્વિનભાઈ, આ છે મિસ્ટર લય મહેતા. હવે મિસ હરિતા દેસાઈ મિસિસ લય મહેતા બને છે. લય, આ છે અશ્વિનભાઈ ચોક્સી. ઇન્ટિરિયર ડેકોરેટરમાં એ-વન. તો અશ્વિનભાઈ, લય હવે લાઈફ પાર્ટનરની સાથે, મારા બિઝનેસ પાર્ટનર પણ બને છે. આ ઓફિસમાં એમના માટે અલગ વ્યવસ્થા.... No, no seperate offices. એક જ રૂમમાં બંને બેસીશું. બરાબરને, લય?'

'હા, એ જ અનુકૂળ પડશે.'

'અને અશ્વિનભાઈ, ઘેર મારો બેડરૂમ પણ રિનોવેટ કરી દો. પહેલાં બેડરૂમ - રથયાત્રાના આગલા દિવસે તૈયાર જોઈએ. પછી ઓફિસ રૂમ. ગુરુપૂર્ણિમા પહેલાં તૈયાર જોઈએ. એડવાન્સ આપું?'

'હરિતાબેન, થઈ જશે. No advances, please. આપણાં બે કુટુંબોનો સંબંધ પહેલો છે. ધંધાનો સંબંધ પછીનો. જાઉં?'

'Thank you, અશ્વિનભાઈ.'

એટલામાં બીજા વિઝિટર્સ આવ્યા.

'Come in, Mr. Desai. તમારી જ રાહ જોતી હતી.' ફરી પરિચય-વિધિ. પછી સૂચનાઓનો ધોધ.

'જુઓ, અષાઢ સુદ ત્રીજ, હા ગુરુવાર. પોલો ગ્રાઉન્ડ પર રિસેપ્શન ગોઠવવાનું છે. બધું જ ઉત્તમમાં ઉત્તમ હોવું જોઈએ. શું અને કઈ રીતે, એ બધું હું તમારા પર છોડું છું. રિસેપ્શન કાર્ડથી લઈને મેનું સુધીનું. હા, ગેસ્ટનું લિસ્ટ તમને કાલે મળી જશે. મને લાગે છે, મારે કંઈ ચિંતા કરવાની જરૂર નથી. હાં, એક મિનિટ.'

હરિતાએ ઇન્ટરકોમનું બટન દબાવ્યું, 'મિ. દેવલેકર, પ્લીઝ આવી જશો?' તેણે દેવલેકરને રિસેપ્શન માટે મિ. દેસાઈને જરૂરી રકમ આપતા રહેવાની સૂચના આપી. દેસાઈ ગયા.

હરિતાની કામ લેવાની રીત, ગતિ હું જોતો જ રહ્યો. કામનો ભારે બોજો, પણ કોઈ રઘવાટ નહીં. સૌ સાથે વિવેક અકબંધ સાચવવાનો.

અરજન્સીમાંય હળવીફૂલ. તેણે ફરી ઈન્ટરકોમનું રીસિવર ઉઠાવ્યું, ‘જોસેફ, જરા આવી જઈશ?’ ટ્રીમ કરેલી દાઢીવાળો જોસેફ આવ્યો.

‘જોસેફ, અષાઢ સુદ ચોથ - શુક્રવાર.... હા, તારીખ તું જોઈ લેજે. ડીલક્સમાં અથવા જે મળે તે ટ્રેઈનમાં, વાતાનુકૂલિત બીજા વર્ગનું મારું અને લયનું મથુરાનું રીઝર્વેશન, મથુરામાં સારા ગેસ્ટહાઉસમાં રૂમ, ત્યાંથી દિલ્હી થઈ કૂલુ-મનાલી. મથુરાનો પ્રોગ્રામ ત્રણ દિવસનો, એક વીક કૂલુ-મનાલી. બધું ગોઠવી દે. ઓ.કે.? મને પૂછવાનું નહિ. કસ્ટમર હું છું.’

જોસેફ ઊભો હતો, ત્યાં જ ફરી ઈન્ટરકોમ પર હરિતાએ સૂચના આપી, ‘નિહાર, આપણા બધા સ્ટાફને ઈમીજિએટલી મારી ઑફિસમાં આવવા કહે. બધાં માટે આઈસ્ક્રીમ મંગાવ. જલદી કર.’

હરિતાએ સ્ટાફને કહ્યું, ‘આ છે મિસ્ટર લય મહેતા. આજથી મારા અને તમારા સૌના બૉસ. વાહ ટ્રાવેલ્સના મેનેજિંગ પાર્ટનર અને મારા મિસ્ટર. એમના માનમાં નિહાર આઈસ્ક્રીમ ખવડાવવાની છે. મિ. મહેતા એકાઉન્ટ્સ અને એડમિનિસ્ટ્રેશન સંભાળશે. હું ફિલ્ડવર્ક. આપણે સૌએ એમને સહકાર આપવાનો છે. ઓ.કે.?’

અમારા બે સિવાય બધાંએ આઈસ્ક્રીમ ખાધો. સૌએ અમને બંનેને મુબારકબાકી આપી.

‘નિહાર, જરૂર પડે તો હું મોટીબેનના ત્યાં છું.’

‘મેડમ, ટપાલ?’

‘મિ. દેવલેકર, એ કાલ ઉપર રાખી શકાશે?’

‘યસ, મેડમ.’

‘તો આજે હું નીકળું? ચાલો, લય જઈશું ને? કલાકને બદલે દોઢ કલાક થઈ ગયો. મોટીબેન રિમાન્ડ પર લેવાની.’

મારી પહેલાં તો હરિતા સીડીનાં પગથિયાં ધડાધડ ઊતરી ગઈ.

●

‘હરિતા, મને એક કાલ્પનિક ભય સતાવે છે. ધંધો માણસને ગળી જાય

છે. ધંધો બહુ મોટો મગરમચ્છ છે, કાદવનો ઊંડો કૂવો છે. એમાં પડનાર છેલ્લા શ્વાસ સુધી બહાર નીકળી શકતો નથી. સૂરદાસજીએ જ્ઞાનચંદ વણિકને મીઠો ઠપકો આપેલો, તે યાદ કરવા જેવો છે -

આજ કામ કાલ કામ પરસોં કામ કરનો,
જાગત કામ, સોવત કામ, કામ હી મેં પચી મરનો.

સૂરદાસજી અંતે સલાહ આપે છે -

છાઁડ કામ, સુમર સ્યામ, ‘સૂર’ ગહી ચરનો.

પણ શ્યામના સ્મરણ માટે ફુરસદ મળે ત્યારે ને?

આપણેય ધંધામાં આવાં ડૂબી જઈશું તો..... તો આપણા ઠાકોરજી રખડી નહિ પડે? જીવન પણ વેડફાઈ નહિ જાય? આજ સુધી તમારા જેવા શ્રીમંતોને જોતાં વિચાર આવતા કે સૌ શેર ધાનથી પેટ ભરે છે, ભલે વાનગીઓ જુદી હોય. કોળિયો ગળે ઊતાર્યા પછી સ્વાદ ક્યાં? એમાં ઘણાં શ્રીમંતોને મિષ્ટાન-ફરસાણની જ છૂટ નહીં. ખાખરા ખાઈને જીવવાનું. સૌ શરીર ઢાંકવા કપડાં પહેરે છે. ગાંધીજીની પોતડી અને ઝીણાનો સૂટ! ગાંધીજીને પોતડીથી શું ઓછું સન્માન મળ્યું? જાત ઢંકાય એટલે ભયો ભયો! સૌને સૂવા છ ફૂટ બાય ત્રણ ફૂટની જગ્યા જોઈએ. પછી તે ધરતી હોય કે પલંગ. ફરનિચર-ગાદલું અગત્યનું કે ઊંઘ અગત્યની? મોટો પ્રશ્ન છે માણસને જીવવા કેટલું જોઈએ? ખબર નથી પડતી, લોકો પૈસા પાછળ કેમ પાગલ છે?’

‘લય, ચિંતા કરીશ નહીં. આપણો સ્ટાફ એવો છે કે આપણે બાર મહિના સુધી ઑફિસમાં ન જઈએ, તોય ચાલે. આપણે અગિયારથી ચાર ઑફિસે જવાનું. ઠાકોરજી પહેલા, ધંધો પછી. ઘરકામ માટે બાઈ રાખી લઈશું. પૂરો સમય સેવામાં અપાશે.’

‘તો વાંધો નહિ.’

‘મને એક બીજો વિચાર પણ આવે છે. શરદભાઈને હાલોલમાં તેમનું સૅન્ટર ખોલવામાં મદદ કરવી. તન અને ધનથી ત્યાં આવતાં દર્દીઓને

માનસિક શાંતિની જરૂર રહેવાની. દર રવિવારની બપોર ત્યાં ગાળવાની. દર્દીઓ સાથે સત્સંગ કરવાનો.'

'ખૂબ સરસ વિચાર છે. પણ એક વાત ન ભુલાય. ભગવદ્-સેવા અને જનસેવામાં બેલેન્સ ન જળવાય, તો બાવાનાં બેય બગડે. સેવાના અનવસરમાં જનસેવા. સેવાને ગૌણ કરીને - છોડીને, જનસેવા નહિ.'

'એ વાત સાથે સંમત છું. બનતાં સુધી કાલે શરદભાઈ અને ખ્યાતિ હાલોલ જવાનું કહે છે. આપણી ગાડીમાં જઈશું?'

'જરૂર. વૈભવ અને શ્રીભાભીને પણ લઈ જઈએ. એમની મદદ પણ ચોક્કસ મળશે.'

'તો, મૅટાડોર લઈને જઈશું. તમે પૂછી લેજો. તે પ્રમાણે વાહન લઈશું.'

■

૨૦

શ્રીવલ્લભ-યમુના પરમ દયાળ

સાંજે બરાબર છના ટકોરે શ્રીદ્વારકેશબાવા પધાર્યા. સૌએ આપને ફૂલથી વધાવ્યા. આપ સીધા સેવાના ખંડમાં પધાર્યા. હાથ ખાસા કરી, શ્રીપ્રભુની સન્મુખ પધાર્યા. નીરખી-નીરખીને દર્શન કર્યાં. શ્રીગોવર્ધનનાથજી અને શ્રીબાલકૃષ્ણલાલજીને પુષ્પમાળાઓ ધરાવી. ઝારીજી ભર્યાં. આપે ચરણસ્પર્શ કરી, અમને બંનેને હાથ પકડી, ચરણસ્પર્શ કરાવ્યા.

આજે સૌ પ્રથમવાર ભગવદ્-સ્વરૂપને સ્પર્શ કરતાં, હું આનંદવિભોર બની ગયો. જેમ અગ્નિને અડકતાં ટેરવાં દ્વારા આખા શરીરમાં આગ-આગ થઈ જાય, તેમ આનંદ-સ્વરૂપના સ્પર્શે ટેરવાં આનંદથી ઝણઝણી ગયાં. એ આનંદ-લહરી આખા શરીરમાં વ્યાપી ગઈ. હરિતા કહેતી હતી કે એનેય એવો જ અનુભવ થયેલો.

આપે સિદ્ધ થયેલી દૂધઘર અને સખડીની વિવિધ સામગ્રીઓ ભોગમાં ધરી, ટેરો લીધો. પછી આપ બહાર પધારીને, માધવભાઈના પલંગ પાસે ખુરસીમાં બિરાજ્યા. માધવભાઈના અચેતન શરીર પર પોતાનો કોમળ વરદ શ્રીહસ્ત ફેરવ્યો, ત્યારે લાગ્યું કે નગરઠઠ્ઠાના રોગગ્રસ્ત નારાયણદાસ લુહાણાના દેહ પર શ્રીમહાપ્રભુજીનો વરદ હસ્ત ફરી રહ્યો છે.

'માધવભાઈ, કંઈ ચેતના અનુભવાય છે?'

'કૃપાનાથ, અભાગી જીવ છીએ. બાહ્ય ચેતના એટલી ઉત્કટ રહી કે તેણે આંતરચેતનાને અચેતન કરી દીધી. એ આંતરચેતના પ્રફુલ્લિત થાય, એ ઝંખનાથી જ જીવી રહ્યો છું.'

'તમારા પર શ્રીવલ્લભની અસીમ કૃપા છે. બાહ્ય-આંતર ઉભય ચેતનાઓની હવે શ્રીવલ્લભ અવશ્ય અનુભૂતિ કરાવશે.'

આપે આજ્ઞા કરી, 'કોઈએ કંઈ પૂછવું છે?'

હરિતાએ કહ્યું, 'જે જે, એક વાત સમજમાં નથી આવતી. શ્રીવલ્લભ અને યમુનાજી બંને પરમ દયાળુ. શ્રીવલ્લભ અગ્નિતત્ત્વ. શ્રીયમુનાજી જલતત્ત્વ. અગ્નિ અને જલ તો પરસ્પર વિરોધી છે. તે સાથે કેવી રીતે સંભવે?'

'એ જ ભગવલ્લીલાની અને પુષ્ટિમાર્ગની વિલક્ષણતા છે. જગતમાં આવા તો અનેક વિરોધો છે. એ વિરોધો બાહ્ય રૂપના છે. એને વિરોધ કરતાં હું તો વૈવિધ્ય કહીશ. સૂર્યનું ઉગ્ર તેજ ચંદ્ર ઝીલે, પણ પરતેજથી પ્રકાશતો ચંદ્ર શીતળ! ભરઉનાળે માણસ પણ જ્યાં મુરઝાય, ત્યારે કોમળ મોગરો ખીલે. આ તો ભગવલ્લીલા છે. અગ્નિ અને જળ એમના ભૌતિક સ્વરૂપેય એકબીજામાં રહેલાં છે. સાગરજળમાં વડવાગ્નિ છે. સૂરજ તપે, ત્યારે સમુદ્રજળ વાદળ બને. તે વરસે, ત્યારે ભૂમિમાંથી બાફ નીકળે. જળ તાપ બુઝાવે અને વધારે તાપ જળ શોષે પણ અને વરસાવે પણ.

અગ્નિ પણ રસરૂપ છે. અલૌકિક અગ્નિ શ્રીવલ્લભ ભક્તોના તાપ શમાવે, ભક્ત-દ્રોહીઓને જલાવે. શ્રીયમુનાજી ભક્તોને તનુનવત્વ પ્રદાન કરે, ભક્ત-દ્રોહીઓને ડુબાડે. ઉભય સ્વરૂપો શ્રીપ્રભુની કૃપાશક્તિ છે. દૈવી જીવોના ઉદ્ધાર માટે તો કૃપાશક્તિનું ભૂમિ પર અવતરણ થયું. શ્રીવલ્લભ અને શ્રીયમુનાજીનું પ્રથમ મિલન શ્રીગોકુલમાં ઠકુરાણી ત્રીજે થયું. એની પાછળ પણ ભાવરહસ્ય છે.

શ્રીયમુનાજી જ શ્રીઠાકોરજીને મેળવી આપનારાં છે. જગતમાંયે જળને 'જીવન' કહ્યું છે. જળ જીવન બક્ષે છે. શ્રીયમુનાજી પુષ્ટિ-જીવનનું દાન કરે છે. શ્રીવલ્લભ અને શ્રીઠાકોરજીનું ભૂતળ પર મિલન કરાવવામાં શ્રીયમુના જ મધ્યસ્થા રહ્યાં. આપે જ શ્રીવલ્લભને ગોવિંદઘાટ પર પધરાવ્યા. આપે જ શ્રીઠાકોરજીને શ્રીવલ્લભ પાસે મોકલ્યા. આપ કૃપા-શક્તિનું દ્રવીભૂત સ્વરૂપ છે; તો શ્રીવલ્લભ એ જ કૃપાશક્તિનું ઘનીભૂત સ્વરૂપ છે. કૃપાશક્તિનો પ્રાદુર્ભાવ ગોકુળમાં થાય. ગોકુળ એટલે શ્રીપ્રભુને બિરાજવા-યોગ્ય ધામ. આપણું હૃદય ગોકુળ ત્યારે જ બને, જ્યારે તેની ચોમેર ભક્તિ-સ્વરૂપા શ્રીયમુનાજી છલકાય. આપણું અંતઃકરણ ગોવિંદઘાટ બને, ત્યારે અંતઃકરણમાં શ્રીવલ્લભ-શ્રીયમુનાજી અને શ્રીજી સાથે બિરાજે. ત્રણે સ્વરૂપોનું સંમિલન એટલે ત્રીજ. શ્રીઠકરાણીજી મહારાણીજીનો એ મહોત્સવ.

સેવા, સત્સંગ અને સ્મરણ દ્વારા આપણાં હૃદય અને અંતઃકરણમાં આ શ્રીગોકુળ અને ગોવિંદઘાટ સિદ્ધ કરવાનાં છે; ત્યારે જીવનમાં હરિયાળું વ્રજ પ્રકટ થશે. જીવનમાં ભૌતિક તકલીફો અને સંઘર્ષો આવવાના. એમને રોકી નહિ શકાય, પણ તેમાં ટકી રહેવાશે સત્સંગથી. વિવેક જાગશે સત્સંગથી. સત્સંગથી સ્મરણ વધશે, સ્મરણથી ધૈર્ય વધશે. સ્મરણ વધતાં સેવાનો તાપ થશે. સેવાથી આશ્રય દઢ થશે. આમ, સત્સંગ, સ્મરણ અને સેવા એ વિવેક, ધૈર્ય, આશ્રય સિદ્ધ કરનારાં છે. જીવનને હરિયાળું-લીલુંછમ રાખવા એ ખાસ જરૂરી છે.'

આપશ્રી અટક્યા.

'કૃપાનાથ, આપે તો સાફ રસ્તો બતાવી દીધો. એ રસ્તે ન ચાલીએ, તો હવે અમે જ ગુનેગાર.' મેં કહ્યું.

'આજે મને પણ ઘણી પ્રસન્નતા થઈ.'

'જે જે, તૈયારી સાજી છે. અંદર પધારો.'

■

૨૧

બોલે માઈ, ગોવર્ધન પે મુરવા

'ગિરિકંદરા'ના દ્વારે આસોપાલવ ને ફૂલોનાં તોરણ ઝૂલતાં હતાં. કેળના સ્તંભ રોપાયા હતા. વાતાવરણમાં પ્રસન્નતાનો પમરાટ હતો. લગ્નવિધિની પૂર્વતૈયારીઓ થઈ ચૂકી હતી. રાજભોગ પણ સવારે દસ વાગતાંમાં થઈ ગયા હતા. ખ્યાતિબહેન અને શ્રીભાભી હરિતાને તૈયાર કરવામાં બ્યુટિશિયનને મદદ કરતાં હતાં. પ્રીતિબહેન પુરોહિતને પુજાપો આપતાં હતાં. શરદભાઈ જરૂરી બેઠક-વ્યવસ્થામાં પરોવાયા હતા. વૈભવ મને તૈયાર થવામાં મદદ કરતો હતો.

તે કહે, 'તું સાવ લલ્લુ છે. તારું લલ્લુ નામ જ સાચું.'

'કેમ ભાઈ?'

'નહિ તો શું? જીવનમાં એક જ વખત લગ્ન માણવાનો અવસર આવે. તે દિવસે જ રાજાપાઠ ભજવાય. કાલે કેટલું કહ્યું કે બ્યુટીપાર્લરમાં જઈ આવ! પણ બુદ્ધુ માન્યો જ નહિ!'

'એક વાત પૂછું? શું હરિતાએ પસંદગી બીજા ઉપર ઉતારી છે?'

'એની કરમની કઠણાઈ છે! કાગડો દહીંથરું લઈ ગયો!'

'તારો જીવ બળતો હોય, તો હજી કંઈ વહી ગયું નથી. એને સમજાવી આવ કે ના પાડી દે. ખભે થેલો લટકાવી, સીધી વ્રજની વાટ પકડું. બાકી કૃત્રિમ ટાપટીપ મને નહિ ફાવે.'

'એક વાત કહું, 'લય? નાનપણમાં હું પણ તારા જેવો જ અલ્લડ અને મનસ્વી હતો. પણ શ્રીના આવ્યા પછી બધું જ બદલાઈ ગયું. એનું કારણ તારે જાણવું છે?'

'ખાસ રસ નથી, કહીશ તો સાંભળીશ.'

'માણસ એકલો હોય, ત્યાં સુધી પોતાના માટે જીવે. બેકલો થયા પછી બીજાના માટે જીવવાનો એક અલગ આનંદ હોય છે. માણસ પોતાની આંખથી પોતાને જોઈ શકતો નથી, છતાં જોવા મથે છે; એટલે દુ:ખી થાય છે. માણસ બીજાની આંખથી જુએ, તો જગતનાં અડધાં દુ:ખો દૂર થાય, સ્નેહ વધે. શ્રીને બ્લ્યુ કલર ગમે છે, માટે હું તે કલર વધારે પહેરું છું. એનો રાજીપો મારા રાજીપાને વધારે છે. ભક્તિમાંય આ જ વાત અગત્યની છે. મારા પ્રભુની પ્રસન્નતા માટે હું સજું-ધજું. કેટલાક વૈષ્ણવો સેવામાં જૂનાં, મેલાં, ફાટેલાં કપડાં પહેરે છે. તે જોઈ મને ઘણું દુ:ખ થાય. બ્રહ્મચારી! મગજમાં ઊતરે છે?'

'હા, થોડું થોડું.'

'તો ઠીક. ચાલો, સજીધજીને એવા તૈયાર થાઓ કે હરિતાની આંખમાં સમાઈ જાઓ. હવે લઘરવઘર જિંદગીનો અધ્યાય પૂરો થયો. જે જીવનને છેલછબીલું ન બનાવી જાણે, તે શ્રીઠાકોરજી સાથેના અલૌકિક વ્યવહારને છેલછબીલો કેમનો બનાવે! ચાલો, ઉતાવળ કરો.'

હું તૈયાર થયો. ક્રીમ કલરનો રેશમી પાયજામા-સૂટ પહેર્યો. તેલ વિનાના ભરાવદાર ભૂખરા વાળ વ્યવસ્થિત કર્યા. વૈભવે ગળામાં સોનાની ચેઈન અને મોતીની ચાર સેરની માળા બળજબરીથી પહેરાવી. બે આંગળીએ વીંટીઓ અને કાંડે સોનેરી ચેઈનનું ઘડિયાળ. પરફ્યુમની આખી શીશી સ્પ્રે કરી દીધી! એ ઉલ્લુ જાણે પોતે દુલ્હો ન હોય!

લગ્નવિધિ શરૂ થઈ. પ્રીતિબેન હરિતાને લઈ આવ્યાં. સફેદ રેશમી પાનેતર પર પહોળો જરીવાળો લાલ પટ્ટો. એવું જ બ્લાઉઝ. માથે મોટો અંબોડો સજાવેલો. મુખ પર કમલપત્ર. વાળની એક નમણી લટ ગાલ ઉપર રમે. જડતરનાં ઝગારા મારતાં આભૂષણો! દેવલોકમાંથી ઉતરી આવેલી દેવી જ જોઈ લો! ખબર ન હોય, તો એ હરિતા છે, એવો ખ્યાલ પણ ન આવે. નજર મળે, મલકાય. તરત જ આંખ ઢાળી દે.

ત્યાં શ્રીદ્વારકેશબાવા પધાર્યા. આપે હસ્તમેળાપ કરાવી, પ્રસાદી ઉપરણા ઓઢાડ્યા. આશીર્વાદ આપ્યા!

હરિતાના હસ્તનો પ્રથમ સ્પર્શ ભારે રોમાંચકારી લાગ્યો! ચૉરીના ચાર ફેરા ફર્યાં. સપ્તપદી બોલ્યાં. લગ્ન સંપન્ન થયું. સૌને પગે લાગી, આશીર્વાદ લીધા.

માધવભાઈએ કહ્યું : 'તમારો ગૃહસ્થાશ્રમ ભગવદ્-સેવામય બનો.' પ્રીતિબેને કહ્યું, 'ઉત્તમ વૈષ્ણવ બનો. શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવોની સેવા કરો.' વૈભવે કહ્યું, 'હરિતાના સંગમાં હરિ સુધી પહોંચો.' શ્રીભાભીએ કહ્યું, ' તમારી કવિતાનો ચેપ લાગ્યો છે -

હરિતા મળીને 'વાહ'માં રાચજો સદા,
હરિ મિલે સો દિન નીકો માનજો તદા.'

શરદભાઈ અને ખ્યાતિબહેનેય શુભેચ્છા પાઠવી. સૌ સાથે પ્રસાદ લેવા બેઠાં. પ્રીતિબહેન કહે, 'જીવનનો એક અધ્યાય પૂરો થયો. બેય રખડુ રેશમ-ગાંઠે બંધાયાં. હવે એ જાણે ને એમનું કામ જાણે. મને તો આજે હાશ થઈ. બાને આપેલું વચન પૂરું થયું.'

ખ્યાતિ કહે, 'આપણે બધાં બોલ બોલ કરીએ છીએ; પણ આ બે તો મૂગાંમંતર બની ગયાં છે!'

'પ્રીતિ, વરકન્યાને વળાવવાં પડશે ને?' શ્રીભાભીએ પૂછ્યું.

'હાસ્તો, પરણ્યાં એટલે પારકાં લાડી. ચાલો... જાનને વળાવવાની નથી. બે જણ એમની ગાડીમાં બેસી વિદાય લે.' પ્રીતિબેને કહ્યું.

'પણ રડવાનો અંક નથી ભજવવાનો?' માધવભાઈએ પૂછ્યું.

'ના રે, આમાં રડવા જેવું કંઈ છે ખરું?' અમે અમારા ઘરે જઈએ છીએ. રાતે પ્રસાદ લેવા અહીં જ આવવાનાં!' હરિતા બોલી.

સૌની વિદાય લઈ અમે નીકળ્યાં. ગાડીમાં હરિતાએ તેનું માથું મારા ખભે ઢાળી દીધું. તે ગણગણવા લાગી -

'બોલે ઝીણા મોર,
    રાધા, તારા ડુંગરિયે બોલે ઝીણા મોર.'

■

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત

પુષ્ટિભક્તિ પ્રચાર યાત્રા

ઉદ્દેશ :

- અખંડ ભૂમંડલાચાર્ય શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજી પ્રવર્તિત આપણા પુષ્ટિમાર્ગમાં અખૂટ સાહિત્ય છે.
- આ બધું સાહિત્ય સરળ ભાષામાં લખાય, પ્રકાશિત થાય અને દરેક વૈષ્ણવના ઘેર ઘેર પહોંચતું થાય એવી ભાવનાથી શ્રી રમેશભાઈ પરીખે ૧૫૦ જેટલાં નાનાં મોટાં પુસ્તકો લખ્યાં છે.
- રસમય શૈલીમાં અને સરળ ભાષામાં લખાયેલાં આ પુસ્તકોનું પ્રકાશન શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબર ટ્રસ્ટ તરફથી કરવામાં આવ્યું છે. નહિ નફો- નહિ નુકશાનના ધોરણે પડતર કિંમત કરતાં પણ ઓછી ન્યોછાવરથી તેનું વિતરણ કરવામાં આવે છે.
- પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોની જાણકારી વૈષ્ણવોને મળી રહે, સિદ્ધાંતો જાણીને તે અનુસાર વૈષ્ણવી જીવન જીવવાનો પ્રયત્ન સૌ કરે, તેમની ગૃહસેવા માત્ર ક્રિયાત્મક કે ગતાનુગતિક નહિ પરંતુ સિદ્ધાંતોની સમજપૂર્વકની અને ભાવપૂર્વકની બની રહે, તેવા હેતુથી લખાયેલા આ પુસ્તકોની વૈષ્ણવોમાં મોટી માગ છે. નિત્યના સત્સંગ માટે તેનો મોટા પાયે ઉપયોગ થઈ રહ્યો છે. દેશ-વિદેશમાં વૈષ્ણવોનાં ઘેર-ઘેર આ પુસ્તકો પહોંચ્યાં છે.
- કેટલાંક વૈષ્ણવો તરફથી હજુ પણ આ પુસ્તકો માટે, તે ક્યાંથી મળે, કેવી રીતે મળે વગેરે મૂંઝવણો અંગે પૂછપરછ થતી રહે છે. પુસ્તક વિતરણની વ્યવસ્થાની પૂરી જાણકારીના અભાવે તેમને પુસ્તકો મેળવવાની તકલીફ પડતી હોવાનું જણાય છે. તે તકલીફ દૂર કરવા માટે શરૂ થઈ છે : **પુષ્ટિ ભક્તિ પ્રચારયાત્રા**

વ્યવસ્થા :

- વૈષ્ણવ સેવાના ધ્યેયને વરેલા શ્રી હરસાનીજી પ. ચે. ટ્રસ્ટ તરફથી 'વૈષ્ણવ પરિવાર' માસિકનું પ્રકાશન છેલ્લા ૨૪ વર્ષથી થઈ રહ્યું છે. ઈ.સ. ૨૦૦૮-૦૯નું વર્ષ તેનું રજતજયંતી વર્ષ છે.
- ટ્રસ્ટ તરફથી રજતજયંતી વર્ષમાં વૈષ્ણવસેવા માટે બે નવી પ્રવૃત્તિઓ શરૂ થઈ રહી છે. તેમાંની એક છે પુષ્ટિભક્તિપ્રચાર યાત્રા.
- પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ઈંદિરા બેટીજી મહોદયાના આશીર્વાદથી શરૂ થઈ રહેલી આ પ્રવૃત્તિ માટે શ્રીમતી કુસુમબેન અરુજીસ અને શ્રીબકુલાબેન પટેલ તરફથી શ્રીહરસાનીજી પ. ચે. ટ્રસ્ટને એક કાર્ગો મોબાઈલ વાન ભેટ મળી છે.

- આ મોબાઈલ વાન દ્વારા ગામેગામ પુસ્તકોનું વિતરણ કરવાનું કાર્ય શરૂ થઈ રહ્યું છે.
- અગાઉથી જાણ કરી દરેક ગામમાં નિશ્ચિત સમયે અને નિશ્ચિત સ્થાને આ મોબાઈલ વાન આવશે. પુસ્તકોમાં છાપેલ ન્યોછાવરથી પુસ્તકોનું વિતરણ કરશે.
- વૈષ્ણવોને સહજ રીતે, સરળ રીતે, પોસ્ટેજનો ખર્ચ લાગ્યા વગર, ઘેર બેઠાં પુસ્તકો મળી રહે તે હેતુથી શરૂ થઈ રહેલી આ યોજનાનો - વ્યવસ્થાનો લાભ લેવા વૈષ્ણવોને વિનંતી છે.
- જે માનદ્ પ્રતિનિધિઓ અને વૈષ્ણવો આ પુષ્ટિભક્તિપ્રચારયાત્રા સાથે જોડાઈ પોતાના ગામમાં કે આસપાસના ગામોમાં પુસ્તક વિતરણની સેવા માટે સહયોગ આપવા ઈચ્છા રાખતા હોય તેમણે મહેસાણા કાર્યાલયનો પત્ર દ્વારા સંપર્ક કરવો.
- જે વૈષ્ણવો પોતાના ઘર કે ઓફિસમાં આ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પુસ્તકો રાખી પોતાના ગામમાં તેનું વિતરણ કરવાની ઈચ્છા અને અનુકૂળતા ધરાવતા હોય તેમણે પણ પત્ર દ્વારા મહેસાણા કાર્યાલયનો સંપર્ક કરવો.

(૩) પુષ્ટિમાર્ગના ગહન અભ્યાસી અને પોતાના સમસ્ત જીવનને પુષ્ટિમાર્ગની નામસેવાને સમર્પિત કરનાર ગો. વા. શ્રી રમેશભાઈ પરીખ લિખિત પુસ્કોની વિશેષતા

૧. પુષ્ટિમાર્ગના વિવિધ વિષયોને સમજાવતા ૧૫૦ ઉપરાંત પુસ્તકોનું લેખન
૨. આબાલવૃદ્ધ સૌ સમજી શકે તેવી સરળ ભાષા
૩. પુષ્ટિ સિદ્ધાંતોની સચોટ ઉદાહરણો દ્વારા રજૂઆત
૪. નૂતન રસમય લેખનશૈલી
૫. નાનાં બાળકો માટે વિશિષ્ટ વાર્તા શૈલીમાં વિવિધ વિષયોનું આલેખન
૬. સારી જાતના સફેદ કાગળ ઉપર ઉત્કૃષ્ટ પ્રકારનું મુદ્રણ
૭. સુંદર બહુરંગી મુખપૃષ્ઠ
૮. મજબૂત બાઈન્ડિંગ
૯. છતાં ખૂબ ઓછી ન્યોછાવર, જે સામાન્ય સ્થિતિવાળા વૈષ્ણવોને પણ પરવડે.
૧૦. ૧૫૦ પુસ્તકોમાંથી હાલ લગભગ ૭૦ જેટલાં પુસ્તકો અને ઓડિયો કેસેટના સેટ પ્રાપ્ય. બાકીના અપ્રાપ્ય
૧૧. 'શ્રી રમેશભાઈ સ્મૃતિ ગ્રંથાવલિ' સ્વરૂપે બધા જ પુસ્તકોનું થઈ રહેલું પુનઃ પ્રકાશન. પરિણામે ક્રમશઃ બધા જ પુસ્તકો પ્રાપ્ય બનશે.

પુસ્તકોની વિતરણ વ્યવસ્થા :

૧. ટ્રસ્ટના મહેસાણા કાર્યાલયમાંથી રૂબરૂ અને પોસ્ટ દ્વારા વિતરણ
૨. ટ્રસ્ટના મુંબઈ, વડોદરા, અમદાવાદના કાર્યાલયો દ્વારા રૂબરૂમાં વિતરણ
૩. ટ્રસ્ટ દ્વારા જુદા જુદા ગામોમાં નિમાયેલા અધિકૃત વિક્રેતાઓ દ્વારા પુસ્તક વિતરણની વ્યવસ્થા
૪. હવે શરૂ થઈ રહી છે પોસ્ટેજના કે અન્ય કોઈ ખર્ચ વિના ઘેર બેઠાં પુસ્તકો પ્રાપ્ત કરવાની સગવડ - **પુષ્ટિભક્તિ પ્રચાર યાત્રા યોજના દ્વારા** - મોબાઈલ વાન દ્વારા.

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટનાં પ્રકાશનો

(હાલ માત્ર નીચેનાં પુસ્તકો અને ઓડિયો કેસેટો મળે છે.)

પુસ્તકનું નામ	ન્યો. રૂા.
૧. ષોડશગ્રંથો વિશેનાં પુસ્તકો :	
૧ ષોડશગ્રંથનું આચમન-ભા.૧	૪૫
૨ ષોડશગ્રંથનું આચમન-ભા.૨	૪૫
૩ ષોડશગ્રંથનું આચમન-ભા.૩	૪૫
૪ ષોડશગ્રંથનું આચમન-ભા.૪ (શ્રીમહાપ્રભુજી વિરચિત બધા ષોડશગ્રંથો, દરેક ભાગમાં ચાર પ્રમાણે, બધા શ્લોકોના સરળ અર્થ અને સર્વ ટીકાઓ આધારિત વિવેચન.)	૩૦
૫ ષોડશગ્રંથ (સાર્થ) (નિત્ય પાઠ માટે બધા ષોડશગ્રંથો - તેમનો પરિચય - દરેક શ્લોક અને તેનું સરળ ગુજરાતી ભાષાંતર-મંગળાચરણ અને શ્રીસર્વોત્તમસ્તોત્ર તેમજ તેમનું સરળ ગુજરાતી ભાષાંતર.)	૧૫
૬ શ્રીવલ્લભસ્ય હિતમ્ વચઃ (બધા ષોડશગ્રંથોની સરળ સમજૂતી વાર્તા સ્વરૂપે.)	૪૦
૭ શ્રીવલ્લભનું વસિયતનામું (શ્રીમહાપ્રભુજી કૃત શિક્ષા-શ્લોકાઃ અને પંચશ્લોકીની સરળ સમજૂતી)	૨૫
૨. ૮૪-૨૫૨ ભગવદીય વાર્તાનાં પુસ્તકોઃ	
૮ તુલસીક્યારો ભાગ - ૧	૫૦
૯ તુલસીક્યારો ભાગ - ૨	૩૦
૧૦ તુલસીક્યારો ભાગ - ૩ (૮૪ વૈષ્ણવોની વાર્તાઓનું નવલિકા શૈલીમાં આલેખન)	૩૦
૧૧ તુલસીક્યારો ભાગ - ૪	૩૦
૧૨ તુલસીક્યારો ભાગ - ૫	૩૦
૧૩ તુલસીક્યારો ભાગ - ૬	૩૦
૧૪ તુલસીક્યારો ભાગ - ૭	૩૦
૧૫ તુલસીક્યારો ભાગ - ૮ (૨૫૨ ભગવદીયોની વાર્તાઓનું નવલિકા શૈલીમાં આલેખન)	૫૦
૧૬ તુલસીક્યારો ભાગ - ૯ (શ્રીગોકુલનાથજીના ૭૮	૩૦

પુસ્તકનું નામ	ન્યો. રૂા.
ભગવદીયોની વાર્તાઓનું આલેખન)	
૧૭ તુલસીક્યારો ભાગ-૧૦	૩૦
૧૮ તુલસીક્યારો ભાગ-૧૧	૨૦
(આધુનિક સમયના ભગવદીયોના ચરિત્રોનું રસમય નવલિકા શૈલીમાં આલેખન)	

૩. શિક્ષાપત્ર વિશેનાં પુસ્તકો

પુસ્તકનું નામ	ન્યો. રૂા.
૧૯ શિક્ષાપત્રનું આચમન-ભા.૧	૫૦
૨૦ શિક્ષાપત્રનું આચમન-ભા.૨	૫૦
૨૧ શિક્ષાપત્રનું આચમન-ભા.૩	૫૦
૨૨ શિક્ષાપત્રનું આચમન-ભા.૪	૫૦
(આ ચાર ગ્રંથોમાં શ્રીહરિરાયજીકૃત ૪૧ શિક્ષાપત્રો શ્રીગોપેશ્વરજી કૃત ટીકાના આધારે સરળ ગુજરાતી ભાષામાં પ્રસ્તુત છે.)	

૪. આનંદનો આવિષ્કાર ગ્રંથશ્રેણી

પુસ્તકનું નામ	ન્યો. રૂા.
૨૩ આનંદનો આવિષ્કાર-ભા.૧	૫૦
૨૪ આનંદનો આવિષ્કાર-ભા.૨	૪૦
૨૫ આનંદનો આવિષ્કાર-ભા.૩	૪૫
૨૬ આનંદનો આવિષ્કાર-ભા.૪	૪૦
(આ ચાર ગ્રંથોમાં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રી ગોકુલનાથજી અને શ્રીહરિરાયજીનાં જીવનચરિત્રો ઐતિહાસિક નવલકથાના સ્વરૂપમાં શબ્દસ્થ થયેલ છે.)	

૫. વ્રજદેશ વિશેનાં પુસ્તકો

પુસ્તકનું નામ	ન્યો. રૂા.
૨૭ વ્રજ મેરે મન ભાયી	૩૫૦
(વ્રજનાં દરેક અલૌકિક સ્થાનોના ફોટા અને લીલાનાં ચિત્રો તેમજ દરેક સ્થળ, વ્રજસંસ્કૃતિ, વ્રજલીલા વગેરેની સંપૂર્ણ માહિતી આપતો વ્રજ વિશેનો એન્સાઈક્લોપીડીયા જે આર્ટપેપર ઉપર ફોરકલર પ્રિન્ટિંગ અને સમગ્ર વ્રજપ્રદેશ વિશેની સંપૂર્ણ સચિત્ર માહિતી ધરાવે છે.)	
૨૮ વ્રજદેશ ગિરિરાજ રાજે	૩૦
(શ્રી ગિરિરાજજીની આસપાસ પરિક્રમામાં આવતાં દરેક અલૌકિક સ્થાનનો ફોટા અને માહિતી - સચિત્ર પરિચય)	
૨૯ સદામન શ્રી ગોકુલમેં રહીયે	૩૦
૩૦ હમારો દેવ ગોવર્ધન રાનો	૩૦
૩૧ શ્રી ગોવર્ધનલીલાનું રહસ્ય	૧૦
(શ્રીમદ્ ગોકુલ અને શ્રીગિરિરાજજી વિષયક માહિતી આપતાં પુસ્તકો)	

૬. શ્રીયમુનાજી વિશેનાં પુસ્તકો

પુસ્તકનું નામ	ન્યો. રૂા.
૩૨ શ્રીયમુનાષ્ટકનું રસપાન	૫૦
૩૩ ચિત્તમેં શ્રીયમુના નિશદિન રાખો	૫૦
(શ્રીયમુનાષ્ટક અને શ્રીયમુનાજીનાં ૪૧ પદોનું ભાવવાહી રસદર્શન)	

૭. શ્રી સર્વોત્તમ સ્તોત્ર વિશેનાં પુસ્તકો

પુસ્તકનું નામ	ન્યો. રૂા.
૩૪ કરીયે સર્વોત્તમ રસપાન ભાગ-૧	૩૦
૩૫ કરીયે સર્વોત્તમ રસપાન ભાગ-૨	૩૦

પુસ્તકનું નામ	ન્યો. રૂા.
(શ્રી સર્વોત્તમ સ્તોત્રને સમજાવતી વિસ્તૃત ભૂમિકા અને શ્રીવલ્લભના ૧૦૮ નામોની વિસ્તૃત સમજૂતિ)	
૩૬ ધ્યેયં સદા વલ્લભમ્ ભાગ-૧	૪૦
(શ્રીવલ્લભાષ્ટક, શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત અને સૌંદર્યપદ્યનું વિસ્તૃત ગુજરાતી વિવરણ)	
૩૭ ધ્યેયં સદા વલ્લભમ્ ભાગ-૨	૫૦
(પૂ. ગો. ૧૦૮ શ્રી ઈંદિરાબેટીજી મહોદયાના શ્રી સર્વોત્તમ સ્તોત્ર વિશેનાં પ્રવચનોનું વિસ્તૃત સંકલન)	

૮. શ્રીબેઠકચરિત્ર વિશેનાં પુસ્તકો

પુસ્તકનું નામ	ન્યો. રૂા.
૩૮ શ્રી બેઠક ચરિત્ર ભાગ-૧	૩૦
૩૯ શ્રી બેઠક ચરિત્ર ભાગ-૨	૩૦
(શ્રીમહાપ્રભુજીનાં ૮૪ બેઠકજી, શ્રીગુસાંઈજીનાં ૨૬ બેઠકજી, શ્રીગોકુલનાથજીનાં ૧૩ બેઠકજી, શ્રીહરિરાયજીનાં ૭ બેઠકજી તેમજ અન્ય બાળકોનાં અને શ્રીનાથજીનાં થઈને કુલ ૧૪૨ બેઠકજીનાં ચરિત્રો વર્ણવતાં પુસ્તકો)	

૯. શ્રીગુસાંઈજી વિશેનું પુસ્તક

પુસ્તકનું નામ	ન્યો. રૂા.
૪૦ શ્રીનામરત્નાખ્ય સચિત્ર	૧૫૦
(શ્રીગુસાંઈજીના ૧૦૮ નામનું શ્રીરઘુનાથજી વિરચિત સ્તોત્ર - દરેક નામનું રંગીન ચિત્ર - તથા દરેક નામની અર્થસંગતિ, વાર્તા સંગતિ, બેઠકચરિત્ર સંગતિ, કીર્તન સંગતિ વગેરે દર્શાવતો ગ્રંથ)	

૧૦. પ્રકીર્ણ પુસ્તકો

પુસ્તકનું નામ	ન્યો. રૂા.
૪૧ પુષ્ટિમાર્ગની પગદંડી	૪૦
(પુષ્ટિમાર્ગ વિશેની સંપૂર્ણ પ્રાથમિક માહિતી અને સર્વ સિદ્ધાંતોનો સુંદર પરિચય આપતો ગ્રંથ)	
૪૨ ભજનીયો વ્રજાધિપઃ	૫૦
(પ્રભુની સેવાની ભાવભાવના સમજાવતું પુસ્તક)	
૪૩ ધોળપદ કીર્તનસુમન	૬૦
(પુષ્ટિમાર્ગીય વિવિધ સ્તોત્રપાઠ, ધોળપદ તથા નિત્યનાં અને વર્ષોત્સવનાં કીર્તનનું પુસ્તક)	
૪૪ ગોઠડી ગોવિંદની	૨૦
૪૫ નંદનંદનકે પ્યારે	૨૦
(યુવાનોના વિવિધ સમયે પૂછાયેલા પ્રશ્નોના જવાબોને સમાવતાં વાતચીતની સરળ શૈલીમાં લખાયેલાં પુસ્તકો)	
૪૬ શ્રીનાથજીનાં ધજાજી	૧૫
(શ્રીનાથજીનાં ધજાજીનું માહાત્મ્ય સમજાવતું પુસ્તક)	
૪૭ શ્રીભાગવતામૃતમ્-ભાગ.૧	૨૦
(શ્રીમદ્ ભાગવતજી વિષયક)	
૪૮ મુલાકાત મહાનુભાવોની(ભાગ-૨)	૪૦

૧૧. પરિચય પુસ્તિકાઓ

પુસ્તકનું નામ	ન્યો. રૂા.
૪૯ મૃત્યુ-પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ	૦૫

પુસ્તકનું નામ	ન્યો. રૂ.
૫૦ સુખદુ:ખ-પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ	૦૫
૫૧ હું કોણ-પુષ્ટિમાર્ગીય જવાબ	૦૫
૫૨ મોક્ષ-પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ	૦૫
૫૩ મનની શાંતિ-પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ	૦૫
૫૪ જીવન-પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ	૦૫
૫૫ ગિરિરાજ ગુણગાન	૦૫

૧૨. સરલ-સચિત્ર બાલોપયોગી પ્રકાશનો

૧. રંગીલા શ્રીનાથજી (અંગ્રેજી)	૨૦
૨. રંગીલા શ્રીનાથજી (અંગ્રેજી)	૨૦
૩. ભક્તકવિ કુંભનદાસજી (ગુજરાતી)	૨૦
૪. રાજાધિરાજ શ્રીદ્વારિકાધીશ (ગુજરાતી)	૨૦
૫. પ્રથમ નિધિ સ્વરૂપ શ્રીમથુરાનાથજી (ગુજરાતી)	૨૦
૬. પંચમ નિધિ સ્વરૂપ શ્રીગોકુલચંદ્રમાજી (ગુજરાતી)	૨૦
૭. લાડિલા લાલન શ્રીનવનીતપ્રિયજી (ગુજરાતી)	૨૦
૮. શ્રી ગિરિરાજગાથા ભાગ-૧ (ગુજરાતી)	૨૦
૯. શ્રી ગિરિરાજગાથા ભાગ-૨ (ગુજરાતી)	૨૦
૧૦. ષષ્ઠ ગૃહ નિધિસ્વરૂપો (ગુજરાતી)	૨૦
૧૧. દ્વિતીય, ચતુર્થ અને સપ્તમ ગૃહનાં નિધિસ્વરૂપો (ગુજરાતી)	૨૦
૧૨. મહાનુભાવ સૂરદાસજી (ગુજરાતી)	૧૦
૧૩. કૃષ્ણાશ્રય સ્તોત્ર(ગુજરાતી+અંગ્રેજી)	૧૦
૧૪. શ્રીયમુનાષ્ટકમ્ (ગુજરાતી+અંગ્રેજી)	૧૦

૧૩. 'વૈષ્ણવ પરિવાર' અને 'બાલપુષ્ટિ' માસિકોના સેટ

પુસ્તકનું નામ	ન્યો. રૂ.
૧ 'વૈષ્ણવ પરિવાર' સેટ (૨૦૦૦-૦૧)	૫૦
૨ 'વૈષ્ણવ પરિવાર' સેટ (૨૦૦૧-૦૨)	૫૦
૩ 'વૈષ્ણવ પરિવાર' સેટ (૨૦૦૨-૦૩)	૬૦
૪ 'વૈષ્ણવ પરિવાર' સેટ (૨૦૦૪-૦૫)	૬૦
૫ 'વૈષ્ણવ પરિવાર' સેટ (૨૦૦૫-૦૬)	૭૦
૬ 'વૈષ્ણવ પરિવાર' સેટ (૨૦૦૬-૦૭)	૭૦
૭ 'બાલપુષ્ટિ' સેટ (૨૦૦૩-૦૪)	૪૦
૮ 'બાલપુષ્ટિ' સેટ (૨૦૦૪-૦૫)	૪૦
૯ 'બાલપુષ્ટિ' સેટ (૨૦૦૫-૦૬)	૫૦
૧૦ 'બાલપુષ્ટિ' સેટ (૨૦૦૬-૦૭)	૫૦

૧૪. વી.સી.ડી. - ઓડિયો કેસેટ

૧ વૈષ્ણવ પરિવાર વર્ષગાંઠ સમારંભ, (૩ વી.સી.ડી.નો સેટ)	૧૫૦/-
૨ મંગલાચરણ અને નિત્યસ્મરણ (૪ કેસેટનો સેટ) (રૂબરૂ - ૧૦૦/-) (પોસ્ટથી - ૧૨૫/-)	
૩ શ્રીયમુનાષ્ટકનું રસપાન (૧૨ કેસેટનો સેટ) (રૂબરૂ - ૩૦૦/-) (પોસ્ટથી - ૩૫૦/-)	
૪ શ્રીકૃષ્ણાશ્રય (૧૩ કેસેટનો સેટ) (રૂબરૂ - ૩૨૫/-) (પોસ્ટથી - ૩૭૫/-)	

પુસ્તકનું નામ	ન્યો. રૂ.
૫ એકતાલીસ પદ રસાસ્વાદ (૧૮ કેસેટનો સેટ) (રૂબરૂ - ૪૫૦/-) (પોસ્ટથી - ૫૦૦/-)	

(બધી જ ઓડિયો કેસેટના પ્રવક્તા છે ગો. વા. શ્રી રમેશભાઈ પરીખ)

હવે પછી છપાશે
પુષ્ટિમાર્ગીય નવલકથાઓ

૧ શ્યામ રંગ સમીપે જાવું
૨ ગોવિંદ ગોતી ઘોને
૩ હરિ કરે સોં હિત

▨ અન્ય પુસ્તકો

૧ ભરોંસો રાધાવરનો ભારી (શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથનું રસપાન)
૨ ગીતામંથન (શ્રીમદ્ ભગવદ્-ગીતા ઉપરનાં પૂ. ગો. ૧૦૮ શ્રી ઈંદિરાબેટીજી મહોદયાનાં પ્રવચનોનું સંકલન)
૩ ગાયત્રીભાષ્ય રસાસ્વાદ (શ્રીમહાપ્રભુજી વિરચિત ગાયત્રીભાષ્યનું સરળ ગુજરાતીમાં રસપ્રદ વાર્તાલાપની શૈલીમાં ગુજરાતી વિવરણ)
૪ શ્રીવલ્લભ સંદેશ - ભાગ.૧
૫ શ્રીવલ્લભ સંદેશ - ભાગ.૨
૬ બત્રીસલક્ષણો વૈષ્ણવ (વૈષ્ણવ ધર્મ અને શ્રીગોકુલનાથજીએ બતાવેલાં વૈષ્ણવોનાં બત્રીસ લક્ષણોની પત્રોના સ્વરૂપમાં સમજૂતિ)

પુસ્તકનું નામ	ન્યો. રૂ.
૭ વૈષ્ણવતા વિભુને વ્હાલી (વૈષ્ણવ અને વૈષ્ણવતા વિશે સંપૂર્ણ અને સાચી સમજ વિવિધ ઉદાહરણો દ્વારા આપતો ગ્રંથ)	
૮ શિક્ષા-સુધાકર (શિક્ષાપત્રમાં દર્શાવેલા વિવિધ સિધ્ધાંતોનું વિવરણ આપતો ગ્રંથ)	
૯ વ્રજરત્ન - ભાગ. ૧-૨-૩ (ગો. વા. શ્રી વ્રજરત્નદાસ પરીખ સ્મૃતિ ગ્રંથાવલિ)	
૧૦ વ્રજ ભયો મહરકે પૂત (શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ-પ્રવક્તા : પૂ. ગો. ૧૦૮ શ્રી ઈંદિરા બેટીજી મહોદયા)	

▨ બાળોપયોગી પુસ્તકો

૧ રંગીલા શ્રીનાથજી (ગુજરાતી)
૨ રંગીલા મહાપ્રભુજી (ગુજરાતી)
૩ શ્રીભાગવત કથાઓ ભાગ-૧
૪ શ્રીભાગવત કથાઓ ભાગ-૨

● આ બધાં પુસ્તકોના પ્રકાશન માટે મનોરથી આવકાર્ય છે.

● શ્રીહરસાનીજી પ. ચે. ટ્રસ્ટને કોઈપણ પ્રવૃત્તિ માટે અપાતી આર્થિક સહાય ઈન્કમટેક્ષ ધારાની કલમ ૮૦-જી અન્વયે કરમુક્ત છે.

● મનોરથી બનવા માટે મહેસાણા અથવા મુંબઈ કાર્યાલયનો સંપર્ક કરવો.

બાલપુષ્ટિ

- શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ (મહેસાણા) તરફથી બાળકો માટે પ્રકાશિત થતું એકમાત્ર સચિત્ર પુષ્ટિમાર્ગીય માસિક છે 'બાલપુષ્ટિ'.
- બાળકો અને કિશોરોને સાંપ્રદાયિક જ્ઞાન આપતું અને સંસ્કારસિંચન કરતું માસિક છે 'બાલપુષ્ટિ'.
- આજના ટી.વી. અને સિનેમાના કલ્ચર વચ્ચે પુષ્ટિમાર્ગનું તેમજ સદાચાર તથા નીતિવિષયક જ્ઞાન આનંદ અને ગમ્મત સાથે આપતું માસિક છે 'બાલપુષ્ટિ'.
- ષોડશગ્રંથો અને અન્ય સ્તોત્રોનો પરિચય કરાવે છે 'બાલપુષ્ટિ'.
- શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં ચરિત્રો, શ્રીનાથજીની પ્રાકટ્યવાર્તા, અષ્ટસખાઓનાં ચરિત્રો, ૮૪-૨૫૨ ભગવદીયોની વાર્તાઓ, કીર્તનોનો રસાસ્વાદ, નાના નાના પ્રસંગો અને વાર્તાઓ દ્વારા સ્વમાર્ગીય સિદ્ધાન્તોની સમજ, પુષ્ટિમાર્ગીય ઉખાણાં, બાલગીતો, ક્વીઝ, શબ્દવ્યૂહ, રંગપૂરણી માટેનાં ચિત્રો વગેરે દ્વારા પુષ્ટિમાર્ગનો પરિચય કરાવતું માસિક છે 'બાલપુષ્ટિ'.
- માત્ર રૂા.૫૦/- ના લવાજમમાં ૪૦ પેજના અગિયાર અંકો અને એક ભેટપુસ્તક વિશેષાંક આપે છે 'બાલપુષ્ટિ'.
- અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતાં બાળકો અને કિશોરો માટે અંગ્રેજીમાં ૮ પેજનું વાચન આપે છે 'બાલપુષ્ટિ'.
- અંગ્રેજી ભાષામાં વિવિધ સાંપ્રદાયિક વિષયો ઉપર નાના લેખો, વાર્તાઓ, કાવ્યો, કીર્તનોનો પરિચય વગેરે આપતું માસિક છે 'બાલપુષ્ટિ'.
- બાળકોની સાથે તેમના વડીલોનું અને પાઠશાળાઓના માનદ્ સંચાલક ભાઈબહેનોનું પણ પ્રિય બનેલું માસિક છે 'બાલપુષ્ટિ'. બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરી તેમને પોતાના જ્ઞાન અને કલાકૌશલ્યને વધારવાની પ્રેરણા આપતું માસિક છે 'બાલપુષ્ટિ'.
- તમારાં બાળકોને 'બાલપુષ્ટિ' વંચાવો અને તેમની સ્વમાર્ગીય સાહિત્ય પ્રત્યેની રૂચિ વધારો. સાંપ્રદાયિક જ્ઞાન મેળવવા પ્રેરણા આપો. 'વૈષ્ણવ પરિવાર' માસિકની સાથે બાલપુષ્ટિનું લવાજમ પણ ભરો.